# કુમાર

માહે માર્ચ · ઇ. સ. ૧૯૬૪ · વર્ષ ૪૧મું · અંક ૩જો

સંસ્થાપક: રવિશંકર રાવળ

આવતી
કાલનાં
નાગરિકો માટેનું
ગુજરાતી
કુટુંબોનું
એકમાત્ર
માસિક

તંત્રી
બચુભાઇ
રાવત

સળંગ
૪૮૩
મો અંક



કમલા

નેપાળમાંથી મળી આવેલી આ મૂર્તિ ઉપર ભારતીય શૈલીની સ્પષ્ટ અસર છે. ગયે વર્ષે ત્યાં કાઠમાંડુની ખીણમાં કરવામાં આવેલી શોધખોળમાં પાંચમીથી નવમી સદી દરમિયાનનાં ત્યાંનાં બધાં શિલ્પો ઉપર આવી અસર જણાઈ છે. વિગતવાર નોંધ માટે જુઓ આ અંકનો 'માધુકરી' વિભાગ.

માર્ચ ૧૯૫૪ · અંક ૪૮૩

**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**વાર્તા**



**લેખો**



**વિભાગો**



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ : રૂ. ૧-૨૫

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

## STATEMENT

**of ownership and other particulars about the newspaper 'Kumar'**

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

| | |
|---|---|
| 1. Place of Publication | Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1 |
| 2. Periodicity of its Publication | Monthly |
| 3. Printer's Name | Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) |
| Nationality | Indian |
| Address | 1454 Raipur, Ahmedabad-1 |
| 4. Publisher's Name | Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) |
| Nationality | Indian |
| Address | 1454 Raipur, Ahmedabad-1 |
| 5. Editor's Name | Bachubhai P. Rawat |
| Nationality | Indian |
| Address | 1454 Raipur, Ahmedabad-1 |

6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital.

(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth, 125 Medows Street, Bombay-1 (3) Chaitanyaprasad Motilal Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Champaklal Chunilal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Rajratna Ramjibhai Hansraj Kamani, Parijatak Bungalow, New Colony, Jaipur (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Parimal Society, Ahmedabad-6 (19) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Major Balvantrai J. Bhatt, Krishna Bag, Maninagar, Ahmedabad-8

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of February 1964

Sd./ B. Rawat, Publisher

# સંરક્ષણ અને



# વિકાસકાર્ય



# સમાન મહત્વના છે

સંરક્ષણ પ્રયાસોની સંગીન સફળતા માટે, પ્રત્યેક ગામમાં પોતાનો કૃષિકાર્યક્રમ હોય એવા પગલાં લેવાયા છે.

નીતિ–સંકલન કરવા અને કૃષિ–ઉત્પાદન વધારવાના ઉદ્દેશથી ઉચ્ચ સત્તાધિકારી કેન્દ્રસ્થ કૃષિ–ઉત્પાદન બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. વર્તમાન કટોકટીને અનુલક્ષી સંરક્ષણ જરૂરિયાતો માટે ઉત્પાદન વધારવા, આયાત અંગે અંકુશ લાદવા તેમજ વિદેશી હુંડિયામણ સંચિત રાખવાના તમામ પ્રયાસ થઈ રહ્યા છે.

કૃષિ ઉત્પાદન વધારવાની ઝુંબેશને આપના તમામ શકય રાહે મન, વચન અને કર્મ વડે પ્રોત્સાહન આપો



યોજના
સાથે
કદમ મીલાવો

**ભારતના સંરક્ષણને**
**સુદૃઢ બનાવો**

DA 63/509





અંક ૪૮૦માં સુગમ સંગીત વિષે શ્રી રાસબિહારી દેસાઈનો લેખ પથ્ય અને દાદ માગે એવો છે. સંકડાતા ક્ષિતિજના આધુનિક જગતમાં કેટલાં યે પરોક્ષ-આગમ-અનુમાન-શબ્દ પ્રમાણો પ્રત્યક્ષમાં પલટાઈ રહ્યાં છે–(જેમકે પૃથ્વી ગોળ છે, એ અનુમાનનો વિષય રહ્યું નથી, પણ કૃત્રિમ ઉપગ્રહોથી પ્રત્યક્ષ થઈ ગયું છે) ત્યારે આપણા સંગીતકારો શાસ્ત્રીઓ કલાકારો બન્નેએ પ્રાચીન પરિભાષામાં કહું તો દૃષ્ટશ્રુત થઈને પોતાના અસીમ પ્રાચીન વારસા રૂપ શ્રુતિસંવાદના રહસ્યને દિવ્ય-આર્ષ-આગમ-શબ્દ માનવાને સ્થાને આધુનિક કૅથોડ-રૅઑસિલોગ્રાફ જેવાં સાધનો-પર શોધવાની આવશ્યકતા છે.

પશ્ચિમમાં અનેકાનેક વિષય પેઠે આમાં પણ સતત પ્રયોગો થતા રહે છે. એનું અવનવું ઉદાહરણ છે રશિયાનો રંગીન સંગીતના પ્રયોગોના ક્ષેત્રે ઇલેક્ટ્રોનિક સાધનોનો વિનિયોગ. એ કલ્પના-સ્વપ્નને સ્વરૂપસ્થ કરવા યુરોપના આરૂઢ સંગીતવિદો શતાબ્દીથી પ્રયાસ કરતા રહ્યા છે. આપણા રાગસ્વરની વર્ણકલ્પનાને આ સાથે અદ્ભુત સામ્ય છે. આપણે પણ મૂર્ત રૂપ આપવા મથવું જોઇએ.

અલંકારશાસ્ત્રોમાં રસનિષ્પત્તિમાં ચાર રસોને મુખ્ય માન્યા છે; બીજા રસોને કારણ, પરિણામ, કર્મ ને દર્શનમાં અંતર્ભાવે નિરૂપ્યા છે: જેમકે શૃંગારનું અનુકરણ હાસ્ય, વીરનું કર્મ અદ્ભુત, બીભત્સનું દર્શન ભયાનક અને રૌદ્રનું પરિણામ કરુણ. વિકાસ-સોપાનમાં સમર્થ હાસ્ય રસ નિષ્પન્ન કરતાં સાહિત્ય-સર્જકોએ અવનવી અભિવ્યક્તિથી જીવનની એકે એવી અવસ્થા નથી રહેવા દીધી કે જે તેમને હાસ્યરસનું અવલંબન, અધિષ્ઠાન ન બની શકે. કરુણામૂલક અવસ્થા પણ ખરી. પ્રાચીન શાસ્ત્રોની સીમા માનવી રહી.

કલાપ્રવાહમાં સમગ્રતાનું મૂલ્ય સમજાઈ રહ્યું છે ત્યારે કેવળ સંગીત સ્વર આશ્રયની સીમા ચીંધતો સુગમ સંગીત ક્ષેત્રનો પરિચય અજિત શેઠે સરસ કરાવ્યો.

(ભાવનગર) —ધીરજ આ. વોરા



Donnerstag, 30. Januar 1964 / Nummer 24



**Mahatma Gandhis liebstes Lied**

Heute ist der 30. Januar, der Tag, an dem im Jahre 1948 Mahatma Gandhi erschossen wurde. Das hier wiedergegebene religiöse Lied des Dichters Narsi Mehta war ein Lieblingsgebetlied von Mahatma. Der Titel des Liedes ist „Vaishnava Jana to" — Ein guter Mensch ist jemand, der . — und die Bedeutung dieses Liedes ist.
Ein guter Mensch ist jemand, der die Pein anderer kennt. Er ist nicht stolz darauf, wenn er anderen hilft. Auf dieser Welt respektiert er alle Menschen und findet nicht die Fehler anderer. Er hat ein reines und demütiges Herz. Er betrachtet alle Frauen als seine Mutter, und bis zu seinem Tode lügt er nicht und stiehlt nicht das Eigentum anderer. Er hat einen festen Charakter. Er ist niemals zornig und hat immer ein reines Herz.
Das Bild links ist das des Dichters Narsi Mehta und rechts das Bild Mahatma Ghandis.

Vinoo C. Sanghani

અમે મુંબઈમાં વર્ષોથી રહીએ છીએ મારા પિતા મુંબઈના ખ્યાત આર્કિટેક્ટ છે. 'કુમાર'-ના જન્મથી તે આજ દિન સુધી અમારે ઘેર 'કુમાર' આવે છે. હું અને મારાં પત્ની જર્મનીમાં છેલ્લા ૧૮ મહિનાથી રહીએ છીએ. અહીં આવ્યાં ત્યારથી 'કુમાર' અહીં પણ નિયમિત આવે છે. હિંદુસ્તાનથી નીકળ્યાં ત્યારે 'કુમાર' સંસ્થા દ્વારા છપાએલાં 'વૈષ્ણવ જન તો'નાં બે કાર્ડો સાથે હતાં. ૩૦ જાન્યુઆરીએ અહીંના પ્રખ્યાત છાપા 'બાદીશહ નોયસ્ત નાખ્રિસ્તેન'ને મેં એક કાર્ડ જર્મન તરજૂમા સાથે આપેલું. મહાત્માજીનું પ્રિય ભજન તેમાં વાંચતાં અહીં ઘણા લોકોને ખૂબ આનંદ થયો. એ છાપાની કાપલી આ સાથે મોકલું છું.

(કાલ્સૅરૂહ-પશ્ચિમજર્મની) વિનુ સી. સંઘાણી

'કુમાર'માં લૅસરની સમજૂતી સચોટરીતે આપી એ માટે લેખકને અને તમને ધન્યવાદ. પૃષ્ઠ ૧૧ પર છઠ્ઠી લીટીમાં 'આ રક્તબિંબ (૩) એ જર્લૅસરનો માનવસર્જિત પ્રકાશ' છપાયું છે, ત્યાં (૩)ને બદલે (૨) જોઈએ. નં. ૩ તો ફ્લૅશ લૅમ્પ છે. પ્રકાશનળી (ફ્લૅશ લૅમ્પ) વિષે વધુ વિગતો આપી હોત તો સારું.

(ફીસુંબુ) —કનુ પટેલ

[*આપની વાત સાચી છે.]

• કુમાર-ચન્દ્રક પામનારા સદ્ભાગીઓની હારમાળા ફરી એક વાર જોઇ આનંદ થયો. શ્રી પ્રિયકાન્તને મારાં અભિનંદન. પણ નિર્ણાયક સમિતિના મુરબ્બીઓને અભિનંદન આપી શકાય? તેમણે તો જાણે 'કુમાર'ને કવિતા-માસિક જ બનાવી દીધું હોય તેવું લાગે છે! ગુજરાતમાં જાણે કવિઓની કેટલી યે વસતિ છે કે વાર્તાકારો સમિતિની નજરે જ ચડતા નથી ?! કે પછી તેમને ભાગે વર્ષની શ્રેષ્ઠ વાર્તાના રૂા. ૩૦) પર્યાપ્ત ગણવાના છે?

· શેક્સપિયરનાં નાટકોની વાર્તાંતરમાળા ખૂબ ગમી. પણ જેમને સ્વ. મેઘાણીએ 'માણસાઈના દીવા' લખી મહામાનવ બનાવ્યા તેવા પૂ૦ મહારાજનું જીવનચરિત્ર ફિક્કું, બીબાંઢાળ લાગ્યું. તેવું જ એકસૂરિલું લાગે છે 'સત્યકથા'ઓનું ઝૂમખું. એ માળાની ઐતિહાસિકમૂલ્યવત્તા બાદ કરતાં સાહિત્યિક ગુણવત્તા કેટલી? (શરૂના એક બે મણકા બાદ કરતાં).

(કલકત્તા) —જયંતીલાલ મહેતા

[*ત્રીજી એક ચડિયાતી મૂલ્યવત્તા નથી?]

શેક્સપિયરની વાર્તાંતરમાળા શરૂ કરવા બદલ ધન્યવાદ! પ્રશિષ્ટ કૃતિઓ પ્રત્યેનું 'કુમાર'નું વલણ પ્રશંસનીય છે. સર્વ પ્રથમ વાર્તા 'મૅક્બેથ' લિજ્જતપૂર્વક વાંચી. સરળ ભાવવાહી રીતે થએલું વાર્તાંતર રસપ્રદ લાગ્યું. હવેનાં વાર્તાંતરો પણ રસપ્રદ નીવડશે એની 'મૅક્બેથ' પ્રતીતિ કરાવે છે!

(જાફરાબાદ) —ઈશ્વરલાલ બી. પરમાર

અમુક માસિકમાં આપણી સરકાર અને સમાજની અધોગતિનાં ચિત્ર રૂપ પુષ્કળ પ્રસંગો આવે છે. ઊગતા માણસને સાચો રાહ કોઈ બતાવી શકતું નથી. સરકાર, સમાજ, કુટુંબ, શિક્ષકો, આચાર્યો, મિત્રો કે કોઈ પણ પાસે આવા ઘડતરની દિશા નથી. કેમ કે બધાં જ અવળી દિશાએ દોડે છે. પરિણામે આજનાં બાળકો મોટાં થઈને આજની જ સરકારમાં અને સમાજમાં ભળી જશે, અને પેઢીએ પેઢીએ પતનની દિશામાં પ્રગતિ થશે. 'કુમાર'નું પેલું કાવ્ય—"ડૂંડે ડૂંડે બેસશે પેલો સ્નેહ બનીને મોતી" કોઈને સમજાશે પણ નહિ.

'કુમારે' થોડાઘણા નાગરિકોને ઘડવાનું પાટિયું લગાવ્યું છે એ સાર્થક કરવા 'આ નહિ, આ કરો. આ નહિ, આ વાંચો. આ નહિ, આ જુઓ' એવી લાલ-લીલી બત્તીઓ ધરવાની જરૂર નથી? કાવ્યો, ચિત્રો, ચરિત્રોમાં આ બધું જરૂર આવે છે, પણ એ લિપિ જુદી છે.

(સાન્ટાક્રુઝ) —રમેશ શાહ

જાન્યુઆરી અંકમાં 'સફરજન વેચનારાં' ચિત્ર જોતાં જે લાગ્યું તે લખું છું. કાંગારુની જેમ પેટમાં કોથળી અને સફરજન (જે ગોળગોળ છે તે પરથી જ ખબર પડે છે) કયા પ્રદેશના લોકો આ રીતે વેચે છે? પોશાક કયો પ્રદેશ સૂચવે છે? મૉડર્ન આર્ટ એટલે ગમે તે રીતે ચિત્રમાં બારી-બારણાં મૂકી શકાય? 'લાલ રંગ પ્રાણ સમાન છે' એવું લખ્યું છે એ શી રીતે એ સમજાવી શકાય? બારી-બારણાંયુક્ત ઘર જે પશ્ચાદ્ભૂમિમાં દેખાય છે તે શું છે?

'કુમાર' જેવા ઉત્તમ માસિકમાં શ્રી યાદવનું ચિત્ર સ્થાન પામે એટલે તેમાં સમજવા જેવું તો હોય જ ને? પણ માફ કરશો. જેમ વધુ ન સમજાય તેમ ઉત્તમ કહેવાય એવું હશે?

(રાજકોટ) —અરવિંદ જ. ધોળકિયા

ડિસેમ્બર અંકમાં પૃ. ૪૯૭ ઉપર 'ભાવનગરમાં થીઓસોફી' વિષયની હકીકત શ્રી હરજીવન કાલિદાસ મહેતા તરફથી મળેલી તે માટે આભારી છું એ જ પાને બીજા કૉલમને છેડે આવતું નામ શ્રી પ્રાણજીવનદાસ ઓધવજી 'બધેકા' લખેલું છે તે 'ઠક્કર' જોઈએ.

(અમદાવાદ) —રવિશંકર રાવળ

૪૮૨મા અંકમાં ડૉ. ભદ્રમુખ ક. વૈદ્ય યોજિત બહુવર્ષીય કૅલેન્ડરમાં તેમની સમજૂતી પ્રમાણે ચાલુ સાલ ('૬૪)ની માર્ચની ૧લી તારીખે ખરેખર રવિવાર આવે છે, પણ યોજક જણાવે છે કે લીપ ઈઅર પછીના માસ હોઈ એક વાર ઉમેરતાં જવું. તો શું ૧લી માર્ચ' ૪૬ના દિને સોમવાર આવે!

(રાબડીઆ) —વાસુદેવ ડી. સુથાર

[*આપે ૧૯૦૦નું અને પછી '૬૪નું ખાનું જોયું હશે. ખરી રીતે ૧૯—વાળું જોવું જોઈએ.]

હું છેલ્લાં પાંચ વર્ષથી 'કુમાર'નો વાચક છું. ચાલુ વર્ષથી ગ્રાહક બન્યો છું. 'કુમાર' જીવનની ચાળીસી વટાવી ચૂક્યું; જ્યારે આ વાચક એક દાયકો નાનો છે! 'કુદરતે વહેલો મોકલ્યો હોત તો?' નો વસવસો રહ્યો છે!

એ ચાળીસી દરમિયાન અનેક ક્ષુધિતો-તૃષિતોનાં હૈયાં ઠાર્યાં છે. અરે? કેટલાકને વાંચન સાથે વાંકું છે, તેવાઓને સુદ્ધાં પ્રેર્યાં છે. 'કુમાર' મારી દૃષ્ટિએ જ્ઞાનપ્રપા છે.

એક મીઠી ટકોર કરું? 'કુમાર'નું છાપકામ બારીક અક્ષરોમાં કરવામાં આવે છે તેને બદલે સહેજ મોટા અક્ષરે કરવામાં આવે તો?


(રાનવેરીકલ્લા) —નટવરસિંહ પરમાર

'કુમાર' ખરેખર બેનમૂન છે. નવાં નાગરિકો વધુ સારી રીતે સમજે એ માટે કલા-પરિચયની લેખમાળા શરૂ કરો તો મારા જેવા તરુણોને આશીર્વાદ સમાન થઈ પડે. સાથે રમતગમત વિભાગ ચાલુ થાય તો 'કુમાર' વધુ સર્વાંગી બને. 'કુમાર'નાં બીબાં વિષે જેઓ નિંદા કરે છે તે બિલકુલ યોગ્ય નથી. ઊલટું થોડી જગ્યામાં કલાત્મક રીતે વધુ આપવાની 'કુમાર'ની રીત અભિનંદનીય છે.

(પાનસર) —અરવિંદ વી. રાવળ

લગભગ ત્રણ વર્ષથી 'કુમાર'ની નિયમિત વાચક છું અને વર્ષે વર્ષે તેના પરનો પ્રેમ વધતો જ જાય છે. ખરેખર કલાક્ષેત્રે તો 'કુમાર' અજોડ સ્થાન ભોગવે છે. આટલાં વર્ષનાં વાચન દરમિયાન શ્રી ચંદ્રકાન્ત બક્ષીની 'મીરાં' તથા શ્રી કનુ અડાસીની 'તમે ગમગીન છો' વાર્તાઓ સર્વોત્કૃષ્ટ કહી શકાય. હમણાં હિંદી 'ધર્મયુગ'નું છેલ્લું પ્રકાશન વાચ્યું. તેમાં 'અન્તરપટ' (ભાષાંતરિત થએલી) વાંચી ત્યારે થયું કે ઉપર્યુક્ત બંને વાર્તાઓ જો ભાષાંતરિત થાય તો જરૂર સમસ્ત ભારતમાં તેને આવકાર મળે; ખાસ કરીને 'તમે ગમગીન છો' તો ખૂબ જ ગમી. ખરેખર! મધ્યમ વર્ગના જીવનનું સચોટ દર્શન છે તેનું અન્તિમ વાક્ય તો ઘણું જ આશાપ્રેરક છે. શ્રી લેખકને મારા ધન્યવાદ. કલકત્તા જેવા શહેરમાં રહીને 'કુમાર' દ્વારા જ ગુજરાતની મહત્તા ભુલાતી નથી.

(કલકત્તા) —શોભા પારેખ



**કુંડને કાંઠે**
ચિત્રકાર: પ્રદ્યુમ્ન તન્ના

પ્રત્યેક સાચો સર્જક પોતાની એક નિજી નિરાળી પરિપાટી (ઇડિયમ) નિપજાવી લે છે. ભારતીય શૈલી પર સર્જાએલી શ્રી તન્નાની કલાના એવા ઇડિયમમાં એક પ્રકારની હૃદયસ્પર્શી નજાકત હોય છે. આ ચિત્રનાં વિષય-વસ્તુ તો સામાન્ય છે: મત્સ્ય અને પોયણાંથી શોભિત જલકુંડને કાંઠે વૃક્ષડાળીને સહારે ઊભેલી વિસ્મિતા કે વિચારમગ્ના. પણ એ રમતાં માછલાં, ડોલતાં પોયણાં ને શાંત જળવાળા કુંડને આખો યે ચોરસાકૃતિ બતાવવામાં, તે વડે ચિત્રનો મોટો ભાગ રોકવામાં અને તેને કાંઠે છેક ઊપલે છેડે વૃક્ષ અને વનિતા દર્શાવવામાં, એમણે પર્સ્પેક્ટિવના નિયમોને જતા કરીને એ સર્વેની આકૃતિઓમાં તથા તેના સંયોજનમાં ભારતીય પરંપરાની સુરૂઢતાને જે નયનરંજક રીતે અપનાવી છે તે એક મધુર આકર્ષણ જમાવી રહે છે.




**સજાવટ** ચિત્રકાર · અમૃતલાલ વેગડ (કલાકારના સૌજન્યથી)

## અમાસ ભરતી / સુન્દરમ્

(પૃથ્વી)

અમાસ: નહિ ક્યાંય ચિહ્ન અહીં ચંદનું તો ય આ
કરી ભરતી!–રેલછોળ અહ નીર આ શાં થતાં!
મહા ધસમસંત લેત તટ બાહુના પાશમાં,
છલી છલકી વાત કૈંક કહી કાનમાં હા જતાં.
ક્યહીં ય શશી દૂર દૂર,–પણ તો ય આ લોઢ રે
ક્યહીંથી ઉમટંત? ના શશીની ઓટ ક્યાં યે દિસે;
અરે અધિક, લક્ષ લક્ષ પુલકી રહ્યા તારલા,
અને જલધિનું અહા હૃદય ગૂઢ કેવું હવાં!

અહીં વિધુવિહીન આજ રજની સમે તું અહીં
સમીપ — મુખરેખ ગુપ્ત તવ, તું પછેડો ધરી
મહા તિમિરનો શુ, ગેબ થઇ આજ બેઠી, ભલે
રહ્યાં તગતગંત બેક દગ તારલા શાં હવાં.

છતાં ય તવ એ જલોની છલકંત હેલી રહી
અગાધ ભરતી–અમાસ, નહિ પૂર્ણિમા તો ય શું?

## હવે / ઉશનસ

(શિખરિણી)

હવે તારું આવું સ્મરણ ઝબકી જાય કદીક,
અને આ આંખો બે જરી ભીની બને એ જ...
નહીં એથી ઊંડી ડૂબકી અતીતે, માત્ર ભ્રમણ
ખયાલોના જૂના પ્રિય વમળમાં સ્હેજ...
હવે એ બિંદુનું નહિ પ્રસરવું રેખ બનીને
ભવિષ્યે, થોડો કૈં મરુ-વીરડામાં ભેજ...

હું હોઉં ડૂબેલો દફતરવિશે ટેબલપરે
તુમારોના ગંજે, ત્યહીં ઊઠતી સામે જ...
ઝબૂકી બે આંખો, નહિ શરીર એને, નહિ મુખ,
ન પૂરી આંખો યે, નજર જ ભરી હેજ...
ન તેથી મોટી કૈં અડચણ; ચલે કાર્ય નિતનું
જરી થંભી; થોડી કલમ થથરે એ જ...
જરા જૂનું હૈયું અટકી, ધડકે ઝાંખું ક્ષણ, ને
ભીની આંખો પાછી જગસ્મિતશું આમેજ...

## લૂ / યોસેફ મૅકવાન

(કટાવ)

જલનું ભીતર તરીતરીને
પ્રગટી શી ભેંકાર બપોરે
સૂરજ ન્હોરતી,
દૂર ઉપાડા ખેતરમાંનાં ઝૂલે ઝૂલે
સળવળસળવળ થતી છાંયમાં
કાળા કાળા નિસાસ ભરતી,
દર્ભ ચીરતી,
તડકાનો આ કાચ વીંધીને
તેજ ચાલથી આવી આંહીં
નગર પંથમાં ઊભાં મકાને
બારીના સળિયાને વાળી
કોઇ ફરકતી
ભૂરી ભૂરી આંખોના આકાશ મહીં
એ ભળી ગઇ!

## તમે કહો તો / સુરેશ દલાલ

(ગાન)

તમે કહો તે સાચું વ્હાલમ! તમે કહો તો હાર્યાં!
ફાગણમાં શ્રાવણના જલને ઝીલી ર્યો અણધાર્યાં!
અમને એમ હતું કે તમને
વેણીનાં ફૂલો સગાથે પ્રીતે ગૂંથી લેશું,
તમને એવી જિદ કે વનનો છોડ થઇને રહેશું;
તમને કૈંક થવાના કોડ,
અમને વ્હાલી લાગે સોડ;
જરીક તમારે સ્પર્શે અમે તો સાતે સ્વર ઝંકાર્યા,
તમે કહો તે સાચું વ્હાલમ! તમે કહો તો હાર્યાં!
અમને એમ હતું કે સાજન!
કલકલ ને કલ્લોલ ઝરે એ વ્હેણ થઇને વ્હેશું,
તમને એક અભળખા: એકલ કાંઠો થઇને રહેશું;
તમારાં અળગાં અળગાં વ્હેણ,
અમારાં એક થવાનાં કહેણ;
એકલશૂરા નાથ! અમે તો પળેપળે સંભાર્યા;
તમે કહો તે સાચું વ્હાલમ! તમે કહો તો હાર્યાં!

## દિલ ગુલાલી / વ્રજલાલ દવે

(ગાન)

હજી દિલ ગુલાલી ગાતું.

આંગણામહીં ગલ ગળે ને પીગળે પારિજાત,
રાતરાણીના ભર કટોરે ચકચૂરે શી રાત!
ફૂલથકી યે હળવું હૈયું કેફથી જાગી જાતું.
હજી દિલ ગુલાલી ગાતું.

કોરમોરે ના કોઇ રે આદશ, નેણ ઢળે લાજાળ,
પ્રાણને સાંકડ પાંસળી કરે, હોઠની ધસે પાળ
ભવભવોનું તિમિર મારું વીજના વહેળે ન્હાતું,
હજી દિલ ગુલાલી ગાતું,
ભલે વાયરે વહી વાતું!

## શિશિર / દિલીપ ઝવેરી

(મિશ્ર દેશી)

ભૂખર તડકો પથરાયો,
ધૂસર ડુંગરની હાર,
ધૂમર-ભૂરું આભ, હવામાં
અંધકારનો ભાર.

ખર્યાં પાનમાં થરકે લીલી
અવાવરું-વન-વાવ,
મકાનના લંબાર સાપ-શી,
તળે કાંચળી છાંવ.

વાયુ નપુંસક વંધ્ય થાંભલા
તણી ચૂમતા છાતી.
સમયતણા રતિ આલિંગનમાં
રમે વેદના રાતી.
કદાચ જાગે કૂંપળકૂંણું ગીત!
આંધળી હસી રહી છે ભીંત.

## તું / ચંદ્રકાંત શેઠ

(વસંતતિલકા)

આ સૃષ્ટિની ઉદયવેળ તણી દગોમાં
આભા કરી તરવરે! તવ દષ્ટિ કેવી
પ્હે'લા મનુષ્યશિશુના સ્મિતથી સપુષ્પ,
ઝીણી ઝગંત જલરેખથી ધારવંત!

તાજા, લીસા, ચમકતા મૃદુ પદ્મ-રાગે
પામી વિકાસ પમરે તવ રૂપ મત્ત!
લજ્જાલચંત ફરકે તવ જોવનાઇ
આ ઓષ્ઠ પલ્લવ મહીં મધુ સિક્ત મંદ!

અસ્તિત્વનો મુજ બુલંદ પ્રતિધ્વનિ તું!
તું આ વસંત ઋતુના અતિ રોમ હર્ષ!
તારે પદધ્વનિ બધા પથ ઇન્દ્રિયોના
મ્હેકે સુવર્ણરસથી ગુલબી ઉષાના.

મેં એક રૂપ તુજમાં મુજ પામી લીધું,
ને એક વિશ્વતણું હસ્તક દ્વાર કીધું!

## રહ્યો / 'આદિલ' મન્સૂરી

(ગઝલ)

થ પુષ્પ એના કેશને શણગારતો રહ્યો.
ચૂંટાઇને ય એના શિરે ભાર તો રહ્યો!

મારા સિવાય કોણ છે મારા શરીરમાં
ડગલે ને પગલે જે મને પડકારતો રહ્યો?

એ એમના વિચારને સંકોચતા રહ્યા,
હું મારી કામનાઓને વિસ્તારતો રહ્યો.

મારા જીવનના દિવસો સૌ ઝેર થૈ ગયા,
યાદોનો સર્પ દિલ મહીં ફુત્કારતો રહ્યો.

શબ્દોનાં ટાંકણાંઓ લઇ આજદિન સુધી
કાગળનાં સ્વપ્નશિલ્પ હું કંડારતો રહ્યો.

ઘરમાંકશુંહતુંનહીં'આદિલ'દુ:ખોસિવાય,
તોપણ નવા અતિથિને સત્કારતો રહ્યો.

## પ્રસવ / રાજેન્દ્ર શુક્લ

(મિશ્ર દેશી)

શ્વાસ મહીં શો તરતો ન્યારું
સો સો સૂરજ કેરો સાર...
હવા પણ હળવેહળવે વાય.

અલસ કસુંબલ રંગ આંખનો;
ઊંડે ઊંડે એવું તો કંઇ થાય–
એવું તો કંઇ થાય,
અંધકારનું શિખર ભેદતી મલકે જાણે
તૃણાંકુરોની આછી નીલી ઝાંય!

પ્રગટ્યાં વેંત જ પાંખ ફૂટતી,
ઊડી જાય અંકાશ;
પત્ર પરે તો માત્ર એહની
આછી આછી પગલીઓ રહી જાય;
આંખથી ચૂમી લઉં હું!

# લેખક, કવિ, તત્ત્વજ્ઞાની, નિસર્ગપ્રેમી, સંપૂર્ણ વ્યક્તિસ્વાતંત્ર્યનો પુરસ્કર્તા

**ઓગણીસમી** સદીની અગ્રગણ્ય અમેરિકન વિભૂતિઓમાં હેન્રી ડેવિડ થૉરોનું સ્થાન નિરાળું છે. પ્રકૃતિરસિક એ કવિ-ચિન્તક, સ્વાભાવિકતા અને સાદગીનો એ પૂજારી વ્યક્તિસ્વાતંત્ર્યનો પ્રખર હિમાયતી હતો.

પિતા જ્હૉન થૉરોના નિકટના પૂર્વજો જર્સીમાંના સેંટ હેલીસરના ચૅનલ દ્વીપ બંદરથી આવેલા. એના દૂરના પૂર્વજો તળ ફ્રાન્સના હોવાનું મનાય છે. ત્યાંથી ઈ. ૧૭૭૩ આસપાસ જ્હૉનના પિતા અમેરિકામાં આવીને બૉસ્ટનમાં વસેલા અને દારૂનો બાપિકો વ્યાપાર જમાવીને ઠીકઠીક પૈસા કમાએલા. જીવનનાં પાછલાં વર્ષોમાં ક્ષયને લીધે કૉન્કૉર્ડના શાંતિભર્યા અંતઃપ્રદેશમાં એમણે નિવૃત્તિવાસ સ્વીકારેલો, જ્યાં ૧૮૦૧માં એમનું અવસાન થયું. જ્હૉનને એ પિતાનો ધનવારસો મળ્યો તો પણ વ્યાપારી કુનેહને અભાવે ક્રમેક્રમે એણે બધું ગુમાવી દીધું. ૧૮૧૨માં એ સિન્થિયા ડનબારને પરણ્યો. જેનાથી એને ચાર બાળકો થયાં. વેપારમાં ઉપરાઉપરી ખોટ ખાધા પછી આખું કુટુંબ બૉસ્ટન અને કૉન્કૉર્ડની આસપાસના પ્રદેશોમાં આથડતું રહ્યું. છેલ્લે કૉન્કૉર્ડને પાદર કોઈ એક સંબંધીના ખેતરમાં એ અમીનદારી કરતા હતા ત્યારે, ઈ. ૧૮૧૭ના જુલાઇની ૧૨મીએ વૉલ્ડન વનથી થોડા માઈલ દૂર એક ઘરમાં એના ત્રીજા બાળક ડેવિડ હેન્રીનો જન્મ થયો. ઘરમાં એને સૌ હેન્રી કહેતા. પાછળથી લેખક તરીતે એણે 'હેન્રી ડી. થૉરો' એ પ્રમાણેનું નામ સ્વીકારેલું, અને એમ એ હેન્રી ડેવિડ થૉરોના નામે ઓળખાય છે.

માતાની રગોમાં એના દૂરના પૂર્વજ કોઈ કર્નલ એલિશા જોન્સનો લડાયક જુસ્સો જોવા મળતો. (એ કર્નલ, ટોરી જમીનદાર તરીકે બ્રિટિશ તાજને વફાદાર હોઈ હમેશાં યુનાઇટેડ સ્ટેટ્સના સત્તાધીશો જોડે કંઈ ને કંઈ ખટરાગમાં પ્રવૃત્ત રહેતો.) માતા જરા સત્તાશીલ ને તીખાબોલી હોવા છતાં ઉદાર ને વત્સલ હતી. કાકીમામીઓ, પિત્રાઇઓ ને મિત્રોને (તેમાં મોટે ભાગે તો સ્ત્રીઓને જ) એ આવકારતી. એટલે એ રીતે બાળક હેન્રી બહુધા સ્ત્રીજગત વચ્ચે ઊછર્યો.



ચિત્ર – સૌજન્ય: ટાઈમ્સ

માતાપિતા અગાઉ પોતે અનુભવેલી રિદ્ધિસિદ્ધિના દિવસોને ભૂલી શકતાં ન હતાં. ગરીબાઇ અને સંઘર્ષ અનુભવવા છતાં તેઓ પોતાનાં બાળકોને ગામડાના કરતાં અધિક શિક્ષણ મળે એ માટે બધો પ્રયત્ન કરતાં. એટલા સારુ જ્હૉને સીસાપેનની ફૅક્ટરી પણ પોતાના ઘરમાં જ શરૂ કરી હતી. પૂરક આવક તરીકે તેઓ વીશી પણ ચલાવતાં.

બૉસ્ટનમાં અભ્યાસનો આરંભ કરી, લૅટિન, ગ્રીક, ફ્રૅંચ અને અંકગણિતનું ઊંડું જ્ઞાન મેળવી હેન્રી સોળ વર્ષની ઉમરે શિષ્યવૃત્તિ મેળવી હાર્વર્ડ યુનિવર્સિટીમાં ગયો. ત્યાં, કદાચ વધારેપડતા રુચિવૈવિધ્ય અને સ્વતંત્ર વલણને કારણે એણે પોતાની પરીક્ષાના વિષયો કરતાં પણ વિદ્યાની અન્ય શાખાઓનું વિશેષ જ્ઞાન મેળવ્યું. એનું વાચન પણ ઘણું વિશાળ હતું. એ ઉમરે પણ એણે કેટલાક મૌલિક વિચારો ઘડેલા. દરમિયાન રાલ્ફ વૉલ્ડો એમર્સનનો પણ એને પરિચય થયો હતો. હેન્રીની વિદ્યાનિષ્ઠા, નિર્ભયતાભરી પ્રામાણિકતા, ઉચ્ચ બુદ્ધિમત્તા અને આધ્યાત્મિક શક્તિની પરખ એમર્સનને થઈ ગઈ હતી. થૉરોના જીવનમાં પણ એ એમર્સનની ઘણી અસર પડી હતી.

પણ પોતાના જીવનકર્તવ્ય વિષે યુવાન હેન્રીને હજી સ્પષ્ટ ખયાલ ન હતો. માતાપિતાની ઉમેદ એને આજીવિકા માટે શિક્ષણ આપવાની હતી, પણ હેન્રીને માત્ર કવિ થવાના જ વિચારો આવતા. ઈ. ૧૮૩૭માં એ હાર્વર્ડથી ગ્રેડ્યુએટ થઈ પાછો ફર્યો અને કૉન્કૉર્ડની ગ્રામશાળામાં શિક્ષક તરીકે જોડાયો ત્યારે એ વ્યવસાયમાં રહેવાની એની ઇચ્છા નહોતી જ. અને પંદર જ દિવસ પછી શારીરિક શિક્ષાના ઉપયોગ વિષે તેને ગામની શિક્ષણસમિતિ જોડે મતભેદ થયો. અને એથી એનું મન એટલું તો ખિન્ન થઈ ગયું કે ફરી પાછા નહિ ફરવાનો નિર્ણય કરી એણે શાળા છોડી દીધી.

પછી? તત્કાળ તો એ પિતાના કારખાનામાં પેનસિલો બનાવવા લાગ્યો, પણ મોટું કુટુંબ નભી શકે એવો એ ધીકતો ધંધો નહોતો જ; એટલે આખરે ૧૮૩૮ના જૂનમાં મોટાભાઈ જ્હૉન સાથે એક શાળા શરૂ કરી. એમાં અભ્યાસક્રમ સુયોજિત હતો, શિસ્તપાલન પરિપૂર્ણ અને અલબત્ત, શારીરિક શિક્ષા તો નહોતી જ. આર્થિક દૃષ્ટિએ એમનું આ સાહસ ઠીક લાગતું હતું. વળી હેન્રી કેળવણી વિષયક નવા વિચારોના સંપર્કમાં યે રહેતો. છતાં એના પોતાના વિચારો વૈયક્તિક અને વહેવારુ હતા. પોતાના વિદ્યાર્થીઓને એ ગામડાની કલાકારીગરી પણ શીખવતો ને અવારનવાર એ તેમને પર્યટને લઈ જતો.

મોટાભાઈ જ્હૉન ત્યારે ચોવીસનો અને હેન્રી બાવીસ વર્ષનો હતો. બંને ભાઇઓની બિરાદરી ગાઢ હતી. જ્હૉન તીક્ષ્ણ દૃષ્ટિસંપન્ન પક્ષી-નિરીક્ષક હતો. ઘણી વાર હેન્રીને જંગલમાં પણ એ જ દોરી જતો. અકાળ અવસાન ન થયું હોત તો એક સારા પ્રકૃતિવિદ્ તરીકે જ્હૉન ખ્યાત થયો હોત.

જિંદગી એ વખતે મજેદાર હતી. નવા ઊર્મિ-આવેશોથી તેઓ પણ મુક્ત નહોતા. બંને પ્રેમમાં પડ્યા હતા, અને તે પણ એક જ છોકરીના. સત્તર વર્ષની એ એલન સીવૉલ સુંદર હતી. કુટુંબની મિત્ર અને એમના એક વિદ્યાર્થીની તે બહેન હતી.

એકાદ વર્ષ પછી જ્હૉને એલન પાસે પરણવાનો પ્રસ્તાવ મૂક્યો, એલને તેને ના પાડી. થોડા માસ પછી હેન્રીએ પણ પત્ર દ્વારા પોતાના મનોભાવ પ્રકટ કર્યા. એલનને આ બંને ભાઇઓ ગમતા હતા પણ

# ન્યૂ ઈંગ્લંડનો યોગી હેન્રી ડેવિડ થૉરો

કુ. રત્ના પટવારી

તે એમના પ્રેમમાં તો નહોતી જ. બહુ દુઃખ સાથે એલને હેન્રીને ના લખી. બસ, આ પછી હેન્રીએ કદી પરણવાનો વિચાર કર્યો નથી.

બીજીબાજુ હેન્રી એમર્સનના સંપર્કમાં વધુ ને વધુ આવી રહ્યોહતો. એમર્સન પ્રભાવશાળી હતો. નિર્જીવ બનેલા સિદ્ધાંતોના જડ બોજને ફગાવી દઈ બુદ્ધિસ્વાતંત્ર્ય ને મૌલિકતાની દિશામાં હિંમતભેર પ્રગતિ કરવાની તેની વિચારસરણીએ ત્યારની નવી પેઢી પર એક ભૂરકી છાંટી હતી. બૉસ્ટનના દેવળનો એ એક પાદરી હત્ને એ કામ છોડી દઇ કૉન્કૉર્ડ નજીક ઘર રાખી રહ્યો હતો. એથી એનો ગ્રામજીવનનો શોખ સંતોષાતો ને સાથેસાથ બૉસ્ટન અને હાર્વર્ડના બુદ્ધિમાન વર્ગના સંપર્કમાં પણ એ રહી શકતો. યુવાન હેન્રીના પ્રતિભાને બહાર લાવવામાં એનો ઘણો મોટો હિસ્સો હતો. એમર્સનની બીજી વારની પત્ની લિડિયન પણ તેના પ્રત્યે આદર રાખતી. એમર્સનનું ઘર કૉન્કૉર્ડના બુદ્ધિધનોનું મિલનસ્થાન હતું. હેન્રી અહીં અનેક ભાતના ઉત્સાહી માણસોના પરિચયમાં આવ્યો પણ એમની અસરથી એ મુક્ત જ રહ્યો. ઇ. ૧૮૪૦માં એમર્સને 'ધ ડાયલ' નામે એક સામયિક શરૂ કર્યું. બહુ ઓછા ગ્રાહકો છતાં એ પત્રે બુદ્ધિધન લોકોનું સારું ધ્યાન ખેંચ્યું હતું. એની પ્રકાશિકા કુ. ઇલિઝાબેથ પીબોડીએ હેન્રીના ઘણા લેખો અપકવ ગણી પાછા વાળેલા. પણ એથી હેન્રીની લેખનશૈલી સુધરી. એમર્સન પણ એને લખવા માટે પ્રેર્યા કરતો. વળી, કોઈ જડ ધંધામાં જોતરાઇને જાતને ગીરો મૂકવામાંથી છૂટવા સારુ પણ હેન્રીએ લેખનને જારી રાખ્યું. એમાંથી કંઇક આવક કરવાનો પણ એનો ખયાલ હતો.

ઈ. ૧૮૪૧માં ભાઇની માંદગીને કારણે એમને શાળા બંધ કરવી પડી. તદ્દન મુક્ત રહેવા મથતા એના અંતરને એથી કદાચ કંઈક રાહત પણ મળી હશે. પણ આત્માની નિષ્ક્રિયતા પ્રત્યે હેન્રી પૂરો સજાગ હતો. પિતાના ઘરથી દૂર, જ્યાં પોતાની જરૂરિયાતોને અત્યંત ઘટાડી ઓછામાં ઓછી આવક પર નિભાવ કરી ચિન્તન, પ્રકૃતિનાં નિરીક્ષણ ને લેખન માટે પોતે પૂરી ફુરસદ મેળવી શકે એવા નિવાસની એ ખોજ કરી રહ્યો હતો ત્યાં એમર્સને એને સહાયરૂપ થવા એક કામ શોધી કાઢયું. તે વ્યાખ્યાનપ્રવાસે જવાનો હોઈ પોતાના ઘરની દેખભાળ એણે હેન્રીને સોંપી. કુટુંબમાં તો હેન્રી પરિચિત હતો જ. ઘરને માટે એને ખાસ કંઇ કામ પણ કરવું પડે તેમ નહોતું. માત્ર એમર્સનની ગેરહાજરીમાં એણે એના ઘરનો વ્યવહાર ચાલુ રાખવાનો હતો. બગીચો, મરઘાંબતકાં, મહેમાનો વગેરેને સાચવવાનાં. ને બદલામાં એને રહેવાને એક અલગ ખંડ અને ખાવાપીવાની સગવડ મળે. પોતાની શિક્ષણ-પ્રવૃત્તિનો અંત અને પોતાના લક્ષ્ય વિષેનો નિર્ણય કરવાનો સમય–એ બે વચ્ચેના ગાળામાં એમર્સનને ત્યાં એને આ હૂંફ મળી ગઈ. ઈ. ૧૮૪૨માં એમર્સનના પુત્રનું ને પોતાના મોટાભાઇનું અવસાન ન થયું હોત તો એ સમય એને માટે કદાચ સંપૂર્ણ નિશ્ચિંતતાનો કહી શકાત.

એમર્સનને ત્યાંના બેએક વર્ષના એ ગાળામાં એની કલમ પણ કંઇક ઘડાવા માંડી. કૉન્કૉર્ડમાં રહીને એણે વ્યાખ્યાનો પણ આપવા માંડેલાં. એના પ્રકૃતિપ્રેમી મુક્ત આત્માને જીવનનિર્વાહ માટે હજી કોઇ નિશ્ચિત ધ્યેય સૂઝયું નહોતું. આખરે એણે લખવાનું ને વ્યાખ્યાનો કરવાનું લક્ષ્ય સ્વીકાર્યું. ફરી એમર્સને મદદ કરી. એણે હેન્રીને ન્યૂયૉર્ક પાસે સ્ટેટન ટાપુમાં પોતાના મોટાભાઈ વિલિયમના પુત્રને ભણાવવા માટે મોકલ્યો. ન્યૂ યૉર્કના પ્રકાશકો અને લેખકોનો એથી પરિચય વધી તેમાંથી કદાચ હેન્રીને સારી આજીવિકા મેળવાની તક મળી રહેશે એવો ખયાલ એની પાછળ હતો. પણ હેન્રીને એ શહેરી જીવન ન ફાવ્યું. ૧૮૪૪માં એ પાછો કૉન્કૉર્ડ આવતો રહ્યો. એકાંતવાસની એની ઝંખના ફરી સળવળી ઊઠી. પ્રકૃતિને ખોળે જવા એક દિવસ કુહાડી ઉછીની લઇને વૉલ્ડન તળાવની પાસેના જંગલમાં એ ઊપડી ગયો. સમાજથી દૂર જઇને એ રહેવા ઇચ્છતો હતો. ઘરમાં માતા બહેનો ને મહેમાનો કે એમર્સનના આદર્શવાદીઓની ચર્ચાઓથી એ થાકયો હતો. જીવનને બરાબર પકડમાં લઇને ને તેને સાદામાં સાદું બનાવીને અડીખમ રીતે જીવીને એ એના તાત્ત્વિક અર્થનું તોલન કરવા ઇચ્છતો હતો.



થૉરો–ઉત્તરાવસ્થામાં

વૉલ્ડનમાં એ જ્યાં રહેવાનો હતો એ વિસ્તાર પણ એમર્સનની માલિકીનો હતો ને એણે એ હેન્રીને વાપરવા આપેલો. પાંચેક મહિના મહેનત કરી એણે હાથે જ એક ઓરડી બાંધી. નજીકની કસ વિનાની જમીનમાં એણે કઠોળ ને શાકપાન વાવ્યાં. પોતાની જરૂરિયાતોને નીમ્નતમ કક્ષા સુધી ઉતારી નાખી ને એ શક્ય એટલો વધુ ને વધુ કુદરત સાથે એકાકાર બની રહ્યો. પણ એના જીવનનું આ તો એક પાસું હતું. ઈ. ૧૮૪૭માં એ ત્યાંથી પાછો ફર્યો. લેખક તરીકેની પોતાની શક્તિ ને મૌલિકતાને પણ એ હવે પારખી ગયો હતો પુનઃ પરિવર્તન માટે એ હવે તૈયાર હતો.



વૉલ્ડન તળાવ, 'જીવનથી ઈતર એવી બધી બાબતોને પરાસ્ત કરી શકે તેવી સખત અને અડીખમ રીતિએ જીવવા' જ્યાં થૉરોએ લગભગ બે વર્ષનો એકાંતવાસ કર્યો હતો.

બરાબર આ જ વખતે એમર્સનને વ્યાખ્યાન-પ્રવાસ માટે યુરોપ જવાનું થયું. એના ઘરમાં સહાયરૂપ થવાનું એને કહેણ મળ્યું ને એ ફરી એમર્સનને ત્યાં આવી ગયો. એ ઘરને છાંયે એણે 'વૉલ્ડન'નો ઘણોખરો ભાગ લખ્યો. 'સિવિલ ડિસઑબિડિયન્સ' (સવિનય કાનૂનભંગ)નું લેખન પણ એણે અહીં જ કર્યું. એમર્સનના ઘર પાસે એને માટે એક 'ગ્રીષ્મનિવાસ' બાંધવામાં મદદ અને ઘરકામની દેખભાળ બાદ કરતાં એ મોટે ભાગે ઘરથી દૂર કુદરતને ખોળે ચાલ્યો જતો. ત્યાં એ જે કંઇ જુએ તેની નોંધોથી સાંજે એ પાનાંનાં પાનાં ભરી કાઢતો. ઇશ્વર જોડે અનુસંધાન પામવાના કોડ એને પણ થતા, છતાં પ્રકૃતિ પ્રત્યેની એની વૈજ્ઞાનિક દૃષ્ટિને લીધે અગમનિગમની અસર તેના પર થાય તેમ નહોતી. પ્રકૃતિની ગોદમાં રખડતાંરખડતાં એ નદીને ઝરણાંનાં ઊંડાણો માપતો, ઝરા ને સરોવરોનાં ઉષ્ણતામાન નોંધતો, પ્રત્યેક વિલક્ષણ આકાશદર્શન, છોડનું ફૂલવુંફાલવું, યાયાવર પંખીઓની આવન-જાવન, નજરે ચડતાં પ્રાણીઓની ખાસિયતો વગેરે તો ખરી જ, પણ આસપાસના વિસ્તારનાં પ્રત્યેક પાસાં વિષે નોંધો, સૂચિઓ ને અવતરણો પણ એ એકઠાં કરતો. ખેડૂતોનાં કાર્ય તત્ત્વવિદ્યા કે કલાવિજ્ઞાન બધું જ એનાં નિરીક્ષણોમાં આવી જતું. ટૂંકમાં એનું જીવન એટલે નિરીક્ષણો અને લેખન.

ઈ. ૧૮૪૮માં હેન્રી ફરી પોતાના કુટુંબના પેનસિલોના વ્યવસાયમાં જોડાઈ ગયો. હેન્રી તથા પિતાની શોધક બુદ્ધિથી તેમની સ્થિતિ પણ કંઈક અંશે ઠીક થતી જતી હતી. હેન્રીને મોજણીનું કામ પણ ઠીકઠીક મળતું હતું. પણ સાથોસાથ લેખન અને પ્રકૃતિની સંગત તથા તેનાં નિરીક્ષણોમાં તો હેન્રીએ ઓટ આવવા નહોતી જ દીધી. રેડ ઇન્ડિયનો વિષે એક ગ્રંથ રચવાના ખયાલથી તે માનવવંશ વિષેના ગ્રંથોનું વાચન પણ વધારી રહ્યો હતો.

છતાં વ્યવસાયી લેખક થવાની હેન્રીની ખ્વાહીશ સંતોષાવાની બહુ આશા નહોતી. એમર્સનના પ્રયત્નો છતાં એના 'એ વીક ઑન ધ કૉન્કૉર્ડ ઍન્ડ મેરીમૅક રીવર્સ' માટે કોઈ પ્રકાશક મળ્યો નહિ. અંતે ૧૮૪૯માં એણે,અત્યંત કરકસરથી એકઠા કરેલા પોતાના પૈસે એ છપાવ્યું. ચાર વર્ષ બાદ એ પુસ્તકની હજાર નકલમાંથી નહિ વેચાએલી લગભગ ૭૦૦ નકલ હેન્રીને પાછી મળી હતી. એમાં રજૂ થએલા તેના વિચારો એ વખતે લોકોને ગળે ઊતરી શકે એમ નહોતા.

આ પહેલાં એક દિવસે સાંજે પોતાના જોડા સમરાવીને એ પાછો ફરતો હતો ત્યારે માથાવેરો ભરવાનો ઇન્કાર કરવા બદલ એને પકડવામાં આવ્યો અને એને જેલ મળી. એક જ રાતના એ જેલવાસમાં સમાજ જોડેના પોતાના સંબંધ વિષે એને ઊંડો વિચાર કરવાની તક મળી. વ્યક્તિ પર રાજ્યનું કેટલું પ્રભુત્વ છે એની એને ખબર પડી. લોકહિતનાં કાર્યો માટે લેવાતા કર સામે એને વાંધો હતો જ નહિ, પણ દક્ષિણનાં રાજ્યો સાથેના વિગ્રહો અને ગુલામીને પોષતા આ માથાવેરાનો તો એ કટ્ટર વિરોધી હતો. 'સરકાર સાથેના સંબંધમાં વ્યક્તિના અધિકાર અને ફરજો' વિષે એણે એક વ્યાખ્યાન આપ્યું. 'ઍસ્થેટિક પેપર્સ' નામના એક લેખસંગ્રહમાં એ પ્રકટ થયું. 'સિવિલ ડિસઑબિડિયન્સ' નામે એ લેખ વધુ જાણીતો છે. ગાંધીજીની સત્યાગ્રહ-પ્રવૃત્તિના એક પ્રેરકબળ તરીકે એ લેખે ઘણો ભાગ ભજવ્યો છે. 'સવિનય કાનૂનભંગ'ના એ લેખમાં લશ્કર, યુદ્ધ, રાજસત્તા, રાજનીતિજ્ઞો વગેરે સામે થૉરોએ વિરોધ દર્શાવવા સાથે વ્યક્તિગત અંતઃકરણનો એણે એમાં સ્પષ્ટ રીતે પક્ષ કરેલો છે.

આ જ અરસામાં એની મોટી બેન હેલનનું અવસાન થયું. 'વૉલ્ડન'નું પ્રકાશન પણ લંબાયા કરતું હતું. થૉરોમાં પણ એ બધાંથી નિરાશા આવી ગઈ. એનું આરોગ્ય પણ સારું નહોતું રહેતું. પણ પછી ૧૮૫૨ સુધીમાં તો વિષાદ ને આંતરનિરીક્ષણોથી એ મુક્ત બની ગયો. ૩૪–૩૫ની વયનો થૉરો અંતઃકરણથી હજી યે કવિ હોવા છતાં પ્રકૃતિ પ્રત્યેની દૃષ્ટિ હવે વધુ વૈજ્ઞાનિક બની હતી. કૉન્કૉર્ડના છોડના નમૂનાઓનો એ સંગ્રહ કરતો હતો.બપોરની એની લટારો ને નિરીક્ષણ-નોંધોના થોકડા ખડકાયે જતા હતા. એમાંથી એણે વ્યાખ્યાનો ગૂથ્યાં. ક્લિન્ટન, વૉર્સેસ્ટર, મેડફર્ડ લિન્કન વગેરે ગામોમાં એ વ્યાખ્યાનો એણે આપેલાં. કૉન્કૉર્ડની પશ્ચિમે વૉચુસેટ, હુક્રેક્લ ને કેટસકિલ્સ તથા મેઈન અને માઉન્ટ કેટેહડિનના એણે પ્રવાસો કર્યા. કૅનેડા પણ જઈ આવ્યો. આમાં શક્ય એટલા પ્રવાસો પગે ચાલીને જ કરવાનો એ આગ્રહ રાખતો.

એની આ રખડપટી, સતત લેખન અને નિરીક્ષણો વગેરે પરથી લાગે કે થૉરો કોઇ ખડતલ ને પ્રભાવશાળી વ્યક્તિ હશે. પણ ના, એની ઊંચાઇ સામાન્ય અમેરિકન કરતાં યે ઓછી હતી. રૂઢિવિરુદ્ધના એના લઘરવઘર પોશાકમાં એ કોઈ રખડુ મજૂર-કારીગર જેવો લાગતો. કેઇથ કૉડમાં તો પોલીસે એના પર થોડો વખત નજર પણ રાખેલી. તદ્દન સામેથી જોતાં એની આગળપડતી ઘેરી ભમ્મરો તળેની આછી ભૂરી વેધક આંખો, ગરૂડ જેવું નાક, નાનકડી ચિબૂક, આગળ પડતા બીડેલા ઓઠ ને મધ્યમ કપાળ સાથે એ કેટલાકને જેમ કુરૂપ લાગતો તેમ કેટલાકને સ્વસ્થ, વિચારપૂર્ણ ને નિશ્ચયાત્મકતાથી સચેત જણાતો. પણ એનો જુસ્સો ગજબ હતો.

એમર્સન એનો પરિચય આપતાં કહે છે કે, 'માત્ર નજર જ નાખીને ૫૦ વાર જેટલા અંતરને ચોક્કસપણે માપી લેવું, રાત્રે ઘોર જંગલમાં આંખને બદલે પગલાં પાડીને જ કેડીને પરખી લેવી, નજર નાખતાં જ કોઇ પણ વૃક્ષની સાચી ઊંચાઇ કહી દેવી એ એને મન સહજ હતું. કોઈ પણ ઘેટા-બકરાને હાથેથી ઊંચકીને જ એનું ખરું વજન કહી દેવું કે ઢગલામાં હાથ નાખીને મુઠ્ઠીમાં ધારી સંખ્યામાં જ પેનસિલો ઉપાડી લેવી એને માટે મુશ્કેલ નહોતું. એના જેવો તારો

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૭)

# જુલિયસ સીઝર

ડૉ. મધુસૂદન પારેખ



મહાકવિ વિલિયમ શેક્સ્પીઅર
જન્મ ૨૩ એપ્રિલ ૧૫૬૪ઃ અવસાન ૨૩ એપ્રિલ ૧૬૧૬

રોમના રાજમાર્ગ ઉપરથી પ્રજાજનોનું પ્રચંડ સરઘસ પસાર થઇ રહ્યું હતું. સરઘસને મોખરે રોમન પ્રજાનો અધિનાયક જુલિયસ સીઝર ચાલતો હતો. તાજેતરમાં જ એ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરીને પાછો આવ્યો હતો. પ્રજા એનો જયજયકાર ગાઇ રહી હતી. સીઝરની રાહબરી હેઠળ રોમન પ્રજા નગર બહાર ઉત્સવ માણવા નીકળી હતી. લોકહૃદયમાં ઉત્સાહની ભરતી હેલે ચડી હતી. જુલિયસ સીઝર પ્રજાનો બેતાજ બાદશાહ બની ગયો હતો.

સરઘસ આગળ વધતું હતું ત્યાં પ્રચંડ કોલાહલને વીંધતો કોઈ ઘેરો ગંભીર અવાજ સીઝરને કાને અથડાયો. એકદમ એ ઊભો રહી ગયો. ટોળામાંથી માર્ગ કરતો મેલાઘેલા દિદારવાળો એક ફકીર સીઝરની તરફ ધસી રહ્યો હતો. સીઝરની સામે આવીને એના લલાટ પરની લિપિ ઉકેલતો હોય તેમ તે સીઝરને તાકી રહ્યો. આકાશ સામે આંગળી ચીંધીને કંઇક અગમ્ય વાણી તે બબડ્યો: 'સીઝર, પંદરમી માર્ચ! ચેતજે!' અને હોઠ ફફડાવતો તે એકદમ ટોળામાં ગાયબ થઇ ગયો. સીઝર આ ચસકેલની વાણી પર ઝાઝું લક્ષ આપ્યા વિના આગળ વધ્યો.

આખું નગર જ્યારે આ ઉત્સવમાં તરબોળ હતું ત્યારે એક વ્યક્તિના ચિત્તમાં ઈર્ષ્યાનો કીડો સળવળી રહ્યો હતો. એ વ્યક્તિ તે કેસિયસ, રોમની સેનેટનો તે સભ્ય હતો. સીઝરનો આ જયજયકાર તેનાથી સાંખ્યો જતો ન હતો. સરઘસને તે કતરાતી આંખે જોઈ રહ્યો હતો. લોકહૃદય કેટલું બધું ચંચળ છે! આજે સીઝરનો સૂર્ય ઊગતો છે એટલે પ્રજાજનો એની પૂજા કરે છે. સીઝરમાં એવું તે શું દૈવત છે? રોમનો બાદશાહ બનવા માટે એની યોગ્યતા કેટલી? લોકો તો બેવકૂફ છે. સીઝરનો પગ ખેંચીને એને પાડવો જ જોઇએ!

પણ એ બને કેમ? વિચારોમાં એનું ચિત્ત અટવાઈ ગયું. ત્યાં દૂરથી એણે બ્રૂટસને જોયો અને એના ચિત્તમાં ચમકારો થયો. બ્રૂટસ સીઝરનો અંગત મિત્ર અને સાથી હતો. સ્વભાવે ભોળિયો, પણ દેશભક્તિમાં એનો જોટો જડવો મુશ્કેલ. સીઝર પ્રત્યે એને ખૂબ પ્રેમ હતો. પણ સીઝર રાજા બને તેની સામે તેને સખત અણગમો હતો. રાજાશાહીનાં અનિષ્ટ તે બરાબર જાણતો હતો. એક પણ રોમન બચ્ચો રાજાશાહીને કારણે ગુલામીના ખતરામાં ન મુકાય તે માટે તે સદૈવ જાગ્રત હતો. પરંતુ આ ઉત્સવમાં લોકો ભાન ભૂલીને સીઝરને માથે રાજનો તાજ મૂકવા ઉત્સાહી બન્યા હતા. એ લોકો આથી નાશ નોતરી રહ્યા છે તેનું એમને ભાન નહોતું.

કેસિયસ બ્રૂટસની પાસે આવ્યો ત્યારે દૂરથી જુલિયસ સીઝરનો જયનાદ સંભળાતો હતો. બ્રૂટસે કેસિયસ આગળ પોતાનો અણગમો પ્રગટ કર્યો. કેસિયસને આવો જ લાગ જોઇતો હતો. એણે બ્રૂટસને ભોળવતાં કહ્યુ: 'તારા એક સાચા મિત્ર તરીકે મને ખૂબ ખેદ થાય છે, બ્રૂટસ! ઓહ! તું તારી ગુપ્ત શક્તિઓ જાણી શકતો હોત તો કેવું સારું.'

'એટલે?' બ્રૂટસને કેસિયસનાં મર્મવચનો સમજાયાં નહિ.

'આખું રોમ એક અવાજે બોલી રહ્યું છે કે સીઝર કરતાં બ્રૂટસ જરા પણ કમ નથી! માત્ર તારા મિત્ર સીઝરને એ સાચું નહિ લાગતું હોય.'

'સીઝર પ્રત્યે મને ખૂબ લાગણી છે, પણ એ રાજા બને તે વાત મારા હૃદયમાં જરા પણ ગોઠતી નથી. તું મને સીઝરની બાબતમાં કશુંક કહેવા માગે છે?' બ્રૂટસે ભોળે ભાવે પૂછ્યું.

'બ્રૂટસ, હું તારી ખોટી પ્રશંસા નથી કરતો. પણ તું વિચાર કરી જો. તારા જ એક પૂર્વજે રોમને એક વાર મુક્તિ અપાવી હતી. આજે સીઝર રાજા બની ગયો છે અને તું તેનો લાચાર સાક્ષી બની રહ્યો છે.'

કેસિયસની જાળમાં બ્રૂટસ સપડાયો. 'તું, હું અને સીઝર આ રોમની ભૂમિમાં સ્વતંત્ર જન્મ્યા હતા.' કેસિયસે બ્રૂટસ પર ધારી અસર થતી જોઇને આગળ વાત ચલાવી: 'સીઝર મહાન યોદ્ધો છે તો આપણે એનાથી કમ છીએ? અને સીઝર વીર છે એ મોટો ભ્રમ છે. એક વાર ટાઈબર નદીના પૂરમાં એ તરવા પડ્યો અને તણાયો ત્યારે ભયથી તેણે ચિચિયારીઓ કરી મૂકી હતી. મેં તેને તાર્યો હતો. એક વાર માંદગીમાં નામર્દની જેમ તે કણસતો હતો, સાવ ભીરુ! નિર્માલ્ય! છતાં આજે એ પ્રજાનો દેવ બની બેઠો છે: પ્રજા ઘેટા જેવી છે માટે એ સિંહની જેમ રૂઆબ ધારણ કરે છે. બ્રૂટસ, રોમની ગુલામીનો વિચાર પણ તને કંપાવતો નથી? સીઝર શહેનશાહ બની શકે તો તું શા માટે નહિ? આ જયનાદો સંભળાય છે તને? રોમની સ્વતંત્રતા હોડમાં મુકાઈ રહી છે. આ ઉત્સવ નથી, એની આઝાદીનું ઉઠમણું છે.

કેસિયસે દોરેલા ગુલામીના આ કલ્પનાચિત્રથી બ્રૂટસ કંપી ઊઠ્યો: ગંભીરતાથી એણે કહ્યુ: 'કેસિયસ, તેં મારા પ્રત્યે જે સદ્ભાવ દર્શાવ્યો તે માટે તારો ઋણી છું. સાચા મિત્રની જેમ તેં મને કર્તવ્ય પ્રત્યે જાગ્રત કર્યો છે. તારાં વચનો પર હું જરૂર વિચાર કરીશ. પરંતુ કેસિયસ, અત્યારે એટલો વિશ્વાસ જરૂર આપું છું કે પ્રજાના કલ્યાણ માટેનું કોઇ પણ કર્તવ્ય બજાવવામાં મોત મને ડરાવી શકશે નહિ. અને જો હવે પછી રોમના પ્રજાજનો માટે ગુલામી જ સર્જાવાની હોય તો આ બ્રૂટસ ગુલામ રહેવા કરતાં જંગલી થવાનું વધુ પસંદ કરશે.'

બંનેએ હાથ મિલાવી મૈત્રીની ગાંઠ મજબૂત કરી.

થોડી વારમાં જ ખબર આવ્યા કે જુલિયસ સીઝરને પ્રજા વતી

માર્ક ઍન્ટનીએ ત્રણ વખત રાજમુકુટ ધર્યો, પણ સીઝરે તેનો અસ્વીકાર કર્યો. આ બધા બનાવો પર વિચાર કરતો બ્રૂટસ વિદાય થયો અને કેસિયસનું શયતાની મન હરખી ઊઠ્યું: 'ભોળા શિકાર!'

કેસિયસે હવે પોતાની યોજનાને સ્પષ્ટ આકાર આપી દીધો. તેણે કુશળતાથી પોતાના મિત્રો અને સેનેટરોનો સાથ મેળવી લીધો. પરંતુ હજુ તેને ભોળિયા બ્રૂટસનો ભરોસો નહોતો. કદાચ એ આ યોજનામાં પાછો પડે તો? એણે એક વિલક્ષણ તરકીબ લડાવી, થોડા થોડા દિવસને આંતરે બ્રૂટસને જુદાજુદા હસ્તાક્ષરોમાં લખાએલા પત્રો મળવા માંડ્યા. એમાં પ્રજાનો પોકાર હતો. બ્રૂટસ એમનો તારણહાર હતો. પિસાતી પ્રજાના ઉદ્ધારક થવાના વિચારે બ્રૂટસ પોરસાઇ ઊઠ્યો. બીજી તરફ રાજ્યમાં વિવિધ પ્રકારની અફવાઓ ફેલાવા લાગી. લોકોમાં અમંગળ ભાવીની શંકાઓ ઊઠવા લાગી. એ શંકાઓ દૃઢ થાય તેવું વાતાવરણ નગરમાં ફેલાયું. રોમની શેરીમાં ભરબપોરે એક વાર સિંહ ઘૂમતો દેખાયો. ઘુવડની ચિચિયારીઓ કાળજાં કંપાવવા લાગી. એક વાર અગ્નિમાં ગુલામે હાથ નાખ્યા પછી પણ તે હાથ સાજોસમો રહ્યાની અફવા ઊડી ત્યારે તો પ્રજાની દૃઢ પ્રતીતિ થઇ ચૂકી કે હવે ઉલ્કાપાત જરૂર થવાનો. અને યોગાનુયોગ પ્રકૃતિએ પણ રંગઢંગ બદલવા માંડ્યા. વીજળીના કાટકા અને વાદળની ગર્જનાથી પ્રજા ભયત્રસ્ત બની ગઇ. એક રાતે કમોસમનો મૂશળધાર વરસાદ તૂટી પડ્યો.

એ ઘનઘોર રાત્રિના અંધકારમાં થોડાક બુકાનીવાળા માણસો ભેગા મળ્યા. આ ભયાનક રાત્રિ તેમને અનુકૂળ હતી. બધા ધીમેધીમે શેરીઓ વટાવતા ચૂપકીદીથી આગળ ચાલ્યા. એક મકાન પાસે આગેવાન થંભ્યો. બારણે ટકોરા માર્યા. બારીમાંથી બ્રૂટસ ડોકાયો: 'કોણ?'

'કેસિયસ.' અને બારણાં ઊઘડ્યાં. અજાણ્યા બુકાનીબાંધ્યા ચહેરા જોઇને બ્રૂટસ ચમક્યો. પણ કેસિયસે સહુની ઓળખાણ આપી. એ બધાં એક જ 'ઉમદા' ધ્યેયને માટે ભેગા મળ્યા હતા: સીઝરની હત્યા! બ્રૂટસે રોમની પ્રજાને પરાધીનતામાંથી ઉગારવા માટે સીઝરની હત્યા કરવાના નિર્ણયને ટેકો આપ્યો હતો. પ્રજાજનોના પત્રો વાંચ્યા પછી એનો નિર્ણય પાકો થયો હતો. હજી થોડી વાર પહેલાં જ એના સૂવાના ખંડમાંથી એક લિફાફો તેને મળ્યો હતો: પ્રજા તારણહાર તરીકે આતુરતાથી તેની વાટ જોઇ રહી હતી! બ્રૂટસના અડગ નિર્ણયને કેસિયસ અને તેના સાથીઓએ વધાવી લીધો. બીજે દિવસે જ સેનેટરો સીઝરને ફરી રાજમુકુટ અર્પણ કરવાના હતા. સીઝરે ઇટાલીમાં એ નહિ પહેરવાની શરતે તેમની માગણીનો સ્વીકાર કરી તેમનું માન જાળવ્યું હતું. કેસિયસે હવે પોતાનો નિર્ણય પ્રગટ કર્યો: 'જેવો સીઝર રાજમુકુટ સ્વીકારવા આગળ વધે કે તરત જ...' બાકીનું તેણે ઇશારતમાં સૂચવી દીધું. બધા સાથીઓ ફાટી આંખે કેસિયસ તરફ જોઈ રહ્યા. તેણે ઉમેર્યું:...'અને—સીઝરની સાથે જ માર્ક ઍન્ટની પણ. જોજો, એ બાકી ન રહી જાય. બંને સાથે જ......'

એકદમ બ્રૂટસ ચમકી ઊઠ્યો: 'આ શી વાત કરે છે, કેસિયસ? આપણે વીર યોદ્ધાઓ છીએ, કસાઇઓ નથી. ઍન્ટનીની નિરર્થક હત્યામાં શા માટે આપણે હાથ રંગવા જોઇએ? આપણે એક ઉમદા હેતુ સિદ્ધ કરવા ભેગા થયા છીએ. સીઝરની હત્યા એટલે તો પ્રજાની મુક્તિ; પણ ઍન્ટનીનો વધ શા માટે? ઍન્ટની ભલે સીઝરનો જમણો હાથ છે. પણ દેહ પડ્યા પછી હાથ એકલો શું કરવાનો હતો? ઍન્ટનીના ભોગનો વિચાર આપણા ઉમદા હેતુ સાથે જરા યે સુસંગત નથી.'

બ્રૂટસની આ વેધક વાણીથી સહુ પ્રભાવિત થયા. કેસિયસની ઇચ્છા અવશ્યમેવ ઍન્ટનીનો ખાતમો કરી નાખવાની હતી, પણ સંજોગો જોતાં બ્રૂટસનો વિરોધ કરવો તેને પાલવે તેમ નહોતો. એટલે નાછૂટકે બ્રૂટસની વાત તેણે સ્વીકારી લીધી.

બ્રૂટસ એ આખી રાત ઊંઘી શક્યો નહિ. છેલ્લા કેટલાય દિવસથી એનું મન ખૂબ વ્યગ્ર રહેતું હતું. એમાં આજે તો 'કતલની રાત' હતી. એનું ચિત્ત ડામાડોળ બની ગયું હતું. એની પત્ની પોર્શિયા તેની પાસે આવી: 'બ્રૂટસ, તમને થયું છે શું?'

'કેમ?' એકાએક ચમકીને બ્રૂટસે પૂછ્યું.

'છેલ્લા કેટલાય દિવસથી તમે વિહ્વળ છો. તમારું મન ભમ્યા કરતું લાગે છે. તમે ભારે વિચારના બોજા તળે કચડાએલા દેખાઓ છો. બ્રૂટસ, વહાલા, મને એનું કારણ નહિ કહો?'

'કશું કારણ નથી, પોર્શિયા! મારી તબિયત હમણાંથી જરા...'

'છુપાવશો નહિ. માત્ર તબિયતનું બહાનું કાઢશો નહિ. હું તમારી પત્ની છું. તમારા દુઃખમાં ભાગીદાર થવાનો મારો અધિકાર તમે માન્ય ન કરો તો તમને મારા સોગંદ છે, બ્રૂટસ!' આટલું કહેતાં તો પોર્શિયા ગળગળી થઈ ગઈ.

બ્રૂટસ એનાં આંસુ જોઈ શક્યો નહિ. 'પોર્શિયા! પોર્શિયા! તારી વાત સાચી છે. મારું મન હમણાં ખૂબ ગૂંચવાએલું રહે છે; મારા હૃદયમાં ભારે ખેંચતાણ ચાલી રહી છે. હું...મેં મારા...પરમ...'

ત્યાં તો બારણે ટકોરા પડ્યા અને દંપતીની એ વાત અધૂરી જ રહી ગઈ. એ પૂરી થઈ શકી હોત તો?

બીજે દિવસે જુલિયસ સીઝરને રાજમુકુટ અર્પણ થવાનો હતો. પણ એના મનમાં ભારે ગડમથલ ચાલી રહી હતી. એની પત્ની કેલ્પર્નિયા રાતના ભયંકર સ્વપ્નોથી ચમકી ઊઠતી હતી. સીઝર જાગતો જ રહ્યો હતો. એના મનમાં કંઈ કંઈ અજંપા ઊઠતા હતા. એકાએક કેલ્પર્નિયા ભયંકર ચીસ પાડી ઊઠી: 'મારા સીઝરને બચાવો...આ હત્યારા... ઓહ! સીઇઇઇ...ઝ...ર!' સીઝર ચમકી ઊઠ્યો. કેલ્પર્નિયા ત્રસ્ત હરણીની જેમ કાંપતી હતી. એકદમ એ સીઝરને વળગી પડી: 'સીઝર! સીઝર! ઓહ, કેવું ભયંકર સ્વપ્ન!' બહાર વીજળી કડાકા કરતી હતી. પવનનું તોફાન જામ્યું હતું. આમ ને આમ રાત વીતી ને પ્રભાત ઊઘડ્યું.

સીઝરે સેનેટગૃહમાં જવાની તૈયારી કરવા માંડી, ત્યાં જ કેલ્પર્નિયાએ તેને રોક્યો: 'સીઝર આજ તો નહિ જ જવા દઉં. અમંગળ શંકાઓ મારું કાળજું કોરી ખાય છે. ગઈ રાતનાં સ્વપ્નો હજી ભુલાયાં નથી. સીઝર, હમણાં હમણાં આકાશમાં ધૂમકેતુ જેવાં નક્ષત્રો દેખાય છે. જરૂર કોઇ રાજપુરુષની ઘાત છે. સીઝર, હું તમને નહિ જવા દઉં.'

સીઝર તૈયાર થતાં બોલ્યો: 'કેલ્પર્નિયા, આવી ડરપોક ક્યાંથી? વીરને વળી મૃત્યુ શાં? કાયરો જ સેંકડો વાર મૃત્યુ (આવતાં) પહેલાં મરતા હોય છે. ભય કરતાં હું વધુ ભયાનક છું. પહેલાં હું જન્મ્યો છું, પછી ભય. ભય શું મને ડરાવશે? હું નિર્ભય થઇને જરૂર જઈશ.'

પરંતુ કેલ્પર્નિયા એના પગે વળગી પડી: 'સીઝર, આજનો દિવસ મારું કહ્યું માનો. તમે ભલે વીર છો, નિર્ભય છો; પણ હું ભીરુ છું. મારા ભય ખાતર તમે રોકાઈ જાઓ, સીઝર! આપણે માર્ક ઍન્ટની સાથે તમારી નાદુરસ્ત તબિયતનો સંદેશો મોકલી દઈશું. સીઝર, તમને પગે પડું છું. મારી આટલી વિનંતી સ્વીકારો.' કેલ્પર્નિયાની આંખ આંસુથી છલકાઈ ઊઠી. સીઝરનો ઉત્સાહ ઓસરી ગયો. ધીમેથી એણે કહ્યું: 'ભલે, કેલ્પર્નિયા તારા ભયને ખાતર આજે હું ઘેર રહીશ, બસ?'

કેલ્પર્નિયાના આનંદનો પાર ન રહ્યો. એણે હૃદય પર હાથ મૂક્યો: 'હાશ, મારા પ્રભુ!' પણ ત્યાં તો બારણે ટકોરા પડ્યા.

કેસિયસની યોજના મુજબ તેનો સાથી ડિશ્યસ સીઝરને તેડવા

માટે આવી પહોંચ્યો હતો. સીઝરે એને પોતાનો સેનેટમાં હાજર નહિ રહેવાનો નિર્ણય જણાવ્યો. પરંતુ મિત્રભાવે કેલ્પર્નિયાના ભયંકર સ્વપ્નની બધી વાત તેણે ડિશ્યસને કહી. ખંધો ડિશ્યસ ચોંક્યો, પણ તરત સાવધ થઈને બોલ્યો: 'સર્વશક્તિમાન સીઝરને વળી સ્વપ્નાંનો આટલો બધો ડર? ભલે, હું તો ચિઠ્ઠીનો ચાકર છું. આપનો સંદેશો સેનેટમાં કહીશ. પરંતુ આપના પ્રત્યે આદર છે માટે કહું છું કે સેનેટરો આપના આ વર્તનની ટીકા કરશે. આપને લોકો ડરપોક માનશે. આપની મજાક પણ ઉડાવશે.'

અને સીઝરને ઘસડી જવામાં એ સફળ થયો. ત્યાં તો ઍન્ટની પણ આવી પહોંચ્યો. સભાગૃહ પાસે પહોંચતાં બ્રૂટસ, કેસિયસ અને બીજા આગેવાનો સીઝરની સાથે આવી જોડાયા. અને સભાગૃહની પાસે જ સીઝરે પોતાનું ભવિષ્ય ભાખનાર પેલા ફકીરને પણ જોયો. એણે મજાક કરતાં કહ્યુ: 'ફકીરબાબા, પંદરમી માચ આવી ગઈ!'

'આવી છે ખરી, હજી ગઈ નથી.' એણે શાંતિથી જવાબ દીધો. સીઝર હસીને આગળ વધ્યો. કાવતરાખોરોએ માર્ક ઍન્ટનીને ખૂબીથી સીઝર પાસેથી દૂર ખસેડી લીધો. નિશાળના એક શિક્ષકને કાવતરાની ગંધ આવી ગઈ હતી. એણે સીઝરને બ્રૂટસ-કેસિયસથી ચેતવાની વિનંતિ કરતો પત્ર હાથોહાથ આપ્યો. પણ સીઝરને તેના પર લક્ષ આપવાનો સમય નહોતો!

પૂર્વયોજના પ્રમાણે સિંબર નામનો એક નાગરિક પોતાના ભાઇને માફીની અપીલ લઈને સીઝર પાસે આવ્યો. સીઝરને એના અવિવેક પર ભારે ગુસ્સો આવ્યો. બ્રૂટસ પણ સિંબરની વતી વિનંતી કરવા માંડયો. જરા રકઝક શરૂ થઈ. સીઝરના રોષે માઝા મૂકી. એ જ વખતે કેસ્કાએ તેની ગરદન પર તલવારનો ઘા કર્યો. એની સાથે બીજા બધા પણ તેના પર તૂટી પડયા. બ્રૂટસને પણ તલવારનો ઘા કરતો જોઈ સીઝર દિગ્મૂઢ બની ગયો. 'તું?...તું પણ બ્રૂટસ? ત્યારે તો સીઝર... (તારે) મોત જ ભલું.'

સીઝર ધરતી પર પટકાઈ પડયો;...અને તરત મૃત્યુ પામ્યો.

સીઝરની હત્યાના સમાચાર વાયુવેગે નગરમાં ફરી વળ્યા. પ્રજામાં સન્નાટો વ્યાપી ગયો. બ્રૂટસને હવે ભયથી મૂઢ બની ગએલી પ્રજાને સધિયારો આપીને એને વિશ્વાસમાં લેવાનું સૌથી કપરું કર્તવ્ય બજાવવાનું હતું. એને માર્ક ઍન્ટની સાંભર્યો. સહુ પ્રથમ એને જો પોતાના આ ન્યાયી કૃત્યની પ્રતીતિ કરાવી શકાય તો અરધું કામ ઊકલી જાય. બ્રૂટસે માર્ક ઍન્ટનીને અભય વચનનો સંદેશો કહાવ્યો અને ઍન્ટની સભાગૃહમાં આવ્યો. સીઝરના ભવ્ય દેહને ભૂમિ પર રઝળતો જોઈ તેની આંખ છલકાઇ ઊઠી. એણે કાવતરાખોરો ભણી તીક્ષ્ણ નજર નાખી અને કહ્યુ: 'બ્રૂટસ, સીઝર પ્રત્યે મને કેટલી મમતા હતી તે તમે જાણો છો. પરંતુ તમારા સર્વના ન્યાય અને ડહાપણમાં મને વિશ્વાસ છે. અલબત્ત, હજુ તમે બીજા કોની સામે નિશાન તાકયાં છે એ હું જાણતો નથી, મને એની તમા પણ નથી. મારી હત્યા કરવાની પણ તમારી નેમ હોય તો તાકો નિશાન. સીઝરની સોડમાં મોત પણ મને મીઠું લાગશે.' એનો અવાજ લાગણીથી રૂંધાઈ ગયો.

બ્રૂટસે પોતાના ન્યાયી અને ઉમદા હેતુની તેને ફરી ખાતરી આપતાં કહ્યુ: 'ઍન્ટની, તું વિશ્વાસ રાખ. અમે ખૂની નથી, દેશભક્ત છીએ. સીઝરની હત્યા માટે અમારી પાસે એવા નક્કર મુદ્દા છે કે એ હત્યાના વાજબીપણા માટે કોઈને કશી શંકા કરવાનું કારણ નથી. તું ખુદ સીઝરનો પુત્ર હોય તો પણ અમારું કર્તવ્ય ન્યાયી લાગશે. અમારી સચ્ચાઇ દીવા જેવી સ્પષ્ટ છે. અમે અમારા ઉમદા કર્તવ્યની જાણ પ્રજાને કરવા માગીએ છીએ. પ્રજા પણ સમજશે કે સીઝરની હત્યા એ શોકનો વિષય નથી, આઝાદીનો—આનંદનો વિષય છે. પ્રજાને અમે સીઝરની સરમુખત્યારીમાંથી ઉગારી લીધી છે.'

આ બધું સાંભળીને ઍન્ટનીએ એટલું જ કહ્યુ: 'ભલે, તમને જે ન્યાયી અને વાજબી લાગ્યું તે ખરું.' અને એણે પ્રજા સમક્ષ સીઝરની દફનક્રિયા વખતે બે શબ્દો પોતાને બોલવા દેવાની અનુજ્ઞા માગી.

કેસિયસ એ સાંભળીને ચમકી ગયો. ઍન્ટની પોતાના 'બે શબ્દો'થી પ્રજાને પ્રભાવિત કરી જાય તો? એણે બ્રૂટસને ચેતવ્યો. પણ ખેલદિલ ભોળા બ્રૂટસને તો પોતાના સત્ય હેતુ માટે સો ટકા ખાતરી હતી. પ્રજા પોતાના કાર્યને જરૂર વધાવી લેશે એની એને પ્રતીતિ હતી. ઍન્ટની ભલેને બે શબ્દો બોલે—પોતાના પરમ મિત્ર સીઝરને ભલેને એ અંજલિ આપે. એનો આત્મા એથી સંતોષાશે.

બ્રૂટસે ઍન્ટનીને, પોતે પ્રજા સમક્ષ પ્રવચન કરી રહે ત્યાર પછી, અને 'દેશભક્તો'ની ટીકા નહિ કરવાની શરતે 'બે શબ્દો' બોલવાની પરવાનગી આપી. કેસિયસનો જીવ આથી ખૂબ કોચવાઇ ઊઠયો.

સીઝરના અંતિમ સંસ્કારના સ્થળે પ્રજાજનો ટોળે મળ્યા હતા. એક ઊંચા ચોતરા ઉપર બ્રૂટસ ઊભો હતો. રોમની પ્રજા આ નવા નેતાને સાંભળવા ઉત્કંઠ હતી. બ્રૂટસને પોતાનું કર્તવ્ય સાર્થક જણાયું. પ્રજાને વિશ્વાસમાં લેવા માટે એણે ધીરગંભીર પણ વેધક વાણીમાં પોતાના કર્તવ્યની સમજૂતી આપવા માંડી. લોકો એકશ્વાસે સાંભળી રહ્યા: 'મારા પ્રિય પ્રજાજનો, સીઝરની મેં હત્યા કરી છે. એ જવાબદારી ઓઢી લેવાનો મને સંકોચ નથી. સીઝરને હું હૃદયથી ચાહતો હતો. સીઝર મને પ્રિય હતો, પણ મને મારો દેશ પ્રાણપ્રિય હતો. સીઝર જીવ્યો હોત તો રોમ ગુલામીમાં સબડતું હોત. સીઝર મર્યો છે માટે તમે સ્વતંત્ર છો. સીઝરની જિંદગી કરતાં મને તમારી સ્વતંત્રતા વધુ કીમતી લાગી. તમારી મુક્તિ માટે મેં સીઝરનો ઘાત કર્યો. એ મુક્તિ તમને મંજૂર છે? મંજૂર હોય તો મુબારક! મંજૂર ન હોય તો બ્રૂટસ તમારી સમક્ષ ઊભો છે—એની ગરદન અને તમારી તલવાર!'

બ્રૂટસ નત મસ્તકે ઊભો રહી ગયો. પ્રજાએ ઉત્સાહનો પ્રચંડ નાદ કરી મૂકયો. બ્રૂટસમાં લોકોએ મુક્તિદાતા જોયો. એ તારણહારનો એકએક શબ્દ સાંભળવા પ્રજા તલપી રહી. 'પ્યારા પ્રજાજનો!' બ્રૂટસે ઉમેર્યું: 'સીઝર મને ચાહતો હતો; એને માટે હું આંસુ સારું છું. સીઝર શૂર હતો; એના શૌર્યને હું અંજલિ આપું છું. પણ સીઝર સરમુખત્યાર થવા ગયો ને મેં એનો વધ કર્યો. તમારે ખાતર, તમારી મહામૂલી સ્વતંત્રતા ખાતર મેં એને ખતમ કર્યો. એમાં જો ગુનો હોય તો હું ગુનેગાર છું.'

લોકસમુદાય બ્રૂટસનો જયજયકાર કરી રહ્યો હતો, તે જ સમયે સીઝરના શબ સાથે માર્ક ઍન્ટની ત્યાં આવી પહોંચ્યો. એના મુખ ઉપર ખિન્નતા હતી, મૂંઝવણ પણ હતી. લોકોના ઉત્સાહનો કલશોર એને કાને પડી ચૂકયો હતો. બ્રૂટસે આખી સભાને સીઝર વિરોધી બનાવી દીધી હતી; પ્રજાનો એ અધિનાયક બની ગયો હતો. હવે લોકો પોતાના 'બે શબ્દો' પણ સાંભળશે ખરા? આ ચંચળ ચિત્તડાંનો વિશ્વાસ કેટલો? પણ એ ચિત્ત ચંચળ હતાં એ જ એને માટે મોટી આશા નહોતી? શબ્દની અમોઘ શક્તિની અજમાયશ કેમ ન કરી જોવી?

મંથનગ્રસ્ત ઍન્ટનીને બ્રૂટસે સત્કાર્યો. એની આંખોમાં વિજયનો કેફ હતો. પ્રજા આખી એની સાથે હતી. હવે ઍન્ટની ભલેને ધમપછાડા કરે! બ્રૂટસની આંખમાં આનંદની ચમક હતી. એણે પ્રજાજનોને ઍન્ટનીની વાણી શાંતિથી સાંભળવાની વિનંતિ કરી અને ઍન્ટનીને સભાનો હવાલો સોંપી ભારે આત્મવિશ્વાસ ને ગૌરવથી એ વિદાય થયો.

નગરજનોએ ફરીથી બ્રૂટસનો જયનાદ કર્યો. એ જયનાદના પડઘા શમ્યા કે તરત માર્ક ઍન્ટનીએ ધીરજથી, દઢતાપૂર્વક પોતાનું વકતવ્ય

શરૂ કર્યું: ‘મારા પ્રિય દેશબાંધવો! હું સીઝરની પ્રશંસા કરવા માટે આપની સમક્ષ ઉપસ્થિત થયો નથી; માત્ર એની દફનક્રિયા માટે આવ્યો છું. બ્રૂટસે આપ સહુને લગભગ ખાતરી કરાવી આપી છે કે સીઝર મહત્ત્વાકાંક્ષી હતો. સરમુખત્યાર થવાની એને હોંશ હતી. જો ખરેખર સીઝરની એવી ખ્વાહેશ હોય તો એની હત્યા થવી જ ઘટે. સરમુખત્યારોને રોમન પ્રજા કદાપિ સાંખી ન શકે એ હું સારી પેઠે સમજું છું. મારામાં પણ રોમન લોહી વહે છે. બ્રૂટસ અને એના સહુ મિત્રો રોમના પ્રતિષ્ઠિત સજ્જનો છે. એમની સંમતિથી જ હું આપની સમક્ષ આવી શક્યો છું. સીઝર મારો મિત્ર હતો, વિશ્વાસુ ને ન્યાયી હતો; પણ બ્રૂટસે આપને કહ્યું કે તે મહત્ત્વાકાંક્ષી હતો. બ્રૂટસ જેવા પ્રતિષ્ઠિત આગેવાનનાં વચનો ખોટાં કેમ કહેવાય? પરંતુ એક પ્રશ્ન આપને હું પૂછીશ. સીઝર બહારના દેશોમાંથી અનેક કેદીઓને પકડીને રોમમાં લઇ આવતો અને એમને મુક્ત કરવા માટે જે રકમ મળતી તે રાજ્યની તિજોરીમાં જમા કરાવતો. સજ્જનો, આમાં સીઝરની મહત્ત્વાકાંક્ષા આપને ક્યાં ય દેખાય છે?’

શ્રોતાઓ શાંત થઇ સાંભળી રહ્યા. ઍન્ટનીએ એમના તરફ સીધી નજર માંડી વાત આગળ ચલાવી: ‘મિત્રો, રોમના દુઃખિયારા જનોને જોઇ સીઝરની આંખો હમેશાં આંસુથી છલકાઇ જતી. એમાં એની શી મહત્ત્વાકાંક્ષા હશે? પરંતુ બ્રૂટસ કહે છે તે મહત્ત્વાકાંક્ષી હતો. બ્રૂટસ જેવા મહાનુભાવને આપની સમક્ષ હું ખોટો કેમ ઠરાવી શકું?

આપને એક વિશેષ વાત કરું? રોમનગરીએ ઉત્સવ માણ્યો તે પ્રસંગે મેં પોતે સીઝર સમક્ષ રાજમુકુટ ધર્યો હતો—એક વાર નહિ, ત્રણ વાર. સીઝરે એ ત્રણે વાર રાજમુકુટ પહેરવાનો ધરાર ઈન્કાર કર્યો. આ શું સીઝરની મહત્ત્વાકાંક્ષા હતી? છતાં બ્રૂટસ કહે છે તેને સરમુખત્યાર થવું હતું! બ્રૂટસ જેવા આબરૂદાર આગેવાનને આપ સહુની સમક્ષ હું અસત્ય બોલનાર કેવી રીતે ગણી શકું?

બ્રૂટસના ઉદ્ગારોનો પ્રતિકાર કરવાનો મારો જરા પણ ઇરાદો નથી. હું તો માત્ર દીવા જેવી હકીકતો જે હું જાણું છું તે જ આપની આગળ મૂકું છું. સીઝર વિષે માત્ર બે બોલ કહું છું. એનો તોલ આપ કરજો. આપની ન્યાયબુદ્ધિમાં મને વિશ્વાસ છે. આપ લોકો એક વાર સીઝરના ભારે અનુરાગી હતા. આજે એનો શોક કરવામાં આપને શાથી નાનમ લાગે છે તે હું જાણતો નથી. બુદ્ધિ આટલી બધી ચંચળ હોઈ શકે એ માનવા હું તૈયાર નથી. મને ખાતરી છે કે આપનો સીઝર પ્રત્યેનો અનુરાગ હજુ એટલો જ ઉત્કટ છે. સીઝર આપનો હતો. આપ સીઝરના જ છો—એવા જ વફાદાર, એવા જ પ્રેમી ને પ્રશંસક.’ ઍન્ટની શ્વાસ ખાવા થોભ્યો અને એ ક્ષણે જ ટોળામાંથી નાદ ગાજ્યો: ‘જુલિયસ સીઝરનો જય!’ અને એ નાદ થોડી પળોમાં તો આખા વાતાવરણમાં વ્યાપી ગયો. પાછળ ઍન્ટનીનો યે જયનાદ સંભળાયો.

ઍન્ટનીની વાણીએ લોકહૃદયને વશ કરી લીધું. હવે એણે બરાબર તક સાધી: ‘સજ્જનો! સીઝર વિષે સૌથી મહત્ત્વની હકીકત હું અત્રે રજૂ કરવા માગતો નથી. આપ એ સાંભળી શકો તો આપ લોકોના દિમાગમાં બ્રૂટસ અને તેના મિત્રો સામે રોષ અને ધિક્કારની લાગણી જાગે તેવો મને ડર છે. એ મહાનુભાવોને હું બદનામ કરવા માગતો નથી. બ્રૂટસ અને કેસિયસ તો આબરૂદાર આગેવાનો છે. હું સીઝરના વસિયતનામાનો ઉલ્લેખ કરી રહ્યો છું. મને ક્ષમા કરશો. એ અહીં વાંચવાની મારી હરગિઝ ઇચ્છા નથી. બ્રૂટસ અને કેસિયસ—’

ત્યાં તો લોકો એકદમ પોકાર કરી ઊઠ્યા. સીઝરનું વસિયતનામું વાંચવા માટે ઍન્ટની પર ટોળાનું ભારે દબાણ આવ્યું. માંડમાંડ કોલાહલ શાંત પાડીને ઍન્ટનીએ કહ્યું: ‘ખરેખર, આપ લોકો મને આ કડવી ફરજ બજાવવાનું દબાણ કરી રહ્યા છો? બ્રૂટસ, કેસિયસ અને તેમના મિત્રો પ્રત્યેની લાગણી મને રોકે છે. પણ ભલે; એ મહાશયો કરતાં યે લોકલાગણીની મને વધુ કિંમત છે.’

એમ કહી એણે સીઝરના દેહ પરનાં વસ્ત્રો દૂર કરી તેને ખુલ્લો મૂક્યો: ‘આ રહ્યો તમારો પ્રિય નેતા સીઝર. એના પરના કાતિલ ઘા તમે જોઇ શકો છો? કાસ્કા, કેસિયસ...અને, આ રહ્યો બ્રૂટસનો ઘા! આ બધા સજ્જનોએ આપના એ નેતાનો વિનાકસૂર વધ કર્યો!’

સીઝરના દેહ પરના ઘા જોઇને ટોળું ઉશ્કેરાયું. ઍન્ટનીએ લોકલાગણીને તંગ કરી મૂકી. બ્રૂટસ અને કેસિયસનાં લોહી રેડવા માટે લોકોના હાથ સળવળી રહ્યા. ઍન્ટનીએ ટોળાને વધુ ઉશ્કેરવા માટે પોતાનો હાથ ઊંચો કર્યો: ‘ખામોશ, મારા દેશબાંધવો! આવા પ્રતિષ્ઠિત અને અગ્રણી નેતાઓ સામે આપનું આ ખુન્નસભર્યું વર્તન વાજબી નથી. આપને બ્રૂટસે સીઝરની હત્યાનું કારણ પણ સમજાવ્યું છે. હું અહીં આપ લોકોને ઉશ્કેરવા નથી આવ્યો. મારી પાસે બ્રૂટસના જેવી વાક્છટા પણ નથી. મારામાં જો એવી વક્તૃત્વ છટા હોત તો સીઝરના એક એક ઘાને હું સહસ્રજીભ કરી મૂકત. એનો એક એક ઘા રોમના પથ્થર પથ્થરને બળવો કરવાનો પેગામ આપી જાત. પણ હું બ્રૂટસ નથી—હું તો માત્ર ઍન્ટની છું.’

(અનુસંધાન પૃ. ૧૨૫મે)


‘આ રહ્યો તમારો પ્રિય નેતા સીઝર! એના પરના કાતિલ ઘા તમે જોઈ શકો છો.’ (ચિત્રકાર • ગૉર્ડન બ્રાઉન)

# જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
**રવિશંકર રાવળ**



હરિશંકર વિદ્યાર્થી
જન્મ ૩-૧૦-૧૮૮૩
અવસાન ૧૩-૨-૧૯૫૬

## ૧૧૮ મોટા ભાઈના હાઇસ્કૂલને રામરામ

**૧૯૦૭-૮ની** મૅટ્રિકની પરીક્ષામાં મોટા ભાઇ બીજી વાર નાપાસ થયા. પહેલી નિષ્ફળતા પછી તેમને યોગ્ય પ્રોત્સાહન આપવાનું મુરબ્બીઓને સૂઝયું નહિ અને મિત્રો પણ લહેરી સ્વભાવના હતા, એટલે બીજા વર્ષમાં પણ તેમનું મન અભ્યાસમાં લાગ્યું નહિ. વળી ઘરમાં પણ મોટાંઓની ટોકણી ચાલુ હતી. હું મૅટ્રિકમાં પહોંચી ગયો હતો એટલે તેમને સ્કૂલમાં જવાની નાનમ લાગી. તેથી પણ તેમનું મન ઊઠી ગયું અને હાઇસ્કૂલને રામરામ કરી નોકરી શોધવા માંડી.

પિતાશ્રીની પોસ્ટખાતામાં ભારે લાગવગ હતી, પણ મૅટ્રિક થએલાને જ નોકરીમાં લેવાનો કાયદો થઈ ગયો હતો. તેઓની મારફતે ઘણા મૅટ્રિક થએલાને નોકરીઓ મળતી, પણ પોતાના દીકરા માટે કંઈ કરી શક્યા નહિ. તેમને હમેશાં અફસોસ થતો કે 'મને ભણવાની ઘણી ધગશ છતાં ઘરની ગરીબીના કારણે હું આગળ જઇ શક્યો નહિ, પણ મારી સંતતિને ભણાવવા હું બધું કરી છૂટું છતાં મોટો દીકરો જ પાછો પડયો.' તેઓ એમ પણ કહેતા કે 'ભણવા માટે અને દવા-ઉપચાર માટે જરૂર પડે તો કરજ પણ કરવું જોઇએ.'

મોટા ભાઈએ શું કરવું તેના વિચારો ચાલતા હતા એવામાં ભાવનગરની 'સ્પીસી' બૅન્કના શાખા–મૅનેજર છગનલાલ રામચન્દ્ર ભટ્ટે બુક-કીપિંગ અને ઍકાઉન્ટન્સી (અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે નામું અને હિસાબ કરવાની પદ્ધતિ)નો વર્ગ ખોલ્યો.

આ છગનલાલ ભટ્ટ તે કલાકાર શ્રી માર્કંડ ભટ્ટના પિતા થાય. તે કાળમાં આજના જેવી કૉમર્સ કૉલેજનું સ્વપ્નું પણ નહોતું. બધી હિસાબી ઑફિસો ને બૅન્કોમાં મૅટ્રિક થએલા ક્લાર્કો અનુભવથી કામ શીખી લેતા હતા અને તૈયાર થએલાઓને સારી તકોની આશા રહેતી હતી. છગનલાલ ભટ્ટ ન્યાતે પ્રશ્નોરા બ્રાહ્મણ, સુદક્ષ અને બુદ્ધિમાન પુરુષ હતા અને નથુરામ શર્માના મંડળમાં હતા. મારા પિતાશ્રી સાથે એમને સારો સંબંધ હતો, એટલે મોટા ભાઈ વિષે વાત થતાં જ એમણે પોતાના વર્ગમાં તેમને દાખલ કરવા ભલામણ કરી. આમ તત્કાલ તો મોટા ભાઈ માટે આગળ જીવનક્રમ નક્કી થઇ ગયો. મોટા ભાઈને પણ જીવન-વ્યવસાય માટે એક પગથિયું મળી ગયું. તેમના વર્ગોનો સમય સાંજના સાતથી દસનો હતો, એટલે કે બૅન્કનું કામ પતાવી શ્રી છગનલાલ ભટ્ટ તે વર્ગ ચલાવતા. તેમણે નામાની શિસ્ત બરોબર શીખવી.



સંગ્રહિત ચીજો પણ મને સોંપી દીધી

આ વર્ગમાં મોટા ભાઇને નવા જ સાથીઓ સાંપડયા. તે બધા જ કોઇ ને કોઈ રીતે મૅટ્રિકમાં અટકયા હતા. કેટલાક તો ઉત્તમ બુદ્ધિવાળા હોવા છતાં મૅટ્રિકના બિનજરૂરી વિષયોમાં પાછા પડયા હતા. કેટલાક વળી દિવસના ભાગે ગુજરાન માટે નોકરી પણ કરતા હતા. એમનાં પરીક્ષાપત્રો ઈંગ્લંડના મર્કન્ટાઇલ એસોસીએશન તરફથી આવતાં અને તેના ઉપર જ ત્યાંનાં પ્રમાણપત્રો મળતાં. આ વર્ગમાં લગભગ બધા મૅટ્રિક-નપાસિયા જ હતા: દેવશંકર વૈકુંઠજી ભટ્ટના પુત્ર ઉદયશંકર (ઉદાભાઇ); એક મણિશંકર લૅન્સર્સમાં ક્લાર્ક હતા પણ સતાર-વાદન ઘણું સરસ કરતા તે; છોટાલાલ નામે એક ચબરાક પાતળો જુવાન. આ બધી મંડળી અમારે ઘેર આવતી-જતી તેથી મને પણ ઓળખતી તેમજ મારા પર પ્રેમ રાખતી. આ વર્ગમાં જોડાતાં મોટા ભાઇએ તેમની મૅટ્રિકની બધી ચોપડીઓનો વારસો મને આપી દીધો અને પોતાની જે કંઈ સંગ્રહિત ચીજો હતી તે પણ મને સોંપી દીધી.

## ૧૧૯ બેનનું લગ્ન

૧૯૦૮ની વસંતઋતુમાં મારાં બેનને તેરમું વર્ષ ચાલતું હતું, એટલે મારાં બાને ચિન્તા થઇ કે જલદી તેનું લગ્ન પતાવી દેવું જોઈએ. પિતાશ્રીએ વીરમગામના વેવાઇઓ ઉપર તે બાબત પત્ર લખ્યો ત્યારે જમાઈ હજુ ચોથી કે પાંચમી ચોપડીમાં હતો. તેનું ભણતર આગળ ચાલે તેટલો સમય તેમણે માગ્યો; પણ રૂઢિ એવી હતી કે કન્યાના પિતા તરફથી લગ્નનું કહેણ આવે ત્યારે ના ન પડાય. લગ્ન નક્કી જ થયું.

ભાવનગરમાં લગ્નની તૈયારીઓ થવા માંડી તેમતેમ બેનને ઘરમાંથી વિદાય આપવાની વેળા નજીક આવે છે એ વિચારથી અમારાં મન ઉદાસ રહેવા લાગ્યાં. સામા પક્ષમાં કેવાં માણસો છે તે અમે જાણતાં નહોતાં. અમારા સ્નેહને ભુલાવે એવું કોઇ પાત્ર તેને મળશે કે નહિ તેની શંકા હતી. છતાં અમે ત્રણ ભાઈઓ વચ્ચે એક જ બેન હોઈ તેનું લગ્ન પૂરા લાડકોડથી કરવાનો પિતાશ્રીનો સંકલ્પ હતો.

જાનના ઉતારા માટે રાજ્યના અમલદારોને મળી સ્ટેટની ધર્મશાળામાં ઉતારાની ગોઠવણ કરાવી. ત્યાં પૂરાં પાગરણ, ચા-પાણી અને વાહનની વ્યવસ્થા કરી. જાન રોકાય તે ત્રણે દિવસ માટે જમણનાં જુદાંજુદાં પકવાન તૈયાર કરાવ્યાં. જાન વીરમગામથી આવતાં સવારમાં ગાડી ધોળા જંક્શન પહોંચે ત્યાં પોસ્ટઑફિસના માણસોની મદદથી દાતણ-પાણી તેમજ ચા-દૂધની વ્યવસ્થા કરાવી. વીરમગામના મંડળ સાથે અમારું ઓળખાણમાત્ર થયું હતું, પરિચય જરા ય નહિ; એટલે અમારી વચ્ચે પરસ્પર માહિતી ધરાવતાં સગાંવહાલાંને તેડાવી લીધાં હતાં. શિયાણીવાળા આચાર્ય હૂંફ આપી રહ્યા હતા. સાણંદથી બે પેઢીનાં ફૈબાનો પરિવાર આવ્યો હતો. મહેસાણામાં આશરો આપેલો તે દિવાળીફોઈ અને દવે મહારાજ, જે પછીનાં વર્ષોથી વીરમગામની હવેલીમાં હતાં, તેમને પણ બોલાવી લીધાં હતાં. આભારીભાવે તેમણે ઘણી કામગીરી ઉપાડી બાને મુક્ત રાખ્યાં હતાં. દવેજીએ પકવાનના કોઠારની ચોકી ઉપાડી લીધી હતી. સામા પક્ષમાં વીરમગામ-



જાન

ના શ્રી ઈશ્વરલાલ વકીલ—ઓદીચ્ય બ્રહ્મસમાજના એક અગ્રણી ને પિતાશ્રીના મિત્ર—હતા તેમનાં સલાહ-સૂચન વારંવાર લેવાતાં.

લગ્નપ્રસંગમાં ભાવનગરમાં વસતા જાનવાળાના સંબંધીઓને પણ ત્રણે દિવસનાં નોતરાં આપ્યાં હતાં. ગામનાં જ્ઞાતિજનોનું પણ એક ભોજન રાખ્યું હતું. ઘણાં સગાંવહાલાંને બીજી રીતે કામનો ને જમવાનો લહાવ આપ્યો હતો. પહેરામણીની પણ ભારે તૈયારી કરી હતી.

હું અને મોટા ભાઈ વખતોવખત એકાદ વડીલ સાથે જાનના



વિદાય

ઉતારે જઈ પરિચયો અને પ્રેમ કરવાનો ઉમંગ બતાવતા. જાનવાળા દૂરદૂરનાં સગપણો કાઢતા તેમાં સમજ ન પડતી. દરેક જણ ચકચકતા કસબવાળી અમદાવાદી પાઘડીઓ, આલપાકાના કોટ અને કસબી ખેસોના ભભકામાં હતા. કાઠિયાવાડમાં આવું ભાગ્યે જ જોવા મળે. લોકો કહેતા કે જાન કોઇ વૈભવી લોકોની છે. જમાઇને ઘરેણાંના ઠઠેરાથી શણગારી મૂક્યો હતો; પણ મારા સ્વભાવ પ્રમાણે વાક્ચાતુરી કે વિદ્યાવિલાસની આશા મેં રાખેલી તે ફળી નહિ. બેનના માનસના વિકાસ અને જીવનની ઉચ્ચ કલ્પનાઓનું શું થશે તેની મને ખટક પેઠી.

લગ્નની નાનીમોટી ગૂંચો, ટીકાઓ ને અગવડો વટાવી, ત્રણ દિવસ પૂરા થતાં જાનને વિદાય આપી. બાળપણથી માબાપની હૂંફમાં એકસાથે ઊછરેલાં ભાંડુઓના સમૂહમાંથી બેનને આમ અજાણ્યા કુટુંબ-સમુદાયમાં એકલી છોડતાં જે લાગણીઓ થાય છે તેનો અનેકને અનુભવ થતો હશે. તેનું કથન કે નિરૂપણ શબ્દોથી થઈ શકે જ નહિ. આઠ દિવસમાં તો પાછી બોલાવી લઈશું એવું સાંત્વન લઈ એ સમય સહન કરી લીધો. જાનવાળાઓએ આગ્રહ કર્યો કે તેને લેવા ચારપાંચ જણને મોકલજો અને અમે તેમને પંદર દિવસ સુધી તો રોકીશું જ. તેડવા જનારામાં અમે બે ભાઇઓનો ખાસ ઉલ્લેખ હતો.

પિતાશ્રીએ સગાંવહાલાંના સહકારથી લગ્નમાં ગજા પ્રમાણે ખર્ચ કરવામાં બાકી રાખી નહોતી. જાનવાળા પણ બોલી ઊઠેલા કે કોઇ ઠેકાણે જાનની આવી મહેમાની થઈ નહોતી.

## ૧૨૦ વીરમગામ: નવાં સંબંધીઓ, નવા મિત્રો

જાનના ગયા પછી પંદરેક દિવસ સૌને ઘર બહુ જ નિસ્તેજ લાગ્યું અને અમે બધાં બેનને જલદી પાછી બોલાવી લેવા ખૂબ જ અધીરાં થયાં. પંદરેક દિવસ વીત્યા એટલે વીરમગામવાળાઓને ખબર કરીને અમને બે ભાઇઓને સવારે ભાવનગરથી વિદાય કર્યા. અમે સાંજે વીરમગામ પહોંચ્યા ત્યારે બેનના જેઠ અને તેમના પિત્રાઇ મગનલાલ જે મારા મિત્ર બની ગયા હતા તેઓ સ્ટેશને લેવા આવ્યા હતા. ઘેર પહોંચતાં અમને મેડા પર ઉતારો આપ્યો. સ્ત્રીઓ અને પુરુષો વારાફરતી મળી ગયાં. અમારું મન તો બેનને જોવા અધીરું હતું. પણ અહીં તેના અધિકાર અને સ્વાતંત્ર્યનો લોપ થયો હતો.

મગનલાલે તેમનાં પત્ની મારફત બેનને બાજુના ખંડમાં બોલાવી અમને ત્યાં જવા કહ્યું. ત્યારે, વહુઆરુથી અવાજ પણ મોટો કરાય નહિ; એટલે આંખ સુધી ઓઢણું રાખી બેને ધીમે સાદે ખબર પૂછ્યા, અમને જોઇને ખુશી થયાનું હાસ્ય કર્યું, પણ તેના મોં ઉપર ઉત્સાહ કે આનંદ નહોતો. થોડી વાતો કરી અમે પાછા બેઠકમાં આવ્યા. જમવા વખતે નીચે ગયા ત્યારે બાંધેલી ભેંશ જોઈ, કપાસના ઢગલા જોયા, ઘંટી-ડામચિયા જોયા. નીચેના ખંડમાં જ તેને રહેવાનું હતું.

કંસાર અને ઘીના જમણથી મહેમાની શરૂ થઈ, પણ મનમાં તો ભવિષ્ય ચકરડાં મારવા લાગ્યું. જમાઇની બાળક-બુદ્ધિ ને તાલીમનો અભાવ જોઈ કાળજું બેસી ગયું, પણ બધું ઠીક થઈ જશે એવી આશા પર સંબંધો આગળ સાચવવાના—વધારવાના રહ્યા.

રાત્રે સગાંવહાલાં—ખાસ કરી જાનમાં આવ્યાં હતાં તે બધાં મળવા આવ્યાં. રંજન માટે હારમોનિયમ-તબલાં બજાવનારા તથા ઓળખીતા ગાયકો પણ આવ્યા. બીજા દિવસથી મહેમાનો માટે નોતરાંના વારા નક્કી થવા લાગ્યા. નજીકના પિત્રાઇઓનો પહેલો વારો ને ક્રમેક્રમે દવેજી અને દિવાળીફઈબાને ત્યાં પણ જવાનું હતું. ઈશ્વરલાલ વકીલે વળી ગામથી દૂર એકાંત માટે બાંધેલા બંગલામાં બીજા મિત્રો સાથે જમણ ગોઠવ્યું હતું. બેન-બનેવી બધે સાથે હોય જ. મગનલાલ પણ મારી સોબત ખાતર સાથે રહેતા. મગનભાઈ

તેના મિત્રમંડળનું ઓળખાણ કરાવ્યું. તે બધા પ્રગતિવાદી-વિચારસરણી ધરાવતા અભ્યાસી જુવાનો હતા. પ્રશ્નોરા છતાં આ કુટુંબના સંબંધી જેવા ગણપતરામ વૈદ્યશાસ્ત્રીના સુપુત્ર વાસુદેવ, ચિમનલાલ, ચુનીભાઈ ત્રિપાઠી શાળાના હેડમાસ્તર, મોઢ જ્ઞાતિના રતિલાલ સંગીતપ્રેમી, રંગૂનથી આવેલા નંદલાલ દલાલ વગેરે યુવાન મિત્રો હતા. આ બધામાં સૌથી મોટા વાસુદેવ. તે જ અરસામાં તેમના બે પુત્રોને જનોઇ આપી હતી. તે પૈકી નાના જગન્નાથ આગળ જતાં મારા મિત્રમંડળમાં તાલીમ પામી કુશળ ફોટોઆર્ટિસ્ટ બન્યા છે અને મુંબાઇના પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યૂઝિયમના સ્ટાફ પર હાલમાં કામ કરે છે. તે સર્વેનો અહીં થએલો પરિચય મને જીવનભર સુખપ્રદ બન્યો.

આમ, વીરમગામ અન્ય રીતે મને સાંસ્કારિક સ્નેહ-સંબંધો આપનાર બન્યું, પણ એ વર્તુલની લાગવગ જ્ઞાતિ અને સગપણના ક્ષેત્રમાં જરા પણ નહોતી. તે બધા મનમાં સમજતા. આ સંબંધ બાંધવામાં મારા પિતાશ્રી માત્ર કુલપરંપરા સાચવવાની ધગશમાં પુત્રીના સંસારની સાયુજ્યતા વિચારી શક્યા ન હતા.

એ કાળે વીરમગામ કપાસનું મોટું મથક હતું. જિલ્લાનો કપાસ ત્યાં એકઠો થતો અને ગામ આખામાં કાલાં ફોલવાનું કામ દરેક જણને માગે એટલું મળતું. દરેક ઘર આગળ કપાસ-કાલાંના ઢગલા પડયા જ હોય. ઘરનું કામ પતાવી સ્ત્રીઓ પણ કાલાં ફોલી પાંચ પૈસાની કમાણી કરતી. આથી ઘણાને મતે વીરમગામ સાસરું હોય તેને દુઃખ નહિ એમ કહેવાતું, કારણ કે કોઈ વિધવા નિરાશ્રિત બનતી નહિ. પણ કોઈ વિદ્યાપ્રાપ્તિ કે ઉચ્ચ પ્રકારના ધંધા માટે વલણ બતાવતું નહિ. ગામમાં મીઠા પાણીની તાણ હતી. જ્યાંત્યાં ખારાં પાણી નીકળતાં. વીરમગામનું તળાવ ને તેના કાંઠે બાંધેલી દેરીઓ વગેરે પ્રાચીન સમયના સ્થાપત્યના નમૂનાઓએ મને ખરા ઇતિહાસનું દર્શન આપ્યું.

### ૧૨૧ હરિશંકર વિદ્યાર્થી

છીવટના દિવસોમાં દિવાળીફઈબાને ત્યાં નવદંપતી ને મહેમાનોને જમવા જવાનું થયું, ત્યાં તેમના ભાણેજ હરિશંકર વિદ્યાર્થીનો પરિચય થયો. આ જુવાને શાળાન્ત અભ્યાસ કરી, ભણવાનું મૂકી, આર્યસમાજી પંડિત પાસેથી સંસ્કૃત અને દયાનંદી વિચારો ગ્રહણ કરવા માંડયા હતા. એ વયે તેનામાં સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ ને તે જાહેર કરવાની હિંમત જોઈ હું બહુ પ્રભાવિત થયો. નિરાકાર પરમાત્માની ઉપાસના અને હિંદુ ધર્મમાં પેસી ગએલી વેવલાઈઓ તથા પૂજા-પાખંડનું ખંડન એ આર્યસમાજની પ્રમુખ ઘોષણા અને કાર્યક્રમ હતાં, તે પૂર્ણ પ્રતીતિપૂર્વક પોતાના વિચારો ને ગીતોમાં તે ઉતારતા. બ્રહ્મચર્ય અને વિદ્યાધ્યયનનો મહિમા તેણે સમજાવ્યો. એ વખતે તો તે આર્યસમાજના સિદ્ધાન્તોની પૂર્વભૂમિકાના સાધક હતા, છતાં તેની નીડરતાભરી વક્તૃત્વશક્તિ ને કાવ્યગાને સભાઓમાં તેને લોકપ્રિય બનાવ્યા હતા; તે સાથે જ્ઞાતિજનો અને સગાંઓમાં અકળામણ ઉપજાવી હતી: 'માળો નાસ્તિક બની ગયો છે, સમાજિસ્ટોમાં ભળી ગયો છે, વિધવા-વિવાહની વાતો કરે છે, પ્રતિમા-પૂજનનું ખંડન કરે છે, રિવાજોનો ઉપહાસ કરે છે' વગેરે.

તેણે પોતાનું નામ હરિશંકર વિદ્યાર્થી રાખી નમ્રતા દાખવી હતી, પણ આક્રમક વાણીથી હિન્દુ સમાજ પર પ્રહારો કરવામાં બાકી ન રાખતા. એટલી નાની વયમાં આવી શક્તિ ધરાવતા યુવાન પર હું મુગ્ધ થયો અને તે પ્રસંગથી તેની સાથે મૈત્રી થઈ તે આજીવન નભી રહી. ૧૯૫૯માં તેમનું દેહાવસાન થયું ત્યાં સુધીમાં તેણે તેજસ્વી જીવન જીવી દેશની અને સમાજની સેવામાં કાયા ગાળી નાખી હતી. તે કંથારિયાના રહીશ હતા. બાળપણમાં પિતાની સાથે વીરમગામ



બંનેને બાજુના ખંડમાં બોલાવી અમારી મુલાકાત કરાવી

પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો. એક તોફાની વિદ્યાર્થી તરીકે તેની ખ્યાતિ હતી. ઈ. ૧૯૦૪-૫માં આર્યસમાજના પં૦ બાલકૃષ્ણ શર્મા પ્રચાર માટે વીરમગામ આવ્યા ત્યારે તેમનાં વ્યાખ્યાનો સાંભળી તે આર્યસમાજનાં કાર્યોમાં રસ લેવા લાગ્યા.

તે સારા વક્તા થશે એવું પિછાની મંત્રીએ સંસ્કૃતનો અભ્યાસ કરવા શિષ્યવૃત્તિ અપાવી. એ દરમિયાન તેણે જનોઇનાં ગીતો અને બીજી કવિતાઓ બહાર પાડેલી. પંડિત સાતવળેકરજીનાં 'આસન અને આરોગ્ય' તેમજ 'સૂર્યભેદન વ્યાયામ' નામના ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર કરેલું. 'પ્રમાણુસાગર' નામનો સાડા ચારસો પાનાંનો, ૧૫૦૦ જેટલાં જુદાજુદા વિષયો પરનાં પ્રમાણોવાળો ગ્રંથ જે હાલ અપ્રાપ્ય છે તેમાંથી સુભાષિતો ચૂંટી પોતાના વિદ્યાર્થીઓને તે શીખવતા.

૧૯૨૦-૨૧ના પહેલા અસહકારમાં મલાડ ખાતે એક રાષ્ટ્રપ્રેમી શેઠના ખેતરમાં તેમણે રાષ્ટ્રીય શાળા કરેલી, તેમાં સુતારી, વણાટકામ વિનામૂલ્યે શીખવાતાં; સાથે અભ્યાસ પણ ચાલતો. કોઈ પણ ફાળા વિના એ શાળા ચાલતી. વણાટકામમાં પહેલું ધોતિયું તૈયાર થયું તે સરદાર પટેલને આપેલું. વિદ્યાર્થીઓ બહારનાં કામ કરી ખર્ચ ચલાવતા, હાથે લોટ દળતા ને હાથે રાંધતા. સાથીઓનાં અવસાન થતાં તેઓ આણંદ આર્યસમાજના મંત્રી મયાશંકરજીના આમંત્રણથી ત્યાં ગયા. ત્યાં 'આર્યપ્રકાશના' તંત્રી બની તેની ગ્રાહકસંખ્યા વધારી તેને પુનર્જીવન આપ્યું. તેને કાયમી કરવા રૂપિયા પચ્ચીસ હજારનું ફંડ શરૂ કર્યું, તે પૂરું ન થાય ત્યાં સુધી અન્ન ન લેવાની પ્રતિજ્ઞા કરી અને ફાળો પૂરો કર્યો. તેમનાં વ્યાખ્યાનોમાં લોકો ઊભરાતા. તેમણે 'આર્યપ્રકાશ'નો સુપ્રસિદ્ધ 'જ્ઞાનઅંક' પ્રકટ કર્યો જેની પ્રશંસા સર્વત્ર થઈ.

૧૯૩૦માં આફ્રિકાનાં ચડી ગએલાં લવાજમો એકઠાં કરવા તે ત્યાં ગયા, ને ત્યાંની સ્થાનિક સંસ્થાઓને સબળ બનાવી પાછા આવ્યા. પુનઃ દક્ષિણ આફ્રિકાના ભાઇઓના આમંત્રણથી કેપટાઉન સુધીનો પ્રવાસ કર્યો. હવે તેમની કાયા ઘસાતી ચાલતી હતી. ૧૯૪૨માં સ્વ-

દેશ આવી વતન કંથારિયામાં આશ્રમ બનાવી શેષ જીવન પૂરું કર્યું. ત્યાં આશ્રમ-પ્રવૃત્તિઓ ચલાવીને પ્રમુખ લોકનેતાઓને આકર્ષ્યા. ઝાલાવાડ જિલ્લા કૉંગ્રેસ કાર્યકરોનું પ્રથમ સંમેલન પણ ભર્યું.

તેમણે પોતાનાં પત્નીને જાતે અભ્યાસ કરાવી સુયોગ્ય સાથી બનાવેલાં, તેમજ પોતાના નાના ભાઈઓના ભણતરની જવાબદારી અદા કરી તેમને સુવિદ્યાસંપન્ન બનાવેલા. આર્યસમાજી વિચારોના કારણે વીરમગામની ઔદિચ્ય જ્ઞાતિનો બહિષ્કાર પામેલા, પણ તેમનાં ભજનો-ગીતો લોકોમાં હોંશથી ગવાતાં. તેમનો સમાજ પ્રતિ કટાક્ષ કરતી વાતોનો સંગ્રહ 'ઘંટડી' પણ પ્રકટ થયો છે. તે સરસ વક્તા, લોકપ્રિય કવિ, પંડિત, વિચારક ને સાચા દેશસેવક હતા.

એમની સમાજબોધક રચનાઓના નમૂના :

અહો ગુજરાતમાં આજે ગુરુનો રાફડો ફાટચો,
પ્રપંચી પેટના કાજે, ગુરુનો રાફડો ફાટચો.
હરિશંકર કહે આવા અભણ સાધુ અભણ બાવા,
મફતનો માલ ઉડા'વા, ગુરુનો રાફડો ફાટચો.
... ...
સત્ય સ્વરૂપ અનાદિ મારું કોણ અરે સમજાવે,
નહિ તો આમ અધર્મકર્મોથી જગને સુખ નહિ આવે.

વીરમગામમાં બેનનાં સાસરિયાંની પંદર દિવસની મહેમાનીમાંથી જાણે માંડમાંડ છૂટચા હોઈએ એ ભાવ સાથે બેનને લઇને અમે પાછા ભાવનગર આવી ગયા. ઘરનું વાતાવરણ પાછું હસતું બની ગયું અને આનંદના આવરણમાં ભાવીના ઓળાઓ આશાઓમાં ઢંકાઇ ગયા.

## ૧૨૨ મૅટ્રિકનું મિત્રમંડળ

મૅટ્રિકના વર્ગના 'એ' ને 'બી' વિભાગોના કારણે જૂનાનવા મિત્રોની ફાળવણીમાં કોઈ 'બી'માં ગયા તો કોઈ નવા પણ આવ્યા હતા. રામશંકર કુબેર તે મારા ગુજરાતી પાંચમીના શિક્ષક કુબેર માસ્તરના દીકરા. વાંચવામાં તેને કોઈ પહોંચે નહિ, ને કોઇને તેના કરતાં આગળ જતાં જુએ કે બળી જાય. તેના સખત હરીફ મારા મિત્ર હરિદત્ત પાઠકનો પહેલો નંબર આવે તે એ સાંખી શકે નહિ. પણ પાઠક તો સહજ લીલાથી વિદ્યાની સાધના કરતા. તેનામાં ધીર-ગંભીર પ્રસન્નતા જણાતી. અમે શાળાના બહારના સમયમાં પણ મળતા. ભગવાનલાલ ડ્રૉઇંગ માસ્તરના ઘરના ભજનમંડળમાં તેમનાં મધુર ભજનો અને કવિતાઓ સાંભળવાનો મને રસ લાગ્યો હતો. વળી તે સ્વાશ્રયી અને સદાચરણી યુવક હતા. મારા એક જૂના મિત્ર સાથી ગુલાબરાય સાથે મારે ત્યાં પણ આવેલા તે વખતે મારા મોટાભાઇએ તેની પાસે

મો'રો આંબે ઝીણાઝીણા
વીણે કોણ સુઘડ ચતુર આતુર કોયલ કાજે હો.
મધુર મધુર...... (મૂળશંકર મૂળાણી)

ગવડાવ્યું તે વખતે મારા મોટા ભાઈ ડોલતા હતા તે યાદ છે.

હરિદત્ત પાઠક ઘણી મુશ્કેલીથી ભણતા. બહારની મદદની જરૂર રહેતી, પણ તેનામાં બ્રાહ્મણત્વની ખુમારી હતી. કવિ કાન્ત (મ. ર. ભટ્ટ)ને ત્યાં વખતોવખત જતા અને સાહિત્ય-સુવાસ લઈ આવતા.


ચિત્રમાં છગન સોની જેવા જ બીજા સાથી નારણદાસ ઘોઘારી હતા; પણ ચિત્રની પરીક્ષા એન્જિનીઅર થનારને કામની છે એ જ હેતુ તેના મગજમાં મુખ્ય હતો. તે વાતવાતમાં અંગ્રેજી વાક્યો બોલતા. શિહોરધાંધળીથી રોજ ભણવા આવતા. જગન્નાથ પંડ્યા પણ 'એ'માં જ આવ્યા હતા. પ્રભાશંકર માવજી દવે, ભાનુશંકર પરમાનંદ ભટ્ટ, પ્રાણજીવન માસ્તરનો નારણ ભટ્ટ, જટાશંકર જાની, માર્કંડરાય ગુલાબરાય, શાન્તિશંકર ભટ્ટ વગેરે ભેગા થઇ ગયા હતા. મંગેશરાવ નામે એક સુજ્ઞ મહારાષ્ટ્રી વિદ્યાર્થી હતા. વધારે મજા તો દરબારી સ્કૉલરશિપો ભોગવતા ગરાસિયાના નબીરા જે પાછલી બેન્ચો પર સફાઈદાર અંગરખાં-સુરવાલો ને માથે છટાદાર સાફાથી વર્ગનું આકર્ષણ બનતા બેસતા તેમની લાગતી. તે પોતાની ઘોડાગાડીઓમાં આવતાજતા. ભાગ્યે જ તેમની સાથે અન્ય વિદ્યાર્થીઓને નિકટની ઓળખાણ થતી.

નાગર વિદ્યાર્થીઓ પણ જૂથમાં દીવાનપરાના રસ્તેથી આવે ને સાથમાં જાય. તેમના પોશાક બીજા કરતાં સ્વચ્છ ઈસ્ત્રીબંધ હોય. લગભગ દરેકને માથે કસબ ભરેલી ટોપીઓ હોય. મોટે ભાગે તેઓ ધોતિયાંના કચ્છ લગાવે, ચકચકતાં બૂટ-સ્લિપર પહેરે. તેઓ ક્લાસમાં પણ એકસાથે બેસે અને વિનોદ-વાતો પણ અંદરઅંદર જ કરે. બીજી કોમનો કોઈ ભોટ તેમની સમીપ ભરાઈ પડે તો મશ્કરીનું પાત્ર બને. પણ નાગર યુવકો વિદ્યાવિલાસી ને અભ્યાસી હતા. કોમની શ્રેષ્ઠતા અને ખાનદાનીનું ગૌરવ તેમનું બહાર પડતું. નાગરજ્ઞાતિના અગ્રણીઓએ તેમના વિકાસ અને પરસ્પર મિલાપ માટે નાગર જિમખાના શહેર બહાર રૂવાપરીના રસ્તે બાંધ્યું હતું. ત્યાં તેમનાં વિવિધ મંડળોની સભાઓ થતી, વિદ્વાનોનાં વ્યાખ્યાનો થતાં, સોશ્યલ ગૅધરિંગ નામે નાટક-સંગીત વગેરેના જલસા થતા. કોઈ વખત બહારથી આવેલા વિદ્વાનનું ભાષણ કે સત્કાર-પ્રસંગ યોજાતો ત્યારે શહેરના બીજા આગેવાનોને નિમંત્રણ મળતાં. આ કારણે શાળાના વાર્ષિક સમારંભોમાં પણ નાગર યુવકો છાપ પાડી શકતા. 'સ્નેહસંમેલન' શબ્દ એ વખતે પ્રચાર પામ્યો નહોતો. નાનાભાઈ ભટ્ટ એક વાર મને અને મસ્તરામ પંડ્યાને એવા એક પ્રસંગમાં સાથે લઈ ગએલા, ત્યાંથી અમે પણ અમારું એક સોશ્યલ ગૅધરિંગ કરવાનું ઠરાવ્યું.

નાગરોના વિદ્યા અને સંસ્કારના પ્રેમે ભાવનગરમાં બાર્ટન લાયબ્રેરી જેવું પુસ્તકાલય, નાનું સંગ્રહસ્થાન તેમજ સંન્યસ્તાશ્રમ અને જશોનાથ જેવી જગ્યાઓમાં વિદ્વાનો માટે ઉતારાઓની ગોઠવણ ઉદ્ભવી હતી, તેથી ભાવનગરને સંસ્કારી પ્રસંગોનું ઉચ્ચ વાતાવરણ મળ્યું હતું. ભાવનગરમાં શ્રીમંતાઇનો મોભો એકલી નાગર કોમમાં જ જણાતો. દુકાનદારોમાં પણ કહેવાતું કે નાગરોની ઘરાકી મોટી છે. બ્રાહ્મણો, જૈનો, લુહાણા વગેરે કોમોમાં ભણતરનો જુવાળ બહુ મોડો આવ્યો હતો અને તેથી નાગરો રાજ્યનાં શ્રેષ્ઠ અધિકારપદો પ્રાપ્ત કરી શક્યા હતા. સાથે એ પણ ખરું કે તેમના શાસનકાળમાં અન્ય કોમનો કોઈ માણસ ભાગ્યે જ ઉચ્ચ પદે પહોંચી શક્યો હશે. કેટલાંક સુધરાઈ, દાક્તરી કે લશ્કરી કામોમાં જ અનિવાર્યતાને કારણે પારસી, મુસ્લિમ કે રાજપૂતને સ્થાન અપાતાં. કચેરીઓના કારકુન-વર્ગમાં વણિકો અને જૂજ ભણેલા બ્રાહ્મણો ગોઠવાઈ જતા.

આ કારણે નિશાળના વર્ગોમાં પણ અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓના સ્વભાવ ને પહેરવેશમાં છટા કે તુમાખ ભાગ્યે જ જણાતાં. પારસી વિદ્યાર્થીઓની સંખ્યા અનાજમાં કાંકરા જેટલી. તેઓ હમેશાં એકસરખા સ્વચ્છ પોશાકમાં હોય. નિયમિતપણે વાળ કપાવેલા; માથા પર સાદી કાળી મખમલની હળવી ટોપીઓ પહેરીને આવે. જ્ઞાતિની ચાપાચીપીને કારણે કોઇને ઘેર જવાનો સંબંધ ન રાખે, પરંતુ બાગમાં કે હરવાફરવાની જગ્યાએ દિલથી મળે.

નિશાળમાં પણ પાણીની ઓરડીમાં દરેક કોમના પાણી પીવાના પ્યાલા જુદા રખાય. ત્યાં પારસી-મુસલમાનના પ્યાલા આઘા ગોખલામાં હોય. તે તેઓ જ ઉપાડી લે, એટલે ત્રિપુંડધારી રુદ્રાક્ષની માળા પહેરેલો બ્રાહ્મણ ડોસો તપખીર સૂંઘતો જાય અને તેમના પ્યાલામાં પાણી રેડતો જાય. પીધા પછી કોઈ એમ ને એમ પ્યાલો મૂકી દે તો કડકાઈથી પાછો ઉપડાવી જરા પાણીથી ખંખાળી મુકાવી દે. (ચાલુ)




# પૃથ્વી ફરતું વીંટળાએલું વાતાવરણ અને...

પૃથ્વીની ચારેપાસ વીંટળાએલું વાતાવરણ ન હોય તો પ્રચંડ તાપ ને કાતિલ ઠંડીથી જીવન અસંભવિત બની જાય. આ આવરણ કોઈ એક ચોક્કસ દળ નથી. પોતપોતાની આગવી વિશિષ્ટતાઓવાળા જુદા-જુદા થરમાં એને વહેંચી શકાય: (૧) 'ટ્રૅપોસ્ફીઅર'. સાતેક માઈલ સુધીના એ થરમાં સમુદ્રની સપાટી પરના ૧૫° સે૦ ઉષ્ણતામાનથી માંડી ઉપર જતાં–૫૬° સે૦ જેટલો ઘટાડો થઇ જાય છે. હવા એકદમ પાતળી પડી જઈ તેનું દબાણ પણ ત્રીજા ભાગ જેટલું થઈ જાય છે. વાદળો અને હવામાનના ફેરફારો આ થરમાં જ થાય છે. (૨) 'સ્ટ્રૅટોસ્ફીઅર'. દસેક માઇલના આ થરમાં–૬૦° સે૦ જેટલું ઉષ્ણતામાન રહે છે ને તેમાં ખાસ ફેર પડતો નથી. પૃથ્વી પરના હવામાનની અહીં સીધી કોઇ અસર પડતી ન હોઇ જેટ વિમાનો આ થરમાં આવી ઊડે છે. (૩) ૨૦થી૩૦ માઇલની ઊંચાઈ એ 'કેમોસ્ફીઅર' નો થર છે. એમાં આસપાસના વિસ્તાર કરતાં ઘણા વધારે ઉષ્ણતામાનવાળો ઑઝોન વાયુનો એક પટ છે જે સૂર્યકિરણોમાંથી અલ્ટ્રાવાયૉલેટ કિરણોનો કેટલોક ભાગ શોષી લઇ એની તીવ્ર અસર સામે આપણું રક્ષણ કરે છે. લગભગ ૪૫ માઈલ ઊંચે 'ડી' થર (લેઅર) છે તે અને 'ઈ' થરની વચ્ચે 'હાઇડ્રૅાફ્ઝિલ ઝૉન' છે. હવામાં રહેલી પાણીની બાષ્પ અહીં સૂર્યકિરણો વડે ભાંગી જઇ એનું હાઇડ્રૉજન અને ઑક્સિજનના અણુ-પરમાણુઓમાં વિભાજન થઇ જાય છે. (૪) 'ઇ' થરની ઉપરના અને (૫) 'એફ-૧'થરની નીચેના ૯૦ થી ૧૫૦ માઇલના વિસ્તારમાં બાહ્યાવકાશમાંથી પૃથ્વી પર પડતી ઉલ્કાઓ હવાના અવરોધથી બળી જાય છે. 'ઇ' થર રેડિયોના લૉંગવેવને અને 'એફ-૧' તથા 'એફ-૨' નાં પડ શૉર્ટવેવને પરાવર્તિત કરે છે. 'ઈ' થરથી નીચેના થરનું વાતાવરણ અસ્થિર અને અનિશ્ચિત છે. (૬) ઉત્તર-દક્ષિણ ધ્રુવ પ્રદેશોમાં દેખાતો ઝળહળતો ધ્રુવપ્રકાશ-અરોરા 'આયોનોસ્ફીઅર'માંથી દેખાવા માંડે છે. (૭) આયોનોસ્ફીઅરમાં સૂર્યના અલ્ટ્રાવાયૉલેટ કિરણોત્સર્ગથી હવાના કણો વિદ્યુતભારવાહી બને છે જે ડી, ઇ, એફ-૧ અને એફ-૨ના થરમાં એકઠા થાય છે ને રેડિયો તરંગોને પરાવર્તિત કરે છે. આટલે સુધીમાં 'ડી' થર પરના–૭૩° સે૦થી માંડી ૧૯૦૦° સે૦ સુધીના ઉષ્ણતામાનનો ઝડપી વધારો જોવા મળે છે. (૮) ૨૫૦માઈલ ઉપર તો હવા અબજો ગણી પાતળી પડી જઇ એના કણો મુક્તપણે ફરતા રહે છે ને એમાંના કેટલાક તો લગભગ શૂન્યાવકાશવાળા બાહ્યાવરણમાં પણ જતા રહે છે. (૯) આમ, પૃથ્વીનું વાતાવરણ ક્યાં સુધી ફેલાએલું છે એ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી છતાં મનાય છે કે લગભગ ૧૦૦૦ માઇલ જેટલું તો તે હશે જ. આજના કૃત્રિમ ઉપગ્રહો—સેટેલાઇટો દ્વારા વાતાવરણની આવી અને બીજી અનેક વિશિષ્ટતાઓનો ઊંડાણથી અભ્યાસ થઈ રહ્યો છે. —સં.

# ...અયનમંડળનું સંશોધન

લેખક • વૉલ્ટર ફાઉલર

આધુનિક ઔદ્યોગિક જીવન જેને આભારી છે તે વીજળીશક્તિ અમુક રૂપમાં તો ઘણાં વરસથી માનવીને જાણીતી હતી, પણ તેનો વ્યાપક ઉપયોગ તો આ સદીમાં જોવા મળ્યો. રેડિયો-પ્રસારણ જેના વિના સંભવી શકે નહિ તે વિદ્યુત ચુંબકીય મોજાંની હસ્તી વિષે સો વરસ પૂર્વે માનવીને કલ્પના સરખી યે ન હતી. આ સદીમાં જ જગતવ્યાપી સંદેશવ્યવહારમાં તેનો ઉપયોગ કરવાનું માનવી શીખ્યો છે.

આમ કરતાં આ સદીના પ્રારંભમાં તેને એક બીજું રહસ્યમય બળ મળી આવ્યું. એ છે અયનમંડળ.

૫૬ કિલોમીટર – ૩૫ માઇલ જેટલી ઊંચાઈ એથી શરૂ થતું અને કેટલાક સો કિલોમીટરની ઊંચાઈ સુધી વિસ્તરેલું આ અયનમંડળ એટલે વાતાવરણનો વિદ્યુતભારયુક્ત હવાના કણોનો સ્તર. અદૃશ્ય એવો આ સ્તર, તેના તરફ પૃથ્વી પરથી પ્રક્ષિપ્ત થતાં રેડિયો-મોજાંને પરાવર્તિત કરી પૃથ્વી પર પાછાં મોકલે છે. આથી આવાં મોજાં જ્યાંથી ઉદ્ભવ પામતાં હોય તેવા મથકની ક્ષિતિજને પેલે પારનાં રેડિયો રિસીવરો પણ તે મોજાં ઝીલી લઈ શકે છે. અયનમંડળ આ રીતે માનવીને માટે અવકાશી 'રેડિયો-દર્પણ' બની રહ્યું છે. તે ન હોય તો લાંબા અંતરનો રેડિયો સંદેશવ્યવહાર સંભવી શકે નહિ.

વિજ્ઞાનીઓ માને છે કે વાતાવરણના ઉપલા સ્તરની પાતળી હવા પર સૂર્યનો કિરણોત્સર્ગ વરસતાં વિદ્યુતભારયુક્ત કણો સરજાય છે. બપોર વેળાએ આવા કણોની સંખ્યા સૌથી વધુ હોય છે; બાકીના સમયે ઓછી હોય છે; અને ઋતુ અનુસાર તથા સૂર્યમાંથી જ્વાળાઓ ફેંકાતી હોય તેવા સમયે તેમાં ફેરફાર થતો રહે છે. ૧૯૫૮ના ફેબ્રુઆરીમાં સૂર્યની જ્વાળાઓ ફેંકાવાના સમયે અયનમંડળમાં એટલો બધો સંક્ષોભ જાગેલો કે ઉત્તર ઍટલાંટિક મહાસાગર પરનો સઘળો સંદેશવ્યવહાર બે દિવસ સુધી ખોરવાઈ ગએલો.

અયનમંડળના આ તરંગીપણાને લઈને વિજ્ઞાનીઓ તેને વિષે વધુ જાણવા લાંબા સમયથી ઈંતેજાર રહ્યા છે, પણ તે માટે જ્ઞાન અને સાધનો ઉભયનો તેમની પાસે અભાવ હતો. હવે એ બંને સુલભ થયાં છે. અમેરિકાએ અયનમંડળ વિષે સંશોધનનો વ્યાપક કાર્યક્રમ હાથ ધર્યો છે અને બીજાં ઘણાં રાષ્ટ્રો તેમાં સહકાર આપી રહ્યાં છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૪મે)

મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

# કલાપીના ગુરુજી



પ્રભુલાલ પ્રભાશંકર ભટ્ટ
સ્મરણીય મૂર્તિઓ
ગ્રંથમાળા
૨૨

**સૌ**રાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં આવેલું કુંડલા ગામ અઢારમી સદીના ઉત્તરાર્ધમાં સામંત ખુમાણે વસાવ્યું ત્યારે ગાલિયાધારથી મદન ભટ્ટને માન સાથે તેડી લાવી તેમના હાથે દરવાજે તોરણ બંધાવ્યાં હતાં. કુંડલાને પાદર નદી ન હતી, તેથી મદન ભટ્ટે આરાધના કરી દેવીને પ્રસન્ન કરેલાં, અને દેવીએ સાવર અને કુંડલા બે ગામની વચ્ચે નાવલી નદી આપી એવી લોકવાયકા છે. પણ એ નદી જ્યાંથી નીકળી ત્યાં ખેતર, ને જ્યાં એ નદી સમાઈ જાય છે ત્યાં વાડી, સામંત ખુમાણે ગરાસ રૂપે મદન ભટ્ટને આપેલાં. ખુમાણોએ ભાવનગર રાજ્ય સામે બહારવટું ખેડયું તેથી તેનાં કુંડલા તથા બીજાં ગામગરાસ રાજ્યે ખાલસા કર્યાં, પણ મદન ભટ્ટનો આ ગરાસ ખાલસા ન કર્યો. હજી પણ તેના વંશજો એ ગરાસ ખાય છે.

એ મદન ભટ્ટની પાછળ તેનાં પત્ની, તેના પુત્ર માદન(માંડલ)ભટ્ટની પાછળ તેનાં પત્ની, અને તેમના પુત્ર બાઘા ભટ્ટની પાછળ તેનાં પત્ની, એ રીતે એક જ કુળપરંપરામાં ત્રણ સ્ત્રી સતી થએલાં. બાઘા ભટ્ટનાં પત્ની રતનબાઈ સતી થયાં ત્યારે તેના યજમાન જોગીદાસ ખુમાણે આશીર્વાદ તથા આજ્ઞા માગેલી; સતીમાએ તેને ભાવનગર નરેશ સાથે સમાધાન કરી લેવાની આજ્ઞા આપેલી જે જોગીદાસ ખુમાણે પાળેલી.

રતનબાઈ સતી થયાં ત્યારે તેના પુત્ર મયારામ, જે પરણ્યા હતા પણ ભણ્યા ન હતા—મૂળાક્ષર સુદ્ધાં જાણતા ન હતા, તેને ચિતા પર ચડેલાં માએ પોતાની માળા સાથે આશીર્વાદ આપેલા, તે પ્રમાણે મયારામ આપમેળે છ માસમાં જ શ્રીમદ્ ભાગવત ભણ્યા ને સપ્તાહ પારાયણ કરી સારી નામના મેળવી. એ મયારામ ભટ્ટે એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી કે કુંડલાના મુસલમાનો તો એ ઓલિયા પુરુષને નારાજ કરવાથી ખુદા નારાજ થશે એવું માનતા.

મયારામ ભટ્ટે પોતાની પુત્રી જામનગરના પ્રખ્યાત વૈદ્ય ઝંડુ ભટ્ટજી સાથે પરણાવેલી, જેને શંકરપ્રસાદ નામે એક પુત્ર થએલો. મયારામ ભટ્ટના પુત્રનું નામ પ્રભાશંકર (જન્મ સં. ૧૮૮૯). તે જામનગરના લીલાધર ભટ્ટનાં પુત્રી વેરે પરણેલા. એ લીલાધર ભટ્ટ એટલે પ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીના દાદા (પિતામહ). પ્રભાશંકર પરમ વૈષ્ણવ હતા. તેમને ચાર પુત્રો હતા: ૧) ઉમિયાશંકર, ૨) પોપટલાલ (હાથીભાઈ શાસ્ત્રી), ૩) વલ્લભદાસ અને ૪) પ્રભુલાલ (સં. ૧૯૨૪ થી ૧૯૭૪). એ પ્રભુલાલભાઈની આ વાત છે.

**પ્ર**ભુલાલભાઈએ પોતાના મામા કેવળરામ લીલાધર શાસ્ત્રી (સં. ૧૮૯૫ થી ૧૯૭૦) પાસે ગોંડલમાં સંસ્કૃત ભાષા-સાહિત્યનો સારો અભ્યાસ કરેલો. પ્રભુલાલભાઈની પ્રકૃતિથી મામા એટલા સંતુષ્ટ હતા કે જરૂર પડે તો સલાહ પ્રભુલાલની લેવી, એવી એમણે પોતાના પુત્ર દુર્ગાશંકરને આજ્ઞા કરેલી. પ્રભુલાલભાઈએ ગોંડલ પછી સંસ્કૃત ભાષા સાહિત્યનો વધુ અભ્યાસ રાજકોટમાં રહી જીવણરામ મહીધર શાસ્ત્રી* પાસે કરેલો. તે પછી ફૂઆ ઝંડુ ભટ્ટજી પાસે જામનગરમાં રહી વૈદાનો અભ્યાસ કરેલો. સંસ્કૃત કાવ્યઅલંકારના તેમના પરિશીલનની ખ્યાતિથી લાઠીના ઠાકોર સુરસિંહે ('કલાપી'એ ઈ.સ. ૧૮૭૪થી ૧૯૦૦) ગાદીનશીન થયા પછી તેમને લાઠીમાં રાખી લીધા. કલાપી તેમની પાસેથી સંસ્કૃત ભાષા-સાહિત્ય શીખતા; વિશેષ કરી કાવ્ય-નાટકોનો રસાસ્વાદ લેતા. પ્રભુલાલ શાસ્ત્રીને કલાપી 'ગુરુજી' કહેતા. શાસ્ત્રીજીની તલસ્પર્શી રસદર્શન કરાવવાની ટેવ હતી. એથી કલાપીએ તા. ૧૨-૫-'૯૮ના પત્રમાં કાન્ત (મણિશંકર રતનજી ભટ્ટ: ઈ.સ. ૧૮૬૭ થી ૧૯૨૩)ને લખેલું: 'કવિતાની કલા સંસ્કૃતમાં છેક શિખર પર અત્યારે છે એમ મને લાગી ગયું છે.'

ટૂંકો પગાર અને પરગજુ સ્વભાવ હોવાથી પ્રભુલાલભાઈને વ્યવહારમાં ખેંચ રહેતી. વળી વૈદું કેવળ ધર્માર્થે કરતા, તેથી ખેંચ વધુ જણાતી. કલાપી આ હકીકત જાણતા તેથી શ્રી જીવણરામ લક્ષ્મીરામ દવે ('જટિલ')નું કામ તેમને શીખવી એ સ્થાને પગારવધારા સાથે નિયુક્ત કરવા કલાપીએ શ્રી જીવણરામને કહેલું. તેના ઉત્તરમાં પ્રભુલાલભાઈએ કલાપીને કહેલું: 'સાહિત્ય અને વૈદું, એ સિવાયના કામમાં મારે સમય ખર્ચવો નથી. સદ્‌ભાવ અને કરુણાભરી પ્રત્યેક પળ હું જીવવા માગું છું. મને એનો લાભ છે. મારે વધુ પગાર-રૂપિયા જોતા નથી, અનુકૂળ વ્યવસાય અને આપ જેવાનો પરિચય મને બસ છે.

પ્રભુલાલભાઈએ પગારવધારો જતો કર્યો.

**તા.** ૧૧-૭-૧૮૯૮ પછીના વખતમાં કલાપી અમુક અમુક વખતને અંતરે બે વખત અચાનક બીમાર પડી ગએલા. ડૉક્ટરી દવાથી ઠીક ન થયું ત્યારે પ્રભુલાલભાઈએ ચિકિત્સા કરી એમને સાજા કર્યા હતા. તે બંને વખતે પ્રભુલાલભાઈએ કલાપીને આ મતલબનું કહેલું: 'તમને વ્યાધિ કાયિક-દોષજન્ય નથી, વિષજન્ય પરિણામ છે. એટલે તમારે ખાનપાન લેતાં પૂર્વે તેની નિર્ભેળતાની ખાતરી કરાવીને લેવાં.'

ઉત્તરમાં કલાપીએ કહ્યું: 'એ મારાથી નહિ બને. કોઈના પર અવિશ્વાસ કરી હું જીવવા માગતો નથી. સ્વજનો પર અવિશ્વાસથી

---

*જીવણરામ મહીધર શાસ્ત્રી રાજકોટમાં સંસ્કૃત પાઠશાળાના આચાર્ય હતા. સારસ્વત તથા પાણિનીય બન્ને વ્યાકરણ, કાવ્યાલંકાર તેમજ ષડ્દર્શનમાં પારંગત વેદાન્તી હતા. પુરાણો વાંચતા. તેમના ઘરમાં ગુજરાતી નહિ, સંસ્કૃત બોલાતું! બાળપણની નાની પુત્રીઓ પણ સંસ્કૃતમાં વાતચીત કરતી. પોતે ઘણી સરળતાથી સંસ્કૃતમાં વ્યાખ્યાનો આપતા. તેમના સમયમાં ડૉક્ટર બુલ્હર પાઠશાળાની તપાસ માટે આવેલા. એ વખતે કોઈ કારણથી મતભેદને અંગે બુલ્હર પર શાસ્ત્રી ચિડાયા અને તેના દેખતાં વિદ્યાર્થીઓ પાસે ભાષાલેખન કરાવતાં કહ્યું: 'છોકરાઓ લખો **बुल्हरः पादेन खञ्जः**। (એક પગે લંગડો બુલ્હર).' બુલ્હર સાહેબને એક પગે ખોડ હતી. આથી નારાજ થઈ તેણે શાસ્ત્રી વિરુદ્ધ રિપોર્ટ કરેલો. શાસ્ત્રીએ બુલ્હરને કહેલું: 'તમે ગમે તેટલા વિદ્વાન ને સારા હો, પણ તમે આમાં શું સમજો કે માથું મારો છો? તમારો જન્મદોષ એ છે કે સ્પષ્ટ ઉચ્ચારની તમારે જીભ નથી. **त** ને બદલે **ट** બોલો છો. મારો વિદ્યાર્થી **त्वमेव माता च पिता त्वमेव** બોલે છે, જ્યારે તમે **ट्वमेव माटा च पिटा ट्वमेव** બોલો છો.'

જીવવા કરતાં વિશ્વાસથી હું જેના ખોળામાં માથું મૂકી સૂતો હોઉં તે પોતે મારું ઊંઘતાનું માથું કાપી લે તો તે હું વધારે પસંદ કરું છું.'

પ્રભુલાલભાઈનાં પત્ની જમનાબહેન દરબારમાં જતાં-આવતાં. કોટડા-સાંગાણીવાળાં બાસાહેબાને તેમના આવવાથી ઘણું સારું લાગતું તેથી બોલાવતાં. રાણીવાસમાં એક વખત જમનાબહેનને સાંભળવા મળેલું કે રાજખટપટમાં રાચનારને મન માણસ મારવો ને મકોડો મારવો બન્ને સરખાં છે.

આ વાક્યથી જમનાબહેન બહુ હેબતાઈ ગએલાં. અને 'રજવાડાં જો આવાં હોય તો તેમાં નોકરી નથી કરવી; ચાલો કુંડલે.' એવી તેમણે પતિ પાસે માગણી કરેલી.

પ્રભુલાલભાઇએ કહ્યું : 'ક્ષત્રિયોમાં શૌર્ય ઘણું હોય છે. પણ આપણાથી એમ ચાલ્યાં ન જવાય. બહારગામ જવા હું રજા માગું છું ત્યારે કચવાતા મને માંડ જવા દે છે એવા આપણી પ્રત્યે પ્રેમ રાખનાર ઠાકોરને છોડી જવા એ આપણો ધર્મ નથી.'

અને તે પછી લાંબો વખત નહિ ગયો હોય તેવામાં, જેઠ માસની નિર્જલા એકાદશીનો ઉપવાસ કરી મોડી રાત્રે પ્રભુલાલભાઈ સૂતેલા, ત્યાં રાતના ત્રણ સાડા ત્રણે સાંકળ ખખડી. પ્રભુલાલભાઈએ બારણું ખોલ્યું. આવનાર માણસે કહ્યું : 'ગુરુજી, ઠાકોર-બાપુ ભયંકર માંદા છે. તમને ત્રણ તેડાં મોકલ્યાં તો ય તમે ન આવ્યા?' જેણે કલાપી સાવ નાના હતા ત્યારથી તેડી રમાડી મોટા કર્યા હતા તે નારણ નામનો એ માણસ હતો. પ્રભુલાલભાઈ એ જ પળે ચાલી નીકળ્યા. માર્ગમાં તેમણે નારણને કહ્યું : 'મને કોઇ તેડવા જ નથી આવ્યું!'

પલંગ પર અર્ધબેભાન અવસ્થામાં કલાપી પડ્યા હતા. પાછળ ચક નાખીને રુવાવાળાં બાસાહેબા બેઠાં હતાં. ડૉક્ટર ઊભા હતા. બીજું કોઇ ન હતું. કલાપીના સગા કાકા (કાકાસાહેબ) પણ ન હતા. તેમને સવારે ખબર મળેલા. પ્રભુલાલભાઈએ તબિયત જોઇ એટલે કલાપીએ આંખ ઊઘાડી. સુકાઈ ગએલી આંખમાં પાણી ભરાઈ આવ્યાં ને કહ્યું : 'ગુરુજી, મેં ત્રણ વખત તમને માણસ મોકલી બોલાવ્યા. તમે...'

'મને હમણાં જ નારણ તેડવા આવ્યો ને હું આવ્યો.' પ્રભુલાલભાઈએ કહ્યું. નાડ જોઈ માથું હલાવ્યું ત્યારે નીચેના મતલબની વાતચીત થઈ. 'તમને કેમ લાગે છે—શું લાગે છે?' ડૉક્ટરે પૂછ્યું.

'અસાધ્ય થયું લાગે છે.' પ્રભુલાલભાઈએ કહ્યું. ને પોતે દવા કરવા તૈયાર થયા. ત્યારે કલાપીએ કહ્યું 'ગુરુજી, તમે હવે રે'વા દો. તમે અહીંથી ખસશો નહિ. માથે હાથ રાખો. હું જાઉં છું. મારી બધી જ અંતિમ વિધિ તમારે હાથે કરવાની છે.'

અને શાસ્ત્રીજી કલાપીના અવસાનના મૂક દ્રષ્ટા બની રહ્યા. અવસાન વેળા ગંગાજળ આપવાથી આરંભી ચિતા ઠારવા સુધીની અંતિમ ક્રિયા કરી રાત્રે ઘેર આવ્યા; ને એ જ વખતે, આગલા દિ'નો નિર્જલા એકાદશીનો ઉપવાસ હતો, છપ્પનિયાના કાળનો જેઠ માસનો આખો દિવસ ગળે થૂક ઉતાર્યા વગરનો કાઢ્યો હતો, ચિતા સામે બળતા હૃદયે બેઠા હતા, છતાં લાઠીનું એક ટીપું યે પાણી પીધા વગર પ્રભુલાલભાઇએ સદાને માટે લાઠી છોડયું. 'જાઉં છું' એટલું યે કોઇને ન કહ્યું ને કુટુંબ લઇ ચાલી નીકળ્યા. કદી યે પછી એ લાઠી ન ગયા. કાકાસાહેબે તેમને ઘણી વાર કહ્યું; એક વખત તો ખાસ તેડવા આવેલા; પણ એ ન જ ગયા.

અહીં એક વાત કોઈને અન્યાય ન થાય માટે નોંધવી જોઈએ કે મંદવાડની ભયંકરતા જોઈ ખાસ જૂનાગઢથી ડૉક્ટરને તેડાવ્યા હતા અને ઘણેભાગે એ ગોઠવણ બાસાહેબા રમાબાએ કરેલી. તે ડૉક્ટરે પણ કલાપીને કૉલેરા થયાનું નિદાન કરેલું, જે નિદાનનો રાજકોટ કોઠી સરકારે સ્વીકાર કરેલો. જૂનાગઢના ડૉક્ટર તથા સરકારનાં માણસો આવેલાં ત્યારે પ્રભુલાલભાઈ હાજર હતા. જોકે તેણે દવા કરી ન હતી. તેથી તેને કશું પૂછવામાં નહિ આવેલું. છતાં પ્રભુલાલભાઈના મનનું સમાધાન થયું ન હતું. પોતાના વૈદકીયજ્ઞાનમાં તેમને એ પ્રકારની નિષ્ઠા હતી.

પણ આમ પરમ સ્નેહાળ કલાપી અચાનક અકાળ ગયા, ને પ્રભુલાલભાઈના સાહિત્યજીવનનો ત્યારથી અસ્ત થઈ ગયો. તેમનાં સંસ્કૃત ગુજરાતી કાવ્યોમાંથી કશું પ્રકટ ન થયું. હસ્તલિખિત થોડું જે કંઇ જળવાયું છે તે તેમનાં એકમાત્ર પુત્રી દેવીબહેન પટ્ટણી પાસે છે.

**લા**ઠી છોડ્યા પછી પ્રભુલાલભાઈ થોડો વખત વડીએ રહ્યા. ઝંડુ ભટ્ટજીએ મુંબાઈમાં શાખા ખોલી હતી ને ત્યાં તેમના ભાઇ વૈદ્યરાજ જટાશંકર હતા. તેમનું સં. ૧૯૫૮માં અવસાન થતાં તેમની જગ્યાએ યોગ્ય વૈદ્યની નિમણૂક કરવા ઝંડુ ભટ્ટજીના પુત્ર વૈદ્યરાજ શંકરપ્રસાદે પ્રભુલાલભાઇને નીમ્યા.એ પ્રભુલાલભાઇની સત્યનિષ્ઠાનો એક પ્રસંગછે.

પ્રભુલાલભાઈના વડવાઓનું કુંડલામાં મકાન હતું. પ્રભુલાલભાઈના મોટા ભાઈ હાથીભાઇ શાસ્ત્રી કુંડલે રહેતા ને ઘરનો વહીવટ કરતા. એમના મકાનની અડોઅડ, મજમુ કરાવાળું ભવાનભાઇ વૈદ્યનું પૂર્વાભિમુખ મકાન હતું. એ વૈદ્યના મકાનમાંથી એક ખાળ શાસ્ત્રીના મકાનની પછીત તરફ દક્ષિણ બાજુ પડતી હતી, ને તે જમીન શાસ્ત્રીની હતી. એ જમીન ફરતી વંડી કરી વાડા તરીકે ઉપયોગમાં લેવી હતી, તેથી હાથીભાઈ શાસ્ત્રીએ ભવાનભાઈને પેલી ખાળનું મોઢું દક્ષિણને બદલે પશ્ચિમ તરફ ફેરવવા કહ્યું. ભવાનભાઇએ ના પાડી ને હઠ કરી. આથી હાથીભાઇ કોર્ટ સુધી ગયા ને કેસ તે વખતના એક સ્થાનિક પ્રતિષ્ઠિત વકીલને સોંપ્યો. કેસ ચાલતો હતો તે દરમિયાન પ્રભુલાલભાઈ મુંબાઇથી કુંડલા આવ્યા ત્યારે ભવાનભાઇ વૈદ્યે પ્રભુલાલભાઈને સાક્ષી તરીકે મુકાવ્યા. વકીલે પ્રભુલાલભાઇને કહ્યું : 'હું કહું તેમ સાક્ષી આપો તો ભવાનભાઈ વૈદ્ય હારી જાય.'

પ્રભુલાલભાઇએ કહ્યું : 'જુબાનીમાં તો જે હોય તે કહેવાનું હોય, કે તમે કહો તેમ?'

વકીલે કહ્યું : 'ના, એમ નહિ. પણ ખાળ માટે જો તમે એમ કહો કે હમણાં જ ચાલુ કરી છે, પહેલાં ન હતી, તો બસ છે.'

પ્રભુલાલભાઇએ કહ્યું : 'ખાળ તો ઘણા સમયથી ચાલે છે, ઘણાં વર્ષોથી હું જોઉં છું, એટલે ખોટું તો નહિ જ કહેવાય.'

'તો તમે એમ કહો કે હું જાણતો નથી. હું તો ઘણાં વર્ષોથી બહારગામ રહું છું.'

પ્રભુલાલભાઇએ કહ્યું : 'જાણું છું તે જાણતો નથી એમ કહેવું તે અસત્ય છે. માટે એ નહિ થાય.'

વકીલે કહ્યું : 'તો કોર્ટમાં હારી જશો.'

'ભલે હારી જવાય, પણ અસત્ય નહિ બોલાય.' પ્રભુલાલભાઇએ કહ્યું. ને કોર્ટમાં સાચું જ બોલી કેસ હાર્યા. પણ એમની સત્યનિષ્ઠાથી ભવાનભાઈ વૈદ્ય કોર્ટમાં જીત્યા હોવા છતાં પ્રભુલાલભાઇને નમ્યા ને ખાળનું મોઢું ફેરવી આપ્યું.

**મું**બાઇમાં પ્રભુલાલભાઈએ દવાખાનું ખૂબ લોકપ્રિય બનાવ્યું. ત્યાંના વૈદ્યોમાં વિદ્વાન વૈદ્ય તરીકે એમણે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. અસંખ્ય ગરીબોને મફત દવા આપતા ને ફી લીધા વગર જોવા જતા. પોતાની તબિયત નબળી હોય તો પણ દરદીનું તેડું આવે તો જોવા જતા. પોતાને ન્યૂમોનિયા થએલો ત્યારે દરદીનું તેડું આવતાં તે ફી લીધા વગર ધર્માર્થે તબિયત જોવા ગએલા ને તેથી વ્યાધિ વધી જતાં તેમનું (સં. ૧૯૭૪માં) અવસાન થયું.





'ગરુડારૂઢ લક્ષ્મી-નારાયણ' અને (જમણી બાજુ) 'વિશ્વરૂપ'. પહેલી કાંસ્યપ્રતિમા પટ્ટણના સુંદરી ચોક ખાતે અને બીજી પથ્થરમાં કોરેલી મૂર્તિ ચંગુનારાયણ ખાતે – બંને નેપાળમાં છે. નેપાળી પ્રજાની મુખાકૃતિઓની નિજી લાક્ષણિકતાવાળી દસમી સદી પછીની નેપાળી કલાકૃતિઓની પહેલાંની, ભારતીય કલાશૈલી ને ભાવનિરૂપણની સ્પષ્ટ અસરવાળી હિંદુ દેવદેવીઓની આવી તો બીજી સેંકડો શિલ્પકૃતિઓ આજે પણ નેપાળમાં છે, જે એ બે દેશો વચ્ચેની સાંસ્કૃતિક અભિન્નતા સૂચવે છે.

## સત્યનિષ્ઠાની અસર

નાનપણમાં મને મારા પિતાશ્રીએ કદી ઊંચે સાદે બોલાવી કે ગુસ્સે થયા હોય એવું બન્યું નથી. તેમ છતાં કંઈ પણ ખોટું તો ન જ થાય એવી છાપ અમારા બાળ-માનસ ઉપર એમના જીવનની હતી. એક વખત, હું સાત આઠ વર્ષની હોઈશ ત્યારે, અમે મુંબાઈથી દેશમાં આવેલાં. દેશમાં આવીએ ત્યારે પહેલા બેચાર દિવસ મોટાકાકા હાથીબાપુ (હાથીભાઈ શાસ્ત્રી)ને ત્યાં રહેવા-જમવાનું હોય. પછી ઘર શરૂ કરીએ.

મોટા કાકાને ત્યાં ત્રણ ગાયો હતી. ગાયો દો'વાઈ રહી ને બોઘરણું મુકાયું, ને તે જ પળે મીંદડાએ આવી દૂધ બોટચું. મેં બૂમ મારી: 'મીંદડે દૂધ બોટચું.'

મોટાં કાકીએ મને કહ્યુ: 'બોટ્યું નથી. તારા કાકા પાછા ખાશે નહિ. એને લૂખું ખાવું પડશે. તું રાડ ન પાડ.' (હું મારા પિતાશ્રીને કાકા કહેતી.) હું ચૂપ રહી.

જમવાનો સમય થયો ને દૂધ પીરસતાં મારા પિતાશ્રીએ ન લીધું. કહ્યુ: 'મીંદડાએ બોટચું છે; મને, ભાભી નહિ ફાવે.'

મોટાં કાકીએ ઘણું કહ્યુ, નથી બોટચું, વગેરે. પણ તેઓએ ન માન્યું. અતિ આગ્રહને અંતે મારા પિતાશ્રીએ કહ્યુ: 'દેવી કહે કે નથી બોટ્યું તો માનું. એ ખોટું નહિ કહે.'

મને બોલાવી. મોટાં કાકીના ડરથી કે કોણ જાણે કેમ, પણ હું ખોટું બોલી કે મીંદડાએ નથી બોટચું. મારા પિતાશ્રીએ દૂધ તો ખાધું, પણ મને ક્યાં યે ચેન પડે નહિ. મને એનું સંપૂર્ણ સ્મરણ છે. હું એટલી મૂંઝાઈ કે રાતે ઊંઘી ન શકી, ને રોવું એવું આવવા માંડચું કે છાનાં ન રહી શકાય. મારાં હીબકાં સાંભળી પિતાશ્રી ને માતુશ્રી જાગી ગયાં. ખૂબ પૂછચું: 'શું થાય છે, દેવી!' પણ બોલી ન શકું ને હીબકે હીબકે રોવાય. અંતે રડતાં રડતાં મેં કહ્યુ: 'હું ખોટું બોલી. દૂધ બોટેલું હતું.'

ટૂંકમાં એમની સત્યનિષ્ઠાની એવી અસર હતી કે એમની પાસે જૂઠું બોલવું પણ ભારે પડી જાય. આમાં રખે મારાં મોટાં કાકીને અન્યાય થાય. એમનો હેતુ ઘણો શુભ, મારા પિતાશ્રી ઉપર એમને દીકરા જેવો પ્રેમ, એથી ભાઈ લૂખું ન ખાય માટે તેમણે કહેલું. **દેવીબહેન પટ્ટણી**

(શ્રી મુકુન્દરાય વિ. પારાશર્ય પરના પત્રમાંથી તારવીને)

મુંબાઇના વૈદ્ય જટાશંકરભાઇનું દવાખાનું પ્રભુલાલભાઇએ સંભાળેલું, એટલે તે દવાખાનાની ઊપજમાંથી પોતાના કરકસરભર્યા નિર્વાહ પૂરતું લઇને બાકીની રકમ તે વૈદ્યરાજ શંકરપ્રસાદ ઝંડુને સોંપી દેતા.

પ્રભુલાલભાઈનું સૌજન્ય અપ્રતિમ હતું. એમની વાણીની મીઠાશ યાદ રહી જાય તેવી હતી. સ્ત્રી, બાળક, વૃદ્ધ, પંડિત, મૂર્ખ, સર્વ સાથે તે મીઠાશથી વર્તતા. નમ્રતા તો એટલી કે બાળકને પણ ઊભા થઇ માન આપતા. આથી તેમના સહવાસમાં આવનારને તે પોતાના લાગતા.

આવા નિરભિમાન, શાંત, સત્યનિષ્ઠ, પરગજુ પ્રભુલાલભાઈનું અવસાન થયું તેને વળતે દિવસે એક દરદી તેમના દવાખાનામાં આવી બેઠા. પ્રભુલાલભાઇના અવસાનની તેને ખબર ન હતી. પણ જ્યારે તેણે અવસાનના ખબર સાંભળ્યા ત્યારે વૈદ્યરાજની બેઠકને પગે લાગીને તે છાતીફાટ રોઈ પડચા. એ રુદન મફત દવા આપી હતી તેનું નહિ, દવાથી સાજા કરેલા તે ચિકિત્સાશક્તિનું નહિ, પણ જે વાત્સલ્યથી એમણે દરદીઓને બેઠા કરેલા, એ વાત્સલ્યની ખોટનું હતું.

અનુસંધાન] **અયનમંડળ** [પૃ. ૧૦૧થી

રેડાર જેવાં સુધરેલાં સાધનોથી ભૂમિ પરનાં મથકોએથી અયનમંડળ વિષે વધુ સૂક્ષ્મ માપો લઈ શકાય છે, પણ વધુ વિગતવાર અને વૈવિધ્યમય માહિતી અયનમંડળમાં થઈને અને તેની ઉપર ઊડતાં રોકેટો અને પૃથ્વી ફરતી કક્ષામાં ઘૂમતા ઉપગ્રહો દ્વારા મળી શકે છે.

અમેરિકાએ આ માટે છોડેલા ઉપગ્રહ દ્વારા મળી રહેલી માહિતી ૨૮ રાષ્ટ્રોના વિજ્ઞાનીઓ એકત્ર કરી રહ્યા છે. આ યોજનામાં છ ખંડો પર પથરાએલાં ૬૮ નિરીક્ષણ-મથકો પણ કામે લાગેલાં છે.

નવાઇ પમાડે તેવી વાત તો એ છે કે અયનમંડળનું સ્થાન ધીમેધીમે માનવસર્જિત ઉપગ્રહો લઈ રહ્યા છે. ટેલસ્ટાર પહેલો અને બીજો, રિલે, સિન્કોમ અને એકો—એ અમેરિકાના સંદેશવાહક ઉપગ્રહોએ અવકાશી રેડિયોદર્પણની કામગીરી બજાવી છે. આમાંના કેટલાક ઉપગ્રહોથી લાંબા અંતરનું ટેલિવિઝન-પ્રસારણ પણ શક્ય બનેલું. એ નોંધવું જોઇએ કે અયનમંડળ આવું ટેલિવિઝન-પ્રસારણ કરી શકતું નથી. સુધરેલા સંદેશવાહક ઉપગ્રહો વધુ આધારલાયક 'રેડિયો-દર્પણ' બની રહેશે. તે કુદરતના તરંગને અયનમંડળ કરતાં ઓછા અધીન છે.

પણ આ કારણે અયનમંડળ વિષે વધુ જ્ઞાન મેળવવાની જરૂરિયાત કોઈ રીતે ઘટતી નથી. ચન્દ્ર પર તેમજ દૂરના વિશ્વમાં અન્યત્ર રહેલાં અવકાશયાનો સાથેનો સંદેશ-વ્યવહાર અયનમંડળની પેલેપાર જવો જોઈશે. વળી અયનમંડળ અવકાશમાંના કિરણોત્સર્ગ સામે પૃથ્વી ફરતું એક આવરણ પણ બની રહ્યુ છે. ભાવિ અવકાશયાત્રીઓએ કિરણોત્સર્ગના આ ભયનો પણ સામનો કરવો પડશે. એટલે જ અયનમંડળ વિષે વધુ જાણવા અવકાશ-વિજ્ઞાનીઓ ઉત્સુક છે.

વિજ્ઞાનીઓ અયનમંડળને કેમ અંકુશમાં રાખવું એ કદાચ કદી નહિ શીખી શકે; પણ વાયુચક્રશાસ્ત્રીઓ જેમ હવામાનની આગાહી કરી શકે છે, તેમ તેઓ કદાચ અયનમંડળના વર્તાવ સંબંધે આગાહી કરવા જેવી સ્થિતિએ પહોંચશે ખરા. એમ થશે તો તેઓ કુદરતના આ એક તરંગી સાધનને વધુ આધારલાયક બનાવી શકશે.

## વિજ્ઞાનવાર્તા

કૅમેરાની ચાંપ દબાવ્યા બાદ થોડી જ સેકંડમાં અને રાસાયણિક દ્રવ્યો વિના માત્ર ગરમી આપીને હવે નેગેટિવને ડેવલપ કરી શકાશે. અમેરિકાની જનરલ ઇલેક્ટ્રિક કંપનીની પ્રયોગશાળાઓમાં વિકસાવેલી આ પદ્ધતિમાં તદ્દન 'ગ્રેઈનલેસ' ફિલ્મનો ઉપયોગ કરવામાં આવે છે, તેને પાણી વિના 'પ્રોસેસ' કરવામાં આવે છે, તથા તેની ઉપરની છાપ ભૂંસી નાખીને તેનો પુનઃ ઉપયોગ થઇ શકે છે. વળી આ ફિલ્મ એવી સંપૂર્ણ હોય છે કે માત્ર બે ઈંચ જેટલી જગ્યામાં ૧૪૪ જેટલાં સુરેખ ચિત્રો પાડી શકાય છે. આને 'ફોટો-પ્લાસ્ટિક રેકૉર્ડિંગ' કહે છે.

એક મિનિટમાં લગભગ ૩૦ વાસણો આપોઆપ ભરી શકે તેવું ઝડપી સ્વયંસંચાલિત યંત્ર એક બ્રિટિશ પેઢીએ શોધ્યું છે; જે દ્વારા વાસણ પડી ન જાય એ માટે એને આપોઆપ પકડ પણ લાગે છે, અને ભરાયા પછી એક જગ્યાએથી બીજી જગ્યાએ આપોઆપ જાય છે.

**અરે! આ અંક બહાર કાઢીને એની કોથળી તમે ફેંકી ક્યાં દીધી? એના ઉપરના સરનામામાં તમારા નામ પછી તમારો ગ્રાહકનંબર જણાવેલો હશે. એ શોધીને તમારી ડાયરીમાં લખી લો; ભવિષ્યમાં અમારી સાથે પત્રવ્યવહાર કરતી વખતે કામ લાગશે.**

જીવવા કરતાં વિશ્વાસથી હું જેના ખોળામાં માથું મૂકી સૂતો હોઉં તે પોતે મારું ઊંઘતાનું માથું કાપી લે તો તે હું વધારે પસંદ કરું છું.'

પ્રભુલાલભાઈનાં પત્ની જમનાબહેન દરબારમાં જતાં-આવતાં. કોટડા-સાંગાણીવાળાં બાસાહેબાને તેમના આવવાથી ઘણું સારું લાગતું તેથી બોલાવતાં. રાણીવાસમાં એક વખત જમનાબહેનને સાંભળવા મળેલું કે રાજખટપટમાં રાચનારને મન માણસ મારવો ને મકોડો મારવો બન્ને સરખાં છે.

આ વાક્યથી જમનાબહેન બહુ હેબતાઈ ગએલાં. અને 'રજવાડાં જો આવાં હોય તો તેમાં નોકરી નથી કરવી; ચાલો કુંડલે.' એવી તેમણે પતિ પાસે માગણી કરેલી.

પ્રભુલાલભાઈએ કહ્યું: 'ક્ષત્રિયોમાં શૌર્ય ઘણું હોય છે. પણ આપણાથી એમ ચાલ્યાં ન જવાય. બહારગામ જવા હું રજા માગું છું ત્યારે કચવાતા મને માંડ જવા દે છે એવા આપણી પ્રત્યે પ્રેમ રાખનાર ઠાકોરને છોડી જવા એ આપણો ધર્મ નથી.'

અને તે પછી લાંબો વખત નહિ ગયો હોય તેવામાં, જેઠ માસની નિર્જલા એકાદશીનો ઉપવાસ કરી મોડી રાત્રે પ્રભુલાલભાઈ સૂતેલા, ત્યાં રાતના ત્રણ સાડા ત્રણે સાંકળ ખખડી. પ્રભુલાલભાઈએ બારણું ખોલ્યું. આવનાર માણસે કહ્યું: 'ગુરુજી, ઠાકોર-બાપુ ભયંકર માંદા છે. તમને ત્રણ તેડાં મોકલ્યાં તો ય તમે ન આવ્યા?' જેણે કલાપી સાવ નાના હતા ત્યારથી તેડી રમાડી મોટા કર્યા હતા તે નારણ નામનો એ માણસ હતો. પ્રભુલાલભાઈ એ જ પળે ચાલી નીકળ્યા. માર્ગમાં તેમણે નારણને કહ્યું: 'મને કોઇ તેડવા જ નથી આવ્યું!'

પલંગ પર અર્ધભાન અવસ્થામાં કલાપી પડ્યા હતા. પાછળ ચક નાખીને રુવાવાળાં બાસાહેબા બેઠાં હતાં. ડૉક્ટર ઊભા હતા. બીજું કોઇ ન હતું. કલાપીના સગા કાકા (કાકાસાહેબ) પણ ન હતા. તેમને સવારે ખબર મળેલા. પ્રભુલાલભાઈએ તબિયત જોઇ એટલે કલાપીએ આંખ ઉઘાડી. સુકાઈ ગએલી આંખમાં પાણી ભરાઈ આવ્યાં ને કહ્યું: 'ગુરુજી, મેં ત્રણ વખત તમને માણસ મોકલી બોલાવ્યા. તમે...'

'મને હમણાં જ નારણ તેડવા આવ્યો ને હું આવ્યો.' પ્રભુલાલભાઈએ કહ્યું. નાડ જોઈ માથું હલાવ્યું ત્યારે નીચેના મતલબની વાતચીત થઈ. 'તમને કેમ લાગે છે—શું લાગે છે?' ડૉક્ટરે પૂછ્યું.

'અસાધ્ય થયું લાગે છે.' પ્રભુલાલભાઈએ કહ્યું, ને પોતે દવા કરવા તૈયાર થયા. ત્યારે કલાપીએ કહ્યું 'ગુરુજી, તમે હવે રે'વા દો. તમે અહીંથી ખસશો નહિ. માથે હાથ રાખો. હું જાઉં છું. મારી બધી જ અંતિમ વિધિ તમારે હાથે કરવાની છે.'

અને શાસ્ત્રીજી કલાપીના અવસાનના મૂક દ્રષ્ટા બની રહ્યા. અવસાન વેળા ગંગાજળ આપવાથી આરંભી ચિતા ઠારવા સુધીની અંતિમ ક્રિયા કરી રાત્રે ઘેર આવ્યા; ને એ જ વખતે, આગલા દિ'નો નિર્જલા એકાદશીનો ઉપવાસ હતો, છપ્પનિયાના કાળનો જેઠ માસનો આખો દિવસ ગળે થૂંક ઉતાર્યા વગરનો કાઢ્યો હતો, ચિતા સામે બળતા હૃદયે બેઠા હતા, છતાં લાઠીનું એક ટીપું યે પાણી પીધા વગર પ્રભુલાલભાઇએ સદાને માટે લાઠી છોડ્યું. 'જાઉં છું' એટલું યે કોઇને ન કહ્યું ને કુટુંબ લઇ ચાલી નીકળ્યા. કદી યે પછી એ લાઠી ન ગયા. કાકાસાહેબે તેમને ઘણી વાર કહ્યું; એક વખત તો ખાસ તેડવા આવેલા; પણ એ ન જ ગયા.

અહીં એક વાત કોઈને અન્યાય ન થાય માટે નોંધવી જોઈએ કે મંદવાડની ભયંકરતા જોઈ ખાસ જૂનાગઢથી ડૉક્ટરને તેડાવ્યા હતા અને ઘણેભાગે એ ગોઠવણ બાસાહેબા રમાબાએ કરેલી. તે ડૉક્ટરે પણ કલાપીને કૉલેરા થયાનું નિદાન કરેલું, જે નિદાનનો રાજકોટ કોઠી સરકારે સ્વીકાર કરેલો. જૂનાગઢના ડૉક્ટર તથા સરકારનાં માણસો આવેલાં ત્યારે પ્રભુલાલભાઈ હાજર હતા. જોકે તેણે દવા કરી ન હતી, તેથી તેને કશું પૂછવામાં નહિ આવેલું. છતાં પ્રભુલાલભાઈના મનનું સમાધાન થયું ન હતું. પોતાના વૈદકીયજ્ઞાનમાં તેમને એ પ્રકારની નિષ્ઠા હતી.

પણ આમ પરમ સ્નેહાળ કલાપી અચાનક અકાળ ગયા, ને પ્રભુલાલભાઈના સાહિત્યજીવનનો ત્યારથી અસ્ત થઈ ગયો. તેમનાં સંસ્કૃત ગુજરાતી કાવ્યોમાંથી કશું પ્રકટ ન થયું. હસ્તલિખિત થોડું જે કંઇ જળવાયું છે તે તેમનાં એકમાત્ર પુત્રી દેવીબહેન પટ્ટણી પાસે છે.

**લા**ઠી છોડ્યા પછી પ્રભુલાલભાઈ થોડો વખત વડીએ રહ્યા. ઝંડુ ભટ્ટજીએ મુંબાઈમાં શાખા ખોલી હતી ને ત્યાં તેમના ભાઇ વૈદ્યરાજ જટાશંકર હતા. તેમનું સં. ૧૯૫૮માં અવસાન થતાં તેમની જગ્યાએ યોગ્ય વૈદ્યની નિમણૂક કરવા ઝંડુ ભટ્ટજીના પુત્ર વૈદ્યરાજ શંકરપ્રસાદે પ્રભુલાલભાઇને નીમ્યા. એ પ્રભુલાલભાઇની સત્યનિષ્ઠાનો એક પ્રસંગછે.

પ્રભુલાલભાઈના વડવાઓનું કુંડલામાં મકાન હતું. પ્રભુલાલભાઈના મોટા ભાઈ હાથીભાઇ શાસ્ત્રી કુંડલે રહેતા ને ઘરનો વહીવટ કરતા. એમના મકાનની અડોઅડ, મજમુ કરાવાળું ભવાનભાઇ વૈદ્યનું પૂર્વાભિમુખ મકાન હતું. એ વૈદ્યના મકાનમાંથી એક ખાળ શાસ્ત્રીના મકાનની પછીત તરફ દક્ષિણ બાજુ પડતી હતી, ને તે જમીન શાસ્ત્રીની હતી. એ જમીન ફરતી વંડી કરી વાડા તરીકે ઉપયોગમાં લેવી હતી, તેથી હાથીભાઈ શાસ્ત્રીએ ભવાનભાઈને પેલી ખાળનું મોઢું દક્ષિણને બદલે પશ્ચિમ તરફ ફેરવવા કહ્યું. ભવાનભાઇએ ના પાડી ને હઠ કરી. આથી હાથીભાઇ કોર્ટ સુધી ગયા ને કેસ તે વખતના એક સ્થાનિક પ્રતિષ્ઠિત વકીલને સોંપ્યો. કેસ ચાલતો હતો તે દરમિયાન પ્રભુલાલભાઈ મુંબાઇથી કુંડલા આવ્યા ત્યારે ભવાનભાઇ વૈદ્યે પ્રભુલાલભાઈને સાક્ષી તરીકે મુકાવ્યા. વકીલે પ્રભુલાલભાઇને કહ્યું: 'હું કહું તેમ સાક્ષી આપો તો ભવાનભાઈ વૈદ્ય હારી જાય.'

પ્રભુલાલભાઇએ કહ્યું: 'જુબાનીમાં તો જે હોય તે કહેવાનું હોય, કે તમે કહો તેમ?'

વકીલે કહ્યું: 'ના, એમ નહિ. પણ ખાળ માટે જો તમે એમ કહો કે હમણાં જ ચાલુ કરી છે, પહેલાં ન હતી, તો બસ છે.'

પ્રભુલાલભાઇએ કહ્યું: 'ખાળ તો ઘણા સમયથી ચાલે છે, ઘણાં વર્ષોથી હું જોઉં છું, એટલે ખોટું તો નહિ જ કહેવાય.'

'તો તમે એમ કહો કે હું જાણતો નથી. હું તો ઘણાં વર્ષોથી બહારગામ રહું છું.'

પ્રભુલાલભાઇએ કહ્યું: 'જાણું છું તે જાણતો નથી એમ કહેવું તે અસત્ય છે. માટે એ નહિ થાય.'

વકીલે કહ્યું: 'તો કોર્ટમાં હારી જશો.'

'ભલે હારી જવાય, પણ અસત્ય નહિ બોલાય.' પ્રભુલાલભાઇએ કહ્યું. ને કોર્ટમાં સાચું જ બોલી કેસ હાર્યા. પણ એમની સત્યનિષ્ઠાથી ભવાનભાઈ વૈદ્ય કોર્ટમાં જીત્યા હોવા છતાં પ્રભુલાલભાઇને નમ્યા ને ખાળનું મોઢું ફેરવી આપ્યું.

**મું**બાઇમાં પ્રભુલાલભાઈએ દવાખાનું ખૂબ લોકપ્રિય બનાવ્યું. ત્યાંના વૈદ્યોમાં વિદ્વાન વૈદ્ય તરીકે એમણે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. અસંખ્ય ગરીબોને મફત દવા આપતા ને ફી લીધા વગર જોવા જતા. પોતાની તબિયત નબળી હોય તો પણ દરદીનું તેડું આવે તો જોવા જતા. પોતાને ન્યૂમોનિયા થએલો ત્યારે દરદીનું તેડું આવતાં તે ફી લીધા વગર ધર્માર્થે તબિયત જોવા ગએલા ને તેથી વ્યાધિ વધી જતાં તેમનું (સં. ૧૯૭૪માં) અવસાન થયું.

## ચિત્રકાર મગનલાલ ત્રિવેદી



કળાના એક ઉચ્ચ પ્રકાર તરીકે ચિત્રકળાનું સ્થાન આજે જે કક્ષાએ છે એ આજથી થોડા દાયકા પહેલાં નહોતું, અને તેથી એના શિક્ષણની પણ બહુ સગવડો ત્યારે નહોતી. પણ કરાચીની એક અગ્રગણ્ય રાષ્ટ્રીય શાળા 'ભારત સરસ્વતી મંદિર'માં, હજી તો એની શરૂઆતનાં એ વર્ષો હતાં છતાં, કલાના બધા પ્રકારોનો આદર થતો હતો. એ શાળામાં મગનલાલે કળાના પ્રથમ પાઠ લીધા. એ સંસ્થાના સ્થાપક નિયામક શ્રી મનસુખરામ જેઠનપુત્રાએ એમના શક્તિ ને અભિરુચિને પરખી જઇ પ્રોત્સાહન આપ્યું અને શાળાના અભ્યાસ પછી વડોદરાના કલાભવનમાં ચિત્રકળાના વધુ અભ્યાસ માટે સગવડો કરી આપી.

મગનલાલનો જન્મ તો ઈ. ૧૯૦૭માં, વઢવાણ પાસેના કોઠારિયામાં. મગનલાલ દુર્ગાશંકર ત્રિવેદી એ એમનું પૂરું નામ. પ્રાથમિક અભ્યાસ હડિયાણા (જામનગર)માં કર્યો પણ સાત જ વર્ષની વયે પિતાની છાયા ખોઈ બેસતાં કુટુંબને પિતાના મોસાળ પક્ષને ઓથે ૧૯૧૮માં કરાચી જઈ વસવું પડ્યું.

વડોદરા કલાભવનમાં ત્રણ વર્ષ અભ્યાસ કરી તેઓ મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં દાખલ થયા. ત્યાં પણ પોતાની શક્તિ અને મિલનસારપણાથી એમણે પ્રિન્સિપાલ સૉલૉમન તથા પ્રો. ધુરંધુરની ચાહના મેળવી હતી. ૧૯૨૭માં ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કરી કરાચી આવ્યા પછી યે એમની કલા-ઉપાસના તો ચાલુ જ હતી. ચિત્રકળાને તેમણે વ્યવસાયના લક્ષ્યથી નહિ પણ પોતાની ઉપાસ્ય કલા તરીકે સ્વીકારી હતી. ૧૯૨૯માં મોટાભાઇનું અવસાન થતાં કુટુંબની જવાબદારીનો ભાર એમને માથે આવ્યો. ત્યારે તેઓ સિનેમાનાં પોસ્ટરો ચીતરવાની નોકરી કરતા હતા. એવામાં કરાચીના અંગ્રેજ મહિલા મંડળે એક ચિત્રપ્રદર્શન યોજ્યું. મગનલાલે એમાં ભાગ લઈ સારી પ્રશંસા ઉપરાંત 'જલરંગી' તથા તૈલરંગી એમ બંને ચિત્રવિભાગમાં પ્રથમ કક્ષાનાં ઇનામો જીત્યાં; એટલું જ નહિ, એમનાં એ ચિત્રો પણ વેચાઈ ગયાં. એથી ઉત્તેજન પામી એમણે કરાચીના વિવિધ લત્તાઓનાં ઘણાં દશ્યો આલેખ્યાં. એ પણ ઘણો સારો આવકાર પામ્યાં.

રાષ્ટ્રીય જાગૃતિનો કાળ આવતાં મગનલાલે



છોટાઉદેપુરની બજાર (જળરંગી સ્કેચ)




ગુલાબકુંવરબા



કવિ દુલા ભાયા કાગ



જમણી બાજુ: મગનલાલે કરેલા સ્કેચો



પોરબંદર પાસે હરસિદ્ધ માતાનું મંદિર — મગનલાલે કરેલો જળરંગી સ્કેચ

ગાંધીજી, સુભાષચંદ્ર અને અન્ય લોકલાડીલા નેતાઓનાં તૈલચિત્રો કર્યાં. એક વેપારી પેઢીએ એ ચિત્રો ખાસ જર્મની મોકલી મોટા કદમાં છપાવેલાં, જે આજે પણ ઘણાં ઘરોમાં જોવા મળે છે. ત્યાર પછી તસવીરચિત્રો માટે એમની માંગ વધતી ગઈ. સિંધના અનેક નામી વ્યક્તિવિશેષો, જમીનદારો અને યુદ્ધકાળમાં કરાચી આવેલા અનેક બ્રિટિશ-અમેરિકન અફસરોનાં સંખ્યાબંધ તૈલચિત્રો કરેલાં છે.

આમ, કરાચીના સારામાં સારા ચિત્રકાર તરીકે 'એમ. ડી. ત્રિવેદી'ની નામના જામી હતી ત્યારે દેશના ભાગલાને કારણે એ બધું છોડી એમને ભારતમાં આવી રાજકોટમાં ફરી નવેસરથી વ્યવસાયનો આરંભ કરવો પડયો. 'સૌરાષ્ટ્ર ચિત્રશાળા' નામે આજે તેઓ સ્ટૂડિયો ચલાવવા સાથે કલાશિક્ષણ પણ આપે છે.

પણ એમની શક્તિ આમ, છબિઓ અને ચિત્રશિક્ષણમાં જ બંધાઈ નથી રહી. અનેક સ્થળોએ ફરી એમણે જે રંગીન દૃશ્યચિત્રો (એમનું એવું એક રંગીન ચિત્ર આ અંકમાં પાછળ આપ્યું છે.) અને તે તે પ્રદેશના લોકોના સ્કેચો કર્યા છે એની સંખ્યા તો ઘણી જ મોટી છે. ચિત્રકામ ઉપરાંત એમને સંગીતમાં પણ ઊંડો રસ હોઇ પંડિત ભાતખંડેના તેઓ ચાહક છે ને દર વર્ષે એક અગ્રગણ્ય સંગીતજ્ઞને નિમંત્રી ભાતખંડેની જયંતી ઊજવે છે.

પોતાના નિખાલસ ને સદા નમ્ર સ્વભાવથી એમણે ચાહકોનું બહોળું મંડળ જમાવ્યું છે. એમની લાંબી ને યશસ્વી કારકિર્દીએ એમને ૧૯૬૦માં મુંબાઇ રાજ્યની મધ્યસ્થ કલાસમિતિમાં, ગુજરાત રાજ્યની લલિતકલા અકાદેમીની પ્રદર્શન સમિતિમાં તેમજ રાજ્યની 'ડ્રૉઈંગ ઍન્ડ હાયર આર્ટ' માટેની સમિતિમાં સ્થાન અપાવ્યું છે. ઈ. ૧૯૫૦માં સૌરાષ્ટ્રના આજના કલાજાગ્રતમાં જે સંસ્થાનો ઘણો મોટો ફાળો છે. એ 'સૌરાષ્ટ્ર કલા મંડળ'ના સ્થાપનામાં પણ એમણે ઘણો ઊંડો રસ લીધો હતો. —ભાઈલાલ જોષી

## સ્વ. અસીતકુમાર હલદર
(૧૮૯૦–૧૯૬૪)



બંગાળમાં ભારતીય કલાનું અભ્યુત્થાન કરનાર અવનીન્દ્રનાથ ઠાકુરના સૌપ્રથમ શિષ્યો નંદલાલ વસુ, ક્ષિતીન્દ્ર મઝુમદાર અને અસીત હલદર (હવાલદાર કે હલધર ઉપરથી ?) હતા. અસીતના વડવા ટાગોર કુટુંબના સંબધીઓ હોઈ કલાપ્રેમ તેમને વારસામાં મળેલો એટલે ચૌદ વર્ષની વયે શાળા છોડી તે કલકત્તાની સરકારી કળાશાળામાં દાખલ થએલા.

ઈ. બી. હૅવેલ, વિન્સેન્ટ સ્મિથ અને આનંદ કુમારસ્વામીએ ભારતીય કલાપ્રાણને જાગ્રત કરીને બિરદાવતા પોતાના ગ્રંથો તથા લેખોમાં જે અભિનવ કલાકારોનાં ચિત્રોની પ્રશસ્તિ કરેલી તેમાં અસીત હલદરનાં પણ ઘણાં ચિત્રો પ્રકટ થયાં હતાં.

હલદરે પોતાનાં ચિત્રવસ્તુમાં ઘણા પ્રકારો અને પ્રસંગો પકડયા છે. ઈ. ૧૯૦૯ ને ૧૯૨૧ વચ્ચે તેમને અજંટા, બાઘ અને જોગીમારાનાં ગુફાચિત્રોનાં અભ્યાસ ને નકલો કરવાની સારી





કરાચીમાં] મગનલાલ ત્રિવેદીના ચિત્ર-સ્ટૂડિયો [રાજકોટમાં

તક મળેલી, અને ૧૯૧૨માં જાપાનના ચિત્રકાર કાઉન્ટ ઓકાકુરાની મુલાકાતથી પૌરસ્ત્ય ચિત્રપદ્ધતિઓથી દષ્ટિમાં સમજણ મળી હતી.

હલદરની કલ્પના અને આલેખન ભાવુકતાભર્યાં તથા મૌલિક રહ્યાં છે. ઘણી વાર કવિવર ટાગોરે તેમનાં ચિત્રો પર કાવ્યો રચ્યાં હતાં. કવિ અને ચિત્રકાર વચ્ચે એકતાનો સેતુ બાંધી શકે અને કર્તાભોક્તાનું તાદાત્મ્ય કરી આપે એવી પૌરસ્ત્ય વિચારસરણીને તે અનુસરે છે. કવિવર ટાગોર પોતાના સંબંધીના આ પુત્ર વિષે ઝાઝું કહેતા નહિ, પણ એક વાર તેના પરના પત્રમાં તેમણે લખેલું: 'તું માત્ર ચિત્રકાર નથી, કવિ પણ છે. તારી પીંછીમાંથી બંને પ્રકારના રસો વહે છે. કવિને ચિત્રરૂપ થવું છે, માટે જ તારાથી તે કામ લે છે.'

તેઓ તૈલ, જલરંગ, ટેમ્પેરા, કે લાક્ષરસ ગમે તે—મનની વૃત્તિનો અનુસરતાં સાધનોથી ચિત્રો કરતા. ઇ. ૧૯૦૫માં તેમણે બંગાળના યદુપાલ અને લોકેશ્વર પાલ પાસે શિલ્પકાર્યનું શિક્ષણ મેળવ્યું અને પાછીથી સરકારી સલાહકાર લીઓનાર્ડ જેનિંગ પાસે તે પરિપક્વ કર્યું. એ સિદ્ધિથી તે માનવપાત્રોની અર્ધશિલ્પપ્રતિમાઓ સરસ કરી શકતા.

હલદરને બહુ વ્યાપક પ્રસિદ્ધિ મળી હતી. અનેક વિખ્યાત વિદ્વાનોના ગ્રંથોમાં તેમનાં ચિત્રો છપાયાં છે. તે જીવનભર કામ કરતા જ રહ્યા છે. તેમની કલાપ્રવૃત્તિ અનેક પ્રકારે વિસ્તરી છે. ચિત્રરચના, કવિતા, કળા અને તત્ત્વજ્ઞાન ઉપર વિવેચન ઉપરાંત મૂળ સંસ્કૃત સાહિત્યમાંથી બંગાળી પદબંધ ઉતારવામાં પણ તેમણે પ્રવીણતા બતાવી છે. છેવટના દિવસોમાં તેમને બંગાળ સરકારે 'ગૌતમગાથા' અને 'રામાયણી' (બંગાળીની પદબંધ રચનાઓ) પ્રસિદ્ધ કરવાનું કામ સોંપ્યું હતું.

ઈ. ૧૯૧૨ થી ૧૯૨૩ સુધી તે શાંતિનિકેતન કલાભવનના કલાચાર્ય રહ્યા હતા. તે દરમિયાન મુકુલચંદ્ર દે, રમેન્દ્રનાથ ચક્રવર્તી, ધીરેન્દ્રકુમાર દેવવર્મન, વિનોદવિહારી મુખર્જી, હીરાચંદ દુગર, વગેરે શિષ્યો બહાર પડ્યા. સામાજિક પ્રસંગોએ 'અલ્પના' પ્રકારનું રંગોળી સુશોભન પ્રચારવામાં તેમનો ઘણો ફાળો હતો. ઇ. ૧૯૨૪માં જયપુરની કળાશાળાના તે આચાર્ય થયા તે વખતે ત્યાંના રામગોપાલ વિજયવર્ગીય બહાર આવ્યા. ત્યાર બાદ બ્રિટિશ સરકારે હિંદી તરીકે તેમનો પહેલો અપવાદ કરીને લખનૌ કળાશાળાના આચાર્યપદે તેમને મૂક્યા. એ ઉપરાંત ૧૯૩૯માં લંડનની 'રૉયલ સોસાએટી ઑવ આર્ટ્સ'ના પહેલા હિંદી ફૅલોની પદવીનું માન પણ તે જ



સ્વ. હલદરની એક કૃતિ
'હબસી રાજકુમારી'

પામેલા. ઈ. ૧૯૩૮માં અલ્લાહાબાદ મ્યૂઝિયમમાં તેમનાં ચિત્રોનો 'હલદર હૉલ' ખુલ્લો મુકાયો, તેમજ લખનૌમાં એક વ્યાખ્યાનગૃહ રચાયું. એમનાં ચિત્રો વિશ્વભરની કેટલી યે સંસ્થાઓમાં પ્રદર્શિત થયાં હતાં.

ગયા માસમાં થએલા તેમના અવસાનથી ભારતીય કલાજાગૃતિની પહેલી પેઢીના એક કલાકારનો અસ્ત થયો છે. —ર.

## 'ડિસ્કવરિંગ આર્ટ'—એક અભિનવ ને બહુમૂલ્ય કલાકોષ

હપતે હપતે દુનિયાની કલાસમૃદ્ધિનો પરિચય કરાવતા જઈ અંતે બહુમૂલ્ય કલાકોષ બની રહેનારા એક નવા સાપ્તાહિક 'ડિસ્કવરિંગ આર્ટ'નું પ્રકાશન હમણાં શરૂ થાય છે. બાર વર્ષની જહેમત અને દુનિયાભરમાં ફરીફરીને ઉત્કૃષ્ટ કલાકૃતિઓના રંગીન ફોટોગ્રાફો એકઠા કર્યા પછી સર હર્બર્ટ રીડ, હેન્રી મૂર, સર જ્હૉન રૉથેન્સ્ટાઇન, પ્રો. જૉસેફ બર્કો, સર જ્હૉન સમરસન, ડયૂક ઑવ બેડફર્ડ, વાઈકાઉન્ટ ડનલ્યૂસ ને બહુ લોકપ્રિય બનેલા સાપ્તાહિક 'નૉલેજ'ના મુખ્ય તંત્રી જ્હૉન ચૅન્સેલર જેવા વિદ્વાન કલામર્મજ્ઞોના સલાહકાર સંપાદક મંડળ હેઠળ આ નવા સાપ્તાહિકનું સંપાદન થાય છે. છેક આદિમાનવનાં ગુફાચિત્રોથી માંડી 'મૉડર્ન આર્ટ'ની સમકાલીન શૈલીઓ સુધીની કલાની વિશદ સમજણ ને ઇતિહાસ આપવા સાથે તેમાં પ્રકટ થનાર લગભગ ૬૦૦૦ જેટલાં ઉત્તમ કલાકૃતિઓનાં પૂર્ણરંગી ચિત્રો અને એ દરેનું કલાવૈશિષ્ટ્ય સમજાવતી કલાજગતના અધિકૃત મર્મજ્ઞોને હાથે લખાએલી ચિત્રનોંધોને લીધે આ સાપ્તાહિકની ઉપયોગિતા ઘણી જ વધી જશે એમ લાગે છે. કલાના બધા પ્રકારનો ઇતિહાસ, વિકાસ ને વિશિષ્ટતાનો સરળ પરિચય તેમાં અપાશે.

દર બાર અંકનો એક, એવા એના બાર ભાગમાં (૧૪૪ અંકમાં), પુરાણકાળથી ઇજિપ્તની કળા, ગ્રીક અને બાયઝેન્ટાઇન કળા, દૂર પૂર્વના દેશોની કળા, કૅરોલિંગીઅનથી ગૉથિક કળા, ઉત્તર-ગૉથિકથી રૅનેસાં (નવજાગૃતિકાળ) રૅનેસાં, સત્તરમી સદી, અઢારમી સદી, પ્રી-કોલંબિયન અમેરિકા, આફ્રિકા અને પૅસિફિક દેશોની કળા, ઓગણીસમી સદી ને છેલ્લે વીસમી સદીની કળા સમજાવતા તેના વિભાગોમાં એ સમગ્ર કલાઇતિહાસને વહેંચી નાખ્યો છે. પરવડી શકે તેમણે આ કલાકોષ અવશ્ય વસાવવા યોગ્ય છે. (પ્રાપ્તિસ્થાન: સચિન ઍન્ડ કંપની, બૅંક સ્ટ્રીટ, કોટ, મુંબાઈ-૧.)

## સુભાષિત

(અનુષ્ટુપ)

तेजस्विनि क्षमोपेते
नातिकार्कश्यमाचरेत् ।
अतिनिर्मथनादग्नि-
श्चन्दनादपि जायते ॥

(અનુવાદ)

**ક્ષમી તેજસ્વીની સાથે**
**ઘણા કર્કશ ના થવું,**
**અતિ ઘર્ષણને અંતે**
**શીળું ચંદન યે જલ્યું.**

વિવરણ: તેજસ્વી પુરુષ ક્ષમાશીલ હોય છતાં તેને વારંવાર છંછેડવાથી સારું પરિણામ ન જ આવે એમ કહી સુભાષિતકાર તેની ક્ષમા સાથે ચેડાં કરવાની મનાઈ કરે છે. મનુષ્ય ગમે તેટલો ક્ષમાશીલ હોય પણ અતિશય પજવણીને અંતે તે ક્ષમાનો ત્યાગ કરી ક્રોધથી સળગી ઊઠ્યા વિના રહે જ નહિ. નામર્દ કરગરે, શક્તિશાળી ન કરગરે. અહીં કવિએ અતિઘર્ષણને અંતે સળગી ઊઠતા સુગંધયુક્ત અને શીતળ ચંદનનો દાખલો ટાંકી ક્ષમાશીલતાની હદ બતાવી છે. વળી, કુરુક્ષેત્રમાં ખેલાએલ યુદ્ધના મૂળમાં કૌરવોએ પાંડવોને કરેલી નિરતિશય સતામણી જ કારણભૂત હતી, તે ઘરઘરની જાણીતી વાત પણ, ઉપરની વાતને જ અનુમોદન આપે છે.

**ચન્દ્રશંકર શં. પંડ્યા**

આહાર અને આરોગ્ય–૫૧

# વિટામિન બી કૉમ્પ્લેક્સ

થિયામિન, રિબૉફ્લેવિન, નિયેસિન, પાઇરિડૉક્સિન, પેન્ટોથેનિક ઍસિડ ફૉલિક ઍસિડ,બી-૧૨ કૉલિન, બાયોટિન, ઇનોસિટોલ અને પૅરાઍમાઇનો બેન્ઝૉઇક ઍસિડ

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

**ઓગણીસમી** સદીના ઉત્તરાર્ધમાં બેરીબેરી રોગનું અન્વેષણ કરતાંકરતાં વિટામિનોની શોધ થઈ. વિટામિનોને છૂટાં પાડી ઓળખવાના પહેલા તબક્કામાં બેરીબેરી મટાડનાર પદાર્થને ડૉ. મૅકકૉલમે 'જલદ્રાવ્ય વિટામિન-બી' નામ આપ્યું. જોકે એ સમયે તે એકાકી પદાર્થ સમજાયો હતો, પણ પછીનાં સંશોધનોએ તે વિવિધ રાસાયણિક રચનાવાળા જુદાજુદા પદાર્થો હોવાનું સ્પષ્ટ થયું, આ કારણે હવે તે 'બી – કૉમ્પ્લેક્સ વિટામિન્સ' નામથી ઓળખાય છે.

બધા જીવંત કોષો માટે 'બી-કૉમ્પ્લેક્સ' વિટામિનો આવશ્યક છે. કોષીય જીવનક્રિયામાં તે મુખ્ય ભાગ ભજવતાં હોવાથી આરોગ્ય, વૃદ્ધિ અને પોષણની દૃષ્ટિએ તેમનું મોટું મહત્ત્વ છે. વિટામિન 'બી-કૉમ્પ્લેક્સ'ના અગિયાર પદાર્થો અત્યારે શુદ્ધ રૂપમાં પ્રાપ્ય છે. આમાંનાં પાંચ, 'થિયામિન' 'રિબૉફ્લેવિન', 'નિયેસિન', 'પાઇરિડૉક્સિન' અને 'પેન્ટોથેનિક ઍસિડ' એક કે વધુ સહપાચક રસો (કો-ઍન્ઝાઈમ)ના ભાગો છે. સહપાચક રસો ઉદ્દીપકો હોઈ જીવન રાસાયણિક ક્રિયાઓમાં મહત્ત્વનો ભાગ ભજવી પોષણતત્ત્વોને શક્તિમાં અથવા શરીરના કોષોને પેશીઓ બાંધવામાં કે નિભાવવામાં વાપરે છે. બાકીનાં બે 'ફૉલિક ઍસિડ' અને 'વિટામિન બી-૧૨'માં રક્તક્ષય વિરોધી ગુણો હોઈ તેઓ સહપાચક રસોની જેમ જ કામ ઉપાડે છે.

આ સાતેય આપણા પોષણમાં આવશ્યક હોઈ આહારમાં હોવાં જ જોઇએ, બાકીનાં ચાર 'બી – કૉમ્પ્લેક્સ'માંનું એક કૉલિન આપણા પોષણ માટે મહત્ત્વનું તો છે પણ બીજાં દ્રવ્યોમાંથી તે શરીરમાં બનતું હોવાથી આહારમાં હોવું જરૂરી નથી. આવી રીતે જરૂરી 'બાયોટિન' ખોરાકમાંથી તેમજ આંતરડાંમાં જીવાણુઓના સંશ્લેષણથી મળે છે. બાકીના બે પદાર્થો 'ઇનોસિટોલ' અને 'પૅરાઍમાઇનો બેન્ઝૉઇક ઍસિડ' માનવપોષણ માટે આવશ્યક જણાયાં નથી.

'બી-કૉમ્પ્લેક્સ' વિટામિનોનું અપૂરતું પોષણ દુનિયાભરમાં વ્યાપકતાથી ફેલાએલું છે. જીવનક્રિયામાં આ વિટામિનોના પરસ્પરના સંબંધને લીધે કોઈ પણ એકની ઊણપનાં લક્ષણો સરખાં હોય છે.



નિકોટિનિક ઍસિડની ઊણપને કારણે થએલો જીભદાહ અને રિબૉફ્લૅવિનની ન્યૂનતાથી કાનની બૂટ ઉપર થએલો ત્વચા-વ્યાધિ

આરોગ્ય જાળવવા અને અનારોગ્ય સુધારવા 'બી' વિટામિનોની સરખી જરૂર રહે છે. પુખ્ત ઉંમરે આરોગ્ય જાળવવા જોઈએ તે કરતાં વૃદ્ધિકાળ, સગર્ભાવસ્થા અને સ્તન્યપાન સમયે તેનું સવિશેષ પ્રમાણ જોઈએ. રોગાવસ્થામાં, ખોરાકના મંદ શોષણ અયોગ્ય વપરાશ ને વધુકા વિસર્જન સમયે તેનું વધારે પ્રમાણ જોઈએ. ઍન્ટીબાયોટિક (પેનિસિલિન વગેરે) ઔષધોના સેવનથી આ વિટામિનોની ન્યૂનતા ઊભી થાય છે, તો તે સમયે એ લેવાં જરૂરી બને છે.

## વિટામિન 'બી–૧'

આનાં બીજાં નામ 'થિયામિન', 'ઍન્ટીન્યૂરેટિક' કે 'ઍન્ટી-બેરી બેરી' છે. શરીરનાં વૃદ્ધિ અને વજન જાળવવા આ જરૂરી છે. બાલ્યાવસ્થામાં તેના પૂરતા પ્રમાણનું ઘણું મહત્ત્વ છે. નાનાં બાળકોને તેની ખોટ બહુ સાલે છે અને પરિણામે જલદી માંદાં પડે છે. 'થિયામિન'થી ભૂખની સંવેદના અને જ્ઞાનતંતુઓ માંસપેશીઓ હૃદય અને આંતરડાંની કાર્યક્ષમતા જળવાય છે. કાર્બોહાઇડ્રેટના અધૂરા દહનના પદાર્થો શરીરમાં સંઘરાવાથી માંદગી આવી પડે છે. ખોરાકમાં કાર્બોહાઇડ્રેટ વધારે તેમ 'થિયામિન'ના વધારે પ્રમાણની જરૂર પડે છે.

'થિયામિન'ના પૂરતા પ્રમાણ સાથે ખોરાક બીજી રીતે સમતોલ હોય તો તે ખાવાની લિજ્જત આવવા સાથે સારી રીતે પચે છે અને વ્યયદ્રવ્યોના નિયમિત નિકાલ થાય છે. ખોરાકમાં તેનું પૂરતું પ્રમાણ ન હોય તો ભૂખ, વજન અને તાકાત ઘટે છે. મનદૌર્બલ્ય, ચીડિયાપણું અને પાચનમાં બગાડો થવા સાથે મળવિસર્જન અનિયમિત બને છે. બાળકો આ સ્થિતિનાં વિશેષ ભોગ બને છે.

'થિયામિન'ની વધારે ન્યૂનતાથી બેરીબેરી રોગ થાય છે. ભાત ખાનારા પૂર્વના દેશોના લોકોમાં આ રોગ વિશેષ થાય છે. એમના આહારમાં અતિ થોડું 'થિયામિન' આવતું હોઈ રોગ ધીમેધીમે જામે છે. થાક, અક્કડ ને ભારે પગ તથા લાંબું ચાલવાની અશક્તિથી શરૂઆત થાય છે. પછી માથાના દુખાવો, ભૂખનાશ, અજીર્ણ, ચક્કર વગેરે થાય છે. બેરીબેરીના રોગીને બેસતાં અને ઊઠતાં મુશ્કેલી પડે છે. ઊંચાં પગલાં પાડતી ચાલ અને ટેકા માટે ઝાલવી પડતી લાકડી શરીરની બાજુને બદલે સામી મૂકવી પડે એ બેરીબેરી રોગની લાક્ષણિકતા છે. રોગીને નાની વસ્તુ ઉપાડતાં મુશ્કેલી પડે છે. કોટનાં બટન બીડતાં ફાંફાં મારવાં પડે છે. વધેલા રોગમાં હૃદય બગડવાથી શરીરમાં પાણી ભરાવાના સોજા આવે છે યા તો શરીર પાતળું પડી સુકાય છે.

બેરીબેરીવાળી સ્ત્રીને રોગનાં ઉગ્ર લક્ષણો છતાં ન થાય પણ તેના ધાવણમાં 'થિયામિન'ની અછતથી બાળકને પણ બેરીબેરી લાગુ પડી તેમનાં શરીર અક્કડ બને છે, બંધકોશ પીડે છે, પેશાબ ઓછો થાય છે, હૃદયની ક્રિયા બગડે છે, શરીરમાં પાણી ભરાય છે. તાત્કાલિક દવા ન થાય તો તે વહેલાં મરણ પણ પામે છે.

હોજરી અને આંતરડાંના રોગોથી પીડાતા અને કેફી પીણાં પીનારા લોકોને ખોરાક બરાબર ન પચવાથી કે એમાંના થિયામિનનો યોગ્ય વપરાશ ન થવાથી જ્ઞાનતંતુના સોજાના 'ન્યૂરાઈટિસ' આધિ થાય છે.

ઓછા 'થિયામિન'વાળા ખોરાકના પાંચેક માસના પ્રયોગમાં આ લક્ષણો જણાયાં છે: (૧) ભૂખનાશ અને ઉબકા (૨) હતાશા, ચીડિયાપણું (૩) સખત કામ ઊપાડવાની સહનશક્તિનો હ્રાસ (૪) પગે ઝંઝણી અને લાંબું ચાલ્યા બાદ પગની પીંડીઓમાં કાટ અને (૫) બૌદ્ધિક શક્તિઓનો નાશ.

બધાં ખોરાકોમાં 'થિયામિન' વ્યાપકતાથી આવેલું છે, પણ ઘણા થોડામાં તે વિપુલ છે. શુકધાન્યો અને કઠોળમાં તે સારા પ્રમાણમાં છે. ચોખાની કુશકી, ઘઉંનું થૂલું, કઠોળના ગાસ અને મગફળીનાં ફોતરાં વગેરે જેવાં અનાજના અંકુર અને ઉપલાં છોડાંમાં તે પુષ્કળ છે. દૂધ ઇંડાં ફળ અને શાકભાજીમાં થોડા પ્રમાણમાં છે. દહીં અને છાશમાં સંશ્લેષણથી પેદા થાય છે.

મેકૅરિસને 'થિયામિન' ધારક ખોરાકોને ચડતા-ઊતરતા ક્રમમાં આ પ્રમાણે મૂક્યા છે: (૧) આખાં શૂક ધાન્યો: જવ જુવાર બાજરી મકાઇ ને ઘઉં અને એના (હાથે દળેલા) લોટ તથા હાથછડના ચોખા; (૨) પ્રાણિજ પદાર્થો: કલેજું, મૂત્રપિંડ, હૃદયની માંસપેશી ને ઇંડાંની દાળ; (૩) બધી જાતનાં કઠોળ; (૪) સૂકાં ફળ, બિયાં, ઠળિયાની મીંજ (૫) ટમેટાં, બટાટા અને રતાળુ જેવાં કંદ; (૬) સલાડ પાલખ કૅબેજ કૅાબીફ્લાવર ડુંગળી વગેરે લીલોતરી શાકભાજી અને દૂધ; (૭) સંતરાં અને નારંગી જેવાં ફળ ને સૂકી દ્રાક્ષ.

શૂક ધાન્યોમાં વિટામિન 'બી-૧'ની વિપુલતા છે અને આપણા આહારમાં તે વધારે હોવાથી વિટામિન 'બી-૧'ના પૂરતા પ્રમાણ માટે આપણો તેના ઉપર આધાર છે. રોજિંદા આહારનાં શૂકધાન્યોના 'થિયામિન'ના કુલ પ્રમાણમાંથી અરધા કરતાં વધારે આપણને મળે એમ છે, પણ અનાજને આહાર માટે તૈયાર કરવાની રીત ઉપર આનો આધાર છે. સંચામાં ખંડાએલા ને પૉલિશ થએલા ચોખામાં અને મેંદામાં બહુ જ થોડું વિટામિન 'બી-૧' રહે છે. મેકૅરિસન લખે છે કે મેંદા કરતાં ઘઉંના લોટમાં છ ગણું વધુ, ને પૉલિશ થએલા ચોખા કરતાં હાથછડના ચોખામાં આઠગણું વધારે વિટામિન 'બી-૧' હોય છે. ડાંગર કઠોળ અને મગફળીનાં ફોતરાંમાં 'થિયામિન'ની વિપુલતા છે.

'થિયામિન' પાણીમાં ખૂબ દ્રાવ્ય હોઈ ભાત અને શાકભાજી રાંધેલા પાણીમાં તે પચાસ ટકા જેટલું ભળી જાય છે. છાલ સહિત બાફેલા બટાટામાંથી માત્ર દસ ટકા, પણ છોલેલા બટાટાને બાફવામાં પચીસ ટકા 'થિયામિન' પાણીમાં ભળી જાય છે. એટલે શાકનું પાણી અને ભાતનું ઓસામણ ફેંકી દેવામાં 'થિયામિન' વેડફાય છે.

વળી આ વિટામિન વધારે ગરમી જીરવી શકતું નથી. ઊકળતા પાણીની ગરમીથી વધારે ગરમીએ તેનો વધારે નાશ થાય છે. વધારે ગરમીમાં તૈયાર થએલા મમરામાં વિટામિન નથી હોતું. બગડે નહિ એવી રીતે ડબ્બામાં સંઘરાએલા (કૅન્ડ) માંસમાં પણ ૮૦ ટકા 'થિયામિન' નાશ પામે છે. ઘટ્ટ દૂધમાં તે જળવાય છે.

ધાન્યો અને કઠોળ કરતાં શાકભાજીમાં ચોથા ભાગનું 'થિયામિન' છે. પણ તે પૂરતા પ્રમાણમાં ખાઈએ તો જ તેનો લાભ મળે. શાકભાજી પાણીમાં બાફતી વખતે કે કઠોળ ચડતી વખતે સોડા નાખવાથી 'થિયામિન' મોટા પ્રમાણમાં નાશ પામે છે.

આંતરડાંના જીવાણુઓ થોડા 'થિયામિન'નું સંશ્લેષણ કરે છે. સમયાનુસાર અને માણસે માણસે એના ફેર રહે છે.

એક હજાર ઉષ્ણાંકે માત્ર અરધા મિલિગ્રામ 'થિયામિન'ની જરૂર પડે છે. પુખ્ત વયના માણસ બે હજાર ઉષ્ણાંકથી ઓછો ખોરાક પામતો હોય તો તેને રોજ એક મિલિગ્રામ (૩૩૦ ઈન્ટરનૅશનલ યુનિટ) 'થિયામિન' જોઈએ. સખત પરિશ્રમ કે ભારે વ્યાયામ કરનારને પણ વધારે જોઈએ. વૃદ્ધિકાળ કરતાં પુખ્તવયના માણસોને, સગર્ભાવસ્થામાં અને સ્તનપાન વખતે પણ એના વધારે પ્રમાણની જરૂર છે.

ખોરાકમાં ઉષ્ણાંકનું પ્રમાણ ન વધે તો 'ન્યૂરાઇટિસ' થઈ આવે છે. દારૂના વ્યસનીના અને સગર્ભાવસ્થાના ન્યૂરાઇટિસનું આ કારણ છે. જોકે ચરબી અને સ્નેહામ્લોથી થિયામિનની જરૂરત ઘટે છે, એટલે રોજિંદા આહારમાં દૂધ માખણ અને ઘીનું મોટું મૂલ્ય છે. કૅલ્શ્યમ, લોહ, ફૉસ્ફરસ, ને 'એ' 'સી' તથા 'ડી' વિટામિનોના પૂરતા પ્રમાણના આહારમાંથી આશરે દોઢ મિલિગ્રામ વિટામિન મળી રહે છે.

## વિટામિન 'બી-૨ કૉમ્પ્લેક્સ'

વિટામિન 'બી'ના સંશોધનમાં આગળ ધપતાં વિટામિન 'બી-૨' હાથ લાગ્યું; પણ પછી તો આ એક વિટામિન નહિ પણ અનેક વિટામિનોનું જૂથ જણાયું. આમાંનું એક કુમળી ડાંખળીઓ અને પાંદડાંના પીળા રંગ અને લીલી છાંયના વર્ણનું દ્રવ્ય છે. દૂધ અને ઈંડાંમાં આ રંગ દેખાય છે. તેનું નામ 'રિબોફ્લૅવિન' રાખવામાં આવ્યું. બીજાનું નામ 'નિયાસિન' કે 'નિકોટિનિક ઍસિડ' કહેવાયું. આ ઉપરાંત, ચામડી લોહી ને આંત્રમાર્ગના આરોગ્ય માટે આવશ્યક એવાં શોધાએલાં 'બી' વર્ગનાં વિટામિનો 'બી-૨ કૉમ્પ્લેક્સ'ના નામે ઓળખાય છે. એનાં નામ 'પાઇરીડોક્સિન' 'પૅરાઍમાઈનો બેન્ઝૉઈક ઍસિડ' 'બાયોટિન,' 'પેન્ટોથેનિક ઍસિડ', 'કૉલિન', 'ઇનોસિટોલ', 'ફૉલિક ઍસિડ' અને 'સાયાનોકોબાલમિન' (વિટામિન 'બી-૧૨') છે. આ વિટામિનો બધાં ખાદ્યોમાં હોય છે અને તેમના સૂક્ષ્મ પ્રમાણની જરૂર રહે છે. વળી આંતરડાંના જીવાણુઓ ખૂટતાં વિટામિનોનું સંશ્લેષણ કરતા હોવાથી વ્યક્તિને તે મળી રહે છે. આ બધાં વિટામિનો પાણીમાં દ્રાવ્ય છે અને ગરમી જીરવી શકે છે. સલ્ફા અને ઍન્ટીબાયોટિક ઔષધીઓના સેવનથી જીવાણુઓની ક્રિયા અટકી પડીને આ વિટામિનોની ન્યૂનતા ઊભી થાય છે, એટલે એવાં ઔષધો સાથે 'બી-કૉમ્પ્લેક્સ' વિટામિન પણ આપવામાં આવે છે.

વિટામિન 'બી-૧'ની જેમ 'બી-૨' વિટામિનો શરીરમાં સંઘરાતાં નહિ હોવાથી રોજિંદા આહારમાં તેમની આવશ્યકતા છે. ઊછરતી વયનાં છોકરાં, સગર્ભા સ્ત્રીઓ ને ધાત્રીઓને તે ખૂબ પ્રમાણમાં જોઇએ. ઊગતી વયમાં વૃદ્ધિ માટે તેમજ બધી ઉમરે આરોગ્ય અને પ્રાણશક્તિ માટે 'બી-૨' વિટામિનો જરૂરી છે. એ બળ વધારે છે. તેનાથી ચામડીનું આરોગ્ય ને પાચનમાર્ગની ક્રિયાઓ જળવાય છે. એમની ન્યૂનતાનાં લક્ષણો જણાવા ન પામે એટલા પ્રમાણમાં આહારમાં તે હોઈ શકે ખરાં. પણ સુદૃઢ આરોગ્ય માટે તો તે પુષ્કળ પ્રમાણમાં જોઇએ.

'બી-૨ કૉમ્પ્લેક્સ' વિટામિનો નાની પાંખડીઓ અને કુમળાં પાનમાં બને છે. પશુ-પ્રાણીઓ એ ડાળપાન ખાતાં હોઈ તેમનાં માંસ ઈંડાં અને દૂધમાં આ વિટામિનો તૈયાર હોય છે. આ પ્રાણિજ ખાદ્યો ઉપરાંત શાક અને ભાજી ખાવાથી પણ આ વિટામિનો મળી રહે છે. એક જ ખાદ્યમાં બધાં 'બી-૨' વિટામિનો હોય છે. આમાંનું એકાદ બીજા કરતાં ઓછું હોય એટલું જ. આપણાં ખાદ્યોમાં રહેલા તેમના પ્રમાણની યાદી મૅકેરિસને આ પ્રમાણે આપી છે:

'બી-૨' વિટામિનોના શ્રેષ્ઠ ધારકો: દૂધ, પનીર, દૂધનો પાઉડર, લીલી ભાજી, વટાણાની શીંગો, ઈંડાંની સફેદી, કલેજી, મૂત્રપિંડ ને માંસ.



ચિલાઇટિસ



ગ્લૉસાઇટિસ



ડરમૅટાઇટિસ



ન્યૂરાઇટિસ

મોઢાના ખૂણાઓમાં સોજા આવી, ચામડી ફાટી જઇને ચાંદી પડવી ને નસકોરાંની ધાર ઉપર સોજો આવવો; જીભ લાલચોળ ને આડી બની તેમાં ચીરા પડવાં; ચામડી ઉપર ફૂનસીઓ થવી; જ્ઞાનતંતુમાં સોજા આવવા ને પગની ચામડી કાળી પડવી આ બધી આહારમાં વિટામિન 'બી'ની ન્યૂનતા દર્શાવતી નિશાનીઓ છે.

'બી-૨' વિટામિનોના મધ્યમ ધારકો : કઠોળ, મગફળી, સોયાબિન, ટમેટાં, બટેટાં, સક્કરિયાં અને નારિયેળ.

તેના કનિષ્ઠ ધારકો : શૂકધાન્યો, ગાજર, કંદમૂળ અને ફળો.

ઘી માખણ તેલ ખાંડ મેંદો અને પૉલિશ કરેલા ચોખામાં તે મુદ્દલ નથી. આ યાદી ઉપરથી ફલિત થાય છે કે જો રોજિંદા આહારમાં દૂધ દહીં છાશ કે માંસાહાર અને તાજાં લીલોતરી શાક ને ભાજી હોય તો 'બી-૨' વિટામિનોની ઊણપ ઊભી થતી નથી.

## રિબોફ્લેવિન – વિટામિન 'બી-'

અખતરાઓમાં પ્રાણીઓની વૃદ્ધિ માટે રિબોફ્લેવિન આવશ્યક જણાયું છે. એમાં 'બી-૧' ને 'ડી' વિટામિનો સહિત પૂરતા ઉષ્ણાંકવાળા ખોરાક ઉપર નભતાં પ્રાણીઓની વૃદ્ધિ અટકી ગઇ, પણ રિબોફ્લેવિનનું યોગ્ય પ્રમાણ મળતાં તે પાછી શરૂ થઇ. મોઢાના ખૂણાઓમાં સોજા આવી, ચામડી ફાટી, ચાંદી પડીને 'ચિલાઇટિસ' થાય છે. નસકોરાંની ધાર આગળ સોજો આવે છે, જીભને ટેરવે અને ધારો ઉપર સોજો આવી તે લાલચોળ અને આળી બને છે ને તેમાં ચીરા પડે છે. ગરમાગરમ તીખી વાનીઓ ખાતાં વેદના થાય છે. હોઠ પણ લાલચોળ બની તેની ધારો ઉપર ચીરા પડે છે. આંખો કાન નાક ગાલ ને કપાળની ચામડી ઉપર ફૂનસીઓ થાય છે, આંખના કોર્નિયામાં કેશવાહિનીઓ ઊપસી આવે છે (કેરેટાઇસિસ), આંખ લાલચોળ થવા સાથે તેમાં લાહ્ય બળે છે. દિવસે દૃષ્ટિમાં ઝાંખ પડે છે. બાળકોને આ ખોડ માટે કોઇક ચશ્માં પહેરાવાય છે, પણ ખરી રીતે તો તેમને સમતોલ આહાર ની જરૂર છે. ઉપરાંત, રાતના અંધારામાં જોવાની શક્તિ ઘટે છે.

કામકાજ પ્રમાણે પુખ્ત વયના માનવીને રોજ ૨-૨ થી ૩-૧ મિલિગ્રામ રિબોફ્લેવિન મળવું જોઇએ પણ એકથી દોઢ મિલિગ્રામનું ન્યૂનતમ પ્રમાણ પૂરતું ગણાયું છે. વિટામિન 'એ' અને 'બી-૧'થી પુષ્ટ ખોરાક રિબોફ્લેવિનથી પણ પુષ્ટ હોવાનું હચિન્સનનું કહેવું છે. માત્ર ભાત અને શૂકધાન્યો ઉપર નભતા લોકોને રિબોફ્લેવિનની ન્યૂનતા પેદા થતી હોવાનું ઓર્કોઇડનું કથન છે.

## નિકોટિનિક ઍસિડ કે નિયેસિન

આ વિટામિન પેલાગ્રા રોગનિવારક (પેલાગ્રા પ્રિવેન્ટિંગ) છે. માત્ર મકાઇના ખોરાક ઉપર નભતા લોકોને થતા પેલાગ્રાની શરૂઆતમાં કપાળ ગાલ હાથ ને પગ જેવા સૂર્યપ્રકાશમાં ખુલ્લા રહેતા શરીરના ભાગો પર સોજો આવી તેના પર કાળાશ ફેલાય છે. પછી ઝાડા અને મંદવાડ(ડિમેન્શીઆ)થાય છે. હતોત્સાહ એટલો ઉગ્ર હોય છે કે રોગી તર્કબુદ્ધિ પણ ગુમાવે છે. ઉપરાંત મોંમાં અને જીભ પર દાહ પણ થાય છે. પેલાગ્રાથી પીડાતાં બાળકોમાં નાનું કદ ઓછું વજન અને મંદ બુદ્ધિ હોય છે. બીજાં ચિહ્નોમાં મુખદાહ, હાથ પગ ને મોં ઉપર શ્યામ વર્ણ, ઝાડા ને થોડા સોજા હોય છે. પેટના કૃમિને લીધે થએલા રક્તક્ષય વખતે પેલાગ્રાનાં લક્ષણો દૃતાં થાય છે. સંગ્રહણી સાથે પણ પેલાગ્રાનાં લક્ષણો હોય છે. મુખદાહ અને જીભદાહ રિબોફ્લેવિનની ન્યૂનતાના લીધે પણ હોઇ શકે છે. એટલે થિયામિન, રિબોફ્લેવિન અને નિયેસિનની ન્યૂનતાનાં લક્ષણો એકીસાથે હોઇ શકે છે. કારણ? કોઈ એક વિટામિનની એકલી ન્યૂનતા જવલ્લે જ થાય છે. અપૂરતું પોષણ પામતી વ્યક્તિને લોહ, કૅલ્શ્યમ, 'એ' 'ડી' 'સી' વિટામિનો અને એક કે બધાં 'બી' વિટામિનોની ન્યૂનતા હોય છે.

રિબોફ્લેવિન કે નિયેસિન કે બન્નેની ઊણપવાળો આહાર, આહારના બીજાં ઘટકોમાં ખાસ કરીને ઉચ્ચ પ્રકારનાં પ્રોટીનોની ઊણપવાળો હોય છે. આવા અપૂરતા પોષણ પામતા રોગીને વિટામિનો સાથે સમતોલ આહાર મળે તો જ આરોગ્ય પ્રાપ્ત થાય છે. ખામીવાળા આહારને સમતોલ કરવા માટે દૂધ કે ઇંડાં માંસ અને તાજાં લીલોતરી શાક ને ભાજીનો સમાવેશ થવો જોઇએ, જેથી પ્રથમ પંક્તિનાં પ્રોટીનો અને 'બી-૨' વિટામિનો મળે.

ઉચ્ચ પ્રકારનાં પ્રાણિજ પ્રોટીનોના ટ્રિપ્ટોફેનમાંથી શરીરમાં નિયેસિન પેદા થાય છે. મગફળીમાં ટ્રિપ્ટોફેન હોવા સાથે નિયેસિન પણ સારા પ્રમાણમાં છે. કઠોળ અને ઘણાંખરાં સૂકાં ફળોમાં નિયેસિન આવેલું છે. મકાઈ અને ચોખામાં ટ્રિપ્ટોફેન તદ્દન થોડું છે.

અમેરિકાની નૅશનલ રીસર્ચ કાઉન્સિલે પુખ્ત વયના માનવીને કામગીરી અનુસાર રોજ ૧૫થી ૨૩ મિલિગ્રામ નિયેસિનના પ્રમાણની ભલામણ કરેલી છે, પણ ૧૦ થી ૧૨ મિલિગ્રામ પૂરતું નીવડે છે.

## અન્ય 'બી-કૉમ્પ્લેક્સ' વિટામિનો

બાયોટિન : બધાં શાકભાજી શૂકધાન્યો અને સૂકાં ફળોમાં બાયોટિન છે. કલેજી મૂત્રપિંડ ઇંડાંની દાળ અને દહીંમાં તે સારા પ્રમાણમાં હોય છે, દૂધમાં ઓછું. દાળ રોટલા અને છાશ ખાનાર ગરીબ વર્ગને પણ આ વિટામિનની ન્યૂનતા આવવાના સંજોગો ઓછા છે. ખોડાથી માથામાં પડતી તાલ માટે બાયોટિન ગુણદાયી નીવડ્યું છે.

મોસંબી નારંગી અને લીંબુ, ભાજી અને શૂકધાન્યો, દૂધ ઇંડાં અને માંસાહારમાં આવેલું 'ઇનોસિટોલ' શરીરમાં સ્નેહામ્લોના વપરાશમાં ઉપયોગી છે. તે વાળ વધારનાર ગણાય છે. તેની ન્યૂનતાથી વાળ ખરે છે.

'બી-૬'ના નામે ઓળખાતું 'પાઇરિડોક્સિન' શકધાન્યો, બી-આંના ફોતરાં ને અંકુરોમાં રહેલું છે. શાકભાજી ઇંડાં અને મચ્છીમાં થોડા પ્રમાણમાં છે. ગોળ અને તેલમાં સારા પ્રમાણમાં છે. ઉચ્ચ પ્રોટીનો કૅલ્શ્યમ લોહ અને 'એ' 'સી' 'ડી' વિટામિનવાળા ખોરાકથી પાઇરિડોક્સિનની ઊણપ પેદા થતી નથી. પાઇરિડોક્સિન વિનાના ખોરાક ઉપર નભતાં બાળકોને તાણ આવે છે. ફોતરાં નાશ પામે એવી રીતે સંચામાં તૈયાર થએલાં દાળ અને ચોખાના આહારમાં પાઇરિડોક્સિનની ન્યૂનતા આવવાથી જ્ઞાનતંતુના ઉશ્કેરાટ અને થાક વધ્યાં છે.

બધી જાતનાં ખાદ્યોમાં 'પૅરાઍમાઈનો બૅન્ઝૉઈક ઍસિડ' હોય છે. વળી, આંતરડાંમાં જીવાણુઓ પણ તેને પેદા કરે છે. સલ્ફા અને ઍન્ટીબાયોટિક ઔષધીઓના સેવનથી જીવાણુઓની ક્રિયા બંધ પડતાં એનું પ્રમાણ ઘટે છે. આની ન્યૂનતાથી વાળ ધોળા થતા હોવાનું મનાય છે.

બધી જાતનાં ખાદ્યોમાં આવેલું 'પૅન્ટોથૅનિક ઍસિડ' બળ ને દીર્ઘાયુ બક્ષનાર અને વૃદ્ધાવસ્થાનાં લક્ષણો (વાળ ધોળા થવા વગેરે) ટાળનાર છે. લીલા છોડવાઓમાં તે ઉત્પન્ન થઈ બીઆંનાં ફોતરાંમાં સંઘરાય છે. મધ તેનું શ્રેષ્ઠ સાધન છે. તેની ન્યૂનતાથી પગના ચાળખામાં લાહ્ય બળવાની સ્થિતિ પેદા થાય છે.

ફૉલિક ઍસિડ : લીલોતરી શાક અને ભાજીમાં પથરાએલું આ વિટામિન દહીં અને કલેજામાં પણ છે. આંતરડાંમાં તેનું સંશ્લેષણ થાય છે જે માખણથી વધે છે. મગફળી અખરોટ ને ઘઉંમાં પણ તે ખૂબ છે. સગર્ભાવસ્થા અને બાલ્યાવસ્થાના રક્તક્ષય નિવારવા ને મટાડવા માટે તેની ખ્યાતિ છે. વળી તે વાળ ધોળા થતા પણ અટકાવે છે. સંગ્રહણીમાં આંતરડાંમાંથી ખોરાકનું શોષણ ઘટી ઝાડામાં પુષ્કળ ચરબી જાય છે. ફૉલિક ઍસિડથી આ રોગમાં ખોરાકનું શોષણ સુતરું છે.

સાયાનોકોબાલમિન કે વિટામિન 'બી-૧૨' : દુષ્ટ પાંડુ (પર્નિશીઅસ ઍનીમિયા) વિરોધી આ લાલચોળ રંગી વિટામિન વનસ્પતિના કોઈ ખાદ્યમાં નથી, પણ માંસાહારમાં કલેજું અને મૂત્રપિંડ તેનાથી સમૃદ્ધ છે. માંસ પનીર કેસીન ઇંડાંની દાળ વગેરેમાં તે થોડુંક છે. આંતરડાંના જીવાણુઓ પણ તેને પેદા કરે છે.

હાડકાંના માવામાં લોહીના કણો બને છે તે ફૉલિક ઍસિડની હાજરી વિના બનતા નથી. વિટામિન 'બી-૧૨' પણ તેના ઉત્પાદનમાં જરૂરી છે. વિટામિન 'બી-૧૨'ની ઓછપથી દુષ્ટ પાંડુ ને સાથે સંગ્રહણી પણ થાય છે. શાકાહારીઓના ખોરાકમાં વિટામિન 'બી-૧૨'નું પ્રમાણ ઓછું હોય છે. આ કારણે જીભ અને મોઢાની આળાશ, હાથની ઝણઝણી અને બુઠ્ઠાપણું, નષ્ટાર્તવ, બરડા અને કરોડમાં વેદનાને લીધે અશક્તિ ને થાક વગેરે ચિહ્નો દેખા દે છે. ફૉલિક ઍસિડના કરતાં પણ આ વિટામિન દુષ્ટ પાંડુના ઉપચારમાં તેમજ દુષ્ટ પાંડુથી થતા જ્ઞાનતંત્રના બગાડામાં સચોટ ઔષધ રૂપ છે.

---

# ટિકિટસંગ્રહ







નેતાજી સુભાષચંદ્ર બોઝની યાદમાં ૨૩મી જાન્યુઆરીએ અને કસ્તૂરબાની ૨૦મી પુણ્યતિથિ નિમિત્તની ૨૨મી ફેબ્રુઆરીએ બહાર પડેલી ભારતની બે નવી ટિકિટો. (પ્રેષક : કુ. હેમાંગિની દેસાઈ અને કુ. રોહિણી–વિલેપારલે)



૨૯મી ઑક્ટોબરે બહાર પડેલી 'રેડ ક્રૉસ શતાબ્દી' નિમિત્તની અમેરિકાની પાંચ સેન્ટની ખાસ ટિકિટ.





ગઈ પાંચમી ઑક્ટોબરે ટેનેસીના કાર્થેજ મુકામેથી ત્યાંના કૉર્ડેલ હલની યાદમાં અમેરિકાએ બહાર પાડેલી ખાસ ટિકિટ. હલ ૧૯૩૩થી ૧૯૪૪ સુધી અમેરિકાના સેક્રેટરી ઑવ સ્ટેટ્સ હતા. બીજા વિશ્વયુદ્ધ જેવા કપરા કાળ દરમિયાન એમના મંત્રીપદના સમય જેટલા ગાળા સુધી અગાઉ કોઈ વ્યક્તિ એ સ્થાને ટકી નથી. 'યુનો'ની સ્થાપનામાં એમનો ઘણો મોટો ભાગ હતો. ૧૯૪૫માં એમને નોબેલ પ્રાઈઝ મળેલું. ૧૯૫૫ની ૨૪મી જુલાઈએ એમનું અવસાન થયું.

ક્યુબામાં રેડક્રૉસ સોસાયટીએ કરેલી કામગીરીને અમેરિકાએ તેની ટિકિટમાં બિરદાવી છે. એમાં ઝંડા હેઠળ ક્યુબન હિજરતીઓ છે.

માલાગાસી (માડાગાસ્કર) પ્રજાસત્તાકની સુંદર ટિકિટો. (પ્રેષક : અકબરઅલી કપાસી, બૉહેમર) જેમાં ત્યાંનાં બે સુંદર પતંગિયાં, એક વનફૂલ, ત્યાંના એક પ્રાંત ફેનેરેન્ટુઆ પ્રાંતની મુદ્રા, લૅમુર, વિકાસ યોજનાનું એક દ્યોતક ચિત્ર ને તમાકુના વાવેતરનું આલેખન છે.

# ફૉલી બેર્ઝેર

**ફ્રાન્સની રંગીલી રંગભૂમિ**

રંગગઠરિયાં-૩૯

**ચન્દ્રવદન મહેતા**




આજ દાયકાઓથી ફૉલી બેર્ઝેરના કર્તાહર્તા પૉલ દેરવેલ

ફૉલી બેર્ઝેર જવા માટે ઑપેરાથી ઉત્તરનો રસ્તો લઇએ. પારી(સ)માં સેક્રે કોએરના પ્રખ્યાત ને પવિત્ર દેવળ તરફ નજર રાખી જતાં સંતોની ટેકરી નજીક પહોંચીશું. એ જ 'મોં માર્તિરમ' એટલે આજનું મોમાર્ત યા મોમાર્ત: કોઇ સંતે માર્ટિર્ડમ-શહીદી કરી તે જગ્યા.

આ ધરતી ઉપર ઍકોર્ડીઅનની સાથે અસંખ્ય અને અંતરમાં કોતરાઈ રહે એવા પિયારે ઓરલાંએ, ફ્રાન્સિસ કાર્લોએ, મૅક્સ જેકોબ અને પાબ્લો પિકાસોએ ફ્રાન્સનાં ગીતો ગાયાં, યા ચિત્રો ચીતરી કીર્તિ કમાયા. ચિતારાઓ તો ચીતરે, પણ સામે બેસીને પોતાને ચીતરવા દે એવી રમણીઓ પણ અહીં ઠેરઠેર જોવા મળે; રસ્તે ચાલતાં ગીતના ગાનારા મળે. દુનિયાભરના લોકોની જાત અહીં ફરતી જોવા મળે. ગીત–ચાન્સન, હલક ભાવ અને મસ્તીભર્યું ગીત, એ આ ધરતીનો તરવરાટ છે. અને એવા જૂના તથા નવા ગાનારાઓએ અહીં રંગભૂમિને રંગીલી બનાવી છે.

અઢારમી સદીમાં જ્યારે ફક્ત ગણ્યાંગાંઠ્યાં થીએટરો હતાં ત્યારે અહીં ચાક-ચોગાનમાં 'ફ્રારસ્યૂર તુલુપિન' અને 'ગારગુઈલ' પ્રેક્ષકોનું મનોરંજન કરતાં જાતજાતના ઠઠ્ઠો લહેકાવતાં. અહીં પ્રખ્યાત નિકોલેએ પોતાનો તંબૂ બાંધી ખેલ કરવા શરૂ કર્યા ત્યારે સરકારે તે પર પ્રતિબંધ મૂક્યો. તો એણે તે રાત્રે પ્રતિબંધને માન આપી કેવળ મૂક અભિનયથી જ લોકોનાં દિલ જીત્યાં! પછી આવા ઠેકડીબાજ ને ઠઠ્ઠાબાજ નટવૈયાઓના ખેલની ટિકિટ ઓછામાં ઓછા દરની રાખવાનો હુકમ નીકળ્યો. સરકારનો મદાર એવો કે ઑપેરા અને કૉમેડી ફ્રાન્સ્વામાં જનારા માલેતુજારો, ડ્યૂક બૅરન સાહેબો, ટીચકુદાસો પોતાના મોભો વિચારી આવી અણછાજતી હલકી ટિકિટો ખરીદી આવા ખેલ જોવા નહિ જાય, પણ પરિણામ જુદું જ આવ્યું!

થીએટર ફ્રાન્સ્વાની ગાનારી કલાઇરૉનને મોં માગ્યા પૈસા આપી એ પોતાને ત્યાં ગાવા લઇ આવ્યો. એક વાર એનો તંબૂ બળી ગયો ત્યારે ઉમરાવજાદી ડચેસ ડુબારીએ પૈસા આપી એને માટે ત્યાં જ નાટકશાળા બંધાવી આપી. કાફેમાં ગીતો ન ગાવા દેવા માટે વટહુકમો છૂટતા ગયા; પણ જમાનો બદલાતો ગયો, ગીત ગુંજતાં રહ્યાં, નવાં લખાતાં આવ્યાં, લોકોને રુચવા લાગ્યાં, રૂઢિઓ તૂટવા લાગી ને નવી પ્રણાલિકાઓ સર્જાવી શરૂ થઈ. કલાકારોએ સિદ્ધાંતો રચ્યા, પ્રજા પાસે સ્વીકારાવ્યા; લડાઇઓ આવી અને ગઈ; ગામની ધર્મશાળાઓ, શહેરના ચૉક-ચૉતરાઓ અને કાફે-હૉટલોની નાનકડી રંગભૂમિ ઉપર ગીતના લલકાર બુલંદ અવાજે વધવા લાગ્યા; પ્રથા ફૅશન થઇ ગઈ, ફૅશન મૂળ ઘાલી બેઠી ને મસ્ત બનીને આ શોખીન પ્રજાનાં દિલ તરબોળ કરતી થઈ ગઇ. પ્રતિબંધના હુકમો કાઢનારા જાતે એ ચડસે ઝલાયા, ખુશીથી આગલી ખુરશી ઉપર ગીતો સાંભળવા પડાપડી કરવા લાગ્યા, એમાં એક થેરેસા અને ઇવેટ ગિલ્બર્ટ તો પોતાના માદક કંઠથી લોકોને ઘેલા કરી નાખ્યા.



માલારૂઝ: જેના ઉપર નવલકથાઓ, કાવ્યો ને ગીતો લખાયાં છે

એ લત્તામાં રેસ્ટોરાં 'મોલારૂઝ' તો, માને, ગૉગ, લોત્રેક વગેરે જેવા આજે જગમશહૂર થએલા ચિત્રકારોનો અડ્ડો. ગિલ્બર્ટ ત્યાં ગાય, ચિતારાઓ ચીતરવાની સ્પર્ધા કરે. મોલારૂઝ ખૂલ્યું ૧૮૮૯ના, એપ્રિલમાં; એનાથી વીશ વર્ષ પહેલાં, ૧૮૬૯ના મેમાં ખૂલ્યું થીએટર ફૉલી બેર્ઝેર: પાંચેક વર્ષ પછી એના અસ્તિત્વને સો વર્ષ થશે.

અહીં અસલ એક રંગારો રહેતો. એનું નામ બર્ઝિયર. અને અહીંની આસપાસની રળિયામણી લીલીકુંજાર જગ્યામાં શોખીન જીવડાઓ પ્રેમચેષ્ટા કરવા, ખાણીપીણી કરવા આવતા. ત્યાં ખુલ્લામાં નાચરંગ પણ થતા, એટલે એ જગ્યા ફૉલીને નામે ઓળખાતી. બર્ઝિયરનું બેર્ઝેર થઈ ગયું, અને એમ આ સ્થાન 'ફૉલી બેર્ઝેર'ને નામે પંકાવા માંડ્યું. રાતે અહીં સંગીતના કાર્યક્રમ થતા. પણ દિવસે રાજકીય ચૂંટણીની સભાઓ ભરાતી. પછી રાતે નાચરંગ ઉમેરાયા; જાદૂગરો આવવા લાગ્યા. લિયોં સારી નામના મૅનેજરે ત્યાં બેમાથાંવાળી નારી, સાપ ગળી જતા જાદૂગરો, પેટ ચીરીને એમાંથી મોતીની સેર કાઢી બતાવનારાઓ, એવાંએવાં કપટકળાનાં કરતૂકો દેખાડવા માંડયાં. પ્રખ્યાત ચિતારા માનેએ 'ફૉલી બેર્ઝેરનો બાર' નામનું ચિત્ર ચીતરી પારી(સ) આખાનું ધ્યાન ખેંચ્યું અને ગલ્લામાં સિલક ઊભરાવા માંડી. એકાએક સારીના હૃદયમાં ફરી ક્યાંક કંઇક ખૂંચ્યું હશે તે, નાચરંગ બંધ કર્યા, પોટ્ટીઓને રજા આપી અને ત્યાં ફક્ત ગુનો (દ) સાંસે, અને દેબિમેના સંગીતજલસા જ કરાવવા માંડ્યા. શું થાય? ગલ્લાનાં તળિયાં દેખાવા માંડ્યાં! ફરીથી હૃદયમાં ખૂંચતું હતું તે કાઢી નાખ્યું, છોકરીઓને નાચવા ફરી બોલાવી, પણ ગલ્લાનો બગડેલો હિસાબ ન સુધર્યો, અને ફૉલીને બારણે તાળાં દેવાનો નિરધાર કરવામાં આવ્યો.

એવે ટાણે આવ્યા બે ભાઈ: ઍમિલ અને વિન્સેન્ટ ઇસોલા. બાપ અલ્જીરિયામાં આવેલા બ્લીડા ગામમાં નાનામોટા ખેલ કરે. એની પાસેથી એક ભાઈ જાદૂકળા શીખ્યો, અને બંને ભાઈ પારી(સ)માં નસીબ અજમાવવા ચડી આવ્યા. એમનો સર એક્કાનો ખેલ તે વિલિયમ ટેલ. એક બાપ બની બીજાના માથા ઉપરથી સફરજન બંદૂકથી વીંધે. દીકરો પીઠ ફેરવી ઊભો રહે. અલબત્ત, બંદૂકનો ખાલી બાર. એ સાંભળતાં દીકરો જરા માથું હલાવી સફરજન પાડી નાખે, અને એક

બંદૂકની ગોળીના કાણાવાળું સફરજન સિફતથી બદલી પ્રેક્ષકોમાં ફેરવી બતાવે. એ જાદુ! ક્યાંક લાંકરી થીએટરમાં પહેલા જ પ્રસંગે નસીબ વાંકું, તે હજી તો બંદૂક આકાશ તરફ તાકી નીચે લાવવા જાય છે, તે પહેલાં ધડાકો થઇ ગયો! પેલું સફરજન પડ્યું, અને ફેરવવા પ્રેક્ષકોને આપ્યું. તરત એ જ સફરજન પ્રેક્ષકે ઇસોલાને ફટકાર્યું! અને પછી તો, જે કંઈ ખાવાનું લાવ્યા હશે એના છોતરે છોતરે બિચારા વધાવાયા. પણ નસીબની બીજી પાંખ સાબૂત હશે, તે એ ચોકની બાજુમાં એક કિશોર મરણપથારીએ પડેલો, તે એની માને રોજ આવા કોઇ જાદુના ખેલ જોવા જિદ કરી કહેતો. મા તવંગર, તે આ બે ભાઇઓને પોતાને ત્યાં બંગલામાં ખેલ કરવા બોલાવી ગઇ, અને ત્યાં આ ભાઇઓ એક જ નહિ પણ રોજ જઈ જઈ જાતજાતના નાના ખેલ કરીને માંદા કિશોરને રીઝવે. છેલ્લા ત્રણ દિવસ તો ઇસોલા બન્ધુ એની સાથે જ રહ્યા. કિશોર ગુજર્યો, માએ ત્યાર બાદ આ બે ભાઈઓને પૈસા આપવા માંડ્યા, પણ એ કોઇ લે નહિ. એમ સંબંધ સારો બંધાયો. જતે કાળે ઘરડી માએ સારી ઓથ આપી, અને બે ભાઇઓ પારી(સ)નાં એક પ્રખ્યાત થીએટરના મૅનેજર પણ થયા, ફોલી બેર્ઝેરનો હવાલો પણ લીધો.

પણ તે પહેલાં ઇસોલા બન્ધુ ફૉલીમાં ઝળક્યા હતા. જ્યારે ત્યાં બારણે તાળાં દેવાવાનાં હતાં, તે ઘડીએ એ બેએ જાદુના નહિ પણ સંગીતના કાર્યક્રમો રજૂ કરવા માંડ્યા. પાકો ચવચવનો મુરબ્બો! જાદૂ, નાચકૂદ, કુસ્તીદાવ, કસરત, મૂક અભિનય, ગીત-ગાના, વચ્ચે વચ્ચે સરકસિયા ખેલ, અને એમ રંગ જામ્યો. ત્યારે, ૧૮૮૬માં વીજળીની બત્તીઓ નહિ; ગૅસથી કામ ચાલતું. પાંચ ગૅસ ભરનારાઓ થીએટરમાં રોજ ગૅસ ભરે તો જ શો રજૂ થઈ શકે. પછી તો ત્યાં નાનકડો બાગ બનાવાયો, એમાં ફુવારો ઉડાવાયો, પ્રેક્ષકો માટે કૉફી, પીણાના બાર ખોલાયા, કાર્યક્રમમાં શક્ય એટલી બધી જ વિવિધતાઓ ભરીને એને જેમ બને તેમ આકર્ષક બનાવવામાં આવ્યો.

એ દરમિયાન ૧૮૯૩ના ફેબ્રુઆરીમાં પારી(સ)માં રંગદર્શનમાં નવો ઇતિહાસ સરજાયો. ૧૮૮૯માં ઊઘડેલા નિકટમાં આવેલા ‘મોલારૂઝ’માં દક્ષિણ પારી(સ)થી, એટલે કે સેન નદીને બીજે પારથી, લાટિન ક્વાર્ટર્સના વિદ્યાર્થીઓએ ‘મોલા રૂઝ’નું રેસ્ટોરાં આખી રાત માટે ભાડે રાખી, ત્યાં ચતુર્કલા-નાચનો કાર્યક્રમ યોજ્યો: ફોર આર્ટ્સ બૉલ. દર સાલ, વિદ્યાર્થીઓની એક રાત આ રીતે ગાંડાતુર થઇ ઊજવવાની પ્રથા હતી. ખાય, ઢીંચે, નાચે, મદેછકે. તોફાન-મસ્તીનો પાર નહિ. આખી રાતના રાજા. પોતાની જાતને કોઈ લૂઈ, તો કોઇ નેપોલિયન માને! કોઇ મજનૂ માને તો કોઇ ફરહાદ માને. કોઇ પોતાને ડૉન કિહોટે માને તો કોઇ કાસાનોવા માને. આપ આપકે તાનમેં મસ્તાન!

તે રાતે વળી ત્યાં સૌકોઈ ચિતારાઓની જીવતી જાગતી મૉડેલો મોઢાં-શરીર ચીતરાવવા બેસે. તે કુમારિકાઓ નોતરાએલી. આગ, ઘી અને શૅંપેઈન! એટલે બરાબર મધરાતે ભડકો થઈ ગયો! બે કિશોરીઓ: એક મમતમાં ઘેલી અને બીજી પીને મદીલી. એકબીજીનાં સૌંદર્ય સરખાવતાં, બેમાંથી મારો પગ વધારે સુંદર એવી જીભાજોડીમાં ચડભડી, બંને ટેબલ ઉપર ચડી પોતપોતાનો ટાંટિયો દેખાડવામાં પડી. વિદ્યાર્થીઓમાંના રંગીલાઓ પોતે જજની બૅંચ કરી બેઠા. અને પછી તો અંગેઅંગની સરખામણીની સ્પર્ધા શરૂ થઈ. એવામાં એકે તો, પોતાની જાતને વીનસ કહેવડાવીને જન્મી હતી એવા જ હાલે ટેબલ ઉપર ચડી, બધા કરતાં હું ખૂબસૂરતીનો અવતાર, વીનસ દ મેલો જ, મારા જેટલું કોઈ સુંદર નહિ, એમ કહી ત્રાડ નાખી ઊભા રહી! એનું નામ મોના!

ધમાધમ અને ધુમાધુમ, ચિચિયારી અને કિકિયારી, હાહાકાર અને ધપ્પામાર, હસાહસ અને ભીંસાભીંસ! એ ઉજવણીની ખબર સેનેટર બેરૅંજરને સવારે પડતાં એ ઉશ્કેરાયા. માણસ ફ્રેન્ચ, પણ સ્વભાવમાં ગમ્મતનો છાંટો સરખો યે નહિ. જિંદગીભરમાં કદી એક વાર પણ મોં પર હાસ્ય ફરકાવેલું નહિ. તે એણે તો સરકારને ખળભળાવી મૂકી. મહિનાઓ સુધી આંદોલન ચલાવ્યું. જરા કુનેહ અને યુક્તિથી કામ લેવાને બદલે કિશોરકિશોરીઓને પકડ્યાં, સો સો ફ્રાન્કના દંડ કરાવ્યા. પરિણામે, શમી ગએલું તોફાન બળવાના સ્વરૂપમાં પ્રગટી નીકળ્યું. પછી તો ભારે થઈ ગઈ. સરઘસો, સંભાષણો, ચર્ચાઓ, બેરૅંજરના ચાડિયાની હોળી અને તોફાન વધતાં પોલીસનો લાઠીમાર, મારામારી. એમાં સૅારબૉ મહોલ્લામાં અગાશીમાં આરામથી કૉફી પીતો એક નિર્દોષ વિદ્યાર્થી વીંધાયો, મર્યો. બસ પછી તો સૅારબૉ અને લાટિન ક્વાર્ટર્સના વિદ્યાર્થીઓના અડ્ડામાંથી ક્રોધનો જ્વાળામુખી જ ફાટ્યો. પોલીસ બોલીસની એસીતેસી! જે થાણાં હાથમાં આવ્યાં ત્યાં ભાંગફોડ. આખરે લશ્કર બોલાવવામાં આવ્યું ત્યારે મામલો કાબૂમાં આવ્યો. બેરૅંજરે જાતિમર્યાદા જાળવનારું મંડળ કાઢ્યું, તો કાફેવાળાઓએ આ પ્રસંગનો ઉપયોગ કરી ઓછામાં ઓછે કપડે છોકરીઓ નચાવવામાં જવાબ વાળ્યો! થીંગડું દેતાં આભ ફાટ્યું! તદ્દન વસ્ત્રો વિનાની રજૂઆત એ ગુનો, પણ કપડાં કે ઘરેણાં કેટલા ઉપયોગમાં લેવાં, એનો નિર્ણય શી રીતે થાય? અને કોણ કરે? પછી તો જાતજાતના કિસ્સાઓમાં, એકાંકીઓમાં, સ્કેચોમાં, રંગભૂમિ ઉપર, બેરૅંજરનાં વિચારવર્તનને ઊધડે લઇ રોજ એની ઠેકડી ઉડાવવવામાં આવી.

૧૯૦૨ પછી ફૉલી બર્ઝેરમાં એક સળંગ આખ્યાયિકાની રજૂઆત થઇ. બધો ચવચવનો મુરબ્બો; એને કોઈ ને કોઈ રીતે સાંકળી લેવામાં આવે, એવી પ્રથા આરંભાઇ. અને એમાંથી કલાકૃતિઓ સરજાવા માંડી. દસ વર્ષના ગાળામાં તો ભલભલા કલાકારો ફૉલીને આંગણે શિર ઝુકાવી ગયા. ચૌદ વર્ષનો છોકરો ચાર્લી ચૅપલીન પણ એમાં આવી ગયો.

ઇ. ૧૯૧૪ સુધી રંગ બરાબર જામ્યો. પછી લડાઈના બૉંબ ફૂટ્યા, એમાં એક તો રેવ્યુના પહેલા અંકની સમાપ્તિ પહેલાં જ મકાન પર ફટકારાયો! મકાનના આગલા ભાગનાં કાચનાં બારીબારણાંનો તો રામરોટલો જ; અને અંદર ગભરામણ; નાસભાગની તૈયારી! મૅનેજરે સમયસૂચકતા વાપરી ઑર્કેસ્ટ્રાને ફ્રાન્સનું રાષ્ટ્રગીત ‘લા મારસેલ’ વગાડવાનું કહ્યું. એ વાગ્યું કે પ્રેક્ષકો સૌ પોતપોતાની બેઠકે શાંત ચિત્તે ઊભા રહ્યા! પછી માત્ર બે બાઇઓ જ થીએટરમાંથી બહાર ગઇ; બાકી બધાએ આખો કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધી જોયો!

મહાયુદ્ધ દરમિયાન કાર્યક્રમમાંથી ઝમક ઓછી થઈ જરૂર, પણ દુ:ખિયારા, કંટાળેલા, લશ્કરમાં ફેરફારીને અંગે આવતાં જતાં ઘવાએલા કઇક રોજ આવીને ત્યાં જીવ બહેલાવી જતા. એવામાં એક રાતે લડાઇ બંધ થયાના સમાચાર ચાલુ ખેલે આપવામાં આવતાં પ્રેક્ષકોએ બતાવેલી ઘેલછાનો પાર નહોતો! આનંદનો સનેપાત હોઇ શકે તો તે આ પ્રકારનો હોય, એમ જ આપણને લાગે. નાટક બંધ! કોઇકે ત્યાંનો પીઆનો પકડી વગાડવા માંડ્યું; કેટલાક બાજુમાં બેઠેલા અજાણ્યાઓને ઊમળકે ભેટી પડ્યા; કેટલાકે ગીતો જ લલકારવા માંડ્યાં; તો કેટલાક બહાર નીકળી નાચવા મંડ્યા! તે દિવસે સૌકોઇને એ જે કૈં કરે તેની માફી હતી. પારી(સ) તો શું પણ ફ્રાન્સ આખું એ આનંદને ઊભરે છલકાઇ ઊઠ્યું હતું.

ઈ. ૧૯૧૮માં પૉલ ડેરવેલના હાથમાં ફૉલી બેર્ઝેરનો સંપૂર્ણ વહીવટ આવ્યો એ પહેલાં, બાર વર્ષની ઉંમરે, એ આ થીએટરમાં શું છે તે જોવા ઘૂસી આવેલો, ત્યારે ત્યાંના વડા સુથારે એને બહારનો દર-

વાને પકડાવી દીધો હતો! પછી તો ત્યાંની આખી બાદશાહી એની હકૂમત નીચે આવી, જે સામ્રાજ્ય આજે પણ તે ભોગવે છે.

૧૯૨૯માં એણે થીએટરને નવો સ્વાંગ પહેરાવ્યો. બે વર્ષમાં એણે આખી જૂની બાંધણી ફેરવી નવો આકાર આપ્યો. આ અશક્ય લાગતી ઘટના એણે કાર્યક્રમો ચાલુ રાખીને સિદ્ધ કરી. એક દિવસ પણ થીએટર બંધ નહિ! ખાસ આ કામ માટે એણે અમેરિકાથી કૉન્ટ્રાક્ટરો બોલાવ્યા. બેઠકો વધારવાનું અને તખ્તાને નવેસરથી મોટો બનાવી, નવા પ્રકારની સાધનસામગ્રીથી સજાવવાનું ભગીરથ કામ એમને સોંપ્યું. જાદુગર પોતા પાસે કરામતી ડબ્બાઓ રાખે છે: એક પેટીમાં ન દેખાય એમ બીજી પેટી. એમ, બહારની દીવાલ ચણાતી જાય, અંદર રોજિંદો કાર્યક્રમ ચાલ્યા કરે. ભીંતોનાં ચોસલાં બહાર બનાવાતાં જાય અને એ તૈયાર થતાં અંદર ગોઠવાતાં જાય એવી યોજના અમલમાં મૂકી, અને બે વર્ષે નવું થીએટર ઊભું કર્યું; ૧૯૨૯માં. આજે કરવાનું હોય તો કદાચ એક વર્ષમાં કરી નાખે.

ફૉલી બેર્ઝેરની નજીકમાં બુલેવાર્ડ ક્લીચીને રસ્તે 'મોલારૂઝ'. એ રેસ્ટોરાં અને એમાં શરૂ થએલા જગમશહૂર 'કૅનકૅન' નૃત્યોનો ઇતિહાસ પણ એટલો જ રસિક છે. પણ આપણે એ જોવા નહિ થોભીએ. એનો સ્થાપક ઝાઇડ્લર, રોજ તુલુ લૉત્રેકને 'મોલારૂઝ' માટે પોસ્ટર ચીતરવા કહે; અને સેઝાં, ગૉગ, રેન્વર, મોને, લૉત્રેકે ચીતરેલાં ચિત્રો ઉપર ચર્ચાનો ચોતરો જમાવે. આ ચિતારાઓએ શૈલી સરજી, એ ઉપરથી ત્યાંની રંગભૂમિના પર્દાના રંગની ઢબ બદલાતી રહી. આમ, મોમાર્તમાં સંગીત, રંગ, નૃત્ય, કસરતી ખેલ, મૂક અભિનય જાદુ વેશભૂષા, એ બધાનો સમન્વય રજૂઆત કરવાની કલામાં થયો; નવેસરથી બાંધેલા ફૉલી બેર્ઝેરનો રંગ-તખ્તો રંગીલો બન્યો, 'હસવા માટે સુખની ઘડી હજી હવે આવવાની છે એમ માની એની રાહ ન જુઓ' એ સૂત્રમાં માનનારાઓનો લોકવર્ગ પેદા થયો.

હવે, આપણે જે રેવ્યુ જોવાના એની તૈયારી કરવામાં કેટલી જહેમત પડતી હશે, એનો પણ આછો ખયાલ કરી લઇએ તો ઠીક પડશે. ના, જી. પૉલ ડેરવેલ તો મૅનેજર-ડિરેક્ટર; એ નાટકકાર નહિ. એ રેવ્યુ લખનારને રાખે, એની સાથે ચર્ચા કરી વિચારોની આપલે કરે. આમ બુદાપેસ્તમાં જન્મી, ત્યાં ભણીગણી, કૉલેજની ડિગ્રી લઈ, પારી(સ)માં નસીબ અજમાવવા આવનાર માઇકલ ગિયારમથી સંભાળે. આ ગિયારમથી સંગીત જાણે, પિયાનો વગાડી શકે, ચિત્રો દોરી શકે, નાટકનાં દશ્યો પણ લખી શકે, અને સંજોગાનુસાર અણીની ઘડીએ કાવ્યો પણ લખી નાખે! હંગેરી દેશ પણ એવો જ છે. ત્યાં જન્મે એના ભેજામાં થોડાક તો સંગીતના સૂર સદૈવ મલકતા જ હોય. એક રેવ્યુ–નાટક-જલસા–ની તૈયારી ઓછામાં ઓછા દસ મહિના—કદી બાર મહિના વીતે. એ સમયમાં કૈકનાં માથાં ફરી જાય, કૈકનાં ભેજાંમાં ભૂત ભરાય, કામદારો ખાવુંપીવું ભૂલી જાય, રાત કે દિવસ જોયા વિના સતતની મહેનત ચાલુ રહે.

સુથારો પાસે ઢગલાબંધ સેટ્સના મોડેલો તૈયાર કરાવાય. એમાં વીશ નાચનારાંઓનાં રમકડાંઓને ગોઠવવામાં આવે. એને રંગબેરંગી કપડાં પહેરાવી, બત્તીમાં એનો દેખાવ જોવામાં આવે, એ એક પડખું. બીજું, એના નૃત્યની કોરીઓગ્રાફી: નૃત્ય શરૂ થાય ત્યારથી તે એના અંત સુધી એક-બે-ચાર બધી જ નર્તકીઓ કેમ ફરશે, કેટલી ફૂદડી ફરશે, કોની સાથે ફરશે, ક્યાં ફરશે, કઈ રીતે બેનાં, ત્રણનાં, ચારનાં જૂથ બંધાશે, એ બધાંમાં મોખરાની પરી, યા બધાંમાં સૌથી મહત્ત્વની એવી રંગરાણી ક્યારે દાખલ થશે, અને પછી પુરુષો કઈ દિશામાંથી પ્રવેશશે, એ બબ્બેનાં ઝૂમખાં કઈ રીતે ગોઠવાશે, અને એમના પગઠેકા સાથે કયા પ્રકારનું કેવું સંગીત વાગશે, એનાં રેખાચિત્રો–સમસ્ત હલનચલનનું આલેખન. ટૂંકમાં, કાગળનાં ચીતરામણોમાં સરજાતી એકધારી સળંગ નૃત્યકથા એ કોરીઓગ્રાફી; અને સાથે સંગીતનું ગોઠવાવું. એ બીજું પડખું. ત્રીજી વાતે આ નૃત્ય યા નાટિકાની પાછળ તથા બાજુમાં કેવા સેટો ચીતરવા, એ ક્યાં ગોઠવવા, એ ક્યારે ઉપાડવા અને જરૂર પડ્યે અધવચ્ચેથી વિસ્તારવા યા ઘટાડવા, એનાં ચીતરામણો તૈયાર કરવાં એ એક નવું પડખું.

એમ જ ચારેકોરની રોશનીનો એની ચાંપ સાથેનો નકશો, એમ વિવિધ પડખાં વિચારાય. એમાં ફેરફાર સૂચવાય, પાત્રોની વરણી કરાય અને એ બધાં પાસાં એક તાંતણે સંધાય.

એ ઉપરાંત રોજિંદા ખેલો ચાલ્યા કરે. એ ચલાવવાના, એમાં ધીમેધીમે રીહર્સલો શરૂ કરવાનાં, એ વધારાની ઉપાધિ. પાત્રો માટે જેવી જાહેરખબર પ્રગટ થઈ કે સૈંકડો અરજીઓ આવવાની. એમાંથી અમુક જ ઊંચાઈની, ચોક્કસ કક્ષાની, રંગપરીઓ પસંદ કરવાની. એ માટે માપપટ્ટી લઇને એક જણ નક્કી કરે છે, બીજો એમના અવાજ પારખે છે, ત્રીજો એની તબિયત ભાળે છે, ચોથો એમનાં વજન ચકાસે છે,—એક-બે રતલ પણ વધી જાય તો, પાતળા થવાની સૂચના સાથે તરત રસ્તો મપાવી આગળ કામ ચલાવે છે!

અને કપડાં? લૂઈ બાદશાહોના જમાનામાં રાજવંશી કુટુંબોએ નહિ પહેર્યાં હોય એટલાં કપડાંનો ઢગ ખડો કરવો પડે. એક શો માટે હજારથી બારસો જાતનો પહેરવેશ હાજર જોઈએ. એ માટે કાપડિયાઓ, દરજીઓ, મોચીઓ, માથાના મુકુટ બનાવનારાઓ, જરીકામ કરનારાઓ, સૅટિન મખમલ રેયોન નાઇલોન...! અને જાતજાતના રત્નજડિત કમરપટ્ટા, ગળાબંધી, કાનકુંડળો, કંઠીસેરો બનાવવાવાળા ઝવેરીઓનું લશ્કર ખડું થાય તે જુદું. એ કપડાં-ઘરેણાં પણ માપસર બનાવવાનાં: દરેકના વ્યક્તિગત, એમના નામનંબર સાથે. એક દિવસમાં તો ન જ બને. એક સાદી ત્રિરાશી માંડીએ: એક હજાર વાઘા, બાદશાહી જામા અને ઘેરઘમ્મરિયા ઘાઘરા સાથે, દરેક વાઘામાં સરેરાશ દશ વાર કપડું ગણીએ તો દશ હજાર વાર કપડું જોઇએ. પરદા સેટ વગેરેમાં જોઈએ તે જુદું. ત્રણ કલાકના શોમાં એક વિરામ. બે ભાગમાં વહેંચાતા આ કાર્યક્રમમાં આશરે ૪૦ ઉપરાંતના તો ટૅબ્લૉ, ગણતરી કરનારાઓએ તારવણી કાઢી છે કે સરેરાશ એક શોમાં કાપડનો એક છેડો બીજે છેડે મેળવો તો ત્રણસો માઇલ લાંબો પટ્ટો થાય: મુંબાઇથી રેલપાટે અમદાવાદ સુધીનો લાંબો! એક પરદામાં એક વાર દશ માઇલ લાંબી રિબનનો ઑર્ડર મૂકવામાં આવ્યો હતો! પાંચસો ઉપરાંત કારીગરો સંચા લઈને બેસે છે ત્યારે પોશાક તૈયાર થાય છે. ત્રણસો ઉપરાંત કારીગરો કામ હાથમાં લે છે ત્યારે ટૅબ્લૉના પરદા અને સેટ બને છે. દોઢેક લાખ મોતી, ૬થી ૭ હજાર વીજળીના ગોળા, હજાર ઉપરાંત શાહમૃગનાં પીછાં, એક ઓરડામાં વીજળીથી ચાલતાં બટન બનાવવાના, કાણાં પાડવાના, માથાની વિગ તૈયાર કરવાના સંચા ચાલુ. ગણતરીબાજોના કહેવા પ્રમાણે એક શોની તૈયારી પાછળ ૨૦થી ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. એમાં ભારે ગણાતાં, થિયેટરનાં ભાડાંનો સવાલ નહિ; આટઆટલા નાચરંગ કરનારાઓને આપવાના પગારનો આંકડો નહિ. આ ચાળીશ ઉપરાંતના ટૅબ્લૉ, અને રોજના થિયેટરમાં કામ કરનારા સૈંકડો ઉપરાંતના કારીગરો, ને તખ્તા ઉપર છળકપટ-જાદુ-નાચ-ખેલ-નાટક કરનારા કલાકારો, એ બધાએ ભેળા મળી કામ કરવાનું ૩૩×૪૬ ફીટના રંગમંચ ઉપર રીહર્સલો ચાલુ થાય ત્યારે મકાનને ખૂણેખાંચરે જે જગ્યા મળે ત્યાં જૂથના જૂથ, કોઈ રેકોર્ડ પર તો કોઈ વિનાસંગીતે બસો-ત્રણસોમી વાર એકનો એક પાઠ, એકનો એક નાચ, એકનો એક લટકો, નખરો, મુજરો, લહેકો, કંઈનું કંઈ કરી જ રહ્યાં હોય? (ચાલુ)








જમણી બાજુ મથાળે: શ્રી કનુ દેસાઈ ૧૯૨૩માં શ્રી રવિશંકર રાવળ પાસે ચિત્રશિક્ષણ લેવા જતા ત્યારે શ્રી રાવળે કરેલો સ્કેચ.

ડાબી બાજુ: એ કાળની શ્રી કનુ દેસાઈની સ્કેચબુકનું અગ્ર પૃષ્ઠ, જે પર સાંભળેલાં કલાસૂત્રો આદરસ્થાન કેમ પામતાં તે દર્શાવ્યું છે.

કેવો અજબ યોગ બન્યો છે, કે આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી કનુ દેસાઈને તેમની ચિત્રકળા માટે રણજિતરામ સુવર્ણચન્દ્રક મળેલો, તેની પરિચયાત્મક નોંધ બરાબર ૧૮૭મા અંકમાં પ્રકટ થએલી! વળી તેના છેલ્લા વાક્યમાં શ્રી રવિશંકર રાવળે પ્રકટ કરેલી ભાવના અનુસાર આ જ મહિને તેઓ અમેરિકા જાય છે! એ નોંધમાંથી અગત્યના ભાગ ઉતારવો સમયોચિત થશે:

"જે પુણ્યચરિત ગુજરાતીના નામે આ ચંદ્રક અપાય છે તે આજે હયાત હોત તો ગુજરાતની કળાના તેજસ્વી તારકો તેમનાં સ્તોત્ર કરતા હોત. મને બરોબર યાદ છે: મારા જેવા ગુજરાતના એક અદના કલાકારને મુંબાઇની આર્ટ સોસાએટીએ ૧૯૧૭માં પોતાનો સુવર્ણચંદ્રક આપ્યો ત્યારે એનાં અભિનંદન કેમ કરવાં એ કોઈ જાણતું નહોતું. એક માત્ર રણજિતરામ વાવાભાઈના હૃદયમાં ઉમળકાની ભરતી આવી, અને આંગળી ચીંધી ગુજરાત સમસ્તની આગળ એ પ્રસંગને એમણે પ્રજાની અસ્મિતાનું પ્રતીક ઠરાવ્યું. ગુજરાતની સંસ્કારિતા જમાવનારાં સર્વ તત્ત્વો, સર્વ બળો, સર્વ વ્યક્તિઓને રાષ્ટ્રની સંપત્તિ સમજી તેનું ગૌરવ લેનારા એ વિરલ ગુજરાતીનું આ ચંદ્રક એક અપૂર્વ સ્મરણ બન્યું છે. આજે વરસોવરસ ચંદ્રક રૂપે એકાદ સાહિત્યકાર, કલાકાર કે સંસ્કૃતિકાર સુધી રણજિતરામનું ભાવનાજીવન પાંગરતું આવે છે. ગુજરાત છે ત્યાં સુધી રણજિતરામ અમર છે.



કનુ દેસાઇની કલા એ ગુજરાતના નવીન યુગનું ઉજ્જ્વળ પ્રકરણ છે. 'કુમાર'ના વાચકોને કનુ દેસાઈની ઓળખાણ આપવાની હોય? એના પ્રથમ ચિત્રથી આજ સુધીની ઉત્તમોત્તમ કૃતિઓ ક્રમબદ્ધ નીરખવાનો જે વાચકોએ લહાવ લીધો છે તેમને કનુની નવી ઓળખાણ શી આપવી? છેક કુમાર વયથી જ એ 'કુમાર'ના લાડમાં પ્રૌઢ બની ગયા છે.

કનુએ ગુજરાતી કલાને પ્રજાસમુદાયની લાડીલી બનાવી છે. હિંદના ઈતર પ્રાંતોમાં મહાનુભાવ કલાકારો વસે છે, પણ એમની કલાની અર્ચના વિદ્વાન ટીકાકારોની વાણી અને પત્રકારોનાં પત્રો પર જ રહી છે; જ્યારે કનુ અને બીજા તરુણ ગુજરાતી કલાકારોની કલા લોકહૃદય પર રાજ કરે છે. કનુનાં ચિત્રો અને આલેખનો હજારો શહેરીઓ, ગામડિયાઓ અને નિશાળિયાઓને નવી લેહ લગાડી રહ્યાં છે. તેની વિચિત્રતાઓ પણ લોકપ્રિય થઈ છે. તેની કલા નિર્બન્ધ વહેતી છતાં માર્દવ અને પ્રવાહિતાની મનોહરતા છોડી જતી નથી એ એનો આંગળી ચીંધી બતાવી શકાય એવો ગુણ છે. એને વિવેચકો પ્રતિભા કહે છે, લોકો દૈવી બક્ષિશ કહે છે, કલાકારો આત્મપ્રેરણા કહેશે; પણ હું એને કનુની તપસાધનાની સિદ્ધિ કહું છું. મેં કળાના ઘણા વિદ્યાર્થીઓને નિકટપણે જોયા છે અને હું ખાતરીથી કહી શકું છું કે તપસ્યાની એ શક્તિ કે જેમ જ ફક્ત દૈવી પ્રેરણા કે આત્મલગની છે. બાકી બધું સિદ્ધિનું મૂલ્ય ભરનાર પ્રયાસ અને સામર્થ્યનું ફળ છે.

૧૯૨૧-૨૨માં મારા ખડખડપાંચમ ભાડૂતી ઘરમાં કેટલાક વિદ્યાર્થી ફુરસદે ચિત્રકામના પાઠ લેવા કે ચિત્રકારની સોબતની મજા લેવા આવતા, તેમાં કનુ નામનો એક કુમાર આવજા કરતો. એ કશું કામ મારી સામે કરતો નહિ, પણ વાતો સાંભળી ચાલ્યો જતો, ને ઘરમાં, સ્કૂલમાં કે નવરાશે ચોપાનિયામાંથી સિનેમાનાં પાત્રો ફાડી, કાતરી, જુદાજુદા કાગળો ઉપર ચોડી, કોઇ વાર અસલ કે નકલને જુદાજુદા રંગના પીછાંથી શણગારી, એ થોથારિયું (જે તેનું મન આલ્બમ હતું) ભર્યા કરતો. ઘણે વખતે શરમાતાં શરમાતાં એ મારી નજરે પાડયું. તેની એ પાર વગરની મહેનત અને માથાફોડ ઉપર મેં કેટલીક ઉત્તેજનદાયી અને કેટલીક માર્ગદર્શક વાતો કહી. ત્યારથી કાર્યક્રમ બદલાયો અને ૧૯૨૩ની પહેલી સ્કેચબુક બની. એના પહેલા પાને આવી નોંધ છે: 108 drawings in 10 days: from 16th June to 25th July: 1st sketch book. દસ દિવસમાં ૧૦૮ પાનાં ઉપર ચિત્રકામ કરનારનો એ ઉદ્યમ તે પછી કદી બંધ પડયો નથી!

ઘરના સારા સંજોગો, સગવડ અને કુટુંબીઓનું ઉત્તેજન હોય એવા ઘણા પોતાને મળેલી તકનો સદુપયોગ કરી શકતા નથી; પણ જેમ સાધનોમાં મુશ્કેલીઓ અને અંતરાયો વધારે તેમ તેની તીવ્રતા વધે છે. એ પ્રમાણે, ભાઈ કનુને માબાપનો લહાવ તો હતો જ નહિ. મામાને ઘેર રહેતા. અભ્યાસ કરીને ઠેકાણે પડવું એ જ માત્ર ઉદ્દેશ સૌનો હોય. તેમાં ચિત્રકામ તો ચેડાં જ ગણાય ને? હિતબુદ્ધિથી પણ સૌ તેને એ છંદમાંથી રોકવાનો પ્રયત્ન કરતા, એટલે એને પોતાની સ્કેચબુકો સંતાડી રાખવી પડતી. બીજા વિદ્યાર્થીઓ જાણે તો કોઈ ચાડી ખાય એ બીકે રાત્રે છેક દસ વાગ્યે સૌ છેલ્લો એ, પોતાના કામમાં સર્વદા રાચનારની (મારી) પાસે આવતો. એ સમયની કેટલી યે મીઠી ક્ષણો આજે તેને યાદ કરવાની હશે. નિશ્વાસ અને નિરાશા સામે ટક્કર લેતો એ સુકલકડી કુમાર કેટલી યે વાર મને દયા-

# 'કુમાર'-પારિતોષિકો

વર્ષ દરમિયાન પ્રકટ થતી શ્રેષ્ઠ કૃતિઓ માટે અપાતાં ત્રીસ ત્રીસ રૂપિયાનાં ચાર પારિતોષિકો ૧૯૬૩ના વર્ષ માટે નીચે મુજબ આપવાનું નિર્ણાયકોએ ઠરાવ્યું છે:

**શ્રેષ્ઠ વાર્તા માટે**: 'તમે ગમગીન છો'-ના લેખક શ્રી કનુ અડાસીને. (જેની જાહેરાત ગયા અંકમાં થઈ ગઈ.)

**શ્રેષ્ઠ કાવ્ય માટે**: 'આગમન' કાવ્યના કવિ શ્રી પ્રિયકાન્ત મણિયારને.

**શ્રેષ્ઠ ગદ્ય માટે**: લેખો, ચરિત્રો વગેરે ઈતર સામગ્રીમાં 'સ્મરણીય વ્યક્તિની સત્યકથા' માળાના લેખક શ્રી મુકુંદરાય પારાશર્યને.

**શ્રેષ્ઠ ચિત્રકૃતિ માટે**: 'સીતાચરિત'ના સર્જક શ્રી વાસુદેવ સ્માર્તને.

આના નિર્ણાયકો—કાવ્ય માટેના નિર્ણાયકો સર્વશ્રી ડોલરરાય માંકડ, ગૌરીપ્રસાદ ઝાલા ને રમણલાલ શાહનો, વાર્તા માટેના નિર્ણાયક શ્રી અનંતરાય રાવળનો, ગદ્ય માટેના નિર્ણાયક શ્રી રમણલાલ શાહનો અને ચિત્ર માટેના નિર્ણાયક સર્વશ્રી રવિશંકર રાવળ તથા કનુ દેસાઈનો આભાર માનીએ છીએ.

---

પાત્ર દેખાતો, પણ પોતાના મીઠી ભક્તિભર્યા હાસ્યે એ આનંદનું વાતાવરણ સરજતો. એને આપેલી સૂચના કે ફેંકેલાં વાક્યો તેના હૃદયમાં વજ્રલેપ થઈ જતાં અને તેની ક્રિયાઓને ફળદ્રૂપ બનાવતાં. તેની સ્કેચબુકોમાં એ વાક્યો કેવા ભાવથી ગીતાપાઠ જેવાં બનતાં તેનો નમૂનો અહીં આપું છું:

'Every line drawn should express some thing (દોરેલી પ્રત્યેક રેખા અર્થવાહી બનવી જોઇએ).' 'Draw, draw and draw, whenever you are free. (નવરા પડો કે હાથ ચિત્રકામ પર ચાલતો જ રાખો.)' આ મારાં હરવખત બોલાતાં વાક્યો તેણે જીવનમાં પૂરેપૂરાં જડી રાખ્યાં છે ને હું પોતે તેના સામર્થ્યનો ઉપયોગ કરું તે કરતાં પણ તેણે તેમાંથી વધુ સારવી લીધું છે.

એની સ્કેચબુકોએ એની અવલોકનશક્તિ સ્મૃતિ અને કલ્પનાનો પાયો સુદૃઢ કરી આપ્યો. એવામાં એના સદ્ભાગ્યે અસહકારયુગ આવ્યો અને કૉલેજમાં ન જતાં એને વિદ્યાપીઠમાં જવાનું બન્યું. ત્યાં રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં કલાઓની સર્જકતાનો સ્વીકાર અને આદર થવાથી જે સુસ્પષ્ટ ફળો આવ્યાં છે તેમાં ભાઈ કનુનું માનસ-સંવર્ધન એ એક સચોટ દૃષ્ટાંત છે. એની આલેખવાની શક્તિ હવે નિઃસીમ વધી ગઈ હતી. આંખ ઊઘડે ને હાથ નવરો હોય તો ચિત્ર થવા જ માંડે! વિદ્યાપીઠના કેટલા યે સ્નાતકો, અધ્યાપકો, મુલાકાતીઓ ને વિવિધ પ્રસંગો તેની એ કાળની સ્કેચબુકોમાં નોંધાયા છે. તેના આ શોખને કારણે અનેક વિદ્યાર્થીઓમાંથી તેની વિશિષ્ટતા પકડનાર આચાર્ય કૃપલાની અને અધ્યાપક મલકાનીએ તેને વિદ્યાપીઠ દ્વારા શાંતિનિકેતન જવાની શિષ્યવૃત્તિ અપાવી. એ તેની કારકિર્દી નિશ્ચિત કરનાર પગલું બન્યું.


શાંતિનિકેતનના ભારતીય સંસ્કૃતિપરાયણ વાતાવરણમાં શ્રી નંદબાબુ જેવા સંત ગુરુ આગળ તેને એકાંતે એકધારી બે વર્ષની દીક્ષા મળી એ સુંદર અભિયોગ થયો. તેની સ્કેચ કરવાની અને છાયાચિત્રો કરવાની શક્તિ જે ત્યાં જતાં પહેલાં જ તેનામાં ખીલી ચૂકી હતી તેને ત્યાંના એ ઉપાસનાભવનમાં સુંદર પરિપાક અને વિકાસ મળ્યો. ઉપરાંત નૃત્ય, સંગીત, નાટ્ય વગેરે અવનવા રસોમાં નવીન અભિરુચિ પ્રાપ્ત થઈ.

વિદ્યાપીઠના છાત્ર તરીકે એણે સર્વાંગ ખાદી પહેરી છે ને આજ સુધી તે નભાવી છે. કનુ દેસાઈ વિદ્યાપીઠની પ્રસાદી હોય તો કનુએ પૂ૦ ગાંધીજીના અસલ અનુપમ સ્કેચો અને ગાંધીકૂચનાં ચિત્રો કરી પોતાની કળાને ધન્ય કરી છે. હિંદના બીજા કોઈ કળાકારે પોતાના યુગને ચિરંજીવ કરવામાં કનુ જેટલો ફાળો આપ્યો જાણવામાં નથી. બીજા પ્રાંતોમાં દેશના કળાકારની કળાગંગા જનસમુદાયનાં હૈયાં તૃપ્ત કરતી જણાતી નથી; પણ કનુને જગતની યાત્રા ને પરિચય સુલભ ન બને ત્યાં સુધી તેના વિકાસનો માર્ગ બંધ ગણાય.''

---

# શતરંજ

## કોયડો આઠમો



White to play and make in three.

સ્થિતિ: kn5R/b7/Pp6/1K1p4/2-pP4/3B1N2/2P5/8.

કોયડો: સફેદે રમીને ત્રણ ચાલમાં મહાત કરવાનું. આ કોયડામાં સુંદર નિષ્ફળ પ્રયત્નો છે. પૂરા માર્ક મેળવવા એ બધા આપવા જરૂરી ગણાશે. (છેલ્લી તા. ૭-૪-'૬૪) ઉકેલ મોકલવાનું સરનામું: Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay–71AS.

**જાન્યુઆરીના કોયડા નં. ૬નો ઉકેલ**

સ્થિતિ: K7/Pp6/1Pp5/2Pp4/3P-p3/4P3/5P2/6K1.

કોયડો: સફેદે રમીને જીતવાનું.

ઉકેલ: 1 P–B3! (અહીં 1 P–B4 પણ ચાલે, કારણકે એથી કાળો 1..., P×P e.p. રમી શકે.) P×P. 2. K–B1, P–B7; 3 P–K4, P×P; 4 K×P, P–K6ch; 5 K–K1; P–K7; 6 P–Q5, P×P; 7 K×P, P–Q5; 8 K–Q2, P–Q6; 9 P–B6, P×P; 10 K×P.

અત્યાર સુધીની કાળાની બધી જ ચાલ ફરજિયાત છે, પણ હવે તેની પાસે બે ચાલ છે:

(અ) 10..., K–N2; 11 K–B4, K–R1; 12 K–B5, K–N2; 13 P–R8(=Q)ch!, K×Q; 14 K×P, K–N1; 15 P–N7, K–R2; 16 K–B7. હવે પ્યાદું વજીર થશે અને સફેદ જીતશે.

(બ) 10..., P–B4; 11 K–B4, K–N2; 12 K–N5, K–R1; 13 K×P, K–N2; 14 P–R8(Q=)ch!, K×Q; 15 K–B6, K–N1; 16 P–N7, K–R2; 17 K–B7 અને ઉપરના વિકલ્પ (અ) જેવી જ સ્થિતિ આવી ગઈ.

કોયડાની દૃષ્ટિએ આ કોયડો બહુ સારો ગણી શકાય નહિ, પણ રમતના અંતના તબક્કાના શિખાઉ ખેલાડીઓ માટે આમાં બેત્રણ અગત્યના મુદ્દાઓ છે:

૧) સફેદ Stalemate થતો અટકાવવા એક પછી એક પ્યાદાં મરવા આપે છે. ૨) જ્યારે બે પ્યાદાં હોય ત્યારે તેમાંથી એકને વજીર બનાવવો અને તેનો તરત જ ભોગ આપવો અને ૩) જ્યારે રાજા પહેલા વજીરને મારે ત્યારે સફેદ રાજા Opposition મેળવીલે.

સંજોગવશાત્ આ કોયડામાં ભાગ લેનારાઓનાં નામ આ અંકમાં આપી શકાયાં નથી આવતા અંકમાં તે પ્રકટ થશે.

**એક સુધારો**

કોયડા પાંચમાના ઉકેલ (અંક ૪૮૨)માં ચાલી 1Q-R5 છપાઈ છે તે 1R-R5 જોઇએ.

# સાહિત્યસંપર્ક

## શબ્દકથા: 'કૂંજડી'

શિયાળુ પંખી તરીકે કૂંજ કે કૂંજડીઓ સુપરિચિત છે. વિવિધ ભાતો રચતાં, હારબંધ લયબદ્ધ રીતે ઉડ્ડયન કરતી કૂંજડીઓનું નયનહર દૃશ્ય એક વાર પણ જોનાર ભૂલતું નથી.

સંસ્કૃત 'ક્રૌંચ' ઉપરથી પ્રાકૃત 'કોંચ' કે 'કોંજ' ને પછી 'કુંજ' બન્યું. પક્ષી લેખે ક્રૌંચ અને કૂંજડી જુદાં હોય તો પણ લોકવ્યવહારમાં એક પક્ષીને લાગતું નામ બીજાને લાગતું થાય છે.

પણ 'કોંચ'ને સ્થાને 'કોંજ' એ ફેરફાર વિશિષ્ટ છે. અનુનાસિક પછીનો અકાર સાધારણ રીતે ઘણીખરી પ્રાકૃતો અને પછીની આપણી ભાષાઓમાં જળવાઈ રહે છે; પણ પંજાબી અને સિંધીમાં તેનો જકાર થાય છે. 'પાંચ' માટે પંજાબી-સિંધીમાં 'પંજ', 'કાંચળી' માટે 'કંજલી', 'ચાંચ' માટે 'ચુંજ', 'ચુંજિ' વગેરે. આ ઉપરથી સમજાશે કે 'કુંજ' શબ્દ મૂળ સિંધી-પંજાબીમાંથી આપણને મળ્યો હોય.

ને મધ્ય એશિયામાંથી શિયાળા પૂરતી અહીં આવતી આ કૂંજડીઓને કવિઓએ સંદેશ-વહન માટે—પ્રેમીઓની દૂતિકા બનવા માટે યોગ્ય ગણી છે. 'કૂંજલડી રે સંદેશો અમારો જઈ વા'લમને કહેજો જી રે' એ એક સમયનું લોકપ્રિય ગીત હતું. 'ઢોલા મારુ રા દૂહા'માંના કૂંજને લગતા અનેક સુંદર દૂહાઓમાંથી નીચેનો દૂહો મારવણીની મિલનાતુરતા તીવ્રપણે વ્યક્ત કરે છે:

> કુંઝાં દ્યઉ નઈ પંખડી, થાંકઉ વિનઉ વહેસિ,
> સાયર લંઘી પ્રી મિલઉં, પ્રી મિલિ પાછી દેસિ.

'હે કૂંજડીઓ, તમારી પાંખો મને આપોને; હું તમને બાનું આપીશ. સાગર ઓળંગી હું પ્રિયતમને મળીશ, અને પછી પાંખો પાછી આપી દઈશ.'

**હરિવલ્લભ ભાયાણી**

---

## વિવેચનક્ષેત્રના એકલવીર સ્વ. જ. એ. સંજાણા

ગઈ તા. ૧૭મી જાન્યુઆરી ૧૯૯૪ ને શુક્રવારે શ્રી જહાંગીર એદલજી સંજાણાનું ૮૪ વર્ષની વયે અવસાન થતાં આપણી પંડિત યુગની પેઢીના એક સિદ્ધ વિદ્વાન અને પ્રજ્ઞાવાન વિવેચક વિદાય થયા છે. 'અનાર્યનાં અડપલાં' એ તેમનું છેલ્લું પુસ્તક પ્રસિદ્ધ થયા પછી છેલ્લાં કેટલાંક વર્ષથી તેમણે ખાસ કશું લખ્યું હોવાનું જણાયું નથી. તેઓ એકાકી વસતા, પોતાના નિવાસસ્થાનમાંથી ભાગ્યે જ બહાર નીકળતા, અને છતાં આખી દુનિયા સાથેનો પરોક્ષ પરિચય તેમણે જિંદગીની છેલ્લી ઘડી સુધી જાળવી રાખેલો.

ભૂતપૂર્વ મુંબાઈ સરકારના ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરના પદેથી નિવૃત્ત થયા બાદ, સાધારણ સારી શક્તિ હતી ત્યાં સુધી કેવળ અભ્યાસ, ચિંતન, મનન અને લેખન સિવાય કોઈ જ પ્રવૃત્તિમાં તેઓ રસ લેતા નહિ. એમનું મિત્રવર્તુલ અતિશય નાનું હતું. કોઈ એમને મળવા ચાહતું હોય તો અગાઉથી તેણે સમય માગી લેવો પડતો. પોતાને ઘેર તો તે કોઇને ભાગ્યે મળતા. મળવા ઇચ્છનારે પિટિટ લાયબ્રેરીના રેફરન્સ રૂમમાં જવું પડતું. દિવસનો ઘણોખરો ભાગ તેઓ ત્યાં જ ગાળતા. પછી સંધ્યાકાળે મરીનડ્રાઈવ પર ફરવા જતા. પણ ત્યાં તેની પાળ ઉપર બેસી નહોતા રહેતા. તેમને ચાલવાનો ઘણો શૅાખ હતો, ને ચાલતા પણ ઘણી ઝડપથી, એક વાર એમ ચાલતાં તેમને બસ-અકસ્માત થયો હતો. તેમાં મગજ પર એવી ગંભીર ઈજા થએલી કે પરિણામે તેમની સ્મરણશક્તિ ઘણી મંદ પડી ગઈ હતી.



સાહિત્ય ઉપરાંત તેમને ખાસ શૅાખ ત્રણ વસ્તુનો હતો: ક્રિકેટ, સંગીત અને ઊંચામાં ઊંચી જાતની ચાહ. પણ છેલ્લાં કેટલાંક વર્ષથી માત્ર ચાહનો શૅાખ જાળવી રાખી, બીજાં બે જતાં કર્યાં હતાં; કારણ તેમના મનમાં વસી ગયું હતું કે હવે સારું ક્રિકેટ રમનારા કે સારું ગાનારા રહ્યા નથી. તેમને શિષ્ટ (અથવા તેમના શબ્દમાં કહીએ તો 'ક્લૅસિકલ') સંગીત જ ગમતું અને માત્ર ઉસ્તાદ ગવૈયાઓને જ સાંભળવા તે જતા. અને સંગીતનો એ શૅાખ માત્ર સ્વરમાધુર્યના આસ્વાદ પૂરતો જ મર્યાદિત ન હતો. શાસ્ત્રીય સંગીતની તેમને સારી એવી સમજ હતી. મરાઠી પત્રોમાં સંગીત-ચર્ચાના અધિકારી વિદ્વાનો અને સંગીતજ્ઞોના પ્રસિદ્ધ થતા લેખો તેઓ રસપૂર્વક વાંચતા અને તે વિષે ક્યારેક ચર્ચા પણ કરતા.

સાહિત્ય અને વિવેચન વિષેની તેમની વિભાવના અસાધારણ ઊંચી હતી. તેમની રુચિ અનેક ભાષાના—વિશેષે અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી, ઉર્દૂ, વ્રજ તથા હિંદીના વાઙ્‌મયની ઉત્તમ કૃતિઓનો રસાસ્વાદ માણતાં માણતાં, તેમજ ભાષાશાસ્ત્રના ઊંડા અભ્યાસ દરમિયાન ભાષાની શુદ્ધિ, સૌષ્ઠવ, સૌન્દર્ય અને ખમીરને પ્રમાણતાં પ્રમાણતાં ઘડાઈ હતી.

શ્રી સંજાણામાં ઇશ્વરદત્ત પ્રતિભા તો હતી જ. તેમના કાકા પ્રખર ગણિતશાસ્ત્રી અને ભાષાવિદ્ હતા. વિદ્યાર્થી તરીકેની તેમની કારકિર્દી ઘણી જ તેજસ્વી હતી. શાળાનું શિક્ષણ તેમણે પોતાના જન્મસ્થળ આકોલામાં અને તે પણ મરાઠીમાં લીધું હતું. મરાઠી પરનું તેમનું પ્રભુત્વ માતૃભાષા જેટલું હતું અને તેમના મરાઠી ભાષાના ઉચ્ચાર ચિત્તપાવન બ્રાહ્મણના જેટલા શુદ્ધ હતા. કૉલેજનું શિક્ષણ મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં લઇ બી.એ.-માં સંસ્કૃતના ખાસ વિષય સાથે તે દક્ષિણા ફેલો થયા હતા. અરેબિક, ફારસી, વ્રજ અને હિન્દી ભાષાઓ તેમણે જાતે શીખીલીધી હતી. સંસ્કૃત ભાષા પરનું એમનું પ્રભુત્વ તો એટલું હતું કે તેમાં તેઓ શીઘ્ર કવિતા રચી શકતા. તેમની સ્મરણશક્તિ પણ એટલી બધી તેજ હતી કે વ્રજ, હિન્દી અને અંગ્રેજી ભાષાનાં સંખ્યાબંધ કાવ્યો તેમને જિહ્વાગ્રે રહેતાં. કવિતાની હજાર હજાર પંક્તિ તેઓ સરળતાથી સ્મૃતિને આધારે બોલી શકતા! ભવભૂતિ અને હાફિઝ એ બે તેમના પ્રિય કવિ હતા.

ગુજરાતી સાહિત્ય અને ભાષાનું એમનું જ્ઞાન એટલું તલસ્પર્શી હતું કે નરસિંહરાવ જેવા વિદ્વાન પણ ભાષાશાસ્ત્ર, વ્યુત્પત્તિ કે વ્યાકરણના અટપટા પ્રશ્ન અંગે પોતાને શંકા જાગતી ત્યારે એમને જ પૂછતા. રામનારાયણભાઈને પિંગળ સંબંધમાં ક્યારે ય પણ કશી મૂંઝવણ થતી તો ખુલાસો મેળવવા તેઓ એમની જ પાસે જતા. માત્ર નરસિંહરાવ દિવેટિયા, રામનારાયણ પાઠક તથા જ્યોતીન્દ્ર દવે એ ત્રણની સાથે એમને ગાઢ, હૃદયનો કહી શકાય એવો, સંબંધ હતો. આ ઉપરાંત આચાર્ય આનંદશંકર ધ્રુવ, રમણભાઈ નીલકંઠ, રામપ્રસાદ બક્ષી તથા કેશવલાલ કામદાર

એ સર્વેની વિદ્વત્તા માટે તેમને ઘણું માન હતું. નરસિંહરાવની શાસ્ત્રીય, સ્પષ્ટ ભાષા અને નિર્ભિક વિવેચના માટે તો એમને અત્યંત આદરભાવ હતો. અને નરસિંહરાવ તથા રમણભાઈમાં જોવા મળેલી શાસ્ત્રીય મનોવૃત્તિને તેમણે ખાસ સમ્માની હતી. 'ક્લાન્ત કવિ કે ક્લાન્ત કવિ?'માં તેઓ લખે છે કે 'આનંદશંકરની કોઈ પણ વિષયમાં અપ્રતિહત વિહાર કરનારી કુશાગ્ર અને (મરાઠીમાં કહે છે તેમ) 'તૈલ બુદ્ધિ', એમનું અત્યંત વિશાળ વાચન અને ઊંડું મનન, તથા એમની આશ્ચર્યકારક બહુશ્રુતતા ગયાં સો વર્ષમાં થઈ ગએલા કોઈ પણ ગુજરાતી વિદ્વાનમાં મળશે નહિ. છતાં એમનાથી ઓછા વિદ્વાન ગણાય એવા નરસિંહરાવમાં આ શાસ્ત્રીય મનોવૃત્તિ એમના કરતાં જરૂર વધારે ખીલેલી હતી; અને એ બંને કરતાં વિદ્વત્તામાં કદાચ ઓછા જ ગણાય એવા રમણભાઈમાં તો એ મનોવૃત્તિ જેટલી ખીલેલી હતી, ખરી 'સ્કૉલરશિપ'ને અવશ્ય જોઈતી ખરી શાસ્ત્રીય મનોવૃત્તિ એમનામાં જેટલી જોવામાં આવે છે, તેટલી તો ગયાં સો વર્ષમાં થઈ ગએલા ગુજરાતના એકે વિદ્વાનમાં જણાતી નથી.'

આ 'શાસ્ત્રીય મનોવૃત્તિ' વિષેની એમની પોતાની વિભાવના પણ જોવા જેવી છે. એ જ પુસ્તકમાં તેઓ લખે છે કે: "અનેક કોશ વ્યાકરણાદિ ગ્રંથો ઉથલાવવાની મહેનત, વિષયનો દૃઢ વ્યાસંગ અને ઝીણવટથી કરેલો સંપૂર્ણ અભ્યાસ, અથવા ગાડાં ભરીને ગ્રન્થોનું આલોકન કે મનન, એટલામાં જ ખરી 'સ્કૉલરશિપ'નું, વિવેકવિચાર પ્રધાન 'શાસ્ત્રીય' વિદ્વત્તાનું પર્યવસાન થતું નથી. એ બધું યે છતાં બે વસ્તુ ન હોય તો બધી વિદ્વત્તા નકામી છે. એક તો વિષયનું સાકલ્યે પ્રમાણબદ્ધ દર્શન ને આકલન કરાવે એવી ઔચિત્ય અને તારતમ્યવાળી દૃષ્ટિ, અને બીજી તે નિર્વિકાર, નિષ્પક્ષ, કોઈ પણ પ્રકારના 'પ્રેમ' કે 'અભિમાન' કે 'આવેશ' કે 'અસ્મિતા' ભાવથી પર એવી સંપૂર્ણ સમત્વવાળી ન્યાયનિષ્ઠુર અને તર્કકર્કશ ઐતિહાસિક મનોવૃત્તિ."

શ્રી સંજાણાએ પોતાનાં વિવેચનોમાં જ આ વિભાવનાની સંપૂર્ણપણે પ્રતિષ્ઠા કરી છે. શ્રી ઉમાશંકર જોશીએ સ્વ. કવિ શ્રી બાલાશંકરની ગુજરાતી, હિંદી, ઉર્દૂ તથા ફારસી એ ચાર ભાષાની કાવ્યકૃતિઓનું વિસ્તૃત ટીકાટિપ્પણ સહિત જે સંપાદન કર્યું હતું તે ગ્રંથનું શ્રી સંજાણાએ પૂરા વિસ્તારથી, પોતાની શાસ્ત્રીય મનોવૃત્તિને અશેષપણે જાળવીને તથા તે ગ્રંથમાં પોતાને જણાએલી અસંખ્ય ક્ષતિઓનું સ્પષ્ટ દર્શન કરાવીને જે આકરું વિવેચન કર્યું હતું તેને પરિણામે સાક્ષર-જગતમાં ખળભળાટ મચ્યો હતો, અને એના કરતાં પણ ઘણો ભારે ખળભળાટ, શ્રી સંજાણાએ ૧૯૪૨માં મુંબઈ યુનિવર્સિટીનાં 'વસનજી માધવજી વ્યાખ્યાનો' આપ્યાં ત્યારે મચ્યો હતો; કારણ, એ વ્યાખ્યાનોમાં તેમણે પોતાની ન્યાયનિષ્ઠુર', 'તર્કકર્કશ', 'ઐતિહાસિક' અને શાસ્ત્રીય' મનોવૃત્તિનું તેમ એક ભયંકર મૂર્તિભંજક તરીકેનું ચમકાવી મૂકે એવું દર્શન કરાવ્યું હતું.

તેઓ મૂર્તિભંજક હતા. ખરી વિદ્વત્તાનું તો તે નિઃસંકોચ ગૌરવ કરતા; પરન્તુ સમાજમાં વિદ્વાન્ તરીકે સમ્માન પામેલા સાક્ષરોની પણ વિદ્વત્તાના આદર્શને આંબી ન શકતી એવી સીમિત, અપેક્ષા કરતાં વામણી, સિદ્ધાન્ત તેમજ તત્ત્વાન્વેષણ પરત્વે સમાધાન સાધતી કે વસ્તુના તત્ત્વની ચકાસણીમાં ઊનતા દાખવતી દૃષ્ટિ તેમને અકળાવી મૂક્તી.

**ना मूलम् लिख्यते किंचित् नानपेक्षित मुच्यते**

એ સૂત્રના પૂર્વાર્ધને તે દૃઢતાથી અનુસરતા ને તેથી તેમની વિવેચના સંપૂર્ણપણે પ્રમાણશુદ્ધ બની રહી છે. કોઈ કૃતિનું વિવેચન કરતાં, તેની કોઈ પણ ટીકા કે મતની અભિવ્યક્તિ અથવા નિરીક્ષણ, વિષયને પ્રસ્તુત એવા શાસ્ત્રગ્રંથો કે પ્રમાણભૂત તરીકે સ્વીકારાએલા ઇતિહાસગ્રંથો વા સંદર્ભગ્રન્થોમાંથી પ્રમાણ ટાંક્યા વિના કરવાની એમને આદત નહોતી. કોઇથી ઝટ પ્રભાવિત થઈ જવાની નબળાઈથી તેઓ મુક્ત હતા; અને તેથી જ ઈ. ૧૯૨૦–'૨૨માં ગાંધીજીએ તેમને 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'ના સંપાદનની જવાબદારી સ્વીકારવાનું નિમંત્રણ આપ્યું ત્યારે તેમણે ગાંધીજીને સ્પષ્ટપણે કહ્યું કે 'મારાથી એ કાર્ય નહિ બની શકે; કારણ દેવે મને, વરદાન ગણો તો તે, અને શાપ ગણો તો તે, પણ એવી પ્રકૃતિની બક્ષિશ આપી છે કે ખરેખર સંત હોય એવા તમે જેને દેશભક્તોની અપૂર્ણતાઓ, અને તમે જેને દુષ્ટ લેખો છો એવી સરકારનાં પાપો, બંનેની ઝાટકણી હું તો એકસરખી ઉગ્રતાથી જ કાઢીશ. મારું નિષ્પક્ષપાતપણું અને મારી ન્યાયદૃષ્ટિ બંને અતિશય કઠોર છે; તેમ વળી કોઈની સરમુખ્યારીને વશ થવાનું મારા સ્વભાવમાં નથી.' આ સાંભળ્યા પછી ગાંધીજી એમને પોતાનાં પત્રોનું સંપાદન કરવાની જવાબદારી સ્વીકારવાનો આગ્રહ કરી શક્યા નહિ. એ પછી ઘણાં વર્ષો બાદ શ્રી દેવદાસ ગાંધીએ તેમને 'હિન્દુસ્તાન ટાઈમ્સ' પત્રનું સંપાદન કરવાનું નિમંત્રણ આપેલું ત્યારે પણ શ્રી સંજાણાએ તેમને એ જ કારણસર ના પાડેલી. સત્ય બોલવું પણ પ્રિય બોલવું એ વહેવારુ દુનિયાનું સૂત્ર અપનાવવાનું તેમના સ્વભાવમાં જ ન હતું.

એમને અર્થ કે યશપ્રાપ્તિની કોઈ મહત્ત્વાકાંક્ષા નહોતી. પોતે મદદનીશ ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરપદે હતા તે દરમિયાન, હક્કની રૂએ પોતાને મળવું જોઈતું ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરપદ ના મળ્યું, અને તે હક ડુબાવી, પોતાથી સર્વ રીતે ઓછી અધિકારી એવી વ્યક્તિઓને તે પદ અપાયું ત્યારે તેમણે તે અંગે પૂરા ગૌરવથી તેનો વિરોધ કર્યો હતો, ને પોતાનો કેસ સરકાર સમક્ષ તમામ વિગતો સહિત સબળપણે રજૂ કર્યો હતો. પણ તેમાં યે ઊંચા પદની વાંછના કરતાં તેમની ન્યાયપ્રીતિ જ અથવા પોતાને થએલા અન્યાયનું દુઃખ જ પ્રેરક હતાં. તેઓ ઉદાર હતા, પરન્તુ અન્યાય સાંખવા કદી તૈયાર ન હતા. તેમની અગાધ વિદ્વત્તા, પોતાના કામમાં પૂરી ચોકસાઈ ચીવટ અને નિષ્ઠા, એ સર્વે ગુણોને કારણે જ તેમના ઉપરી અધિકારીઓ પણ તેમના તીખા અને ધારદાર મિજાજને સહી લેતા અને હમેશાં તેમને પોતાના મિત્રતુલ્ય લેખતા.

તેમની વિવેચનશક્તિ આટલી બધી તેજસ્વી હોવાનું એક કારણ એ હતું કે વિવેચન પ્રત્યેનો તેમનો અભિગમ વિજ્ઞાનીના જેવો હતો. પોતે વર્ષો સુધી આસિસ્ટન્ટ ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરપદે—અને તે પછી થોડો કાળ ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરપદે રહ્યા તે દરમિયાન ગુજરાતી, મરાઠી ને ઉર્દૂ ઉપરાંત સંસ્કૃતમાં પણ પ્રસિદ્ધ થતાં સામયિકો અને ગ્રન્થો અવલોકવાનું તેમને પ્રાપ્ત થતું. તેમની નજર જેટલી વ્યાપક હતી તેટલી જ ઊંડી અને ઝીણી હતી. તેમની 'ક્રિટિકલ ફૅકલ્ટી'ના વિકાસમાં આ દૃષ્ટિ અને પેલું અવલોકનકાર્ય બંને ઓછાં ઉપકારક નહોતાં. કોઈ પણ સાક્ષરની કૃતિમાં જરા જેટલો પણ દોષ તેમની નજરે ચડતો તો તે દર્શાવ્યા વિના અને તે સાક્ષરની ઝાટકણી કાઢ્યા વિના તેમનાથી રહી શકાતું નહિ. એમ કરવામાં એઓ ક્યારે ય દ્વેષબુદ્ધિથી પ્રેરાયા નહોતા. જ્યાં ખરેખરી ઊંચી સુંદરતા, ખરું સત્ત્વ અને આભાસી નહિ પણ સાચી વિદ્વત્તાનું દર્શન તેમને થતું ત્યાં મુક્ત કંઠે તેને બિરદાવવાનું તે ચૂક્યા નથી. શ્રી ઉમાશંકરે કરેલું 'ઉત્તરરામચરિતમ્'નું ભાષાંતર શ્રી સંજાણાને સુંદર ને સફળ લાગ્યું હતું, અને ત્યારે તેમણે તેની મુક્ત કંઠે પ્રશંસા પણ કરી હતી. કોઈ વિદ્વાનની એવી મજાલ નહોતી કે એમના વિધાનને પડકારી શકે.

તેઓ માત્ર પ્રખર પંડિત જ ન હતા; વ્યુત્પન્ન વિદ્વાન પણ હતા. ઊંચું પાંડિત્ય અને ઊંડી વિદ્વત્તા બંનેનો તેમનામાં અદ્‌ભુત સુયોગ થયો હતો. વિવેચનક્ષેત્રમાં તેઓ એકલવીર યોદ્ધા જેવા હતા. આજે આપણે ત્યાં એવો કોઈ યોદ્ધો હવે રહ્યો નથી એ દુર્ભાગ્યની વાત છે. પરંતુ શ્રી સંજાણાના તેજસ્વી અક્ષરદેહમાંથી કોઈ પ્રતિભા, પ્રેરણા મેળવીને ખરો પુરુષાર્થ કરે તો સંભવ છે કે દુર્ભાગ્ય સુભાગ્યમાં પલટાય પણ ખરું. —ર. ત.



**રાજેન્દ્ર શાહને રાષ્ટ્રીય પુરસ્કાર**

ભારતની પ્રત્યેક ભાષાના વર્ષ દરમ્યાનના શ્રેષ્ઠ સાહિત્યસર્જનને અપાતો રૂ. ૫૦૦૦)નો રાષ્ટ્રીય પુરસ્કાર ગયા વર્ષને માટે ગુજરાતમાં કવિ શ્રી રાજેન્દ્ર શાહને તેમના કાવ્યસંગ્રહ 'શાન્ત કોલાહલ' માટે મળે છે, એ ઘણા ગૌરવ ને આનંદની વાત છે. સુન્દરમ્-ઉમાશંકર પછીના કવિઓમાં નિઃસંદેહ અગ્રણી રાજેન્દ્રનાં આજ સુધીના ચાર કાવ્યસંગ્રહો–'ધ્વનિ', 'આંદોલન', 'શ્રુતિ' ને શાન્ત કોલાહલ'-નાં પાનાંઓ ઉપર પથરાએલી એમની પ્રતિભાનો લાભ છેલ્લાં પચ્ચીસેક વર્ષ થયાં 'કુમાર'ના વાચકોને એટલો બધો મળ્યો છે કે એ સ્વજન જેવા બની ગયા છે; એટલે 'કુમાર'ના વાચકો તો સવિશેષ ગૌરવ અનુભવશે. આપણા સૌનું તેમને હાર્દિક અભિનંદન હો. એમનો વિસ્તૃત પરિચય ૪૦૬મા અંકમાં આવી ગયો. એમની કવિતાનાં આસ્વાદ-અવલોકન નજીકના ભવિષ્યમાં કરીશું.

# નવું કવિતા-સાહિત્ય

**સૂર્યની** ગેરહાજરી દરમિયાન રાત્રિના અંધકારમાં દીવા જે કાર્ય કરે છે તેનું મહત્ત્વ ઓછું નથી. સમગ્ર યુગને પ્રતિભાપ્રકાશથી અજવાળી દેનાર કવિ તો આવતાં આવે; તે દરમિયાન યથાશક્તિ કાર્ય કરનારા કવિપ્રદીપોનું ઔચિત્યબુદ્ધિથી ગૌરવ થાય એ ઈષ્ટ છે.

સ્વ૦ 'કુસુમાકરે' લખેલાં કાવ્યોના વિપુલ જથ્થામાંથી ૩૨૦ પાનાંનો દળદાર કાવ્યસંગ્રહ **કુસુમવસંત** એમના અવસાન બાદ એમનાં સંતાનો દ્વારા પ્રસિદ્ધ થયો છે. સૌકોઈને આદર થાય એવો એકધારો પરિશ્રમ સ્વર્ગસ્થે જીવનભર સાહિત્યસર્જન માટે કર્યો છે. એમણે લખ્યું છે ઘણું, પણ ગુણવત્તાની દૃષ્ટિએ ટકી શકે એવું પ્રમાણમાં થોડું છે. એમનાં કાવ્યોમાં એક પ્રકારનું ધૂંધળાપણું દેખાય છે. કંઈક રમ્ય તત્ત્વની એમને ઝાંખી થાય છે, પણ એને સુરેખરીતે મૂર્ત કરવા માટે જરૂરી ધીરજ, વિવેકશક્તિ ને સજ્જતા એમનામાં નથી. આથી ભાવનાપરાયણ અને રોમાન્ટિક કવિપ્રકૃતિ હોવા છતાં એમની કવિતામાં કલ્પનાનો આકર્ષક વિહાર ઓછો છે. સર્વાશે અનવદ્યતા સિદ્ધ થઈ શકી નથી. કલાપી, નાનાલાલ વગેરેની અસરોવાળી પરંપરાગત કાવ્યશૈલીમાંથી કવિ મુક્ત થઈ શકયા નહિ, એથી આધુનિક જમાનાની કેટલીક સારી અસરોથી એમની કવિતા અસ્પૃશ્ય રહી છે. વળી કવિ ક્યારેક ભાષા કે ભાવનાના વહેણમાં કવિતાથી દૂર ફંટાઈ જાય છે અને કાવ્યાનુભૂતિને પૂરી એકાગ્રતાથી સિદ્ધ કરી શકતા નથી. છતાં એમની કવિતામાં ઠેકઠેકાણે સાચા કવિત્વના ઝબકારા જોઇ ભાવકને જરૂર આનંદ થશે. એમની ઉત્કટ સૌન્દર્યજિજ્ઞાસા ધ્યાન પ્રેરે છે. કવિનું કૌતુકરાગી મન કશુંક રમ્ય-ભવ્ય-દિવ્ય મેળવવા મથામણ કરે છે. એમની આ મથામણ સર્જકના શબ્દાર્થવિવેકને અભાવે કાવ્યમાં સંકીર્ણતા ને સંકુલતાની ઉદ્‌ભાવક બની રહે છે. કવિના જીવનદર્શનમાં પણ મૌગ્ધ્ય અને ભાવનાવિવશતા વિશેષ છે.

હમણાં હમણાં ગઝલોના સંગ્રહો ગુજરાતને ઠીકઠીક પ્રમાણમાં મળ્યા છે. એમાં મુશાયરા પ્રવૃત્તિએ પણ પ્રેરક બળ તરીકે કામ કર્યું છે. મુશાયરાઓએ ગઝલને જામવા માટે, અને ગઝલે મુશાયરામાં રસની જમાવટ કરવા માટે પરસ્પર સારી ભૂમિકા પૂરી પાડી છે. શ્રી જમીઅત પંડ્યા ('જિગર') મુશાયરાના કવિ છે. એમના '**વરદાન**'માં ગઝલો, નઝમો અને મુક્તકો સંગ્રહાયાં છે. ગઝલસાહિત્યના એમના ઊંડા રસનો, ગઝલના સ્વરૂપ વિષેની એમની જાણકારીનો અને એમના પ્રયોગલક્ષી દૃષ્ટિબિંદુનો પરિચય આ સંગ્રહ દ્વારા થાય છે.

કવિનું રચનાચાતુર્ય નોંધપાત્ર છે અને એમનું ભાવનાલક્ષી જીવનદર્શન પણ ગઝલોમાં સારી પેઠે ઝિલાયું છે. 'દર્શન', 'ઓળખાણ', 'કફન પણ ન પામ્યા દુલારા', 'કબર નથી કરવી', 'કિરતાર બદલે છે', 'હસતો રહ્યો' જેવી કૃતિઓમાં 'જિગર'નો રંગ ઠીકઠીક ચડેલો છે. મહેફિલ, સાકી, દિલ-દર્દ, પતંગા આદિની સૃષ્ટિ એમની ગઝલોમાં આવે છે એને કારણે કેટલાકને એમની ગઝલોમાં ચીલાચાલુ વલણ-દર્શન પણ થાય; પણ એકંદરે એમની રચનાઓમાં ભાવ કે વિચારને ચોટપૂર્વક વિશદતાથી રજૂ કરવાની સભાન મનોવૃત્તિનાં દર્શન થાય છે. ગુજરાતની ગઝલપ્રિય જનતાને સુરુચિપૂર્ણ સાહિત્ય પીરસતા રહી એમણે ગુજરાતની જે નિષ્ઠાપૂર્વક સેવા કરી છે એની પ્રતીતિ આ સંગ્રહ કરાવે છે.

**આરોહણ**માં શ્રી 'સાકિન' કેશવાણીએ આપેલી કુલ ૮૨ રચનાઓમાં મોટા ભાગની ગઝલો છે. સાથે છંદોબદ્ધ કાવ્યો, ગીતો ને મુક્તકો છે. પણ ખાસ કરીને ગઝલો આસ્વાદ્ય છે. 'ક્યાં જઈ પહોંચ્યા?' 'નજર લાગી', 'અકસીર હોય છે', 'ચકચૂર થઇ જાતું', 'છબીને ભરોસે,' 'સદાકાળ થઈ પડી' જેવી કેટલીક કૃતિઓમાં અનુભૂતિની સચ્ચાઈને કારણે આવતાં વેગ-બળ અને વ્યાપકતા જોવા મળે છે ને એમાં કવિની કલ્પનાશક્તિનું આકર્ષણ પણ વરતાય છે. કવિની દૃષ્ટિ 'છીછરાં જલ'થી સંતોષ પામે એવી નથી. જીવનની બાંધી મુઠ્ઠી ઉઘાડી નાખવાની એમની મથામણ ઘણી ગઝલોમાં વરતાય છે. પ્રણયનું નિરૂપણ જીવનના આ જાણતલ કવિને હાથે બાલિશ થતું બચ્યું છે. ભાવ-વિચારને વ્યંજનાત્મક રીતે સચોટતાથી રજૂ કરવાની એમની શક્તિ કેટલાક શેરોમાં સરસરીતે અનુભવાય છે. કવિ કેવળ શાબ્દિક ચમત્કૃતિઓમાં રાચતા નથી. સાકી, સનમ, સુરા ને ખંજરમાં જ કરુણ રીતે સમાપ્ત થતી અને પ્રેમનાં ટાહ્યલાં કરતી ગઝલોથી થાકી ગએલા ભાવકને અહીં તાજગી મળી શકે એમ છે. ગઝલ માટે ફારસી શબ્દભંડોળ આદિથી કોઈ કૃત્રિમ શૈલી ઊભી કરવાનો પ્રયત્ન એમને કરવો પડયો નથી. એમની ગઝલશૈલીની સ્વચ્છતા ને દીપ્તિ, વેધકતા ને પ્રવાહિતા સૌ કોઇને રુચશે. એમની કેટલીક ગઝલોમાં વિચારભાર કે ચીલાચાલુ કથનરીતિના અંશો જોવા મળે છે, તેમ છતાં 'આરોહણ' આ કવિનો ગણનાપાત્ર સંગ્રહ છે. કવિને લાધેલો 'આરોહણ'નો માર્ગ સદૈવ એમને ઊર્ધ્વાભિમુખ ગતિ કરાવો.

શ્રી મુકબિલ કુરેશીના **પમરાટ**માં ગઝલો, નઝમો અને મુક્તકોનો સમાવેશ છે. મુશા-

ચરાઓમાં રજૂ થતી ગઝલોની પરંપરાગત વિષય-રીતિની એમના પર ઠીકઠીક અસર છે, છતાં એમની ચિંતનશીલ-સંવેદનશીલ કવિપ્રકૃતિ જ્યારે બરાબર ખીલે છે ત્યારે કેટલાક સારા શેર આપે છે. 'આદમ નહિ રહે', 'હસી પડયાં', 'નવા નવા', 'કોરી કિતાબ', 'ફરી ગયા' જેવી કેટલીક રચનાઓમાં ગઝલના રંગીન મિજાજનો પરચો થાય છે અને કલ્પના-ચાતુર્ય તથા કથનના વંક-વળોટોનું સૌન્દર્ય માણી શકાય છે. જ્યાં કાવ્યસૌન્દર્ય ખાસ નથી ત્યાં પણ જીવનનાં ગહન સત્યોને સરળતાથી રજૂ કરવાની કવિની રીત ધ્યાનપાત્ર બને છે. શ્રી કુરેશીની જીવનનિષ્ઠા સૌન્દર્ય-નિષ્ઠાનો જ પર્યાય બને અને એમનું એ નિષ્ઠાબળ કાવ્ય-વાણીના રસ-પમરાટને તીવ્ર કરવામાં સક્રિય રહે એ સૌ કોઈ વાંછશે.

**'અંગડાઇ'**એ 'ઝરણું' પછીનો શ્રી અંબાલાલ ડાયરનો સંગ્રહ છે. દલપતશૈલીની કેટલીક લાક્ષણિકતાઓ અને પરંપરાગત ગઝલ-શૈલીના કેટલાક અંશો સાથે એમની રચનાઓમાં બોધકતાનું તત્ત્વ આગળ તરી આવે છે. એમના વક્તવ્યમાં કશું નવીન ન હોવા છતાં પ્રાસાદિક રજૂઆતને કારણે તે આકર્ષક લાગે છે. 'નમણી નારી', 'નજર લાગી', 'અવતાર બદલીશું', 'આગ લાગી ગૈ', 'ઈશારે ઈશારે', 'દુશ્મનની છાવણીએ', 'આજે નહિ તો કાલે', 'મુકદ્દરની વાત છે' જેવી કૃતિઓમાં ઠીક આસ્વાદ્યતા છે. એમનામાં વિચારતત્ત્વ કે ભાવતત્ત્વની ઊણપ નથી, પણ કલ્પનાના નવનવોન્મેષોની આવશ્યકતા હજુ રહે છે.

**લીલા** એ એક પ્રિય પાત્રને અનુલક્ષીને શ્રી 'આસિમ' રાંદેરીએ લખેલાં ૮૫ કાવ્યોનો સંગ્રહ છે. એમાં એક સળંગ પ્રણયકથા વણાએલી છે, છતાં પ્રત્યેક અલગ રીતે પણ આસ્વાદી શકાય એવું છે. કવિના નિખાલસ, કોમળ ને સ્વપ્નપ્રેમી માનસનું અહીં દર્શન થાય છે. એમની વાણીમાં સહજ રીતે આવી રહેલાં પ્રસાદ-માધુર્યની એક મોહિની છે. એક જ વિષયને કેન્દ્રમાં રાખી લખાતાં કાવ્યોમાં એકધારાપણું આવી જવાનો, પુનરાવર્તન થવાનો સાહજિક ભય આ કાવ્યોને પણ અમુક અંશે નડયો છે. વળી પ્રણયની કાવ્યાનુભૂતિમાં આવશ્યક એવાં ઊંડાણ અને ઉત્કટતા, તથા કલ્પનો-કથનોની જે અપેક્ષા ભાવકને રહે તે આ સંગ્રહ પૂરેપૂરી સંતોષતો ન હોવા છતાં ગુજરાતી ગઝલક્ષેત્રે કવિના શુભ-પ્રવેશનો નિર્દેશક બની રહે છે.

શ્રી રતુભાઈ દેસાઇના કાવ્યસંગ્રહ **કલ્પના**માં સંગ્રહાએલી ૭૯ રચનાઓ એમના ચિંતન-પ્રેમી, સંવેદનપટુ કવિમાનસની દ્યોતક છે. પણ એમાં શબ્દ ને અર્થનો પાર્વતી-પરમેશ્વર જેવો યોગ સધાતો નથી. ક્યાંક તો કવિતાની ભાષા જ કવિતાની અવરોધક બની રહે છે. છતાં 'ફૂલ અને પથ્થર(૨)' 'અત્તરની અરજી', 'વીણું હવે ફૂલ' 'પૂર્ણવિરામ (૨)', જેવી રચનાઓ કવિના ગુપ્ત સામર્થ્યની નિદર્શક છે. કલા-તપ ને કલા-વિવેક એ ઊંચી કક્ષાની સર્જકતાના જ ગુણો છે. એ ગુણોનું દર્શન કરાવવાનું આ કવિને હજુ બાકી રહે છે.

શ્રી જિતેન્દ્રકુમાર પી. મહેતા (મધુબિન્દુ)-ના **આવિર્ભાવ**માં છંદોબદ્ધ રચનાઓ અને ગીતો છે, જેમાંથી 'મધ્યમ પ્રતિપદા' કે 'અમલ ચડયા' જેવી કૃતિઓ આ સંગ્રહ વાંચી છેક નિરાશ થતાં બચાવે છે. પ્રસિદ્ધિનો મોહ છોડી, નમ્રતાથી, ધીરજ અને નિષ્ઠાથી પોતાની પ્રત્યેક રચનાને ઉત્તમ કલારૂપ આપવાના આનંદમય પુરુષાર્થમાં કવિ એકાગ્ર બને એ ઇચ્છવાયોગ્ય છે. એમ થતાં એમનામાં રહેલી કવિતાની સરવાણીને સાચી મુક્તિ મળશે.

શ્રી દલપતભાઈ રવજી વસાણી ('શોભન') કૃત **ઉરસંવેદના**માં છંદોબદ્ધ રચનાઓ, ગઝલો, ભજનો, ગીતો વગેરે મળી કુલ ૧૧૧ રચનાઓ છે. કેટલીક પ્રાસંગિક છે. ઉન્નત ઉડ્ડયનો અહીં નથી, પણ ભાવ-ભાવના અને વિચાર જોવા મળે છે. એમનાં ભજનો કવિત્વ-દૃષ્ટિએ વધુ આકર્ષક છે. કલા-સંયમને અભાવે એમની કવિતામાં ધ્વનિમાધુર્ય જળવાતું નથી. બોધકતા ને પ્રચારકતાનું તત્ત્વ પણ કેટલીકમાં ઘૂસી ગયું છે.

—ચન્દ્રકાન્ત શેઠ

---

## BRITAIN 1964
## An Official Handbook

બ્રિટિશ માહિતીખાતાના કેન્દ્રીય દફતરના સંદર્ભ વિભાગે અન્ય સરકારી દફતરો તથા જાહેર સંસ્થાઓના સહકારથી પરદેશમાં વિનામૂલ્યે મર્યાદિત સંખ્યામાં વહેંચવા માટે **બ્રિટન, ઍન ઑફિશિયલ હૅન્ડબુક** નામે એક સારો સંદર્ભગ્રંથ ચૌદેક વર્ષ પહેલાં પ્રકટ કરેલો. સુધારાવધારા સાથે ઉત્તરોત્તર દર વર્ષે એની નવી આવૃત્તિ બહાર પડતી ગઈ અને એની ઉપયોગિતા તથા લોકપ્રિયતાને કારણે વધતી જતી માંગને પહોંચી વળવા ઈ. ૧૯૫૪થી તે વેચાણમાં મૂકવાનું શરૂ થયું. યુનાઈટેડ કિંગડમને લગતી બધી જ ઉપયોગી માહિતીઓવાળા આ દળદાર પુસ્તકમાં બ્રિટનનો ભૌગોલિક પરિચય, ત્યાંની સરકાર ને તેના વહીવટીતંત્રની કામગીરી ને ફરજોનાં ક્ષેત્રોનો ખયાલ તથા અહેવાલ, કાયદાઓ, સંરક્ષણ, સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ, શિક્ષણ, યોજનાઓ ને વસવાટો, દેવળો, કળા-વિજ્ઞાન માટેની સરકારી સવલતો ને સહાય, રાષ્ટ્રીય અર્થતંત્ર, ઉદ્યોગો ખેતીવાડી માછીમારી ને જંગલખાતાની માહિતીઓ, વાહનવ્યવહાર વ્યાપાર અને એને લગતી અર્થવ્યવસ્થા તથા ત્યાંના કામદારોને સ્પર્શતાં અંગોની માહિતીઓ સાથે વિદેશી પ્રવાસીઓએ ખયાલમાં રાખવા જેવી બધી જ બાબતોની નોંધો આપવામાં આવે છે. ઈ. સ. ૧૯૬૪ની તેની સુધારેલી વધારેલી (૧૯×૪૨ સે.મી.ના કદનાં ૫૯૦ પાનાંની) જે આવૃત્તિ હાલ પ્રકટ થઈ છે તેમાં ૧૯૬૩ ના સપ્ટેમ્બર માસ સુધીની બધી જ વિગતો ને આંકડા-અહેવાલોનો સમાવેશ કર્યો છે. વધુમાં ૩૨ ફોટોગ્રાફ, બે મોટા રંગીન નકશા સાથે બ્રિટનના અન્ય છ નકશા ને ૧૪ આલેખો વડે પુસ્તકને વધુ માહિતીપ્રદ ને રસમય બનાવેલું છે. દર વર્ષે બદલાતી રહેતી એની સુંદર રજૂઆત ને લખાવટને કારણે સંદર્ભગ્રંથ હોવા છતાં નીરસ ન બનતાં આ પુસ્તક વાચનક્ષમ ને રસમય બની રહે છે. (કાચું પૂઠું, ૧૯ શિલિંગ, બ્રિટિશ ઈન્ફરમેશન સર્વિસિઝ, મહાત્મા ગાંધી રોડ, મુંબઇ-૧)

---

### ગયા તથા આ અંકમાં અવલોકાએલાં પુસ્તકોના પ્રકાશકો

સંગીતચર્ચા: ગજાનન વિ. જોષી, હીમા પ્રકાશન, સત્યભવન, હીરાબાગ, શાહીબાગ, અમદાવાદ-૪; (કિંમત ૨/-રૂા.). રાસકુંજ-૨: સૌ. શાન્તિ ચૂનીલાલ બરફીવાળા, લૉજ, અંધેરી, મુંબાઈ-૫૮; (૫/-). જૂની વાચનમાળાનો કવિતાસંગ્રહ (૨): સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ; (૦/૭૫). વાણી અને વીણા: પ્રાપ્તિસ્થાન: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિમિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨; (૫/-). વરદાન અને અંગડાઈ: સુમન પ્રકાશન, ૮૯, ડામર ગલી, મુંબાઈ-૯; (દરેકના ૨/-). પમરાટ: પ્રાપ્તિસ્થાન: સુરાલય કાર્યાલય, આંબાચોક, ભાવનગર; (૧/૨૫). લીલા: રાંદેરી પબ્લિકેશન્સ, ૧૧૪ સારંગ સ્ટ્રીટ, મુંબાઈ-૩; (૫/-). કલ્પના: વૉરા ઍન્ડ કંપની, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨; (૩/૫૦). આવિર્ભાવ: જિતેન્દ્ર પી. મહેતા-'મધુબિન્દુ', માટુંગા, મુંબાઈ-૧૯; (૧/૫૦). ઉરસંવેદના: સંસ્કાર સાહિત્ય મંદિર, ઘોઘા દરવાજા, ભાવનગર; (૩/-). સ્વપ્નવસંત: મુખ્ય વિક્રેતા: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ (૫/-). આરોહણ: વિક્રેતા સુરાલય કિતાબમાલા, માળીટેકરા, ભાવનગર; (૧-૫૦).



# શ્રદ્ધાંજલી

દુર્ગમ ગિરિવર શિખર જહીં નહિ ચરણચિહ્ન નહિ કેડી,
હે અભિનવ-પથ યાત્રિક એ દિક પ્રથમ અડે તવ એડી;
અતુલ શક્તિમાન યૌવન, નિર્ભય ડગ, અનિરુદ્ધ ઉમંગે,
હે અભિનવ-પથ યાત્રિક ચલ ચલ મુક્ત કંઠ નિજ સંગે.
ખુલ્લે મન, કર મહિં એકલ ધરી દૃઢ સંકલ્પની યષ્ટિ
હે અભિનવ-પથ યાત્રિક ચલ ચલ દૂર ન ઝંખન-સૃષ્ટિ.

(શાન્ત કોલાહલ) —રાજેન્દ્ર શાહ

## સ્વ. ડૉ. વેરીઅર એલ્વિન

ભારતની સ્વાતંત્ર્ય લડતના એક વખતના સક્રિય કાર્યકર અને હિંદી આદિવાસીઓના આજીવન પરમ હિતેષી ડૉ. વેરીઅર એલ્વિનનું ગઈ ૨૨મી ફેબ્રુઆરીએ રાત્રે પોણાબાર વાગ્યે ૬૧ વર્ષની વયે હૃદયરોગને કારણે નવી દિલ્હીની વેલિંગ્ટન હૉસ્પિટલમાં અવસાન થયું. એમનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર'ના ૯૧મા અને ૪૫૯મા અંકમાં આવી ગયો છે.

ઈ. ૧૯૦૨ની ૨૯મી ઑગસ્ટે ઇંગ્લંડમાં ડોવર મુકામે એમનો જન્મ થએલો. માતાનો જન્મ ભારતમાં થએલો એને એમનું પોતાનું બાળપણ પણ ભારતમાં વીતેલું હોઈ પ્રથમથી જ એમને આ દેશ પ્રત્યે ઘણું આકર્ષણ હતું અને એટલે જ ઑક્સફર્ડની ઘણી ઉજ્જ્વળ કારકિર્દી છોડી દઈ ઈ. ૧૯૨૭માં તેઓ હિંદ આવી ખ્રિસ્ત સેવાસંઘમાં જોડાયા. પછી તો રાષ્ટ્રીય ચળવળના જુવાળમાં પણ એમણે ઝુકાવ્યું ને એને ખાતર એમણે ખ્રિસ્ત સેવાસંઘ પણ છોડી દીધો. થોડો વખત આદિવાસીઓમાં પણ કામ કર્યું.

તે પછી તેઓ લંડન ગયા હતા. ત્યાંથી પાછા ફરવાનું થયું ત્યારે રાજકારણમાં કંઈ પણ ભાગ નહિ લેવાની આકરી શરતે અંગ્રેજ સરકારે એમને મુસીબતે પાસપોર્ટ આપ્યો હતો.


પણ અસલ સાહિત્યના જીવ અને ઑક્સફર્ડનો વિદ્વત્તાભર્યો અભ્યાસ કર્યા પછી ધરતીના છોરુ જેવાં હિંદી આદિવાસીઓની વચ્ચે જઈ વસતાં ઉત્તરોત્તર એમને એમનામાં ઊંડો રસ લાગવા માંડ્યો. તેઓના વહેમો, રીતરિવાજો, માન્યતાઓ, ધાર્મિક ક્રિયાઓ વગેરેનો એમણે તુલનાત્મક અભ્યાસ કરવા માંડ્યો. પાટણગઢમાં એમનો વસવાટ હતો. ત્યાં તેઓ રક્તપિત્તિયાઓ માટે એક સારવારગૃહ પણ ચલાવતા. આદિવાસીઓમાં તો એમણે એટલી ચાહના મેળવી હતી કે તેઓ એમને 'બડાભાઈ' તરીકે સંબોધતા ને પોતાના અનેક ઝઘડાઓની પતાવટ એમની પાસે જ કરાવતા. એમની જોડે એકરૂપ થઈ રહેવાની એમની ઝંખનાના પરિણામે તેમણે પણ લગ્ન એક આદિવાસી કન્યા સાથે જ કર્યું.



એ પછી તેઓ બસ્તર પ્રદેશમાં વસતિ-ગણતરી અધિકારી નિમાતાં જગદલપુર ગયા. ત્રણ વર્ષના ત્યાંના વસવાટ દરમિયાન તો એમણે આખો પ્રદેશ પગતળે કરી નાખ્યો. ત્યાંની મુરિયા જાતિઓનો ઊંડો અભ્યાસ કર્યો ને 'માડિયા મર્ડર ઍન્ડ સ્યુઈસાઈડ' નામક પુસ્તકમાં એનો સુંદર નીચોડ આપ્યો. ઓરિસ્સાની ભૂયા, જુઆન્ગ, કુટીઆ, ગૉન્ડ વગેરે જાતિઓના નૃવંશશાસ્ત્રની દૃષ્ટિએ એમણે અભ્યાસ કર્યો. એમનાં લોકગીતો, લોકકથાઓ, રહેણીકરણી, રીતરિવાજો, નૃત્યો, પોશાકો, આભૂષણો આદિની કૅમેરા વડે બહુમૂલ્ય દસ્તાવેજી નોંધો પણ લીધી.

ગાંધીજીની એમના પર ઊંડી અસર હતી.

## જગતનાં પ્રાણી-૬૮ : શરમિંદી બિલ્લી



હિંદમાં 'શરમિંદી બિલ્લી' ને બંગાળમાં 'લાજવતી'ના નામે ઓળખાતું આ નિશાચર (slow loris) ઉત્તર-પૂર્વના ગીચ જંગલોમાં રહે છે. આસામ-ત્રિપુરા ને ચિતાગાગથી માંડી બ્રહ્મદેશ તથા પૂર્વના મુલકોમાં એ થાય છે.

કદ એકથી દોઢ ફૂટની અંદરનું. માથું ગોળ ને મેલા સફેદ રંગનું, ખભા પણ એવા જ. પડખાં ને ઢગરા મેલા બદામી કે ઘેરા રાખોડી. પણ માથેથી શરૂ થઈ આખી પીઠ પર સળંગ જતી તપખીરી રંગની પટ્ટી અને ઘુવડ જેવી ગોળ મોટી ચળકતી એની આંખો ફરતાં ઘેરા રંગનાં મોટાં કુંડાળાં ખાસ ધ્યાન ખેંચે છે. પૂછડી બુટ્ટી, નહિવત જ. શરીર લાંબી વિવિધ ઝાંયવાળી રુવાંટીથી ઢંકાએલું ભરાવદાર.

દિવસ આખો એ ટૂંટિયું વાળી ગોળ દડો બની કોઈ થડની બખોલમાં ભરાઈ રહે. ગરમી વધારે હોય તો બહાર આવી ડાળી ઉપર પગ લટકતા રાખી પેટભર સૂઈ રહે. સાંજ પડતાં જાગે ને આહાર માટે નીકળે. એની ચાલ ધીમી અને ચોક્કસ. પગમાં એક આંગળે નહોર, બીજાં આંગળા પર સપાટ નખ. કદના પ્રમાણમાં એની પકડ ઘણી જ સખત હોય છે. ફળપાંદડાં ને જીવડાં ખાય. શિકાર પકડવા પ્રથમ તો એ બહુ જ ચૂપકીદીથી એની નજીક સરે, પછી એકાએક ટટ્ટાર થઈ પાછલા પગની પકડ ભિડાવી બે હાથે શિકાર પર તરાપ મારી પકડી લે. ખાતી વેળા એ પગને આધારે ઊંધુ લટકી માથું પાછળ ખેંચીને ખાય. પાણી પણ આમલટકીને પીએ. પકડ્યું હોય તો તે શરૂમાં તો બચકાં ભરે પણ પછી ઘણું હળી જાય છે.

તેલુગુમાં 'દેવાંગ પિલ્લી'ને કાનડીમાં 'નલ મનુષ્ય' નામે ઓળખાતી એની એક ૮-૧૦ ઇંચના કદની નાજુક જાત દક્ષિણ ભારતમાં થાય છે. એની ખાસિયત લગભગ આના જેવી જ પણ ચપળતા વધુ, રુવાંટી ઓછી એટલે દેખાવે એ આકર્ષક નથી લાગતું.







ડૉ. વેરીઅર એલ્વિન અને તેમનાં આદિવાસી પત્ની કોશી. ડાબી બાજુની છબિ એલ્વિન રાષ્ટ્રીય રંગે રંગાએલા હતા એ કાળની છે.

સાબરમતી આશ્રમના પણ તેઓ સભ્ય બન્યા હતા. ૧૯૫૩માં એમણે ભારતનું નાગરિકત્વ સ્વીકાર્યું હતું.

હિંદી નૃવંશ વિષેનો એમનો અભ્યાસ અદ્વિતીય હતો. માણુસજાતના બૌદ્ધિક ઇતિહાસના સંશોધનનું એમનું કાર્ય સીમાસ્તંભ રૂપ છે. ભારત સરકારે એમને નૃવંશ વિભાગના ડાયરેક્ટર તરીકે ને એ વિષે સરકારના સલાહકાર તરીકે નિમંત્રેલા પણ તેમણે 'નીફા'ના ગવર્નરના આદિવાસી જાતિઓની બાબતોના સલાહકાર તરીકે જવાનું પસંદ કર્યું.

એ સ્થાનેથી એમણે એ તરફના દૂરદૂરના વિસ્તારોમાં પગે ચાલીને લગભગ ૩૦૦૦ માઈલથીએ વધુ સફરો ખેડી અને 'નીફા'ના સત્તાવાર પ્રકાશન માટે 'ધ માઈથ્સ ઍન્ડ લીજન્ડ્સ ઑવ નીફા' અને 'એ ફિલૉસૉફી ફૉર નીફા' નામક બે મોટા ગ્રંથો લખ્યા છે, જેમાંનો એક થોડા સમયમાં પ્રકટ થશે. આસામની સરકારી 'જાતિ સંશોધન સંસ્થા'ની સ્થાપનામાં પણ એમણે ઘણી અમૂલ્ય સેવાઓ આપી છે.

આદિવાસીઓ વિષે કરેલાં એમનાં વૈજ્ઞાનિક સંશોધનો માટે ૧૯૪૨માં 'રૉયલ ઍન્થ્રોપોલૉજિકલ ઇન્સ્ટિટ્યૂટ'નો 'વેલકમ ચંદ્રક' ને પછી ૧૯૪૮માં 'રીવર્સ ચંદ્રક' મળ્યા છે. બંગાળની એશિયાટિક સોસાએટીએ પણ ૧૯૪૫માં 'રૉય સુવર્ણ ચંદ્રક' આપીને અને એશિયાના નૃવંશશાસ્ત્રમાં અગ્રગણ્ય ફાળો આપવા બદલ ૧૯૫૧માં 'એનનડેલ સુવર્ણ ચંદ્રક' આપીને એમને નવાજ્યા હતા.

મુંબઈ એશિયાટિક સોસાએટીએ પણ ૧૯૪૭માં પોતાનો ચંદ્રક અને ૧૯૬૦માં 'કૅમ્પબેલ સુવર્ણ ચંદ્રક' આપ્યા હતા. ૧૯૬૧નું દાદાભાઈ નવરોજી પારિતોષિક પણ એમને મળેલું. એ જ વર્ષે એમણે સરદાર વલ્લભભાઈ વ્યાખ્યાનો આપેલાં. એમની સેવાઓ બદલ કેન્દ્ર સરકારે પણ એમને પદ્મભૂષણ બનાવીને બિરદાવ્યા હતા.

ટ્રૂથ એબાઉટ ઇન્ડિયા, ધી બૈગા, મધ્ય ભારતની લોકકથાઓ, મધ્ય ભારતના આદિવાસીઓની કળા, ઓરિસ્સાના આદિવાસીઓની લોકકથાઓ, નાગાલૅન્ડ, મૅન ઈન ઇંડિયા, જંગલનાં ગીતો, લીવ્ઝ ફ્રૉમ ધ જંગલ, બૉન્ડો હાઈલૅન્ડર, હિંદુ જાતિઓનો ધર્મ, મહાકોશલની લોકકથાઓ, મૈકાલ ટેકરીઓના વાસીઓનાં લોકગીતો, છત્રીસગઢનાં લોકગીતો ઇત્યાદિ વિષયનાં એમણે જે સંખ્યાબંધ અભ્યાસનીય પુસ્તકો લખ્યાં છે એના પરથી એમના કાર્ય-વિસ્તારનો ખયાલ આવી શકશે. એમના 'લીવ ફ્રૉમ ધ જંગલ'ના પુરોવચનનાં રોમાં રોલાંએ એમને વિષે લખ્યું છે કે, 'ઑક્સફર્ડમાં ભણેલો આ યુવાન વિશ્વના ઉત્તમોત્તમ પ્રશિષ્ટ સાહિત્યનો જ્ઞાતા અને તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતો નર્મ-મર્મનો અચ્છો વિવેચક માત્ર આત્મસંતોષ ખાતર આ (આદિવાસીઓની) પ્રવૃત્તિઓમાં પડયો. આફ્રિકામાં જેમ આલ્બર્ટ સ્વાઈટ્ઝર-ફિલસૂફ તેમ ભારતમાં કવિ વેરીઅર એલ્વિન'. દેશે એક કેવું માનવરત્ન ખોયું છે તે આ વચનો પરથી સહેજે સમજી શકાશે.

## આંતરરાષ્ટ્રીય શાંત સૂર્ય વર્ષ

અગાઉ જેમ આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષમાં દુનિયાના દેશોએ સહકારથી ભૂભૌતિક સંશોધનો કરેલાં તેમ તેની સફળતાથી પ્રેરાઇ હવે આંતરરાષ્ટ્રીય શાંત સૂર્ય વર્ષ (ઈન્ટરનેશનલ ઇયર ઑવ ધી ક્વાયેટ સન)ની યોજના કરવામાં આવી છે. એનો ગાળો ૧૯૬૪ના જાન્યુઆરીથી ૧૯૬૫ના ડિસેમ્બર સુધી બે વર્ષનો રહેશે.

આ ગાળા દરમિયાન સૂર્યમાં ઘણા ઓછા ફેરફારો થવાના હોઇ એને 'શાંત સૂર્ય વર્ષ'નું નામ અપાયું છે, આ દરમિયાન સૂર્યનો અભ્યાસ કરવાનો સારો અવસર મળશે. કેમકે પૃથ્વી ઉપરના વાયુમંડળ પર સૂર્યનો પ્રભાવ આ સમયમાં ઓછામાં ઓછો થવાનો હોઈ તેનાથી થતાં ચુંબકીય તોફાનો ઓછાં થશે, ઉત્તરી જ્વાળાઓ પણ ઓછી દેખાશે અને અયનમંડળમાં પણ ઘણી ઓછી ગરબડ થશે.

આમ, સૂર્યની પૃથ્વી પર અને અન્ય ગ્રહો પર આ શાંતિના સમયમાં શી અસર પડે છે તેનો અભ્યાસ કરવાનો ઉદ્દેશ છે. એટલે આ કાર્યક્રમના ભાગરૂપે સૌરમંડળની ગતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે તે ભૂભૌતિક ઘટનાઓનો અભ્યાસ પણ કરવામાં આવશે, જેમાં અંતરીક્ષ કિરણો, ઉત્તરી જ્વાળાઓ, પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર, પૃથ્વી પરનું વાયુમંડળ, ને ખાસ કરીને અયનમંડળ પર પડતા તેના પ્રભાવ વગેરેનો અભ્યાસ થશે.

જોકે વૈજ્ઞાનિકો લગભગ ૧૦૦ વર્ષથી સૂર્યનો અભ્યાસ કરે છે. પણ સૂર્યની ગતિવિધિના ૧૧ વર્ષના એક ચક્રના ગાળાનું રહસ્ય વિજ્ઞાનીઓ સમજી શક્યા નથી. જ્યારે સૂર્યકલંકની ગતિવિધિ નહિવત્ હોય છે ત્યારે સૂર્યને શાંત કહેવામાં આવે છે. જ્યારે સૂર્ય ઉત્તેજિત થાય છે ત્યારે તેની ગતિવિધિ વધતી જાય છે, પૃથ્વી પર તેનો પ્રકોપ વરસે છે ને તેથી આકાશવાણીના પ્રસારણમાં અગવડો ઊભી થાય છે. પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર ડગમગી જાય છે, હોકાયંત્રોની સોય ડોલવા લાગે છે તથા તાર ટેલિફોનમાં પણ અગવડો ઊભી થાય છે. આ સમયે સૂર્યમાંથી અતિ પ્રચંડ જ્વાળાઓ નીકળે છે અને વિદ્યુતકણોની વર્ષા થાય છે. આ કણો સૂર્યની પાસે કે પૃથ્વીની પાસે કેવી રીતે ક્યાં પકડાઈ જાય છે એ વાત આજસુધી એક રહસ્યમય ઘટના છે. શાંત સૂર્ય વર્ષમાં એ રહસ્યને ઉકેલવાનો પ્રયત્ન થશે.

આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષમાં ઉપગ્રહો દ્વારા પૃથ્વીની ચારે બાજુ વિકિરણ પટાઓની માહિતી મેળવવામાં આવી હતી. આ 'વાન એલન પટાઓ' અંતરીક્ષ-યાત્રીઓ માટે ખતરનાક બની શકે છે. ૫૦-૧૮૦ માઈલની ઊંચાઇ સુધી પૃથ્વીના વાયુમંડળ પર અલ્ટ્રાવાયોલેટ ને 'એક્સ-રે' (ક્ષ-કિરણો)નો ઘણો પ્રભાવ પડે છે. તેના દ્વારા જ આકાશવાણીનું પ્રસારણ એક ખંડમાંથી બીજા ખંડમાં શક્ય બને છે.

હા, ખૂબ જાણીતી અને રસોડામાં તથા વાસણ માંજવામાં વપરાતી આંબલી એક નોંધપાત્ર ઘરગથ્થુ ઔષધ પણ છે. સંસ્કૃતમાં એને 'દંતશઠા'—દાંતની શત્રુ કહે છે; કેમકે દાંત એનાથી અંબાઈ જાય છે; પણ સાથે સાથે સ્ત્રીઓને એ અતિશય પ્રિય હોઈ 'કામિની રસના પ્રિયા' એવો એક ભારેખમ સંસ્કૃત પર્યાય પણ યોજી શકાય.

આંબલીના ગુણકર્મો નીચે પ્રમાણે છે :

પાકી આંબલી ગળી, ખાટી, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, રુચિકારક, લૂખી, સારક એટલે મળને સરકાવનાર, હૃદયને માટે હિતકારી તથા વાયુનું શમન કરનાર છે. પાકી આંબલીમાં રહેલાં ગળપણ ને ખટાશ વાયુનું શમન કરનારાં છે. પાકી આંબલી એક વર્ષ જૂની થયા પછી દાળ-શાકમાં એનો ઉપયોગ કરવો. આંબલીની પ્રતિષ્ઠા કોકમની અપેક્ષાએ ઓછી મનાય છે, પણ તે યોગ્ય નથી. દાળ-શાકમાં આંબલીનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ નુકસાનકારક નથી. પણ કાચી આંબલી (કાતરા) નો ઉપયોગ કરવાથી રક્ત દૂષિત થાય છે. અને ચામડીના રોગો (ખસ વગેરે) થવાનો સંભવ રહે છે. એટલે જીભને વશ થઇને કાચી આંબલીનો બહુ ઉપયોગ કરવો નેઈએ નહિ.

**સંગ્રહણી**

આ રોગ જાણીતો છે. એમાં ખોરાક પચ્યા વગર—અર્ધોપર્ધો પચીને બહાર નીકળી જાય છે. એમાં આંબલીનાં પાંદડાંનો આ પ્રયોગ લાભદાયી છે : એક તોલો આંબલીનાં પાંદડાં પાણીમાં ધોઈ સ્વચ્છ કરી, ત્રણ તોલા ચોખાના ધોવાણમાં બરોબર લસોટી નાખી, એમાં ઇંટના નાના ટુકડાને ગરમ કરી છમકારવો. સવારસાંજ આ પ્રમાણે તૈયાર કરીને દર્દીને પાવાથી સારો લાભ થશે.

**વાયુનો સોજો**

પડી જવાથી કે ચોટ લાગવાથી વાયુનો પ્રકોપ થાય છે, ને એને કારણે જે જગ્યાએ ચોટ વાગી હોય તે ભાગ પર સોજો આવી જાય છે. વાયુના સોજામાં હમેશાં દુખાવો ખાસ થતો હોય છે, કફના સોજામાં ચેળનું લક્ષણ હોય છે અને પિત્તના સોજામાં દાહ-બળતરા થતી હોય છે.

વાયુના સોજા પર આ બાહ્યપ્રયોગ લાભકારક છે : આંબલીનાં પાંદડાં ને માલકાંકણીનાં બી સરખે ભાગે લઈ, પથ્થર પર સારી પેઠે લસોટી, પછી એમાં થોડું પાણી ઉમેરીને અગ્નિ ઉપર પકાવી લેવું. લાહી જેવું થાય એટલે સોજાની જગ્યાએ ગરમગરમ ચોપડવું.

**કંઠનો સોજો**

ગળામાં સોજો આવ્યો હોય અને દુખાવો રહેતો હોય તો પા (૦।) તોલો આંબલીને અર્ધા શેર પાણીમાં નાખીને ઉકાળવી. અર્ધું પાણી રહે એટલે ગાળી લઈને એમાં ત્રણ તોલા ગુલાબજળ (સાચું) ઉમેરવું. પછી નવશેકા પાણીથી કોગળા કરવા.

**અરુચિ**

અરુચિ અને ક્ષુધાનાશમાં નીચેનો પ્રયોગ ઉપયોગી થશે : રાત્રે અઢી તોલા આંબલીને અર્ધો શેર પાણીમાં ભીંજવી રાખવી. સવારે ચોળીને પાણી ગાળી લેવું. ચોળતી વખતે જરૂર પૂરતા ગોળનો ઝીણો ભૂકો એમાં નાખવો. પછી એલચી અને કાળાં મરીનું ચૂર્ણ ઉપર્યુક્ત જળમાં ઉમેરી અરુચિના દર્દીએ ચમચી ભરી-ભરીને ધીમેધીમે પીવું. એનાથી રુચિ ઊઘડશે.

**હરસ**

આંબલીનાં ફૂલ (જેને 'કૉર' અથવા 'મૉર' કહે છે તે)માં દહીં અને દાડમના દાણાનો થોડો રસ મેળવી, સૂંઠ અને ધાણાના ચૂર્ણમાં વઘારીને શાક બનાવવું. આ શાક બપોરના ભોજન વખતે એક વાર લેવું. એનાથી મળશુદ્ધિ થાય છે તેમજ હરસની વેદના શાંત થાય છે.

લાભશંકર ઠાકર

---

શાંત સૂર્ય વર્ષના ગાળામાં પૃથ્વીથી ૧૫થી ૩૫ માઈલની ઊંચાઇ સુધી, વાયુમંડળ રૉકેટો દ્વારા વારંવાર ભેદાતું રહેશે. 'બ્રિટિશ આર્કિટિક સર્વે' નામે એક સંયોજન હેઠળ ૨૧ વૈજ્ઞાનિકો આ અભ્યાસમાં માર્ગદર્શન આપશે. તેમાં રશિયાના ડૉ. ઈ. જી. બ્રિકુરોવ, બ્રિટનના ડૉ. સી. સ્વિથિન બેક અને આ સંસ્થાના સંશોધન વિભાગના વડા સર વિવિયન ફ્રક્સ અગત્યનો ભાગ ભજવશે. જે મુખ્ય ૧૦ દેશો આ સંશોધનમાં ભાગ લેશે તેમાં ભારતનો પણ સમાવેશ છે. આ ઉપરાંત, અમેરિકાના ધ્રુવીય ક્ષેત્રના તથા સમુદ્રમાં તરતી પ્રયોગશાળા મારફતે રૉકેટો છોડાશે. કેટલાંક રૉકેટોમાં વિસ્ફોટક પદાર્થો રાખવામાં આવશે, જે ૭૦ માઇલની ઊંચાઇએ જશે. તેના ધ્વનિ તરંગો મારફતે તે કરતાં વધુ ઊંચાઇએ પવનની ગતિ મપાશે. આશા છે કે આ અભ્યાસથી હવામાનની આગાહી કરવામાં ઘણું માર્ગદર્શન મળશે, દૂરદૂરના રેડિયો પ્રસારણમાં આવતી રૂકાવટોને ઓછી કરી શકાશે, અંતરીક્ષયાત્રામાં પડતી મુશ્કેલીઓને સારી રીતે સમજી શકાશે અને પૃથ્વી વિષે પણ ઘણું જાણવાનું મળશે. અમેરિકાના અવકાશ ઉડ્ડયન વિભાગ તરફથી ચંદ્ર, શુક્ર અને મંગળ પર માનવહીન ઉપગ્રહો મોકલવામાં આવશે.

આ યોજનામાં ભારતે હિન્દી મહાસાગરની પ્રયોગશાળાઓ સાથે સંકળાયેલો એક કાર્યક્રમ ઘડ્યો છે. જે મુજબ તે પ્રયોગશાળામાંથી રોજબરોજ હવામાં ગોબારા અને ચોક્કસ અંતરે મોસમ સૂચક રૉકેટો પણ છોડવામાં આવશે.

વળી, કોડાઇકેનાલથી દૂરબીન દ્વારા પણ સૂર્યનો અભ્યાસ કરવામાં આવશે. સાથેસાથ કલકત્તા, અમદાવાદ અને દિલ્હીમાં સૌર રેડિયોની ગરબડનો અભ્યાસ કરવામાં આવશે. અમદાવાદ અને દિલ્હીમાં સૌર વિકિરણોનો અભ્યાસ પણ થશે. અમદાવાદ, કોડાઇકેનાલ અને નૈનીતાલમાં તથા દિલ્હીમાં અંતરીક્ષ કિરણોનું સંશોધન પણ કરવામાં આવશે. આ ઉપરાંત, આંધ્ર વિશ્વવિદ્યાલય, બોઝ ઇન્સ્ટિટયૂટ–કલકત્તાનો જીઓડિટિક ને સંશોધન વિભાગ, સર્વે ઑવ ઇન્ડિયા–દહેરાદૂનનો ભારતીય હવામાન વિભાગ, નેશનલ ફિઝિકલ લૅબોરેટરી–અમદાવાદ, પૂના વિશ્વવિદ્યાલય, ટાટા ઇન્સ્ટિટયૂટ આવ ફન્ડામેન્ટલ રીસર્ચ–મુંબાઇ તથા ઉત્તર પ્રદેશની રાજકીય વેધશાળા, નૈનીતાલ ભાગ લેશે.

ગયા ઉનાળામાં પારી(સ)ના 'યુનેસ્કો હાઉસ'માં આંતરરાષ્ટ્રીય શાંત સૂર્ય વર્ષ માટે એક સમિતિ બનાવવામાં આવી હતી. જેના પ્રમુખ બ્રિટનના પ્રો. બેનના કહેવા પ્રમાણે શાંત સૂર્ય વર્ષનો ઉદ્દેશ બદલાતી પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષમાં કરવામાં આવેલા પ્રયોગોને ફરીથી કરવાનો નથી, પણ કંઇક મૂળભૂત સંશોધન કરવાનો છે. આંતરરાષ્ટ્રીય શાંત સૂર્ય વર્ષમાં થનારાં વૈજ્ઞાનિક નિરીક્ષણો અને પરીક્ષણો માનવ જાતના કલ્યાણ માટે નવો સંદેશો લાવશે. માનવ પૃથ્વી અને તેની ચારે બાજુના વાતાવરણને સારી રીતે સમજી શકે અને તે જ્ઞાનને વ્યવહારમાં લાવી શકે એ તેનું અંતિમ ધ્યેય છે.

('વિજ્ઞાનલોક'ના સૌજન્યથી) —રાજુભાઈ જંત્રાણિયા

**શેક્સપીઅરની સ્મૃતિમાં**

બ્રિટનમાં આવતી તા. ૨૩ એપ્રિલે મહાન નાટ્યકાર શેક્સપીઅરની ચોથી જન્મશતાબ્દી નિમિત્તે ટપાલની ચાર ખાસ ટિકિટો બહાર પડશે. જેમાં ડાબી બાજુ શેક્સપીઅર અને જમણી બાજુ રાણી એલિઝાબેથની છબિ સાથે વચ્ચે કાળા રંગમાં ૧૬મી સદીની રંગભૂમિ ઉપર

## જુલિયસ સીઝર

### હેતુ અને હાર્દ

વિકાસાભિમુખ અંગ્રેજ પ્રજાજનોને રાજનૈતિક સમસ્યાઓ સમજાવવા શેક્સપીઅરે નાટકો માટે અતિહાસિક કથાનકો પસંદ કર્યાં. એને ઇષ્ટ એવી ફિલસૂફી શીખવવા માટે જોઇતી વિવિધતા ઇંગ્લૅંડના ઇતિહાસમાં મળવાની મુશ્કેલી હતી. તેથી એણે કેટલાંક કથાનકો રોમના ઈતિહાસમાંથી મેળવી લીધાં. 'જુલિયસ સીઝર' એમાંનું એક છે.

ઇતિહાસમાં કોઈ એક નાયક સંભવી ન શકે. જગતના તખ્તા પર એ હોય ત્યાં સુધી મહાપુરુષને નાયક તરીકે ગણાવી શકાય; એનું અવસાન થાય એટલે બીજો કોઈ એનું સ્થાન લે. આ નાટકમાં બે નાયકો છે: નાટકને શીર્ષક આપતો સીઝર ફક્ત ત્રણ જ વાર તખ્તા પર દેખાય છે. અને પછી બીજો નાયક બ્રૂટસ આવે છે. સ્વાભાવિક છે કે સીઝરનું પાત્રાલેખન વિસ્તારથી કરવાની તક લેખકને ન જ મળે. તેમ છતાં સીઝર અવિસ્મરણીય પાત્ર બની જાય છે. હા, એટલું સાચું કે લોકોના મનમાં સીઝર વિષે જે ખયાલ પ્રવર્તતો હતો તેને અનુસરીને જ સીઝરનું પાત્ર સર્જાયું છે. નાટકના માત્ર નાયકો જ બે નથી, એના અંત પણ બે છે: કેસિયસનો આપઘાત એ એક, અને બ્રૂટસનો આપઘાત એ બીજો. સીઝરનું મહત્ત્વાકાંક્ષી પાત્ર મૅકબેથની પૂર્વતૈયારી તો નહિ હોય, એવું અનુમાન કરી શકાય.

કલાની દૃષ્ટિએ નાટકમાં ક્ષતિઓ કે ત્રુટીઓ છે. પણ નાટક વાંચતાં કે જોતાં એ તરફ ખાસ ધ્યાન જતું નથી. ઇતિહાસને દૃશ્ય અને શ્રાવ્ય સ્વરૂપ અપાય ત્યારે એ પ્રસંગપ્રધાન બને અને એના નાયકમાં કરૂણાન્ત નાટકના નાયકના વિશિષ્ટ ગુણો દેખાય નહિ; તો પણ લેખકે નાટકમાં રસભંગ થવા દીધો નથી. શેક્સપીઅરનાં નાટકોમાં કંઈક સર્વકાલીન તત્ત્વ રહ્યું છે. તત્કાલીન રાજકારણને અનુરૂપ એવો સાર બતાવવાનો લેખકનો હેતુ હતો જ; પણ કોઈ પણ સમયને અનુરૂપ એવો બોધ આ નાટકમાંથી મળી રહે છે એ શેક્સપીઅરની મહત્તાનું એક લક્ષણ છે.

**વસન્ત જોષી**

અનુસંધાન] **જુલિયસ સીઝર** [પૃ. ૯૬થી

આ ઉદ્ગારોની અસર વીજળી જેવી થઇ. ટોળું હવે હાથમાં ન રહ્યું. ઍન્ટનીએ ફરી તેને રોકીને કહ્યું: 'ખામોશ! સીઝરનું વિલ હજુ બાકી છે, એ ભૂલી ગયા?' અને એણે વિલનું સીલ તોડી એની કલમો વાંચતાં કહ્યું: 'નગરજનો, આનંદો! સીઝર એની મિલકત રોમના નગરવાસીઓને વારસામાં આપી ગયો છે. એના બાગબગીચા, એનાં મેદાનો, જમીન-જાગીરો, બધું જ સીઝરે સ્વેચ્છાએ પ્રજાને સમર્પી દીધું છે. આપ લોકો હવે નિરાંતે તેનો ઉપયોગ કરી શકો છો. આ એનું વસિયતનામું. આવો હતો આપ લોકોનો સીઝર! એવા મહાન સીઝરનું ખૂન કરવામાં આવ્યું છે. સીઝરનું સ્થાન હવે લઇ શકે એવો છે કોઈ?'

ઍન્ટનીએ પોતાનું વક્તવ્ય પૂરું કરી વીફરેલા ટોળાને છૂટું મૂકી દીધું. નગરમાં બળવો ફાટી નીકળ્યો. કેટલાયનાં લોહીથી રોમની ભૂમિ રંગાઇ ગઈ. બ્રૂટસ, કેસિયસ ને બીજા કાવતરાખોરો છૂપી રીતે છટકી ગયા.

રોમમાં સીઝર પછી તેનો દત્તક પુત્ર ઑક્ટેવિયસ ગાદીએ આવ્યો. ઍન્ટનીએ અને ઑક્ટેવિયસે કાવતરાખોરોના મળતિયાઓને વીણીવીણીને સાફ કરી નાખ્યા. રોમની બહાર સાર્ડીની સુધી નાસી છૂટેલા બ્રૂટસ અને કેસિયસની તકલીફોનો પાર નહોતો. કેસિયસને આ બધી તકલીફો માટે બ્રૂટસની જ જવાબદારી લાગી. એણે શા માટે ઍન્ટનીનો વધ કરવાની સંમતિ ન આપી? શા માટે એણે ઍન્ટનીને સીઝરના મૃતદેહ આગળ ભાષણ કરવાની પરવાનગી આપી? બ્રૂટસે જ આ બધો વિનાશ નોતર્યો હતો.

કેસિયસ અને બ્રૂટસ નાણાંભીડની પણ ભારે મુશ્કેલી વેઠી રહ્યા હતા. કેસિયસે લોકોને રંજાડી પૈસા ભેગા કરવા માંડયા. એમાંથી એક વાર બ્રૂટસ અને કેસિયસ વચ્ચે ભડકો સળગી ઊઠયો. એકબીજાનું ખૂન કરવા બંને તૈયાર થઇ ગયા. પણ છેવટે પોતાની ભૂલ સમજ્યા અને શાંત થયા. ઍન્ટની અને ઑક્ટેવિયસનું લશ્કર તેમને પરહેજ કરવા આગળ વધી રહ્યું હતું ત્યારે આવા આંતરિક વિખવાદ કરવાનો શો અર્થ? બંનેએ પોતાનું લશ્કર સજ્જ કરવા માંડયું. બ્રૂટસનો યુદ્ધ કરવાનો ઉત્સાહ જોઈ કેસિયસે તેને સલાહ આપતાં કહ્યું: 'બ્રૂટસ, આપણે દુશ્મનોને શોધતા સામે યુદ્ધ કરવા શા માટે જવું? એથી તો આપણે જાણી જોઇને આફત નોતરીશું. દુશ્મનો ભલેને આપણને શોધતા ભટકતા આવે. એમ કરતાં કરતાં એમની શક્તિ પણ ક્ષીણ થઈ જશે.' પણ બ્રૂટસે તેની સલાહ માની નહિ. તેનો અભિપ્રાય એવો હતો કે એક પછી એક પ્રદેશો ઉપર વિજય મેળવીને આવતા દુશ્મનો વધુ બળવાન બની જાય. એમનું તો સામેથી જ સ્વાગત થવું ઘટે.

કેસિયસ બેળે બેળે બ્રૂટસ પાછળ ઘસડાયો. બ્રૂટસ હવે મરણિયો થયો હતો. એને સીઝરની છાયા સંતાપ કરાવી રહી હતી. એની પત્ની પોર્શિયા ઉન્માદમાં આવી મૃત્યુ પામી હતી. જીવનમાં હવે બ્રૂટસને કશો રસ ન હતો. બંને લશ્કરો સામસામે ફિલીપ્પીના મેદાનમાં મળ્યાં. બ્રૂટસ અને કેસિયસે દુશ્મનો સામે પોતપોતાના મોરચા ગોઠવ્યા.

પણ ઍન્ટનીના કૌશલ આગળ કેસિયસ ટકી શક્યો નહિ. એના સૈનિકો નાસભાગ કરવા માંડયા. કેસિયસ ઍન્ટનીના હાથમાં જીવતો પકડાવા માગતો નહોતો. એણે દુશ્મનો માટે છેલ્લો ઉપાય અજમાવ્યો. પોતાના ગુલામ પિંડેરસને તેણે તલવાર આપી અને આજ્ઞા કરી: 'આ તલવાર તું મારી છાતી પર ચલાવ.' ગુલામે આજ્ઞા માની. કેસિયસ ધરતી પર ઢળી પડયો. મરતાંમરતાં તેને સીઝર યાદ આવ્યો: 'સીઝર, તારા વેરનો બદલો આજે પૂરો થયો. તારું ખૂન કરનારી આ તલવાર આજે મારા ખૂનથી પોતાની તરસ છિપાવી રહી છે!'

અને એની આંખો મીંચાઈ ગઇ.

બ્રૂટસે કેસિયસના મૃત્યુના સમાચાર જાણ્યા. હવે એને પણ પોતાના જીવનનો અંત નજીકમાં જ દેખાયો. સીઝર એને ખૂબ સતાવી રહ્યો હતો. ઍન્ટનીના લશ્કરની ભીંસ વધી રહી હતી. ઍન્ટનીની ઇચ્છા બ્રૂટસને જીવતો પકડવાની હતી. પણ બ્રૂટસને એવી નાલેશી જોઇતી નહોતી. એણે પણ કેસિયસનો જ રાહ પસંદ કર્યો અને પોતાની તલવારથી એ જાતે જ વીંધાઇ ગયો: 'સીઝર, તારા આત્માને હવે શાંતિ મળશે. તારો ઘાત કરવામાં મને આનંદ આવ્યો હતો એથી બેવડો આનંદ આજે મને આત્મઘાતમાં મળે છે.' એ શબ્દો ઉચ્ચારીને તેણે દેહ છોડયો.

ઍન્ટનીની ખૂબ જહેમત છતાં બ્રૂટસ જીવતો તેના હાથમાં સપડાયો નહિ. માત્ર એના મૃતદેહ સમક્ષ ઊભા રહીને ઍન્ટની એના ઉમદા ગુણોને અંજલિ આપી રહ્યો: 'ખરેખર, સીઝરની હત્યા કરવામાં આ માણસને અંગત રાગદ્વેષ નહોતો જ. એણે લોકકલ્યાણની ભાવનાથી જ કાવતરામાં ભાગ લીધો હતો. સાચે જ બ્રૂટસ રોમનો એક મહાન પુરુષ હતો.'

**સાંકેતિક ભાષાઓ-૧૧] . . . . . દિક્-પલ્લવી . . . . . [સુશીલા આર. પટેલ**

દિશાઓ આઠ છે અને અક્ષરોના વર્ગો પણ આઠ છે. એ હકીકતના આધારે 'દિક્-પલ્લવી' શોધાઈ હશે.

પ્રાચીન સમયથી દિશાઓનો ક્રમ પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋર્ત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર ને ઈશાન એ મુજબ રહ્યો છે. આથી દિશાઓ ને વર્ગોનો મેળ તેમણે આ ક્રમમાં સૂચવ્યો છે.

પૂર્વ–'અ'વર્ગ, અગ્નિ–'ક' વર્ગ, દક્ષિણ–'ચ'વર્ગ, નૈઋર્ત્ય–'ટ' વર્ગ, પશ્ચિમ–'ત' વર્ગ, વાયવ્ય–'પ' વર્ગ, ઉત્તર–'ય' વર્ગ અને ઈશાન–'શ' વર્ગમાં ગણ્યા છે.

તે પછી કયા વર્ગનો કયો અક્ષર છે તે સૂચવવા માટે તે દિશામાં આંગળી બતાવવાની હોય છે: પાંચ પૈકી જે આંગળી વડે જે દિશા બતાવી હોય તેટલામો અક્ષર તે વર્ગનો ગણવો.

સ્વરો બાર છે, એટલે તેને વ્યક્ત કરવા માટે સ્વરોને બે ભાગમાં વહેંચી દીધા છે: લઘુ સ્વરો અ, ઇ, ઉ, એ, ઓ, અં: અને ગુરુ સ્વરો આ, ઈ, ઊ, અં, ઔ, અઃ. છ લઘુ સ્વરો માટે અક્ષર-દિશામાં અનુક્રમે પાંચ આંગળીઓ તથા હથેલી બતાવવી; અને ગુરુસ્વરો વ્યક્ત કરવા માટે તે તે દિશા દર્શાવ્યા પછી ચપટી વગાડવાની હોય છે.

હવે આ દિક્-પલ્લવીની રીતે 'કુમાર' શબ્દનો સંકેત બતાવવો હોય તો અગ્નિ ખૂણો ટચલી આંગળીથી દેખાડવો, એટલે 'ક' થાય; અને પૂર્વ દિશાને ત્રીજી મધ્યમા આંગળી વડે દેખાડવાથી હ્રસ્વ 'ઉ'નો સંકેત થાય, જે બે મળીને 'કુ' અક્ષર થાય. પછી વાયવ્ય ખૂણો અંગૂઠાથી દેખાડીને અને પૂર્વ દિશા ટચલી આંગળીથી દેખાડી ચપટી વગાડવી, જેથી 'મા' અક્ષર થાય. ત્યાર બાદ ઉત્તર દિશા બીજી અનામિકા આંગળીથી દેખાડી પૂર્વ દિશા ટચલી આંગળીથી દેખાડવી જેથી 'ર' થાય. આ રીતે 'કુમાર' શબ્દ સંકેતમાં બતાવી શકાશે.

'અં' બતાવવા માટે પૂર્વ દિશામાં આખી હથેલી લંબાવવી અને 'અઃ' બતાવવા માટે તેમ કરીને ચપટી વગાડવી.

આ દિક્-પલ્લવીનો ઉપયોગ ઘણા મદારી લોકો કરે છે. તેઓ દિશાઓમાં આંગળી દેખાડવાને બદલે તેમનો જોડીદાર જે જે દિશાઓમાં ફરે તે દિશાઓ ઉપરથી વર્ગનો અક્ષર પકડી શકે છે. જોનારા પ્રેક્ષકો આ પ્રકારથી અજાણ હોવાથી આશ્ચર્ય પામે છે. સિદ્ધ-સાધકની આ જોડી દિક્-પલ્લવીના પ્રતાપે જ લોકોનાં ખિસ્સાંનો ભાર હળવો કરે છે.

શેક્સપીઅરની કૃતિઓ 'મિડસમર નાઈટસ ડ્રીમ,' 'ટ્વેલ્થ નાઈટ,' 'રોમિયો–જ્યુલિયેટ' અને 'હેન્રી ધ ફિફ્થ'નાં મહત્ત્વનાં પાત્રોવાળાં દશ્યો રહેશે. આ ઉપરાંત હેમ્લેટના એક દશ્યવાળી સામાન્ય ટિકિટ પણ બહાર પડશે. બ્રિટનની ટપાલ-ટિકિટોમાં આ પહેલી વાર બ્રિટિશ રાજવીની છબિ સાથે કોઇ વ્યક્તિની છબિવાળી ટિકિટ બહાર પડી રહી છે.

### પ્રાચીન નેપાળી કળા પર ભારતીય અસર

ગયા વર્ષે ભારત અને નેપાળની સરકારોનાં પુરાતત્ત્વ ને સાંસ્કૃતિક ખાતાંના ઉપક્રમે નેપાળની પ્રાચીન મૂર્તિશિલ્પ વિષયક યોજણી કરવામાં આવી હતી, જે દરમિયાન એકલી કાઠમાંડુની ખીણનાં મંદિરો, મઠો ને મૂર્તિઓના જ ૫૦૦થી વધુ ફોટોગ્રાફો તેમણે લીધા હતા, જેની શિલ્પસમૃદ્ધિ જોઇને તો બંને દેશોના વિદ્વાનો છક થઈ ગયા હતા. એની વાનગી રૂપ ત્રણ શિલ્પો આ અંકમાં અન્યત્ર આપ્યાં છે.

એમાં પાંચમીથી નવમી સદીના ગાળા દરમિયાન સર્જાએલી બ્રાહ્મણ તથા શૈવ સંપ્રદાયની મૂર્તિઓમાં વિષ્ણુનાં વિવિધ સ્વરૂપો–જેવાં કે ત્રિવિક્રમ, શેષશાયી, નરસિંહ, ભૂમિ-વરાહ, વિશ્વરૂપ, નારાયણ વગેરે, તેમજ સૂર્ય, બ્રહ્મા આદિ દેવદેવીઓની મૂર્તિઓ છે. શૈવ સંપ્રદાયનાં નાનાવિધ પ્રતીકાત્મક શિવલિંગો (જેમાં ચતુર્મુખ લિંગનું મોટું બાહુલ્ય છે), શિવ-પાર્વતીના કૈલાસનિવાસનાં સુખમુદ્રાભર્યાં શિલ્પો અને ગણેશ, કાર્તિકેય આદિની મૂર્તિઓ છે; તેમજ પાર્વતી, સપ્તમાતૃકા, કાલિ, ચંડી આદિ દેવીસ્વરૂપોની મૂર્તિઓ પણ છે.

આમાંની શરૂઆતની સદીઓની ઘણીખરી મૂર્તિઓમાં ભારતીય મૂર્તિઓ સાથેનું ભાવ તથા નિરૂપણનું અજબ સામ્ય વરતાઈ આવે છે. (જુઓ પૂઠા પરનું ચિત્ર). એ ગાળાની ત્યાંની લોકેશ્વર, તારા અને માયાદેવીની બૌદ્ધ મૂર્તિઓમાં પણ સ્પષ્ટ ભારતીય અસર છે. છેક દસમી સદી પછી જ ત્યાંની પ્રજાની મુખાકૃતિઓની લાક્ષણિકતા ધરાવતી નેપાળની નિજી શૈલી પ્રભુત્વ ધરાવતી જાય છે, અને તેનું બાહુલ્ય છેક અઢારમી સદી સુધી પ્રવર્તે છે.

આ મૂર્તિઓ પથ્થર, પંચધાતુ–કાંસુ, પિત્તળ, લાકડું તેમજ લાલ માટી એમ સર્વ માધ્યમોમાં સર્જાઇ છે. એમાં મૂર્તિશાસ્ત્રની દૃષ્ટિએ અત્યંત અલભ્ય ગણાય તેવી હંસોના રથને હાંકતી ચંદ્રની મૂર્તિ, મહિષીશંબર તથા વિષ્ણુની અર્ધનારીશ્વરની મૂર્તિ (જે ત્યાં લક્ષ્મીનારાયણને નામે ઓળખાય છે)ઓ પણ છે. અષ્ટભુજ અને ચતુર્ભુજ વિષ્ણુની મૂર્તિઓ તો એ ખીણમાં વિપુલ સંખ્યામાં વેરાએલી પડી છે.

# આ માસ (માર્ચ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ પ્રસગવિશેષ

## વ્યક્તિવિશેષ: ચાર્લ્સ ડિકન્સ



સમકાલીન સમાજનો આબેહૂબ ખયાલ આપતી અંગ્રેજી નવલકથાઓનો લેખક ચાર્લ્સ ડિકન્સ નૌકાખાતાના એક અદના કારકુનનો પુત્ર હતો. ઇ. ૧૮૧૨-ની ૭મી માર્ચે એનો જન્મ થએલો. પિતાની અતિ નાજુક આર્થિક સ્થિતિ ને દેવાને કારણે પિતાને ભોગવવો પડેલો કારાવાસ, ને નાની વયમાં જ પોતાને કરવી પડેલી મજૂરી વગેરેની એના મન પર ઘણી ઘેરી અસર પડેલી. પંદર વર્ષની વયે એ વકીલને ત્યાં કારકુની કરવા રહ્યો. એ નીરસ ધંધો છોડી તેણે નાટકમાં જવા ઇચ્છયું, પણ એને બદલે તે પાર્લમૅન્ટના ખબરપત્રીને કામે લાગ્યો.

ઇ. ૧૮૩૩માં એણે સામયિકોમાં રમૂજી ગદ્યચિત્રો લખવા માંડયાં. 'બૉઝ'ની સહીથી એણે 'ઇવનિંગ ક્રૉનિકલ'માં યે આવાં લખાણો લખવા માંડયાં, પણ એની નામના તો થઈ ૧૮૨૬ના એના 'ધી પોસ્થ્યુમસ પેપર્સ ઑવ ધી પિક્વિક ક્લબ'ની લેખમાળાથી. એ જ વર્ષે તેણે ક્રૉનિકલના સંપાદકની પુત્રી કૅથેરિન હૉગાર્થ સાથે લગ્ન કર્યાં. આગળ જતાં બંને છૂટાં થઇ ગયાં હતાં. ત્યાર બાદ 'બેન્ટલીઝ મિસેલેની' નામે પત્રનો એ તંત્રી બન્યો. અને એમાં 'ઑલિવર ટ્વિસ્ટ' લખવા માંડી. એ પછી 'નિકોલસ નિક્લબી', 'ઓલ્ડ ક્યુરીઑસિટી શૉપ', 'બાર્નબી રજ' 'માર્ટિન શઝલવિટ' અને 'એ ક્રિસ્ટમસ કૅરોલ', 'ડેવિડ કૉપરફીલ્ડ', 'બ્લીક હાઉસ' 'લિટલ ડૉરિટ', 'એ ટેલ ઑવ ટુ સિટીઝ', 'ગ્રેઈટ એક્સપેક્ટેશન્સ', 'અવર મ્યુચ્યુઅલ ફ્રેન્ડ' ને છેલ્લે 'એડવિન ડ્રૂડ' નામક અધૂરી રહેલી કથા લખી. એની લગભગ બધી કથાઓ પ્રથમ જુદાંજુદાં સામયિકોમાં હપતાવાર છપાઇ હતી. 'હાઉસહોલ્ડ વર્ડ્સ' અને 'ઑલ ધ ઈઅર રાઉન્ડ' નામે પોતાનાં બે સામયિકો પણ તેણે ચલાવ્યાં હતાં. 'ડેઇલી ન્યૂઝ'નો એ પહેલો તંત્રી હતો, પણ ત્યાંથી થોડા વખતમાં જ એ છૂટો થએલો.

ડિકન્સ બહુ લાગણીપ્રધાન હતો. પ્રેમાળ છતાં એ આકરી ટીકાઓ પણ કરતો. ન્યાયને પક્ષે એ જુસ્સાથી લડતો. એ વખતના કારખાનાના કાયદાઓ સામે ને પોતાની મંજૂરી વિના અમેરિકામાં એની કૃતિઓ છપાએલી એની સામે ઘણો લડેલો. પોતાના દેશની મહાન સામાજિક ઉત્ક્રાંતિનો એ સાક્ષી હતો અને પોતાની કૃતિઓમાં એનાં સર્વ પાસાંનું એણે વિસ્તારપૂર્વક નિરૂપણ કર્યું છે.

'માર્ટિન શઝલવિટ'માં એના અમેરિકાના પ્રવાસની અસર છે, પણ પોતાના દેશ બહારની બાબતો ને પોતાના કાળ બહારના વખતની રજૂઆતમાં એ જરા પાછો પડે છે. 'એ ટેઈલ ઑવ ટુ સિટીઝ'ની સફળતા એ એના ઐતિહાસિક મૂલ્ય પર નહિ પણ એની રોમાંચકતા તથા એની નાટચાત્મક રજૂઆતને કારણે ગણી શકાય. એણે જો ધાર્યું હોત તો પોતે કદાચ ઘણો સારો અદાકાર પણ બન્યો હોત. પોશાકની બાબતમાં પણ એ એટલી જ ચીવટ રાખતો. એની બધી જ લખાવટ ને વિરામચિહ્નો સુદ્ધાં પણ એની નાટ્યાત્મક ઢબની પસંદગીને પ્રતિબિંબિત કરે છે. ઈ. ૧૮૫૮માં એણે જાહેરમાં પોતાની કૃતિઓ વાંચવાનું શરૂ કરેલું. એને સારો આવકાર મળેલો. કીર્તિને શિખરે હતો ત્યારે ઇ. ૧૮૭૦ની ૯મી જૂને એનું અવસાન થયું.

## પ્રસંગવિશેષ: જુલીઅસ સીઝરનું ખૂન: ૧૫મી માર્ચ, ઈ.સ. પૂર્વ ૪૪

રોમન સામ્રાજ્યની ભંગાર થઈ ગએલી લોકશાહીમાં બધા પ્રકારનાં અનિષ્ટો જ્યારે ઘર કરી બેઠાં હતાં એ વખતે લશ્કરના બળે જુલીઅસ સીઝર એ મહાન સામ્રાજ્યની બધી જ સત્તા પોતાના હાથમાં લઇ સર્વસત્તાધિકારી સરમુખત્યાર બન્યો. સૅનેટની સત્તાઓ મર્યાદિત કરી દઈ એણે આજની મ્યુનિસિપાલિટી જેવો વહીવટ ત્યાં સ્થાપ્યો. પોતાના ઉચ્ચ કુળનું એને અભિમાન હોવા છતાં પોતાની અમર્યાદ સત્તાનો ઉપયોગ એણે રોમના સામ્રાજ્યને સુધારવામાં કરવા માંડ્યો. પુલો, નહેરો, મકાનો, રસ્તાઓ વગેરેનાં કામ કાઢી એણે કેંક બંદીઓને કામે જોતરી દીધા; ખેતીને ઉત્તેજન આપ્યું; વિદેશીઓને રોમન નાગરિકત્વ આપ્યું. રોમમાં એણે પ્રથમ જાહેર પુસ્તકાલય સ્થાપ્યું, રોમન કાળગણના ફેરવી, કાયદાઓ ઘડવા માંડ્યા, અને ફરી એક વાર રોમની પ્રતિષ્ઠાનું ગૌરવ વધવા માંડ્યું. એ પોતે પણ વિદ્વાન ને કલાકાર હતો. જ્યોતિષ અને સાહિત્યનો એ પ્રેમી હતો. પોતાના કાળનો એ મહાન ઇતિહાસજ્ઞ અને ઉત્તમ ગદ્યલેખક હતો. પણ આ બધા જ સુધારાઓ એણે પોતાની સત્તાને જોરે દાખલ કરેલા. લોકશાહી રસમમાં માનતા અને સીઝરને મળેલી સફળતાથી ઈર્ષાથી બળતા એના વિરોધીઓએ એની સામે કાવતરું રચી ઈ. સ. પૂર્વે ૪૪ની ૧૫મી માર્ચે સૅનેટમાં એનું ખૂન કર્યું. એમને આશા હતી કે સીઝરના જવાથી રોમ પુનઃ પોતાની અસલ રાજકીય રસમો પ્રાપ્ત કરશે, પણ એ એમની ભૂલ હતી. આગળ ધપવામાં સીઝરે ઘણી ઝડપથી ઘણી મોટી ફલાંગો લીધી પણ રોમ એ માટે તૈયાર ન હતું, ને એટલે જ સીઝરને એના ભોગ બનવું પડ્યું.



સીઝરનું મૃત્યુ — ચિત્રકાર: જે. એલ. જેરોમ

અનુસંધાન] **હેન્રી ડેવિડ થૉરો** [પૃષ્ઠ ૯૨થી

પણ કોણ છે? દોડવું, સ્કેટિંગ કરવું, ગમે તેવા પાણીમાં કુશળતાથી નાવ હાંકવી, કે થોભ્યા વિના દિવસભર સતત ચાલતા રહેવામાં એની બરોબરી કરવી એ કોઈ જેવીતેવી વ્યક્તિનું કામ નથી. ને એનાં તન ને મનની સમતુલા તો આ બધાંમાંથી યે અધિક શક્તિશાળી હતી?'

વ્યાખ્યાતા તરીકે તે છટાદાર નહિ છતાં પોતાના અસાધારણ વસ્તુવાળા વક્તવ્યથી શ્રોતાઓને પકડી રાખતો. પણ એને એમાંથી બહુ વળતર મળતું નહિ. માત્ર વિચારોને પ્રકટ કરવાના એક માધ્યમ તરીકે જ એ એને જોતો ને પોતાના સારા અવાજ છતાં એનો લાભ ન લેતાં એ કાગળમાં માથું ઘાલીને ભાષણો વાંચી જતો. એનાં કેટલાંક વ્યાખ્યાનો પાછળથી લેખ ને નિબંધરૂપે પ્રકટ પણ થએલાં.

પ્રવાસ લેખક તરીકે તેમ જ જીવન અને સાહિત્ય વિષે દૃષ્ટિસંપન્ન વ્યક્તિ તરીકે એની નામના બંધાતી જતી હતી. થોડા વર્તુલમાં પ્રકૃતિવિદ્ તરીકે પણ એનું સન્માન થતું હતું. ૧૮૫૦માં બૉસ્ટન નેચરલ હિસ્ટરી સોસાએટીનો એ સભ્ય પણ ચૂંટાયો. વિજ્ઞાનના વિકાસ માટેના અમેરિકન એસોસીએશનમાં પણ એ સભ્ય બન્યો હતો. કૉન્કૉર્ડના વિસ્તારોમાં તો એ હવે જાણીતો બની ગયો હતો.

અત્યંત લાગણીશીલ ને ન્યાયપ્રિય હોઈ ગુલામી પ્રથાનો તો એ કટ્ટર વિરોધી હતો જ. રાજ્ય એ વખતે નાસી આવેલા ગુલામોને પકડીને પાછા મોકલી આપતું હતું. થૉરો તેની સામે ઘણો અકળાતો. સર્વેયર તરીકે એને ઠીકઠીક કામ મળી રહેતું હોવા છતાં એનાથી યે એ હવે અકળાયો હતો. પણ એની અંદરનો નિસર્ગશાસ્ત્રી હજી જાગતો જ હતો. જાતિવિષયક ચીરસ્મરણીય નિબંધો અને વ્યાખ્યાનોની સાથોસાથ એનાં પર્યટનો પણ હજી ચાલુ જ હતાં. અમેરિકાના આદિવાસી રેડ ઇન્ડિયનોને મળતાં એ ઘણો પુલકિત થઇ જતો. મેઈના જંગલમાં પોતાની સાથે આવેલા એક ઇન્ડિયન ભોમિયા માટે એણે ઘણું લખ્યું છે.

ઇ. ૧૮૫૪માં બહુ વખતથી લંબાતા રહેલા એના ગ્રંથ 'વૉલ્ડન'નું પ્રકાશન થયું. ૧૮૩૮થી૧૮૫૪ સુધીની નોંધોનો એણે એમાં ઉપયોગ કર્યો છે. એના જેવા સચ્ચાઈના આગ્રહી માણસના મનોવિકાસનો વર્ષોનો ઇતિહાસ એમાં જોવા મળે છે. આરણ્યક જીવન વિષેના નિબંધોનો એમાં સંગ્રહ છે. 'વૉલ્ડન'ના પ્રકાશને એને કેટલાક નવા મિત્રો પણ મેળવી આપ્યા. એમાંના એક અંગ્રેજ ટૉમસ કોલમોન્ડેલીએ એને ઇગ્લંડથી ભારતીય લખાણોનાં ૪૦ પુસ્તકો મોકલ્યાં. એનાં વાચનથી થૉરો ઘણો પ્રભાવિત થયો હતો.

ઈ. ૧૮૫૬માં ઓસૅવેટોમીનો ઓલ્ડ જ્હૉન બ્રાઉન ગુલામી વિરુદ્ધ લોકમત જગાડવા મેસેચ્યુસેટ્સમાં આવ્યો હતો. કેન્સાસ ને મિસૂરીના હેવાનિયત ભરેલા સરહદી વિગ્રહમાં એ સપડાઈ ચૂક્યો હતો. ગુલામીનો કટ્ટર વિરોધી હોવા છતાં એ માટેની સક્રિય લડતથી થૉરો છેટો રહેતો, પણ જ્હૉન બ્રાઉનના વ્યક્તિત્વથી એ આકર્ષાયો હતો. ગુલામી વિરોધીઓ પણ બ્રાઉનના જુસ્સા ને કાર્યને પૂરતો ટેકો આપતા નહોતા એટલે એ એકલે હાથે ઝૂઝનાર પ્રત્યે થૉરોને વધુ ભાવ થયો. એવામાં બ્રાઉનને કેદ કરવામાં આવ્યો ને રાજદ્રોહ તથા ખૂનના આરોપસર સજા થઈ. એને માટે કોઇએ બે શબ્દો યે ન કહ્યા કે ન કંઈ વિરોધ થયો ત્યારે થૉરોનું અંતર કકળી ઊઠ્યું. 'કૅપ્ટન જ્હૉન બ્રાઉન માટે બચાવનામું' નામે એણે એક આવેશપૂર્ણ લેખ લખી એ અન્યાયની સામે પોતાનો ઉગ્ર વિરોધ ઠાલવ્યો. એક જાહેરસભા પણ એણે બોલાવી ને એમાં 'વ્યક્તિસ્વાતંત્ર્યના શહીદ તરીકે અન્યાયી રાજ્યનો ભોગ બનેલા સિદ્ધાંતનિષ્ઠ માણસ' તરીકે બ્રાઉનને વર્ણવતાં એણે તે દિવસે ઘણું જ પ્રભાવભર્યું છટાદાર ને પ્રતીતિપૂર્ણ ભાષણ કરેલું

પણ બ્રાઉનના કાર્યનાં રાજદ્વારી પરિણામો સાથે થૉરોને લેવાદેવા ન હતી. બે જ વર્ષ પછી બ્રાઉનને પગલે જ્યારે બધા ચાલવા લાગ્યા ત્યારે થૉરો તો પોતાની અસલ વાટ પર પાછો ચડી ગયો હતો.


પણ હવે એનું શરીર પાછું પડતું હતું. શરદી ને છાતીની પીડા એને વારંવાર નડતી હતી. બ્રાઉનના કિસ્સા પછી લેખક ને વ્યાખ્યાતા તરીકેની એની નામના વધી હતી. એની પ્રકૃતિવિષયક નોંધોથી માહિતગાર લોકોને એ વિષયના એના કોઈ પુસ્તકની આશા હતી ત્યારે ૧૮૬૦માં એને શરદી લાગી. આખો શિયાળો એ ઘરમાં જ રહ્યો. ૧૯૬૧ની વસંતમાં તો એ તદ્દન નંખાઈ ગયો. મે માસમાં એ તંદુરસ્તી અર્થે મિનેસોટાના સૂકા હવામાનમાં જવા ઊપડ્યો. પણ એ સફર એના જેવા માટે હવે ભારે હતી. નાયગરાના ધોધ ને અનેક નવી વનસ્પતિ તથા પક્ષીઓ જોયા છતાં હવે એનું જોમ ઘટી ગયું હતું. બીમાર હાલતમાં જ પાછો ફર્યો. પિતા તો ત્રણ વર્ષ પહેલાં ગુજરી ગયા હતા. મા ને બહેન સોફિયા એની ચાકરી કરતાં. ઘેર બેઠો એ પોતાનાં લખાણોને સુધારવામાં ને વ્યવસ્થિત કરવામાં મગ્ન રહેતો. મરણની એને ચિંતા હતી જ નહિ. આખો શિયાળો બીમારી ખેંચાયા પછી ઈ. ૧૮૬૨ના મે માસની છઠ્ઠી તારીખે એનું અવસાન થયું.

છેલ્લે છેલ્લે તેણે તૈયાર કરેલા નિબંધો 'વૉકિંગ,' 'ઑટમલ ટિન્ટસ' ને 'વાઇલ્ડ ઍપલ્સ' તથા એના લેખોના ગ્રંથો 'એકસ્કર્ઝન્સ', 'મેઇન વૂડસ' ને 'કેઇપ કૉડ' તથા એમર્સને સંપાદિત કરેલા એના પત્રોનો સંગ્રહ પાછળથી પ્રકટ થયા હતા. એનું લેખન જાણે કે જીવન જીવવાની નવીનતમ કલાની ખોજ માટે લખાયું છે.

તેનાં સમગ્ર લખાણોમાં ને જીવનમાં સામૂહિક ચોકઠામાંથી અલિપ્ત રહી; દરેક મનુષ્યના વ્યક્તિ-સ્વાતંત્ર્યની સ્થાપનાનો સ્પષ્ટ આગ્રહ જણાય છે. થૉરોની દૃઢ માન્યતા હતી કે જે જે રૂઢિઓ વ્યક્તિત્વના વિકાસને અવરોધક હોય તેને સમગ્ર માનવતાના વિકાસમાં અનિષ્ટ ગણી ફગાવી દેવી જોઇએ. રાજકારણી સમાજમાં અંતઃકરણની સત્ય પ્રતીતિની એણે પ્રતિષ્ઠા કરી છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય માટેના સત્યાગ્રહની સૌથી ઉચ્ચ ને નિરાળી કક્ષાને થૉરોએ રજૂ કરી છે.

તેનો પ્રણાલિઓ પ્રત્યેનો અસહકાર તથા લોકસંપર્કથી દૂરનો વનવાસ એ જવાબદારીમાંથી છટકવાની ભાગેડુવૃત્તિ નહોતી. ઊલટું જીવનની ગહન સુંદરતાઓથી પોતાના વ્યક્તિત્વને સભર બનાવવા તેણે એવો એકાંતવાસ ઇષ્ટ ગણ્યો હતો. અન્યાય સામે પ્રતિકાર કરવા કોઈ સાથી ન મળે તો એકલા લડી લેવાની તેની આજીવન તત્પરતા એ તેની સભાન કર્તવ્યપરાયણતાની સૂચક છે.

અર્થ-સંચય તથા સામાજિક મોભાની ઘેલછામાં વર્તમાનના આનંદને ખોનારાઓને તેણે હસી કાઢ્યા છે. હરક્ષણે પ્રકૃતિનો જે અખંડ સૌંદર્ય-સમારંભ ઉજવાઇ રહ્યો છે; તેની ઉપેક્ષા કરી ભાવિના મૃગજળ તરફ ભૌતિક વિકાસની ગાંડી દોટ દેનારાઓને વખોડી કાઢ્યા છે.



**ગુજરાતની ગામશેરી** ચિત્રકાર • મગનલાલ ત્રિવેદી

(ગુજરાત રાજ્યના સૌજન્યથી)

**પુરુષાર્થી લલાટે જે રીતે પ્રસ્વેદ પાડે છે,**
**ઘણાં પ્રારબ્ધને જળ છાંટીને એમ જ જગાડે છે.**

—બરકત વીરાણી – 'બેફામ'—

**ભ**યંકર તોફાનમાં સપડાએલા એક વહાણમાંનાં કેટલાંક માણસો દરિયામાં ફેંકાઇ પડેલાં જોઈને વહાણ પરના એક હબસી ગુલામે તત્કાલ દરિયામાં કૂદી પડી જીવસટોસટની એવી તો જહેમતે પાંચ જણને બચાવ્યા કે કપ્તાને આફરીન પોકારી તેને છઠ્ઠી વાર કૂદતો અટકાવી કહ્યું, 'બસ બસ; તારા પરાક્રમથી તને હું મુક્તિ બક્ષું છું.' પણ 'હજી એક છઠ્ઠો ત્યાં ગળચવાં ખાય છે તેને બચાવવાની પહેલી જરૂર છે. પહેલો એનો જીવ, પછી મારી મુક્તિ' એટલું કહીને એ હબસી ફરી પેલાને બચાવવા દરિયામાં કૂદી પડયો.

કહેવતોના અર્થ: 'ટકાની ડોશી ને ઢબુ મૂંડામણ'—મામૂલી ચીજ ઉપર વ્યર્થ મોટો ખર્ચ કરવા માટે ઉપાલંભ આપતી આ જાણીતી કહેવતનો શબ્દાર્થ પણ સ્પષ્ટ જ છે, પરંતુ એમાં યોજેલા ઉદાહરણ ને ભાષા બંનેની તીવ્રતાને કારણે એ લોકજીભે વધુ ચડી છે.



'Home, Sweet Home'

એ અંગ્રેજી કાવ્યના લેખક આ જૉન હાવર્ડ પેઈનને જ ઘર ન હતું. એ અવલ નંબરનો રખડુ હતો ને એ કાવ્ય પણ પારી(સ)માં કોડી વિના ભટકતાં એણે લખેલું. એ સ્થિતિમાં જ તે ટ્યુનિસ મુકામે અવસાન પામેલો.

ખોટી વાત: છાશ ઠંડી છે એમ ઘણા માને છે, પણ એ વાત ખોટી છે. છાશ ગરમ છે અને વાયુ તથા કફનો નાશ કરનાર છે.

અનેકાર્થી શબ્દ: **નાર**=સ્ત્રી; વરુ; વરત કે સૂતરનું દોરડું; તરતનો જન્મેલો વાછરડો; દાડમ; મનુષ્યોનો સમૂહ; ઢોરનું ધણ; એક માત્રામેળ છંદ; મોઈ દાંડિયાની રમતનો ચોથો દાવ; એક જાતની ભાજી; સૂંઠ; દિલ કે મન; નરક; જીવ કે સત્ત્વ; સલાહ; નર સંબંધી. ભૂતકૃદંતનો પ્રત્યય.



સૃષ્ટિની ઉત્પત્તિ ૪,૮૦,૦૦,૦૦,૦૦૦ (ચાર અબજ એંસી કરોડ) વર્ષ પૂર્વે થઈ હશે. એમાં ૨૦ કરોડ વર્ષ ઓછાં કે વધારે હોઈ શકે.

ગણિતગમ્મત

અરધાના અરધાને અરધા વડે ભાગતાં અરધો જ જવાબ આવે! જુઓ:

$$\frac{1}{2}\times\frac{1}{2}=\frac{1}{4}\div\frac{1}{2}=\frac{1}{4}\times\frac{2}{1}=\frac{1}{2}$$

આપણે ઊભા કે બેઠા હોઇએ તેના કરતાં સૂતા હોઇએ ત્યારે લોહી વધારે ઝડપથી ફરે છે.

પેટે ચાલનારાં બધાં પ્રાણીઓમાં નાગ સૌથી બુદ્ધિમાન છે.



અટપટા કારસાવાળાં તાળાંકૂંચી રચવામાં જર્મનો બહુ પાવરધા ગણાતા આવ્યા છે. છેક ઈ.૧૫૯૦ની સાલમાં બનેલાં આ તાળાકૂંચીમાં કલા અને કારીગરી બંનેનો મેળ સાધ્યો છે.

# અથાણું

આંખ અંજાઈ જાય એવા તડકામાં પોતાના ભાઈને દોરતી એક છોકરી રસ્તે જતી હતી. ભાઇની આંખો બંધ હતી. કોઇએ પૂછયું, 'કેમ, તારા ભાઇને આંખમાં કંઈ થયું છે?'

છોકરી: 'ના રે, આ તો અમે સિનેમા જોવા જઇએ છીએ. અમે અંદર દાખલ થઇશું ત્યારે એ આંખો ખોલશે અને અંધારામાં તુરત ખાલી ખુરશી ખોળી કાઢશે.'

કાકી: બેબીને એની માની જ આંખો છે.
દાદી: અને નાક એના બાપનું જ.
બેબી: ને કપડાં મોટી બહેનનાં ઊતરેલાં.

પોતાનાથી મોટી ઉમરના એક માણસને મૂર્ખ બનાવવા મથતા એક યુવકને એ માણસે કહ્યું, 'તું જાણે છે કે ગધેડો વીસ વર્ષે પીઢ બની જાય છે, પણ માણસ ૬૦ વર્ષે?'

'છેલ્લી પરીક્ષા પાસ કર્યા પછી તમારો પુત્ર શું બનશે?' 'વૃદ્ધ.'

એક સાક્ષીની ઊલટ તપાસ લેતાં વકીલે પૂછયું: 'તમે જોએલો માણસ બહુ ઊંચો હતો?'
સાક્ષી: બહુ ઊંચો તો નહિ, આપના જેટલો!
વકીલ: તે દેખાવડો હતો?
સાક્ષી: ના, એથી ઊલટું જ. લગભગ આપના જેવો જ; પણ નાક કંઈક ઘાટીલું હતું!
વકીલ: તે આંખે ત્રાંસું જોતો હતો?
સાક્ષી: સહેજસાજ, પણ આપના કરતાં તો ઘણું ઓછું.
ન્યાયાધીશ ને પ્રેક્ષકોના હાસ્ય વચ્ચે વકીલે વધુ ઊલટતપાસ મુલતવી રાખી.

**નવી કહેવતો**

દીઠી કચેરી ને પહોંચી અરજી (નોકરી).
વહેમીઓને જાત નહિ ને પ્રેમીઓને રાત નહિ.
માઈકને વાંકે વક્તાને ડામ.
મેક-અપથી મોહ્યા મનવા.
જ્યાં ન પહોંચે ડોશી, ત્યાં પહોંચે પડોશી.
સાસુ જુએ જમાઈ ને સસરો જુએ કમાઈ.
વારસદારનો વિનય વિલ ન મળે ત્યાં સુધી.
ફરસાણમાં ભજિયાં ને સગપણમાં કજિયા.
કાળો આપ્યે ગાળો ન ભૂંસાય.
શ્રોતાઓ જોઇને શ્રમ કરવો.

**અડપલું**

વ્યાજ, વીમો ને ઘરધણી, ને ચોથી સરકાર,
લીધા વિણ રહે નહિ, કહે 'લાવ ને લાવ'.
'છાટમ'